# પ્રેમચંદજીની પ્રતિનિધિ વાર્તાઓ

**અનુ.**

વિનુભાઈ. ઉ. પટેલ

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી.આણંદ

**Prem Chhandjini Praitnidhi vartao**
Published by M.M.Sahitya Prakashan
Mahavir Marg, Anand-388 001

© : લેખકશ્રી

**પ્રેમચંદજીની પ્રતિનિધિ વાર્તાઓ**

વિનુભાઈ. ઉ. પટેલ

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૦

નકલ : ૧૦૦૦

**કિંમત : રૂા. ૧૬૦/-**

**આવરણ**

જાગૃતિ ચૌહાણ, બાકરોલ

**સજાવટ**

ગુર્જરી સાહિત્યાલય, ડાકોર

**મુદ્રક :**
ચરોતર સાહિત્યાલય, નડીયાદ

**પ્રકાશક**
એમ.એમ.સાહિત્ય પ્રકાશન
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ.

# અર્પણ



એમ.એમ.સાહિત્ય પ્રકાશન વાળા

**યાકુબભાઇ મલેક.**

# પ્રસ્તાવના

પ્રસ્તુત પુસ્તકમાં હિંદી સાહિત્યના મૂર્ધન્ય સાહિત્યકાર મુન્શી પ્રેમચંદની 'માનસરોવર'માંની કેટલીક વાર્તાઓનો અનુવાદ રૂપે મૂકવામાં આવી છે.

તત્કાલીન ભારતીય સમાજની કૌટુંબિક, સામાજિક અને રાજકીય સમસ્યાઓ અને એમના સમાધાનનું આબેહૂબ વર્ણન વાચકોના દિલને હચમચાવી મૂકે છે. બારીકમાં બારીક સમસ્યાને શોધી તેને હ્રદયસ્થ કરી, તેનું હ્રદયસ્પર્શી નિરૂપણ કરવામાં પ્રેમચંદનો જોટો જડે તેમ નથી.

બાળવિવાહ, વિધવા પુનર્લગ્ન, દહેજપ્રથા, કન્યાવિક્રય, સામંતશાહી પ્રથા, જાગીરદારી પ્રથા, સતી પ્રથા અને મદ્યપાન જેવાં દૂષણોને સમાજ સામે છતાં કરી તેમણે લાલબત્તી ધરી છે.

તો મુન્શી પ્રેમચંદની વાર્તાઓમાં ભાઇ-ભાઇ, પિતા-પુત્ર, માતા- પુત્ર, મા-દીકરી, મિત્ર-મિત્ર, શેઠ-નોકર, વચ્ચેના નાજૂક સંબંધોનાં વરવાં મિત્ર દશ્યો વાચકની હ્રદય જંત્રી ઝકૃત કરી મૂકે છે.

મુન્શી પ્રેમચંદની વાર્તાઓમાં વર્તમાન સમાજની સમસ્યાઓ પણ પ્રતિબિંબિત થયા વગર રહેતી નથી. સામાજિક મૂલ્યોના ઉત્થાન માટે લેખક સદા ઝઝૂમતા રહ્યા છે એ વાતની પ્રતીતિ થયા વગર રહેતી નથી.

પ્રેમચંદની વાર્તાઓ સીધેસીધો માનવ હ્રદયનો લક્ષ્યવેધ કરે છે. લેખકની વાર્તાઓનાં પત્રો અને એમના મનોભાવો સાથે વાચકની લાગણીઓ અને સંવેદનાઓ આપોઆપ જોડાઇ જાય છે.

આવી વાર્તાઓનો માતૃભાષામાં અનુવાદ કરતાં જો કોઈ દોષ રહી ગયો હોય કે રસક્ષતિ થવા પામી હોય તો વાચકમિત્રો દરગુજર કરશે એવી અપેક્ષા રાખું છું.

પ્રેમચંદની કૃતિઓના અનુવાદને પુસ્તકરૂપે પ્રકાશિત કરવામાં રસ દાખવનાર 'એમ.એમ. સાહિત્ય પ્રકાશન, આણંદ' અને તેના માલિક શ્રી યાકુબભાઈ મલેકનો હું આભારી છું.

આશા રાખું છું કે આપ સૌ પ્રસ્તુત પુસ્તકને આવકારશો.

**વિનુભાઇ ઉ. પટેલ (લીંગડાવાળા)**
C/o વિશ્વાસ ટ્રેડર્સ,
(સ્ટેશનરી અને સપ્લીમેન્ટરી)
૬, પહેલો માળ, કૃતિપાર્ક શોપિંગ સેન્ટર
એન્જલ સ્કૂલની બાજુમાં, ચાવડાપુરા,
બોરસદ રોડ – આણંદ,
મો. ૯૪૨૬૯ ૪૮૦૩૪ / ૯૪૨૭૫ ૯૫૧૫૮

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૧. | રોગ જુદાપણાનો | ૧ |
| ૨. | ચીપિયો | ૨૫ |
| ૩. | મમતાના ઘેરા નિશ્વાસ | ૩૭ |
| ૪. | કણસતા વૈધવ્યની કુરબાની | ૫૫ |
| ૫. | મોટાભાઇ | ૭૭ |
| ૬. | વેદનાનું બીજું સ્વરૂપ | ૮૬ |
| ૭. | નશો ઉતરી ગયો... | ૧૦૧ |
| ૮. | ઠાકુરનો કૂવો | ૧૧૦ |
| ૯. | રામ પ્યારી | ૧૧૪ |
| ૧૦. | ઘરજમાઇ | ૧૩૦ |
| ૧૧. | પોષ મહિનાની એક રાત | ૧૪૧ |
| ૧૨. | ખરી ઝાંખી | ૧૪૮ |
| ૧૩. | ગિલ્લીદંડા | ૧૫૫ |
| ૧૪. | હૈયાની વાત હૈયું જાણે... | ૧૬૫ |
| ૧૫. | સમર્પણ કે પ્રેમ... | ૧૭૮ |
| ૧૬. | એક આહુતિ કુરિવાજની વેદી પર | ૧૯૭ |
| ૧૭. | કાયર | ૨૧૨ |
| ૧૮. | દીકરી કે દીકરો...? | ૨૨૩ |
| ૧૯. | અનુભવ... | ૨૩૪ |
| ૨૦. | લાંછન | ૨૪૩ |
| ૨૧. | મનોવૃત્તિ | ૨૫૯ |
| ૨૨. | ખરી કુરબાનિ | ૨૬૮ |

# રોગ જુદાપણાનો...

પ્રથમ પત્નીના અવસાન બાદ ભોલાએ બીજી વાર લગ્ન કર્યું ત્યારે તેના દિકરા રગ્ઘુ માટે વસમા દહાડા શરૂ થઇ ગયા. ત્યારે રગ્ઘુ દસ વર્ષનો હતો.એ ઉંમરે બિચારો રગ્ઘુ નિરાંતે ગિલ્લીદંડા રમતો. પણ નવી માં આવતાં જ એનો એ એ આનંદ લૂંટાઇ ગયો.

પન્ના રૂપવાન સ્ત્રી હતી. એ મોટાં કામો ક્યારેય કરતી નહીં. ઢોરનાં છાણવાસિદાં રગ્ઘુ વાળતો. ખાણ નીરવાનુંય એ સંભાળતો. એંઠાં ઠામ માંજવાનાં હોય તોય રગ્ઘુને માંજવાં પડતાં. ભોલાની દૃષ્ટિ પણ બદલાઇ ચૂકી હતી. એની નજર હવે માત્ર રગ્ઘુના દોષો જોઇ શકતી હતી. બિચારો રગ્ઘુ હવે ફરિયાદેય કોને કરે! પત્નીની દરેક વાત ભોલાને માનવી પડતી. થાકીને રગ્ઘુએ ફરિયાદ કરવાનું જ માંડી વાળ્યું. જ્યાં આખું ગામ વેરી હોય ત્યાં ફરિયાદ કોને કરવી!

રગ્ઘુ પન્નાને ગણતો જ ન હતો. છતાંય એ એને લાડપ્યાર કરતી. એને ખવડાવતી પીવડાવતી. બીજી કોઇ સ્ત્રી હોત તો તો એનો સમાસ જ ન થાત. પણ પન્ના ભલી હતી. દુનિયાનો ધારો જ એવો છે કે સબળના સાળા સૌ કોઇ થાય, નિર્બળનો બનેવી કોઇ ના થાય! રગ્ઘુ દિવસે દિવસે માના હૃદયથી દૂર થતો ગયો. એમ ને એમ આઠ વર્ષ વીતી ગયાં. એક દિવસ ભોલા દેવ થઇ ગયો.

પન્નાને ચાર સંતાન હતાં. ત્રણ દિકરા અને એક દિકરી. ખર્ચ





ઝાઝો ને કમાનાર કોઇ નહીં. રગ્ઘુને હવે શી પડી હોય? એ તો દુનિયાનો ક્રમ છે. એ લગ્ન કરશે અને જુદો રહેશે. એની ઘરવાળી આવશે ને ઘરમાં દેવતા મેલશે. પન્નાને ચારે તરફ અંધકારનો આભાસ થવા લાગ્યો. તેમ છતાં તે તેના દિકરા રગ્ઘુની આશ્રિત થઇ ઘરમાં રહેવા તૈયાર ન હતી. જે ઘરમાં એ રાજરાણી થઇ આવી હતી તે ઘરમાં શી રીતે એનાથી દાસી થઇને રહેવાય! તે સુંદર હતી. હજુ ઉંમર પણ એટલી બધી થઇ ગઇ ન હતી. એની જુવાની પૂરબહાર હતી શું એ બીજું ઘર ના માંડી શકે! એમ શી રીતે થાય! લોકો આંગળી કરે! એની નાતમાં શું નાતરું ના થઇ શકે! એ કઇ બ્રાહ્મણ કે ઠાકુર થોડી હતી કે નાક કપાઇ જવાનું હતું. એ તો જગજાહેર બીજું ઘર માંડી શકે એમ હતી. પછી શા માટે રગ્ઘુથી દબાઇને રહે!

ભોલાના અવસાનને મહિનો થઇ ગયો હતો. સંધ્યાકાળ થઇ ગયો હતો. પન્ના ચિંતામાં અસ્વસ્થ હતી. ત્યાં એને ખ્યાલ આવ્યો કે બળદો પાછા ફરવાની એ વેળા હતી. છોકરા ઘેર ન હતા. કદાચ કોઇ છોકરો બળદની અડફેટે આવી જાય! રગ્ઘુ તો એના દિકરાઓ સાથે મન કરીને બોલતોય ન હતો. એ ઘરમાંથી બહાર નીકળી. તેણે જોયું કે રગ્ઘુ સામેના ઝુંપડામાં શેરડીનો ભારીઓ બાંધી રહ્યો હતો. એની ચારે કોર છોકરાઓ વીંટળાઇને ઊભા છે. અને નાની છોકરી એને ચમત્કાર થયેલો જણાયો. કદાચ એ દુનિયાને દેખાડતો હશે કે એ એનાં ભાઇ બહેનને કેટલાં ચાહે છે! પણ એ તો મુખમાં રામ ને બગલમાં છરી! લાગ મળતાં ઘા કરતાંય ના અચકાય! એ તો ઝેરી નાગ છે, નાગ. એ ગુસ્સામાં બોલી – ‘‘અલ્યા, શું કરો છો તમે બધાં ત્યાં? ઘરમાં આવો. સાંજની વેળા છે. ગાય બળદો આવતાં હશે.’’

‘‘અરે, કાકી, હું તો છું. પછી શાની બીક?’’ રગ્ઘુએ નરમાશથી કહ્યું.

મોટો છોકરો કેદાર બોલ્યો – ‘‘મોટાભાઇએ અમારે માટે બે ગાડીઓ બનાવી છે. આ જો. એક ઉપર હું અને ખુન્નુ બેસીશું. બીજી ઉપર લક્ષ્મણ અને ઝુનિયા બેસશે. મોટાભાઇ બેય ગાડીઓ ખેંચશે.’’

કહેતાં એ બે નાનકડી ગાડીઓ લઇ આવ્યો. પન્નાએ સાશ્ચર્ય પૂછ્યું – ‘‘કોણે બનાવી આ ગાડીઓ?’’

કેદારે અકળાઇને કહ્યું – ‘‘રગ્ઘુભાઇએ વળી. બીજા કોણે? ભગતને ઘેરથી એ વાંસલો ને કરવતી માગી લાવ્યા, ને પછી ઝટપટ બનાવી દીધી. જબરી દોડે છે. કાકી. ખુન્નુ તું બેસી જા. ચાલ, હું ખેંચું.’’

ખુન્નુ ગાડીમાં ચઢી બેઠો. કેદાર ગાડી ખેંચવા લાગ્યો. છોકરાઓની સાથે ગાડીય રમતી હોય એમ એનાં પૈડાં ચર...ચર અવાજ કરવા લાગ્યાં.

બીજી ગાડીમાં બેસતાં લક્ષ્મણે કહ્યું – ‘‘મોટાભાઇ! ખેંચો.’’

રગ્ઘુએ ઝુનિયાનેય ગાડીમાં બેસાડી દીધી ને ગાડી ખેંચી લાગલો જ દોડ્યો. ત્રણેય છોકરાઓ તાળીઓ પાડવા લાગ્યા. પન્ના સાશ્ચર્ય એ દ્રશ્ય જોઇ રહી. એ વિચારતી હતી કે એ ખરેખર રગ્ઘુ હતો કે બીજું કોઇ!

થોડીવાર બાદ બેઉ ગાડીઓ પાછી ફરી. બધાં જ જાણે વિમાનમાં બેઠાં હોય એટલાં ખુશ હતાં.

ખુન્નુએ કહ્યું – ‘‘કાકી! બધાં ઝાડ દોડતાં‘તાં જાણે!’’

લક્ષ્મણે ઉમેર્યું – ‘‘ને વાછડાં કેવાં નાઠાં!’’

કેદાર બોલ્યો – ‘‘કાકી, મોટાભાઇ તો એક સાથે જ બંન્ને ગાડીઓ તાણતા હતા.’’

ઝુનિયા બધાથી નાની હતી. તે તાળીઓ પાડીને નાચી કૂદી રહી હતી.

ખુન્નુએ વળી પાછું કહ્યું – ‘‘કાકી! આપણે ઘેર હવે તો ગાય પણ આવશે. મોટાભાઇએ ગિરધારીને વાત કરી છે. તેમણે કાલે જ ગાય લાવવા કહ્યું છે.’’





‘‘કાકી, ત્રણ શેર દૂધ આપે છે. અમે તો પછી ધરાઇને દૂધ પીશું.’’ કેદારે મમરો મૂક્યો.

એટલામાં રગ્ઘુ અંદર આવ્યો. પન્નાએ અણગમાની નજરે કહ્યું – ‘‘રગ્ઘુ! તેં ગિરધારીને ગાય લાવવા કહ્યું છે?’’

રગ્ઘુએ નમ્રતાથી જણાવ્યું – ‘‘હા, કાલે લાવશે.’’

‘‘તે રૂપિયા કોણ આલશે. વિચાર્યું છે જરાય?’’ – પન્નાએ છણકો કર્યો.

‘‘બધું વિચાર્યું છે કાકી! મારી આ મહોર છે ને! એના પચ્ચીસ રૂપિયા મળે છે. પાંચ વાછડીના મજરે આપીશ. ગાય આપણી થઇ જશે.’’

પન્ના દિગ્મૂઢ થઇ ગઇ. એનું શંકાશીલ મન પણ રગ્ઘુનાં સજ્જનતા તથા તેના પ્રેમની અવગણના કરી શકી નહીં. તેણે લાગણી સભર હૈયે કહ્યું – ‘‘મહોર શું કામ વેચવી પડે? ગાયની એવી તે શી ઉતાવળ છે. પૈસાનો વેંત થયા પછી લેવાશે. તારું મહોર વિનાનું અડવું ગળું સારું નઇ લાગે. આજ સુધી ગાય નતી તો છોકરાં ના જીવ્યાં શું?’’

રગ્ઘુએ દાર્શનિક ભાવે જણાવ્યું – ‘‘કાકી! છોકરાંના આ ખાવાપીવાના દા’ડા છે. આ ઉંમરે નઇ ખાય તો પછી ક્યારે ખાશે? ગળામાં ઘરેણું પે’રવું આમેય મને ગમતું નથી. લોકો મારા સામું આંગળી ચીંધે છે કે બાપના ગયા પછી પણ ગળામાં ઘરેણું પે’રવાનું સૂઝે છે.’’

ગાયની ચિંતામાં જ ભોલા સ્વર્ગે સિધાવ્યો હતો. રૂપિયા મળ્યા ય નઇ ને ગાય લેવાઇ નહી. બિચારો લાચાર હતો. રગ્ઘુએ એ કોયડો સહેલાઇથી ઉકેલી નાખ્યો હતો. જિંદગીમાં પહેલીવાર આજે પન્નાને રગ્ઘુ ઉપર વિશ્વાસ બેઠો. તેણે કહ્યું – ‘‘ઘરેણું જ વેચવું છે તો તારી મહોર શું કરવા વેચવી પડે! મારી હાંસડી લઇ જજે.’’

રગ્ઘુએ કહ્યું – ‘‘ના, કાકી. તમારા ગળામાં એ સારી શોભી ઊઠે છે. અમારે પુરુષોને તો ઘરેનું પહેરીએ તોય શું ના ના પહેરીએ તોય શું?’’

પન્નાએ જણાવ્યું – ''લે જા એવું. હું તો ઘરડી થઇ! હવે હાંસડી પે'રીને શું કરવી છે! તું તો હજુ જુવાનજોધ છોકરો છે. તારું ગળું ઘરેણા વગર વરવું લાગે!''

હસીને રગ્ઘુએ જવાબ વાળ્યો – ''અરે! શાની ઘરડી તું! તારી બરાબર ગામમાં છે બીજું કોઇ?''

રગ્ઘુની વાતે પન્ના લજ્જિત થઇ ગઇ. એના ચહેરા ઉપર લાલી છવાઇ ગઇ.

પાંચ વર્ષનાં વહાણાં વાઇ ચૂક્યાં હતા. રગ્ઘુ જેવો મહેનતકાશ, પ્રામાણિક અને સત્યનિષ્ઠ ખેડૂત ગામમાં બીજો કોઇ ન હતો. પન્નાની ઇચ્છા વિરુદ્ધ એ એક પણ પગલું ભરતો ન હતો. એ હવે ત્રેવીસ વર્ષનો થઇ ગયો હતો. પન્ના એને વારંવાર વહુને તેડી લાવવા કહેતી. બિચારી પિયરમાં ક્યાં સુધી પડી રહેશે? સૌ મને તોડી ખાય છે કે, હું જ વહુને અહીં આવવા દેતી નથી. પન્નાની વાતને આમ છતાં રગ્ઘુ ટાળતો. કહેતો કે શી ઉતાવળ છે એવી? એને એની પત્નીના રંગઢંગનો ચિતાર એના મિત્રો પાસેથી મળી ચૂક્યો હતો. એવી સ્ત્રીને ઘરમાં લાવી એ શાંત જળમાં પથરો ફેંકવા તૈયાર ન હતો.

છેવટે એક દિવસ પન્નાએ આગ્રહ કર્યો – ''તો શું તું નહીં તેડી લાવે એને?''

''કહ્યું ને કે હમણાં કોઇ ઉતાવળ નથી.''

''પણ મને તો ઉતાવળ હોય ને? હું આજે જ તેડવા માણસ મોકલું છું.''

''એનો સ્વભાવ સારો નથી. પાછળથી પસ્તાવાનો વારો આવશે, કાકી?''

''પણ હું એની સાથે બોલીશ નહીં ને! પછી એ વાયરા સાથે વઢશે? રોટલા તો ઘડશે ને! મારાથી હવે ઘરનું ને ઘરની બહારનું બધું કામ





થતું નથી. હું તો આજે જ તેડાવી લઇશ.''

''તો તમારે બોલાવવી હોય તો બોલાવો. પછી મારો વાંક ના કાઢતાં. કહેતાં નહીં કે એનો ગુલામ થઇ ગયો!''

''ના, નહીં કહું ભાભી! જા તું જઇને બે સાડીઓ અને મિઠાઇ લઇ આવ.''

ત્રીજે દિવસે મુલિયા પિયરથી આવી ગઇ. દરવાજા પર નગારાના ઘાવ પડ્યા. શરણાઇઓ ગુંજી ઊઠી. મોં જોવાનો વ્યવહાર પૂર્ણ થયો. તે રણ ભૂમિમાં ઝરણા જેવી હતી. ઘઉંવર્ણો ચહેરો, અણીયાળી આંખો, ગાલ પર ગુલાબી ઝાંય, આંખોમાં અજબ કામણ, રગ્ઘુ તો એનો જોતાં જ મંત્રમુગ્ધ થઇ ગયો.

વહેલી સવારે માથે બેડું લઇ પાણી ભરવા જતી ત્યારે એનો ગૌરવર્ણ સૂર્યનાં સોનેરી કિરણોના સ્પર્શે જાણે સોનું થઇ જતો.

મુલિયા પિયરમાંથી જ બળીજળી આવી હતી. એનો ધણી ગદ્ધાવૈતરું કરે અને પન્ના રાજરાણીની જેમ બેસી રહે! એના દિકરા રાજકુંવરોની જેમ બની ઠનીને ફરતા ફરે. મુલિયાથી એ સહન થતું ન હતું. એણે કોઇની ગુલામી નહીં કરવાનું નક્કી કર્યું. દિકરા જેવા દિકરા જો પોતાના ના થાય તો ભાઇઓનો શો ભરોસો? પાંખો નથી આવી ત્યાં સુધી રગ્ઘુને વિંટળાઇ વળશે. પણ જરાક સમજણ આવશે. પાંખો ફૂટશે એટલે ભાઇનો તો ભાવેય નહીં પૂછે.

એક દહાડો એણે રગ્ઘુને કહ્યું – ''તમારે આમ ગુલામી કરવી હોય તો કરજો. મારાથી તો નહીં થાય.''

રગ્ઘુ બોલ્યો – ''તે હું શું કરું? તું જ કહે ને! છોકરા હજુ કામ કરે એવા કઇ થયા છે.''

મુલિયાએ આવેશમાં આવી કહ્યું – ''છોકરા તો સામંતના છે. તમારે શું? આ એ જ પન્ના છે જે તમને એક એક દાણા માટે રીબાવતી હતી.

હું બધું જ સાંભળી ચૂકી છું. હું ગુલામડી થઇ રહેવાની નથી. મને એક પૈસાનોય હિસાબ મળતો નથી. તમે કેટલું લાવો છો'ને એ કેટલું ઊડાડે છે એ તો કોણ જાણે! વખત આવ્યે તમને એક ફૂટી બદામડીય મળે તો કહેજો મને.''

રગ્ઘુએ જવાબ વાળ્યો – ''તારા હાથમાં રૂપિયા આપું તો દુનિયા શું કહે એ તો વિચાર જરા.''

''દુનિયાને જે કે'વું હોય એ કે. દુનિયા જોડે કઇ મારા હાથ પીળા નથી થયા. તમે તો મરો તમારા ભાઇઓ માટે એમાં મારે શું?''

રગ્ઘુ નિરુત્તર રહ્યો. એને મનમાં જે શંકા હતી તે પ્રમાણે જ થયું. એ થાબડ થીબડ કરે તો વધારે માં વધારે છ મહિના સમુ સૂતરું ચાલવાનું હતું. ગાડું વધારે ગબડે એવું લાગતું ન હતું.

પન્નાએ એક દિવસ મહુડાં સૂકવવા મૂક્યાં હતાં. વરસાદ વરસવો શરૂ થયો. કોઠારમાં અનાજ પલળવા લાગ્યું. તેણે વહુને કહ્યું – ''વહુ જરા ધ્યાન રાખજે. હું નાહીને આવું છું.''

મુલિયાએ બેફિકરાઈથી કહ્યું – ''મને ઊંઘ આવે છે. તમે રાખો ધ્યાન. એક દા'ડો નહીં નવાય તો શું બગડી જવાનું છે!''

પન્નાએ સાલ્લો પાછો મૂકી દીધો. એ નહાવા ના ગઇ. મુલિયાનો ઘા નકામો ગયો.

કેટલાક દિવસો બાદ પન્ના અનાજના દાણા પાઇને પાછી ફરી હતા. અંધારું થઇ ગયું હતું. તે આખા દિવસની ભૂખી હતી. અંધારું થઇ ગયું હતું. તેણે વિચાર્યું હતું કે વહુએ રોટલા ઘડી રાખ્યા હશે. પણ જોયું તો ચૂલો ટાઢો હતો. છોકરાં ભૂખે તડપતાં હતાં. મુલિયાએ ધીમે રહી એણે પૂછ્યું – ''આજે ચૂલો ચેતાવ્યો નથી કે શું?''

કેદારે ટાપસી પૂરી – ''કાકી! આજે બપોરેય ચૂલો તો ઠરેલો જ રહેલો. ભાભીએ કશુંય રાંધ્યું ન હતું.''

''તો પછી તમે ખાધું શું?'' પન્ના બરાડી ઊઠી.





''શું ખાવાનું? સાંજના લૂખા સૂકા રોટલા હતા તે ખુશુ અને લખમણે ખાધાં બે બચકાં. મેં સત્તુના બે કોળિયા ભરી લીધેલા.''

''અને વહુએ?''

''એ તો એ સૂતી ખાધા વગર.''

પન્નાએ ચૂલો ચેતાવ્યાં ને રાંધવા મંડી પડી. લોટ બાંધતાં એની આંખો ગળતી હતી. ''અરેરેરે! કેવા વસમા દા'ડા આયા છે. આખો દા'ડો ખેતરમાં શેકાઇ રહી'ને ઘેર આવી તો ચૂલા આગળ શેકાવાનું આવ્યું.''

કેદારને ચૌદમું બેઠું હતું. ભાભીના રંગઢંગ જોઇને એ બધું સમજી શકે એટલી અક્કલ આવી હતી એનામાં. તેણે એકાએક કહ્યું – ''કાકી! ભાભી હવે તારી સાથે રહેવા નથી માગતી.''

''તે શું બબડતી'તી કશું એ?''

''ના રે, બબડતી'તી કશુંય નઈં, પણ એના મનમાં તો એમ જ છે. તો પછી તું એને શું કરવા જવા દેતી નથી? ભલે એની મરજી પડે એમ રે', આપણોય ભગવાન છે ને!''

પન્નાએ જીભ કરડી બોલી – ''છાનો મર્ય હવે. મારી આગળ આવી વાતો હવે ફરી ના કરતો. રગ્ઘુ તમારો ભાઇ નહીં, બાપ છે બાપ. જો આવી વાત કરી છે ફરી તો યાદ રાખ જો હું ઝેર ઘોળીશ.''

દશેરાનો તહેવાર હતો. ગામથી કોશેક દૂર એક મેળો ભરાતો હતો. ગામના બધા છોકરા મેળો માણવા જવા લાગ્યા. છોકરાઓને લઇ પન્નાય મેળે જવા તૈયાર થઇ. પણ પૈસા ક્યાંથી લાવવા? ચાવી તો મુલિયા જોડે હતી.

રગ્ઘુએ વાત જાણી. એણે એની પત્નીને કહ્યું – ''છોકરા મેળો મા'લવા જાય છે. બધાંને બે બે પૈસા આલી દે.''

તોબરો ચઢાવી મુલિયા ઘરકી – ''નથી પૈસા.''

આ હમણાં જ તો તલ વેચ્યા હતા. એટલી વારમાં બધા પૈસા ખલાસ થઇ ગયા?

''હા, થઈ ગયા.''

''શી રીતે ખલાસ થઈ ગયા, જરા કહેને! આજ મેળાના દહાડે છોકરા ઘેર બેસી રે'શે?''

મુલિયા કહ્યું – ''કહોને તમારી કાકીને, કાઢશે પૈસા. પૈસા ભોંયમાં દાટીને શું કરશે એ?''

રગ્ઘુની નજર ખૂંટીએ ભરાવેલી ચાવી ઉપર પડી. ચાવી લઈ એ જેવો પેટી ઉઘાડવા જાય છે ત્યાં જ મુલિયાએ એનો હાથ ઝાલી લીધો. બોલી – ''લાવો મારી ચાવી, નઈં તો પરિણામ સારું નઈં આવે. બધાંને ખાવું પીવું છે ને લે'ર કરવી છે. આપણી કમાણીએ કૂતરાં ઊજાણી કરે એ મારાથી નઈં ખમાય.''

પન્નાએ રગ્ઘુને કહ્યું – ''ભાઈ! પૈસા નથી એટલે છોકરા મેળો જોવા નહીં જાય.''

રગ્ઘુએ ગુસ્સામાં કહ્યું – ''કેમ નઈં જાય? ગામ આખું મેળો જોવા જાય છે, ને આપણા જ છોકરા નઈં જાય?''

રગ્ઘુએ મુલિયાના હાથમાંથી હાથ છોડાવી લીધો. એણે પેટી ઉઘાડી. પૈસા કાઢ્યા. છોકરાઓને પૈસા આપ્યા પછી પેટી બંધ કરી ચાવી મુલિયાના હાથમાં આપી ત્યારે તેણે છણકો કરી ઘરના ચોકમાં ફેંકી દીધી. મોંઢું ચઢાવીને એ સૂઈ ગઈ. બિચારા છોકરા મેળો જોવા ના ગયા.

આ વાતને બે દિવસ વીતી ગયા. મુલિયાએ રીસમાં ખાધુંય ન હતું. પન્નાય ખાધા વગર પડી રહેલી. બિચારા રગ્ઘુની દશા તો સૂડી વચ્ચે સોપારી જેવી હતી. એ બંન્નેને મનાવતો હતો પણ કોઈ એકની બે થતી ન હતી. છેવટે અકળાઈ ને રગ્ઘુએ મુલિયાને પૂછ્યું – ''પણ છે શું એ તો કહી શકે નહીં?''

''મારે શું હોવાનું? મને અબઘડી મારે પિયર મેલી આવો એટલે પત્યું.''



''ઠીક! ઊભી થા. ખાઈ લે પહેલાં. પછી તને મેલી આવીશ તારે ઘેર.''

મુલિયાએ રગ્ઘુ સામે નજર કરી. રગ્ઘુ તો એને જોઈને છળી ઊઠ્યો. એની મોહકતા, એનું સૌંદર્ય, એનું તે જ બધું જ અદશ્ય થઈ ગયું હતું. દાંત બહાર દેખાતા હતા. આંખો ઊંડી ઉતરી ગઈ હતી. ગાલ પર કરચલીઓ ઉપસી આવી હતી. જીવતા લારા જેવી તગતગતી આંખો ફાડી એ બોલી – ''કહોને! હું ય કઈ કાચી માટીની નથી. તમારા બેયની છાતી ઉપર મને મળ દળતાં આવડે છે. શા વેંતમાં છો?''

''તે દળજેને મગ તારે દળવા હોય એટલા. ખાવા પીવાનું મલશે તારે ચઢશે ને ચરબી!'' રગ્ઘુએ કહ્યું.

''એમ વાત છે! તો તો હવે આ ઘરમાંથી જુદી થઈશ ને તે વેળા જ મોંઢામાં પાણી મેલીશ. બહુ સહન કર્યું. હવે મારાથી વધારે નઈં ખમાય.''

રગ્ઘુ ભોંઠો પડી ગયો. એક આખો દિવસ એ બેબાકળો બની રહ્યો. જુદા થવાનું તો સ્વપ્નેય એણે વિચાર્યું નહીં, એણે ગામમાં જુદા થયેલા બે ચાર જણના હાલહવાલ જોયા હતા. એને ખબર હતી કે ચૂલાની સાથે માણસોનાં હૈયાંય જુદાં થઈ જાય છે. પોતાનાં હોય એ સદાને માટે પારકાં થઈ જાય છે. એણે મનોમન આવનારી આપત્તિ ટાળવાનું નક્કી કર્યું પણ જે થવાનું હતું તે તો થઈને જ રહ્યું. અરેરે! લોકો મારે માથે માછલાં ધોશે. કહેશે કે બાપ ના મૃત્યુ પછી પાંચ દસ વર્ષ મા ભેગા એનાથી રે'વાયું નહીં. કોનાથી જુદા થવાનું? જેમને ખોળામાં બેસાડી ખવડાવ્યું, પીવડાવ્યું, જેમને પોતાના છોકરાંની જેમ ઊછેર્યા, જેમને માટે વની વનીનાં દુઃખો સહન કર્યા એમનાથી જુદા થવાનું! એનું ગળું રૂંધાઈ ગયું. ગળગળા સાદે એણે કહ્યું – ''મારા ભાઈઓથી હું જુદો થઈ જાઉં એવું ઈચ્છે છે તું? ભૂંડી! જરા વિચાર તો ખરી કે હું બહાર મોંઢું શું બતાવીશ?''

''પણ મારાથી એમના ભેગું નહીં રે'વાય.''

"તો તું રે' તારી મેળે જુદી. મને શું કરવા તારી જોડે ખેંચીને લઇ જાય છે?"

"મારે તમારા ઘરમાં શું સુખ છે? મારે તો આ આખો મલક પડ્યો છે."

"જેવી તારી મરજી. તને ગોઠે ત્યાં રે! હું તો મારા ઘરથી જુદો નહીં નીકળું. જે દિવસે આ ઘરમાં બે ચૂલા થશે તે દિવસે મારા કાળજાનાય બે કડકા થઈ જશે. આ વસમો આઘાત મારાથી નહીં ખમાય. તારી અડચણ હું દુર કરી શકીશ. આ ઘરની ઘરવખરીની માલિક તો તું છે જ. દાણોપાણીય તારા હાથમાં છે. હવે શું બાકી છે? તારે કોઇ કામ. ધંધો ના કરવો હોય તો ના કરીશ. ઈશ્વરે મને અઢળક સંપત્તિ આપી હોત તો તણખલું તોડીને તને બે કટકાય ના કરવા દેત. તારા આ કોમળ હાથપગ મજૂરી કરવા નથી ઘડ્યા ઘડનારે. પણ શું કરું! હું લાચાર છુ. તારે કામ ના કરવું હોય તો ના કરીશ. પણ આ જુદા રે'વાની પડતી મેલ્ય."

સાડીનો પાલવ સંકોરતાં મુલિયા નજીક આવી અને બોલી – "કામથી હું નથી બીતી. મારે બેઠાં બેઠાં પેટ નથી ભરવું, પણ મારા પર કોઇ હુકમ ચલાવે એ હું સહન નહીં કરું. તમારી કાકી ઘરનું કામકાજ કંઈ મારે લીધે નથી કરતી. એ તો એનાં છોકરાં સારું કરે છે. એ કંઈ મારી ઉપર ઉપકાર નથી કરતી. પછી હું શા માટે એનું સાંભળું! એને એનાં છોકરાં વા'લાં હશે તો મારેય એક તમારો જ આશરો છે. છોકરાં આ ઘરમાં લે'ર કરે અને તમને ખાવા છાસપાણીય ના મળે એ મારાથી જોયું જતું નથી. તમારું મોંઢું તો જુઓ જરા. કેવું ફિક્કું જણાય છે! તમે આમને આમ તો દસ વર્ષમાં ખાટલે પડશો. બેસો, આમ ઊભા શા માટે રહ્યા છો? હું કંઈ તમને બળ જબરીથી બાંધીને લઈ જવાની નથી. ખરું કહું, તમે તો બહુ કાઠા કાળજાના છો. મને આવી ખબર હોત તો હું ભૂલથીય આ ઘરમાં પગ ના મેલત. પણ હવે તો તમારી સાથે મન મળી ગયું છે. ઘેર જઈશ તોય જીવ તો તમારામાં



જ રહેશે. અને તમને તો મારી કશી પડી જ નથી જાણે!"

મુલિયાની આ લાગણી ભીની વાતોની રગ્ઘુ ઉપર કોઇ અસર થઈ નહીં. એવી જ સપ્તાઈથી એણે કહ્યું – "મુલિયા, મારાથી એમ નહીં બને. જુદા રે'વાની વાત વિચારતાં જ મારું તો કાળજું કપાય છે. મારાથી એ વસમો ઘા સહન નહીં થઇ શકે."

મુલિયાએ મશ્કરી કરતાં કહ્યું – "તો બેસી રહો બંગડીઓ પે'રીને! મને તો એમ કે તમારામાં મર્દાનગી છે. પણ તમે તો સાવ માટી પગા નીકળ્યા."

ઓસરીમાં ઊભા રહી સાંભળી રહેલી પન્નાથી હવે રહેવાયું નહીં. તેણે રગ્ઘુ સમક્ષ આવી કહ્યું – "ભઇ, એ જુદી રહેવા હઠ લઇ બેઠી છે ત્યારે તું શા માટે એને ભેગી રહેવા સમજાવી રહ્યો છે? તું તારે એને લઇને રહે જુદો. અમારે તો ઉપરવાળાનો આશરો છે. તારા બાપના મરી ગયા પછી જ્યારે અન્નને'ને દાંતને વેર હતું ત્યારે ભગવાને પત રાખી'તી તો હવે શાનો ભય! હવે તો એની દયાથી ત્રણેય છોકરા સમજણા થઇ ગયા છે. હવે શી વાતની ફિકર?"

રડમસ આવાજે રગ્ઘુએ પન્નાને કહ્યું – "તુંય ગાંડી થઈ ગઇ છે કે શું, કાકી?તને ખબર નથી કે બે જુદા ચૂલા થતાં મનખાનાં મનેય બે થઇ જાય છે?"

"એ બધુંય હાચું ભઇ! પણ માંને નઈં એને શું કરે? હૌ હૌ ના ભાયગનાં લેખાંજોખાં છે ભઈલા! જ્યાં સુધી પ્રારબ્ધમાં લખેલું ત્યાં સુધી રે'વાયું ભેગું. હવે એની મરજી છે તો ભલે રે'તી જુદી. તારો મારા ઉપરનો ઉપકાર તો મારાથી નઈં ભુલાય! તારી જો છોકરાંને શીળી છાંયડી ના મલી હોત તો કોણ જાણે ચ્યાંય વલખાં વેણતાં હોત! ભઈલા, મારી ચામડીના તારી હારું જોડા સીવડાવું તોય તારું રણ ના ચુકવાય. જુદાં થઈનેય મારો માંયલો તો તને ઝંખતો રે'શે. દીકરા. તારાથી અલગ થઈને હું તારું ભૂંડું તાકીશ એવું

સપનેય ના વિચારીશ. મારા હૈયામાં બુરી લાગણી જાગશે તે દા’ડે વખ ઘોળીને પી લઈશ. ભગવાન તારું બધી વાતે ભલું કરે. તું સદા સુખી રહે એ જ મારા આશીર્વાદ છે.’’

આટલું કહી પન્ના રડતી આંખે ત્યાંથી ચાલી ગઈ. પત્થરમાંથી કોતરી કાઢેલી મૂર્તિની જેમ રગ્ઘુ બેસી રહ્યો. એની આંખો વરસી રહી હતી.

પન્નાની વાતો સાંભળીને મુલિયા રાજીના રેડ થઈ ગઈ. એને એના પાસા સવળા પડતા જણાયા. તે ઝટપટ ઊઠી. ઘરને વાળીઝુડી સાફ કર્યું. ચૂલો ચેતાવ્યો ને પાણી ભરવા કૂવે ચાલી ગઈ. એની ટેક પૂરી થઈ ગઈ હતી.

કૂવા ઉપર મુલિયાને બે ત્રણ બીજી વહુઓ ભેટી ગઈ. એક જણીએ કહ્યું – ‘‘આજ તો તારી સાસુ બહુ રડતી હતી ને!’’ મુલિયાએ જણાવ્યું – ‘‘અલી, રાજપાટ છોડવાનું ગમે કોઈને? બોન, હું એમનું ખોટું તાકતી નથી. પણ એક જણની કમાણી ઉપર બધાંનું પૂરું શી રીતે થાય? મારેય જીવન છે. પે’રવા ઓઢવાના તો આ દિવસો છે ને! હમણાં એમની પાછળ ઘસાવાનું ન્ પછી બાળબચ્ચાં પાછળ! બસ, રોયા કરવાનું જિંદગી આખી.’’

ત્યાં બીજીએ સૂર પુરાવ્યો – ‘‘ડોસીઓની દાનત જ વહુઓને ગુલામડી બનાવવાની હોય છે. લોચો ધાંન ખાય ને વેઠ કરે.’’

ત્રીજીએ ઉમેર્યું – ‘‘તે એમનો વસવા કોણ રાખે? પેટનાં જણ્યાં પૂછતાં નથી તો પારકાંનો શો ભરોશો. કાલ્ય પાંખો ફૂટશે ને પરમ દા’ડે એમની ઘરવાળીનાં મોંઢાં જોઈ બેસી જશે.’’

પાણી લઈ પાછી ફરેલી મુલિયાએ ખાવાનું રાંધી રગ્ઘુને કહ્યું – ‘‘નાંવું ધોવું હોય તો ઊઠો ઝટ. રોટલા તૈયાર થઈ ગયા છે.’’

સાંભળ્યું ના હોય તેમ રગ્ઘુ ઘરના બારણા તરફ તાકી બેસી રહ્યો હતો.



‘‘સંભળાતું નથી? ફૂટી ગયા છે કાંનના પડદા? રોટલા તૈયાર છે. રેડી આવો બે લોટા પાંણી રેડવું હોય તો.’’

‘‘સંભળાય છે. કાંન ફૂટી ગયા નથી. રોટલા તૈયાર હોય તો ખઈ લ્યેને તું તારે. મને તો લગીરેય ભૂખ નથી.’’

મુલિયાએ ચૂલામાં પાણી રેડ્યું. રોટલા શીંકે ચઢાવ્યાને મોંઢા પર સાડલાનો છેડો ઢાંકીને સૂઈ ગઈ.

થોડીવાર પછી પન્નાએ ત્યાં આવીને કહ્યું – ‘‘રોટલા તૈયારછે. ખાઈ લે નાહી ધોઈને. વહુનેય બિચારીને ભૂખ લાગી હશે!’’

રગ્ઘુએ ગુસ્સામાં કહ્યું – ‘‘કાકી! મને આ ઘરમાં રે’વા દેવો છે કે નહીં? ખાવાનું તો છે જ ને! આજે નઈં તો કાલે ખાઈશ. આજે તો મને લાગીરેય ભૂખ નથી.’’

પન્નાને સમજતાં વાર ના લાગી કે જ્યાં સુધી પોતે નહીં ખાય ને છોકરાંને નહીં ખવડાવે ત્યાં સુધી રગ્ઘુ ખાવાનો નથી. એણે મનોમન રગ્ઘુ સાથે લડવાનું વિચારી લીધું. એમ કરવાથી જ એ જુદો રહેવા તૈયાર થશે અને એની ચિંતા ટળશે. એમ વિચારીને એણે જુદો ચૂલો ચેતાવ્યો. અને ખાવાનું બનાવવા બેસી ગઈ. એટલામાં કેદાર અને ખુન્નુ નિશાળેથી ઘેર આવ્યા. પન્નાએ કહ્યું – ‘‘બેટા! રોટલા તૈયાર છે. ખાઈ લ્યો.’’

કેદારે પૂછ્યું – ‘‘મોટા ભાઈનેય બોલાવું?’’

‘‘તું ખાઈ લે. એના રોટલા તો એની વહુએ જુદા બનાવ્યા છે.’’

ખુન્નુએ કહ્યું – ‘‘પૂછી આવું જઈને મોટાભાઈને?’’

પન્નાએ કહ્યું – ‘‘એને ખાવું હશે ત્યારે ખાશે. તું તારે ખાઈ લ્યેને. એની તારે શી ફિકર્યું? એ અને એની વહુ જુદાં રે’વા ઇચ્છે છે. એમને કોણ સમજાવે?’’

‘‘તે મા આપણે જુદે ઘેર રહેવાનું?’’ કેદારે પ્રશ્ન કર્યો.

પન્નાએ ઉત્તર વાળ્યો – ''એમને આ ઘરમાં રે'વું હોય તો કોણ ના ભણે છે! આંગણામાં આડી દિવાલ ઊભી કરી દે.''

ખુન્નુએ જોયું તો ઘાસની ઝુંપડી પાસે ખાટલામાં બેઠોબેઠો રગ્ઘુ નાળિયેરનું પાણી પી રહ્યો હતો.

''મા, ભાઈ તો નાળિયેરનું પાણી પીવે છે.''

''ખાશે ખાવું હશે ત્યારે.''

''ભાઈએ ભાભીને ઠપકો ના આલ્યો, મા?'' કેદારે પ્રશ્ન કર્યો.

મુલિયા આ સંવાદ સાંભળતી હતી. તે બહાર આવીને બરાડી ઊઠી – ''તારા ભઈએ તો નથી ધમકાવી. તારે ધમકાવવી હોય તો આવ્ય ઓરો.''

કેદારના ચહેરાનું નૂર ઊડી ગયું. તે એક શબ્દ પણ બોલી શક્યો નહીં. ત્રણેય છોકરાઓ ખાઈને બહાર નીકળી ગયા. ઊનો વાયરો વાતો હતો. ગામની બહાર આંબાવાડિયામાં ગામનાં છોકરા છોકરીઓ વાયરે તૂટી પડેલી કેરીઓ વીણતાં હતાં. કેદારે પણ કેરીઓ વીણવા જવાનું વિચાર્યું.

ખુન્નુ બોલ્યો – ''મોટાભાઈ બેઠા છે?''

લક્ષ્મણે કહ્યું – ''હું નહીં જાઉં. મને એ વઢશે.''

કેદારે જણાવ્યું – ''હવે તો એ જુદા થઈ ગયા છે.''

લક્ષ્મણ બોલ્યો – ''તો તો આપણને હવે કોઈ મારશે તોયે છોડાવશેય નહીં.''

''કેમ નઈં છોડાવે?'' કેદારે કહ્યું.

ત્રણેય છોકરાને ઘરની બહાર નીકળેલા જોવા છતાં રગ્ઘુ અન્યમનસ્ક બેસી રહ્યો. પહેલાં તો ઘરની બહાર એક ડગલું ભરતા તો રગ્ઘુ છોકરાઓને લડતો. પણ આજે એ ચૂપચાપ બેસી રહ્યો. છોકરાઓ હિંમતથી આગળ વધ્યા. રગ્ઘુ કશુંય ના બોલ્યો. શું કામ બોલે? તેણે વિચાર્યું હતું કે



કાકીએ છોકરાઓને ખવડાવ્યું પીવડાવ્યું ને પોતાનો ભાવેય ના પૂછ્યો. કદાચ પોતે છોકરાઓને બૂમ પાડે ને એ માને નહીં તો! એમને હવે મારી શકાય એમ તો હતું નહીં. લૂમાં બિમાર પડી જશે તો! છોકરાઓ રગ્ઘુની નિર્લેપતા પછી ગભરાયા વગર ચાલી નીકળ્યા.

ઓચિંતા મુલિયાએ આવીને કહ્યું – ''હવે ઊઠશો કે નહીં? જેના પર તમને અભિમાન છે એમણે તો છોકરાંને ભરાવ્યું ને પોતેય ભરી લીધું. 'ને પોઢ્યાં છે હવે મઝાથી. કે'વા ખાતરેય કહ્યું નઈં કે હેંડ્ય ભઈ ખાઈ લ્યે.''

રગ્ઘુના કાળજે તીર ભોંકાતાં હતાં જાણે. મુલિયાના શબ્દો ઘા ઉપર મીઠું ભભરાવી રહ્યા હતા. તેણે ગદ્‌ગદ્‌ થઈ કહ્યું – ''તારી મરજી હતી એમ થયું. જા, હવે પીટ ઢોલ આખા ગામમાં.''

મુલિયાએ એક વધુ બાણ છોડ્યું – ''જાઓ, તમારી મા થાળી પીરસીને વાટ્ય જુએ છે તમારી.''

''રે'વા દે હવે. બહુ બોલીશ નહીં. તારી જોડ્યે હુંય બદનામ થઈ રહ્યો છું. તારે જ કોઈનું થઈને રે'વું નથી તો કોઈનેય તારી શી ગરજ. જા, જઈને કાકીને પૂછ કે છોકરાઓ ધગધગતી આગમાં કેરીઓ લેવા ગયા છે, પકડી લાવું જઈને?''

''પૂછવા જાય છે મારી બલા! તમને સો વાર પડપડતી હોય તો પૂછી આવો જઈને.''

એટલામાં પન્ના ઘરમાંથી બહાર આવી. રગ્ઘુએ કહ્યું – ''ભાઈઓ આંબાવડિયામાં ગયા છે આવા બળબળતા તાપમાં.''

''તે હવે એમને કોણ કે'નાર છે? વાડિયામાં જાય, ઝાડ ઉપર ચઢે કે તળાવમાં ડૂબી મરે. હું અબળા શું કરવાની હતી!''

''પકડી લાવું જઈને?''

''તારે તારા મનથી ના જવું હોય તો હું તને જવા કેમ કહું. તારે એમને જવા દેવા જ ના હોત તો પહેલેથી જ ના રોકી લીધા હોત. તારા મોંઢા આગળથી તો ગયા'તા.''

પન્નાની વાત પૂરી થતાં જ રગ્ઘુ નાળિયેર ફેંકીને આંબાવાડિયા ભણી ચાલી ગયો.

છોકરાઓને લઈ પાછા ફરેવા રગ્ઘુએ જોયું કે મુલિયા હજુ ઝુંપડીની બહાર ઊભી હતી. તેણે કહ્યું – ''જા, જઈને ખાઈ લ્યે, મને તો ભુખ લાગી નથી.''

મુલિયા ગુસ્સાથી છણકી – ''શાની ભૂખ લાગે! ભાઈઓએ ખાધું તે તમારા પેટમાં આવી ગયું હશે.''

દાંત કચકચાવી રગ્ઘુએ કહ્યું – ''મુલિયા, મને વધારે બાળીશ નહીં, પરિણામ સારું નઈં આવે. ખાવાનું નાસી નથી જતું કંઈ. એક ટંક નઈં ખાઉં તો મરી નઈ જવાય. તેં ઘરમાં આજે આગ ચાંપી છે. મને ગર્વ હતો કે મારા ઘરમાં બીજું ગમે તે થાય પણ ફટાફટ તો નઈં જ થાય. પણ તેં મારો ઘમંડ આજે ધૂળમાં મેળવી દીધો છે.''

''તે એ બધું તમારે લીધે જ થયું છે ને?''

નિશ્વાસ નાખતાં રગ્ઘુ બોલ્યો – ''ઘા ઉપર હવે મીઠું ભભરાવવાનું રહેવા દે. તારે લીધે જ મારા ધોળામાં ધૂળ પડી છે. આ કુંટુંબનો મોહ મને ના હોય તો બીજા કોને હોય?''

''તમને મારા સમ છે જો હવે તમે કશું ના બોલો તો.''

''તારી જીદ છોડી દે મુલિયા. હજુ વડી પાપડ વંઠી ગયાં નથી.''

''જો તમે ખાવા ના ઊઠો તો મારું જ લોહી પીઓ છો એમ જાણજો.''

''રેવા'દે હવે મુલિયા. આ ઊભો થયો. લે હેંડ્ય ખાઈ લેઉં. હું ભલે ચારની જગાએ છો સાત રોટલી ખાઈ જઉં તોય મારા કાળજે લાગેલો ડાઘ નહીં ધોવાય.''

મુલિયાએ કહ્યું – ''ડાઘ બાઘ બધુંય ધોવાઈ જશે એની મેળે સમય આવ્યે. એ તો લાગે એમ શરૂઆતમાં બધાંને. જોતા નથી ત્યાં કેવી





મઝાની વાંસળી વાગી રહી છે. એ તો ઈચ્છતી જ હતી કે આપણે ગમે તે ભોગે એનાથી જુદાં થઈ જઈએ.''

''મને એ વાતનું જ દુઃખ છે. કાકી પાસેથી મેં એવી આશા રાખી ન હતી.''

રગ્ઘુ ખાવા બેઠો. એને એક એક કોળિયો ઝેરના ઘૂંટડા જેવો લાગતો હતો. રોટલામાં કશો સ્વાદ ન હોતો લાગતો. દાળ પાણી જેવી જણાતી હતી. પાણી ગળાના નીચે ઉતરતું ન હતું. દૂધ ભણી તો નજર શુદ્ધાંયના નાખી. કોઈ સ્વજનના શ્રાદ્ધનું ભોજન હોય એમ બેચાર કોળિયા ભરીને એ ઊભો થઈ ગયો.

સાંજનું ખાવનુંય એણે એ જ રીતે ખાધું. આખી રાત એ બેચેન રહ્યો. જાણે બાપ ઘરના બારણે આવી બેઠો હોય એવી આશંકા આખી રાત એને થતી રહી. ચમકીને વારંવાર એ જો તો રહ્યો. જાણે ભોલા એના ભણી તિરસ્કારથી જોતો હતો. આખી રાત એ ઊંઘી શક્યો નહીં. એ ગામમાં નીકળતો તોય નીચા મોંઢે. જાણે એને ગાયની હત્યા ના કરી હોય!

પાંચ વર્ષોનાં વહાણાં વીતી ગયાં એ વાતને. રગ્ઘુ હવે બે છોકરાંનો બાપ થયો હતો. ઘરના ચોકમાં નવી દીવાલ ઊભી થઈ ગઈ હતી. ખેતરોમાં જુદાજુદા પાળા મારી દેવાયા હતા. બળદોની પણ વહેંચણી થઈ ગઈ હતી. કેદાર સોળ વર્ષનો થઈ ચૂક્યો હતો. ભણવાનું એણે છોડી દીધું હતું. અને ખેતીકામમાં લાગી ગયો હતો. ખુન્નુ ગાયો ચરાવતો. માત્ર લક્ષ્મણ જ ભણવા જતો હતો. પન્ના અને મુલિયાની તો આંખો વઢતી. મુલિયાના બંન્ને છોકરા આખો વખત પન્ના પાસે જ રહેતા. એ જ એને નવડાવતી, ધોવડાવતી, એમની આંખોમાં કાજળ આંજતી, એમનાં માથાં ઓળતી. એમને કેડ્યમાં લઈને ફરતી. પણ મુલિયા પર આ ઉપકારની કોઈ અસર થતી ન હતી. પન્નાને એવી કોઈ આશાય ન હતી કે એને માટે બે સારાં વેણ કાઢે. એ તો એ નિર્વ્યાજભાવથી જ કરતી. એના બે બે છોકરા કમાતા ધમાતા થઈ ગયા હતા. દિકરી રસોઈનું કામ સંભાળી લેતી. તે પોતે બહારનું કામકાજ કરતી હતી. એથી ઉલટું રગ્ઘુ એકલો હતો. શરીર અશક્ત. જુવાનીમાં પણ એ

ઘરડો લાગતો. આમ તો ઉંમર એની ત્રીસ વર્ષની જ હતી. તેમ છતાં વાળ પીળા પડી ગયા હતા. ચામડી લબડી પડી હતી. શરીર દમથી જીર્ણ થઈ ગયું હતું. એને જોઈને જ દયા આવ્યા વગર રહે નહીં. ખેતી મહેનતનો ધંધો હોવાથી એનાથી ખેતીની સારી માવજત થઈ શકતી ન હતી. એની ચિંતા વધી ગઈ હતી. ખરેખર તો એને આરામની જરૂર હતી. આટલા દિવસની સખત મહેનત બાદ જ્યારે જવાબદારી હળવી થવાનો સમય આવ્યો ત્યારે મુલિયાના સ્વાર્થે બાજી બગાડી મૂકી હતી. બધાં સાથે રહેતાં હોત તો તો એ કામની પળોજણમાંથી મુક્ત થઈ મઝાથી ઘરના આંગણે નાળિયેર પીતો હોત! ભાઈઓ સલાહ પ્રમાણે કામ કરતા હોત અને પોતે શેઠ થઈને ગામમાં ફરતો હોત! પણ હવે તો એ તક હાથથી સરકી ગઈ હતી. હવે ચિંતાનાં વાદળો દિન પ્રતિદિન એને વધુને વધુ ઘેરતાં જતાં હતાં.

તાવે એને જકડી લીધો. શરૂઆતમાં તો રગ્ઘુએ એની પરવા ના કરી. પણ સમય જતાં કમજોરી વધતી ગઈ. લોકોએ જે જે ઉપચાર બતાવ્યા તે તે બધા અજમાવી જોયા. દાક્તર પાસે દવા કરાવવા જેવી તો શક્તિ ન હતી. વળી હવે પૈસા ખર્ચી નાખવા સિવાય બીજું કોઈ પરિણામ મળવાનું ન હતું.

સમય મળતાં પન્ના એના ખબર કાઢતી અને આશ્વાસન આપતી. તેમ છતાં ભાઈઓ તો રગ્ઘુ સાથે વાત પણ કરતા નહીં. એટલું ઓછું હોય તેમ તેની મશ્કરી કરતાં મહેણાં મારતા – ''ભાઈના મનમાં એમ કે આપણાથી જુદા થઈ પોતે શ્રીમંત થઈ જશે. ભાભીને સોનાનાં ઘરેણાંથી લદાઈ જવું હતું. જોજો, હવે, કોણ ખબર લે છે! રડી રડીને મરી ના જાય તો કહેજો, બહુ હાયહાય સારી નહીં. માણસે થાય એટલું જ કામ કરવું જોઈએ. પૈસા માટે કંઈ જીવ ના આપી દેવાય.''

પન્ના કહેતી – ''બિચારા રગ્ઘુનો એમાં શો દોષ?''

કેદારે કહ્યું – ''હું બધું જ સમજું છું. ભાઈની જગાએ હું હોત તો ડંડાથી જ વાત કરત. બૈરાની શી મજાલ કે મરદની આગળ હઠ લઈ બેસે! એ તો બધી ભાઈની જ ચાલબાજી હતી. પહેલેથી ગોઠવેલું કાવત્રું હતું.''





અને આખરે એક દિવસ રગ્ઘુનો જીવનદીપ હોલવાઈ ગયો.

અંતકાળે એણે કેદારને પાસે બોલાવ્યો હતો. પણ એને તો શેરડીમાં પાણી લેવાનું હતું. એને એમ કે કદાચ કોઈ દવાને માટે મોકલશે. એટલે બહાનું કાઢીને એ એનાથી દૂર રહેલો.

મુલિયાનું જીવન અંધકારમય થઈ ગયું. મનસૂબાનો મહેલ કડડભુસ થઈ જમીનદોસ્ત થઈ ગયો. જે થાંભલાના જોરે એ કૂદી રહી હતી. તે થાંભલો જ તૂટી પડ્યો. ગામના લોકો દાઝયા ઉપર ડામ દેતા. કહેતા – ''પાપની સજા તો ભોગવ્યા વગર ક્યાં છુટકો છે! અભિમાન તો રાજા રાવણનું પણ નથી રહ્યું.'' બિચારી છોકરાં કાખમાં લઈ નિસહાય ફરતી. હવે એનો ગુજારો શી રીતે થશે! કોની મદદે એ જીવી શકશે હવે! ખેતી કોણ સાચવશે! બિચારો રગ્ઘુ માંદો હતો, અશક્ત હતો છતાં જીવ્યો ત્યાં સુધી ઝઝુમતો રહેલો. ખેતીવાડી ધૂળધાણી થતી હતી. એની કોણ દરકાર રાખે! ફસલ ખળામાં પડી હતી. શેરડી સુકાતી જતી હતી. એ એકલી કરે પણ શું? પાણી પાવું એ કંઈ એકલાનું કામ થોડું છે! શું કરે બિચારી!

તેર દિવસ વીતી ગયા. રગ્ઘુના મૃત્યુ પછીની વિધિય સમેટાઈ ગઈ. બીજા દિવસે મુલિયા બંન્ને બાળકો ને લઈને ખેતરમાં ગઈ. ખળામાં જઈને એકને એક વૃક્ષ નીચે ઘાસની પથારી ઉપર સૂવડાવી દીધું. બીજાને પાસે બેસાડી એ અનાજ મસળવા લાગી. પગર કરતી જતી હતી ને રડતી જતી હતી. જોતજોતામાં શું નું શું થઈ ગયું! તેમ છતાં તેને જુદા થવાનો જરાય પસ્તાવો થતો ન હતો.

એકાએક નાનો છોકરો રડવા લાગ્યો. તેણે જોયું તો મોટો છોકરો રડતા નાનાભાઈને છાનો રાખવા મથતો હતો. પણ નાનો છાનો ના રહેતાં પોતે પણ રડવા લાગ્યો.

રડવાનો અવાજ સાંભળી પન્ના ત્યાં દોડી આવી. નાના છોકરાને પ્યારથી ખોળામાં લઈ બોલી – ''છોકરાઓ મને સોંપીને કેમ ના આવી વહુ? બિચારો ભોંય પર પડી રહ્યો છે! હજુ તો જીવું છું હું. જુદાં થઈ ગયાં તેથી શું? કંઈ છોકરાં ઓછાં જુદા થઈ ગયાં છે?''

મુલિયાએ કહ્યું – ''અમ્મા! તમારેય ક્યાં નવરાશ છે ઘડીની! શું કરું?''

પન્નાએ જવાબ વાળ્યો – ''તો અહીં આવવાની એવી તે શી ઉતાવળ હતી? ત્રણ ત્રણ છોકરાં છે. એ ક્યારે કામમાં આવશે? કેદાર તો કાલે જ પગર કરવા કે'તો તો. પણ મેં જ એને શેરડી પાવા મોકલેલો. પગર તો થશે વહેલો મોડો. પાણી પાયા વગર થોડું ચાલે? ભાઈના મૃત્યુ પછી કેદારને તમારી બહુ ચિંતા થયા કરે છે. દહાડામાં સો વાર પૂછે છે કે ભાભી રડતી તો નથી ને! છોકરાં ભૂખ્યાં તો નથી ને? એ કાલે રડતોરડતો કહેતો હતો કે – ''ભાઈ આટલો વહેલો ચાલ્યો જશે એવી ખબર હોત તો મન ભરીને એની સેવા કરી લેત.'' એ ઊંઘણશી પહેલાં કોઈનો જગાડ્યો જાગતોય ન હતો. હવે પરોઢિયે જાગીને કામે વળગી જાય છે. જો ને, કાલે વાતવાતમાં ખુન્નુએ કહ્યું કે પહેલાં આપણે આપણી શેરડીમાં પાણી લઈ લઈએ પછી ભાઈની શેરડીમાં પાણી લઈશું, ત્યારે કેદારે એને ધમકાવી નાખ્યો. એણે કહ્યું કે – ''અલ્યા, આપણું શું ને પારકું શું? ભાઈએ આપણી કાળજી ના લીધી હોત તો મોટા શેરડીવાળા ના થયા હોત. આજે લે'ર કરો છો એ બધો ભાઈનો પુણ્ય પ્રતાપ છે. પરમ દહાડે હું તેને ખાવા બોલાવવા ગઈ ત્યારે માંચા પર બેસી એ રડતો હતો. મેં એનેરડવાનું કારણ પૂછ્યું – ''મા, ભાઈ બિચારા જુદા પણાના રોગથી રીબાઈને દેવ થયા. નહીં તો એમની મરવા જેટલી ઉંમરેય ક્યાં હતી? એ વખતે આ વાત સમજાઈ નહીં, નહીં તો એમની સાથે શું કરવા બગાડી બેસત!

પન્નાએ આમ કહી મુલિયા ભણી સંકેતસૂચક દૃષ્ટિથી જોઈ કહ્યું – ''વહુ! એ તને હવે જુદી નહીં રે'વા દે. કહે છે કે ભાઈ આપણા માટે મરી ગયા તો આપણેય ભાઈનાં છોકરાં માટે મરી જઈશું.''

મુલિયાની આંખો આંસુથી ઉભરાઈ ગઈ. પન્નાની વાતોમાં સાચી વેદના તરવરતી હતી. એ વાતો સાંભળીને મુલિયા ઝંખવાઈ ગઈ. પહેલી વાર એણે એના આત્માને જુદાપણાની ભાવના માટે ધિક્કાર્યો.

પાંચ વર્ષ વીતી ગયાં આ વાતને. પન્ના ઘરડી થઈ ગઈ છે. ઘરની





જવાબદારી કેદાર સંભાળે છે. તે ઘરની ખરી માલિક છે. ખુશુ અને લક્ષ્મણના વિવાહ પણ થઈ ગયા છે. પણ કેદાર કુંવારો છે. પન્નાના બધા જ પ્રયત્નો નકામા નીવડ્યા. એ એના નિર્ણયમાં અડગ રહ્યો. એ કહેતો ''બૈરાથી શું સુખ? બૈરું ઘરમાં આવતાં જ આદમી આખો બદલાઈ જાય છે. મા, બાપ, ભાઈ ભાંડુ બધાં પારકાં થઈ જાય છે. ભાઈ જેવા ભાઈનો સ્વભાવ બદલાયો તો આપણે ને વળી ક્યા ઝાડનું મૂળિયું! ભગવાનના આપેલા બે દીકરા છે. બીજું શું જોઈએ! વગર પરણ્યે બે દીકરા મળે એનાથી બીજું મોટું સુખ શું હોય? જેને તમે પોતાનાં સમજો તે તમારાં છે, પારકાં સમજો તે પારકાં છે.''

એકવાર પન્નાએ કહ્યું – ''તારો વંશ શી રીતે ચાલશે?''

કેદારે કહ્યું – ''અમ્મા! મારો વંશ તો ચાલે છે જ ને? ભાઈના બે દીકરાને હું મારા સમજું છું.''

''તો શું તું મુલિયાને તારી પત્ની સમજે છે?''

''મા, તું એમ કહીને મને ગાળ ભાંડે છે, હોં.''

''ગાળ શાની! તારી ભાભી તો છે ને?''

''મારા જેવા ગમાર ને તે એ પૂછતી હશે?''

''એકવાર તું 'હા' કહે તો હું પૂછું એને.''

''ના, અમ્મા ના. પાછી એ રડવા બેસી જશે.''

''જો તારું મન હોય દો વાત વાતમાં જ હું એના મનનો તાગ કાઢી લઉં કેદાર.''

''તને ગમે તેમ કર્ય, અમ્મા.''

પન્ના કેદારના મનની વાત સમજી ગઈ. દીકરાનું મન મુલિયા પર ઠરેલું છે તે સમજતાં વાર ના લાગી.

તે દિવસે તેણે મુલિયાને કહ્યું – ''શું કરું, વહુ! મનની લાલસા મનમાં જ રહી જાય છે. કેદારનું ઘર મંડાઈ જાય તો મારી ચિંતા ટળે.''

મુલિયાએ કહ્યું – ''પણ એમને તો ઘર માંડવું જ નથી ને, અમ્મા.''

''કહે છે કે ઘરમાં મેળ રાખે એવી સ્ત્રી મળે તો જ ઘર માંડવું છે.''

''અમ્મા! એવી બૈરી તો ક્યાં મળશે? શોધી કાઢો.''

''મેં તો શોધી કાઢી છે.''

''ખરેખર?! ક્યા ગામની છે એ?''

''એ વાત હમણાં નહીં જણાવું. હું ઇચ્છું છું કે એની સાથે કેદારની સગાઇ થઇ જાય અને કેદારનું જીવન સુધરી જાય. પણ છોકરી માને તો ને?''

''માને કેમ નહીં, અમ્મા! આવો કમાઉ, સુંદર અને સંસ્કારી વર બીજે ક્યાં મળવાનો હતો! એ તો ગયા જનમના સંન્યાસી છે સંન્યાસી. નહીં તો ઝઘડાની બીકે કોઇ પરણ્યા વગર થોડું, રહે! મને ઠેકાણું બતાવો. હું એને સમજાવી દઇશ.''

પન્નાએ કહ્યું – ''તું ધારે તો એને મનાવી શકે એમ છે. બધો આધાર તારી ઉપર છે.''

''હું આજે જ જઇશ. અમ્મા.''

''એ કોણ છે, કહું?''

''કહો, અમ્મા.''

''તે તું જ છે. બીજું કોઇ નહીં.''

''અમ્મા! એવી ગાળ ના કાઢો.''

''ગાળ શાની? દિયર તો છે.''

''મારા જેવી ઘરડીને એ શાના પૂછે છે?''

''તું જ એના મનમાં વસી છે. બીજી કોઇ એની નજરમાં જ નથી આવતી. એને કહેતાં શરમ આવે છે, પણ હું જાણું છું એના મનની વાત.''



વૈધવ્યના શોકથી કરમાઇ ગયેલું મુલિયાનું કૃશ મોં કમળની જેમ ખીલી ઊઠ્યું. દસ વર્ષોમાં એણે જે ગુમાવ્યું હતું તે એક જ ક્ષણમાં વ્યાજ સાથે પાછું મેળવી લીધું. એ જ લાવણ્ય. એ જ પ્રફુલ્લતા, એ જ વિકાસ, એ જ આકર્ષણ, એ જ કમનીયતા.

# ચીપિયો

રમજાનના ત્રીસ રોજા પૂરા થયા પછી ઇદનો દિવસ આવ્યો. કેટલું મનોહર સવાર! આસમાનમાં અજબ પ્રકારની લાલિમ છવાઇ છે! ખેતરો હરિયાળાં ધાન્યથી ઝૂમે છે! વહેલવી સવારનો સૂરજ ઇદનાં વધામણાં આપે છે. ગામ આખામાં ઉત્સાહ છવાઇ ગયો છે. સૌ ઇદગાહ જવાની તૈયારીઓ કરી રહ્યા છે. કોઇક કુરતાને બટન ટાંકી રહ્યું છે, કોઇક પડોશમાં સોય દોરો લેવા દોડી જાય છે. કોઇક વળી પગરખાંને તેલ પીવડાવે છે, તો કોઇક ઉતાવળે બળદોને ઘાસપાણી નીરી રહ્યું છે. ઇદગાહથી પાછા વળતાં તો બપોર ચઢશે. પૂરો ત્રણ ગાઉનો પગરસ્તો. છોકરાઓના આનંદને સીમા નથી. કોઇકે અડધો રોજો રાખ્યો છે, કોઇકે રોજો રાખ્યો જ નથી. રોજો તો મોટેરાં માટે હોય છે બાળકો માટે તો એ ઇદ છે ઇદ. જેની રાહ જોતા હતા એ ઇદ આખરે આવી. હવે સૌને ઇદગાહ જવાની તાલાવેલી લાગી છે. એમને ઘરની ચિંતા સાથે શું લાગેવળગે! એમને તો બસ એવો ખાવા માં જ રસ છે. એમને શી ખબર કે અબ્બાજાન વ્યાકુળ પણે ચૌધરી કાયમઅલીને ઘેર કેમ દોડી જાય છે? એની એમને બિચારાંને શી ખબર!એમનાં ગજવામાં તો જાણે કુબેરનો ખજાનો ભરેલો છે! વારંવાર ગજવામાંથી પરચુરણ કાઢી ગણે છે ને ખુશ થાય છે. મહેમુદ પાસે દસબાર પૈસા છે. મોહસિન પાસે પંદર પૈસા પૂરા. એ પૈસામાંથી તેઓ મિઠાઇ, રમકડાં અને મઝાનું પીપુડું.

હામિદની ખુશીનો આજે પાર નથી. ચાર પાંચ વર્ષનો એ ગરીબ છોકરો, માતો પહેલેથી જ ખુદાને પ્યારી થઇ ગયેલી. બાપ ગઇ સાલ કોલેરામાં મરી ગયો હતો. હવે હામિદ એની વૃદ્ધ દાદીમાની છત્ર છાયામાં ઉછરી રહ્યો છે. દાદીમાં નાનકડા હામિદને આશ્વાસન આપતી હતી કે એનો





બાપ રૂપિયા લઇને આવશે. અમ્મીજાન અલ્લાહમિયાંને ઘેર ભાતભાતની મિઠાઇઓ લેવા ગઇ છે. આશા તો છોકરાં માટે ખૂબ મીઠી ચીજ છે. એમની કલ્પના તો રાઇનો પર્વત બનાવે છે. બિચારો હામિદ! પગમાં પગરખાં નથી. માથે જૂની પુરાણી ટોપી છે. છતાંય એના ચહેરા ઉપર લેશમાત્ર દુઃખ નથી.

અભાગણી અમીના ઘરમાં બેઠી બેઠી રડી રહી છે. આજે ઇદના દિવસે રાંધવા ઘરમાં ધાન નથી. આજે આબિદ હોત તો? નિરાશા અને અંધકારનાં બે પડો વચ્ચે એ પીસાઇ રહી છે. આ અભાગી ઇદને કોણે નોતરું દીધું હશે!? અહીં એનું શું કામ હતું? પણ બિચારો હામિદ! એને કોઇના જીવવા મરવા જોડે શી લેવાદેવા?

હામિદે ઘરમાં જઇ દાદીમાને કહ્યું – ‘‘અમ્મા, તું ચિંતા ના કરીશ; હું બધાંની પહેલો પાછો આવી જઇશ.’’

અમીનાનો જીવ કોચવાય છે. ગામનાં છોકરાં તેમના બાપની આંગળી ઝાલી ઇદગાહ જાય છે. બિચારા હામિદનો બાપ ક્યાં છે? એને એકલાને મેળામાં જવા દે? ભીડમાં છોકરો કદાચ ખોવાઇ જાય તો? હજુ તો બચ્ચું છે, ત્રણ ગાઉ ચાલશે શી રીતે? પગમાં ચીરા પડી જશે બિચારાને! ફાટેલતૂટેલ ખાંસડાંય ક્યાં છે? એણે જોડે જવા વિચાર્યું. પણ તો પછી સેવો કોણ રાંધે? પૈસા હોત તો પાછા ફરતાં બધી ચીજો ઝટપટ ખરીદીને ઘેર આવી સેવો રાંધી દેવાત. પણ અહીં તો ભીખ માગવાની હતી. ફહીમનનાં લૂગડાંની સિલાઇના આઠ આના મળેલા તે તેણે ઇદ માટે આજ સુધી સાચવી રાખેલા. હામિદના દૂધ માટે તો પૈસા જોઇએ ને! હવે માત્ર એની પાસે બે આના જ બચ્યા હતા. ત્રણ પૈસા હામિદના ગજવામાં ને પાંચ પૈસા એના પોતાના નાના બટવામાં, પણ આ તો ઇદનો તહેવાર. બધાં વસવાયાંય આશા કરે. બધાંને સેવો જોઇએ, ને પાછું થોડાથી મન ના રીઝે. કોનાથી મોં સંતાડવું? ભલા, મોં શું કામ સંતાડવું પડે? ઇદ તો આખા વર્ષનો તહેવાર છે. છોકરાને તો ખુદા તાલા સાચવશે. આ દહાડાય નદીનાં નીરની જેમ વહી જશે.

મેળામાં જવા લોકો ચાલી નીકળ્યા. લોકો સાથે હામિદ પણ ચાલી નીકળ્યો. બધાંથી આગળ એ દોડતો. એના પગે તો જાણે પૈડાં જોડાઇ ગયાં હતાં! થાકનું તો નામનિશાન ન હતું. જોત જોતામાં શહેરની સરહદ આવી

ગઈ. સડકને બંન્ને કિનારે શ્રીમંતોના બગીચા આવેલા હતા. આંબા ઉપર કેરીઓ ઝૂલી રહી હતા. કોઈક છોકરો કેરીને નિશાન બનાવી પથરો મારતો, ને રખેવાળ આવતાં હસતો હસતો દૂર દૂર દોડી જતો.

હવે મોટી મોટી ઈમારતો આવવા લાગી. કોર્ટ, કોલેજ, ક્લબ! હામિદનું મન ચકરાવે ચઢ્યું. આટલી મોટી કોલેજમાં કેટલા છોકરા ભણતા હશે! અધધધ! આટલા મોટા, મૂછો વાળા છોકરા ભણતા હશે એમાં? કોણ જાણે ક્યાં સુધી ભણશે'ને શું કરશે? ક્લબમાં જાદુના તમાશા થાય છે. સાંભળ્યું છે અહીં મડદાંની ખોપરીઓ દોડે છે. પણ અંદર જવાની મનાઈ છે. સાંજ પડ્યે સાહેબ લોકો અહીં આનંદપ્રમોદ માટે એકઠા થાય છે. અરે, મેમ સાહેબોય સાંજે અહીં બોલ બેટ રમે છે. સાચું હોં.

મહેમૂદે કહ્યું – ''અલ્લાની કસમ, મારી અમ્મીના તે હાથ જ ધ્રુજવા માંડે.''

મોહસિને કહ્યું – ''જા બે, ત્રણ મણ આટો પીસી નાખે છે ને આ જરા જેટલું બેટ પકડતાં હાથ કાંપવા લાગે? રોજ સેંકડો ઘડા પાણી ખેંચે છે કૂવામાંથી. કોઇ મેમ સાહેબને એક ઘડો પાણી ખેંચવું પડે તો આંખે અંધારાં આવી જાય.''

મહેમૂદે કહ્યું – ''પણ અમ્મીજાન દોડતી નથી. કૂદી પણ નથી શકતી.''

મોહસિને જવાબ આપ્યો – ''એ વાત ખરી. પણ તે દિવસે મારી ગાય છૂટીને ચૌધરીના ખેતરમાં પેસી ગઇ હતી ત્યારે અમ્માં એટલું દોડેલી કે હું એને પકડી શક્યો ન હતો.''

હવે મિઠાઈઓની દુકાનોનો વારો હતો. એકએક દુકાન મિઠાઈની બરાબર સજાવેલી હતી. આટલી બધી મિઠાઈ? કોણ ખાતું હશે? મને લાગે છે કે રાત્રે જિન્નત આવીને ખાઈ જતો હશે બધી. અબ્બા જાન કહેતા હતા કે વધેલી મિઠાઇ રાત્રે જિન્નત રૂપિયા આપીને ખરીદી જાય છે.

હામિદને વિશ્વાસ ન બેઠો. પૂછ્યું – ''આટલા બધા રૂપિયા જિન્નત લાવે ક્યાંથી?''



''એને શી ખોટ? એ તો મરજી પડે એ ખજાનામાંથી રૂપિયા લઈ લે. એને કોણ રોકે?'' મોહસિને કહ્યું.

''જિન્નત બહુ મોટા હોય છે?'' હામિદે ફરી પૂછ્યું.

''અરે! એનું માથું આકાશ જેવડું હોય છે. જમીન ઉપર ઊભો રહે તો માથું આકાશને અડે. પણ ધારે તો એ એક નાનકડા લોટામાં ય પેસી જાય.''

''લોકો શી રીતે એને વશ કરતા હશે? મને કોઇ એકાદ મંતર શીખવાડી દે તો બેડો પાર થઈ જાય.''

''ચૌધરીએ ઘણા બધા જિન્નત વશ કરેલા છે. કોઈની કશી ચીજ ખોવાય તો તરત ચૌધરી પાસે દોડી જાય છે. ચૌધરીને ચોરનારનું નામઠામ જિન્નત પલકવારમાં જ બતાવી દે છે.''

''એટલે જ આજે ચૌધરીનું આટલું બધું માન પાન છે. અને પૈસાનીય એને ક્યાં ખોટ છે.''

આગળ ચાલતાં પોલીસ લાઈન આવી. અહીં પોલીસો રોડ ક્વાયત કરે છે. રાત્રે પોલીસો ચોરી પકડવા રોન ફરે છે. મોહસિને પ્રતિવાદ કરતાં કહ્યું – ''અરે! આજ લોકો ચોરી કરાવે છે. શહેરના બધા ચોર લૂંટારા આમને મળેલા હોય છે. ચોરોને ચોરી કરવા એઓ જ જણાવે છે. ને પોતે બીજા મહોલ્લામાં જઇ 'જાગતે રહો,' ની બૂમો પાડે છે. ત્યારે તો એમની પાસે પૈસા એકઠા થાય છે. મારા એક મામો પોલીસવાળો છે. પગાર મહિને વીસ રૂપિયા છે. પણ ઘેર એ દરમાસે પચાસ રૂપિયા લાવે છે. તમે ક્યાંથી લૈવો છો? તો તેમણે કહ્યું કે, બેટા! અલ્લાહ આપે છે. પછી કહ્યું કે બેટા; અમે ધારીએ તો એક દહાડામાં હજારો મારી લાવીએ. પણ બદનામી થાય નહીં. ને આ નોકરી સલામત રહે એટલા જ અમે લઈએ છીએ.''

હામિદે કહ્યું – ''જો એ ચોરી કરાવતા હોય તો કોઈ એમને પકડતું નથી.''

''કોણ પકડે? ચોર પકડનાર જ ચોરી કરાવે પછી? પણ હરામનું ટકતું નથી. હરામનો માલ હરામમાં જાય છે. મારા મામાને ઘેર થોડાક જ દહાડામાં આગ લાગેલી. બધુંય બળીને ખાખ થઇ ગયું. એક ઠામેય બચ્યું નથી. અલ્લાની કસમ, કેટલાય દહાડા ઝાડ નીચે પડી રહેલા.''

ઈદગાહ જનારનાં ટોળાં હવે નજરે ચઢવા લાગ્યાં. ભય કાદાર વસ્ત્રો! કીમતી ઘરેણાં! કોઇ ઘોડાગાડીમાં બેસીને તો કોઇ મોટરમાં સવાર થઇને ઈદગાહ ભણી ચાલ્યાં જતાં હતાં. સૌનાં હૈયાં આનંદથી હિલોળતાં હતાં.

છેવટે ઈદગાહનાં દર્શન થયાં. આમલીનાં ઘટાદાર વૃક્ષો નીચે આવેલી એ પવિત્ર જગા હતી. નીચે ફરશ ઉપર જાજમ બીછાવેલી હતી. રોજા ધારણ કરનારની લાંબી લાંબી હારો દૂરદૂર સુધી વિસ્તરેલી હતી. અહીં ધન અને હોદ્દાના ભેદભાવ નથી. સૌ એકસમાન છે. ગામડાના મુસલમાનો વજુ કરીને પાછળ હારમાં ગોઠવાઇ ગયા. કેટલી સરસ વ્યવસ્થા! લાખો મસ્તક એક સાથે સજદા માટે ઝૂકી જાય છે. કેવું અપૂર્વ દૃશ્ય!

નમાજ પૂરી થઇ. લોકો એકબીજાને ભેટતા હતા. મિઠાઇ અને રમકડાંની દુકાનો પર ભીડ જામી હતી. ચગડોળમાં બેસી નાનાં મોટાં સો આનંદ માણતાં હતાં.

દુકાનોમાં જાતજાતનાં રમકડાં હતાં. હાથી, ઘોડા, ઊંટ, રીંછ, વાંદરો, બિલાડી... અને સિપાઇ અને ગુજરી, રાડા અને વકીલ, ભિસ્તી અને ધોબણ તથા સાધુ. જાણે હમણાં જ બોલી ઊઠ્યો. મહેમુદે સિપાઇ ખરીદ્યો. મોહસિનને ભિસ્તી પસંદ પડ્યો. નુરેએ વકીલ લીધો. બધાંએ બેબે પૈસાનાં એ રમકડાં ખરીદી લીધાં. હામિદ પાસે તો હતા જ ત્રણ પૈસા. આટલાં મોંઘાં રમકડાં શી રીતે ખરીદે એ? આતો રમકડાં...હાથમાંથી પડે તોય તૂટી જાય. આવાં રમકડાં લઇને શું કરવાનાં?

મોહસિને કહ્યું – ''મારો ભિસ્તી તો રોજ સાંજ સવાર પાણી ભરી લાવશે.''

''ને મારો સિપાઇ ઘર સાચવશે.'' મહેમુદે કહ્યું.



"અરે! ભઇ, મારો વકીલ તો કેસ લડશે." નુરે એ હસતાં હસતાં જણાવ્યું.

સમ્મી બોલ્યો – ''આપણી ધોબણ તો રોજ રોજ કપડાં ધોઇ લાવશે, યાર.''

હામિદ રમકડાની નિંદા કરતો, છતાંય એની આંખો લાલચની મારી રમકડાં ઉપરથી ખસતી ન હતી. પણ એ બિચારો શું કરે!

રમકડાં ખરીદી લીધા પછી સૌ મિઠાઇની દુકાનો ભણી વળ્યા. કોઇકે રેવડી લીધી. કોઇકે લીધો સોહન હલવો તો વળી કોઇકે ગુલાબજાંબુ ખરીદ્યાં. બધા મોજથી ખાવા લાગ્યા. હામિદ એમનાથી જુદો હતો. બિચારો ગરીબ અભાગિયો! તેની પાસે ત્રણ પૈસા હતા. છતાંય કેમ કશું ખાતો ન હતો? એ બધાંની સામે તાકી રહેતો.

મોહસિને કહ્યું – ''હામિદ! રેવડી લે, સરસ છે. એમ કહેતાં તેણે હામિદ તરફ રેવડી ધરી. હામિદે લાલચનો માર્યો રેવડી લેવા હાથ લંબાવ્યો. પણ ત્યાં તો મોહસિને રેવડી પોતાના મોંઢામાં મૂકી દીધી અને હસવા લાગ્યો. બીજા છોકરાઓય તાલીઓ પાડી હસવા લાગ્યા. હામિદ ખસિયાણો પડી ગયો.''

ફરી મોહસિને કહ્યું – ''લે હામિદ! અલ્લાની કસમ, આ વખતે મશ્કરી નહીં કરું. લઇ જા લે.''

''નથી જોઇતી તારી રેવડી. મારી પાસે પૈસા છે.'' હમિદે કહ્યું.

''તારી પાસે તો ત્રણ પૈસા જ છે. એમાંથી શું શું આવશે?'' મોહિસને કહ્યું.

મહેમૂદ બોલ્યો – ''મોહસિન તો છે જ બદમાશ. લે, મારી પાસેથી ગુલાબજાંબુ લઇ જા.''

હામિદે કહ્યું – ''મિઠાઇ તો શી મોટી વિસાત છે! ચોપડીમાં એના કેટલા અવગુણ લખ્યા છે!''

''તોય થતું હશે કે મળે તો ખાઇ લઇએ. પણ તું તારા પૈસા કેમ

નથી વાપરતો, હામિદ?'' મોહસિને પૂછ્યું.

મહેમૂદે બોલ્યો – ''એની હોંશિયારીની આપણને ખબર છે. આપણા બધા પૈસા ખર્ચાઇ જશે પછી એ આપણને તકાદી તકાદીને ખાશે.''

વાસણો, નકલી ઘરેણાં, તૈયાર કપડાં વગેરેની દુકાનોની હારમાળા શરૂ થઇ. છોકરાંને એમાં રસ ન હતો. સૌ આગળ વધ્યા. પણ હામિદ એક લોખંડનાં વાસણોની દુકાને થોભ્યો. એની નજર એક ચીપિયા ઉપર પડી. એને તરત ખ્યાલ આવ્યો કે દાદીમાની પાસે ચીપિયો નથી. બિચારી રોટલા શેકે છે ત્યારે એના હાથ બળી જાય છે. જો પોતે ચીપિયો ખરીદીને દાદીમાં માટે લઇ જાય તો એ કેટલી ખુશખુશાલ થઇ જાય! ઘરમાં એક કામની વસ્તુ આવી જાય. રમકડાં લેવાથી કે મિઠાઇ ખાવાથી શો લાભ?

હામિદના સાથીઓ આગળ વધ્યા. તેઓ એક પરબ પાસે શરબત પીતા હતા. હામિદ વિચારતો હતો – ''કેટલા સ્વાર્થી છે એ બધા? મને મિઠાઇનો એક કટકોય ના આપ્યો. હવે કોઇનો ફેરો આંટો ખાય એ બીજા. ને આપણે શું! મિઠાઇ ખાશે તો એમનાં મોં સડી જશે. ચોપડીમાં લખ્યું છે તે કંઇ ખોટું છે? હું તો દાદીમા માટે ચીપિયો જ લઇ જઇશ. દાદીમા કેટલી રાજી થશે! કહેશે કે; મારો દિકરો ચીપિયો લઇ આવ્યો. હજારો દુઆઓ દેશે. ચીપિયો પડોશણને બતાવશે. આખા મહોલ્લામાં મારી વાહવાહ થશે. મોટાંના આશીર્વાદ અલ્લાના દરબારમાં પહોંચે છે. અને તરત જ અલ્લા એને ધ્યાનમાં લે છે.''

એણે ચીપિયો ખરીદવાનું નક્કી કરી લીધું.

દુકાનદારને પૂછ્યું – ''ચીપિયો કેટલી કિંમતનો છે?''

''તારા કામનો નથી, જા.'' દુકાનદારે હામિદ સામું જોઇ કહ્યું.

''વેચવાનો છે કે નહીં?''

''વેચવાનો છે ને! કંઇ થોડો શોભામાં મૂક્યો છે.''

''તો પછી કિંમત બોલોને, કેટલા પૈસાનો છે?''





''છ પૈસાનો.''

''ખરેખરી કિંમત કરોને!''

''પાંચ પૈસા થશે. લેવો હોય તો લે નહીં તો ચાલતો થા.''

કાળજું કઠણ કરી હામિદે પૂછ્યું – ''ત્રણ પૈસામાં આપવો છે?'' કહેતાં એ ત્યાંથી બીકનો માર્યો આગળ વધ્યો.

દુકાનદારે એને પાછો બોલાવ્યો. અને ત્રણ પૈસામાં ચીપિયો આપી દીધો. હામિદ બંદૂકની જેમ ચીપિયો ખભે મૂકી ચાલ્યો. થોડીવારમાં એ સાથીદારો પાસે આવી પહોંચ્યો અને એઓ શું શું કહેશે એ વિચારતો રાહ જોવા લાગ્યો.

મોહસિને કહ્યું – ''લ્યા પાગલ! આ ચીપિયો શું કરવા લાવ્યો?''

હામિદે ચીપિયો ભોંય પર પછાડીને કહ્યું – ''તું તારો ભિસ્તી ભોંય ઉપર પછાડી એનું એકેય હાડકું પાંસરું રહે છે!''

''તે આ ચીપિયો તે કંઇ રમકડું છે?'' મહેમૂદે કહ્યું.

હામિદે પ્રત્યુત્તર વાળ્યો – ''કેમ નહીં? ખભા ઉપર એને મુકું તો એ બંદુક થઇ જાય. હાથમાં ઝાલું તો સાધુનો ચીપિયો. જરૂર પડ્યે મંજીરાનુંય કામ આપી શકે. એક જ ચીપિયો ઠોકી દઉં તો તમારાં બધાં જ રમકડાંના રામ રમી જાય. ચીપિયો તો મારો બહાદુર વાઘ છે, વાઘ.''

બધા ચીપિયાથી પ્રભાવિત થઇ ગયા. કેટલાકને બદલો કરવાની ઇચ્છા થઇ આવી. પણ હામિદ શાનો માને!

હવે બીજા છોકરાઓ પાસે પૈસા ન હોતા બચ્યા. વળી ઘેર પાછા વળવાની વેળા થઇ ગઇ હતી.

છોકરાઓની બે ટોળીઓ પડી ગઇ. એક બાજુ મોહસિન, મહેમૂદ, સમ્મી અને નૂરે તો બીજી તરફ એકલો હામિદ. શાસ્ત્રની ચર્ચા ચાલી. હામિદથી મોટા હોવા છતાંય મોહસિન, મહેમૂદ અને મૂરે હામિદનાં

વાગ્બાણોથી જાણે ઘાયલ થઇ ગયા હતા. એની પાસે ન્યાયનું બળ હતું. અને નીતિની શક્તિ હતી. એક તરફ માટી છે; બીજી તરફ છે લોઢું. કદાચ જો વાઘ સામો આવે તો મિયાં ભિસ્તીના તો છક્કા છૂટી જાય. સિપાઇ તો બંદૂક નાખીને દૂમ દબાવીને નાસી છૂટે! વકીલ સાહેબનાં તો બારે વા'ણ ડૂબી જાય. પણ મારો આ શૂર વીર ચીપિયો...આ રૂસ્તમ એ હિંદ! વાઘની ગરદન ઉપર સવાર થઇને એની આંખો જ ખોતરી નાખે.

''તારો ચીપિયો પાણી તો નથી ભરતો ને?''

''અરે! તારા ભિસ્તીને આ ચીપિયો બતાવું તો દોડતો પાણી ભરીને મારે ઘેર રેડી જાય.''

મહેમૂદે કહ્યું – ''ભઇ! કોરટ કચેરીમાં સપડાય ત્યારે તારે મારા આ વકીલના પગ પકડવા પડશે.''

''મને કોણ પકડવા આવશે? જોયો છે આ?'' એણે ચીપિયો ઊંચો કર્યો.

''મારો સિપાઇ પકડી જશે તને.'' નૂરેએ અકડાઇ થી કહ્યું.

''લાવ, તારા સિપાઇને, જોઉં તો ખરો કે કેવીક બહાદુરી બતાવે છે! એ શું ધૂળ પકડે! ઊભી પૂછડીએ નાસી જશે એને જોઇને.'' હામિદે કહ્યું.

મોહસિને નવો દાવ અજમાવ્યો – ''તારો ચીપિયો તો રોજ દેવતામાં બળશે.''

એને એમ કે હામિદ કશો ઉત્તર નહીં આપે. પણ એમ થયું નહીં. એણે તરત જ કહ્યું – ''આગમાં તો બહાદુર હોય એ જ કૂદી પડે. તમારા આ વકીલ, ભિસ્તી અને સિપાઇ તો ગુલામની જેમ ઘરમાં ભરાઇ જાય ઘરમાં.''

''વકીલ તો આરામથી ખુરશી ઉપર બેસશે, ને તારો ચીપિયો તો રસોડામાં.''

''મારો ચીપિયો રસોડામાં નહીં પડ્યો રહે. તારા વકીલને એ ખુરશી ઉપરથી ગબડાવીને જમીન ઉપર પટકી દેશે અને એના કાયદા એના પેટમાં ઠોંસી દેશે.''





વાદવિવાદમાં હામિદ મેદાન મારી ગયો. હામિદ ત્રણ પૈસામાં રંગ જમાવી ગયો. વાતેય સાચી છે. રમકડાં તો તૂટી જવાનાં. એમનો શો ભરોશો? અને ચીપિયો તો જેવો ને તેવો જ રહેવાનો, વરસો સુધી.

વાત સમજૂતી ઉપર આવી. એક બીજા વચ્ચે રમકડાં અને ચીપિયાની જોવા માટે અદલાબદલી થઇ. છેવટે હામિદે સ્વાભાવિકતાથી કહ્યું – ''હું તો તમને બધાને ચીઢવતો હતો. તમારાં રમકડાં આગળ મારા આ ચીપિયાનું શું ગજું!''

પણ હામિદની આ વાતથી કોઇને સંતોષ થયો નહીં. ચીપિયાએ સૌના મન ઉપર ઘેરી અસર ઊભી કરી હતી.

''પણ આ રમકડાંને જોઇ અમને કોઇની દુઆ તો નહીં મળે ને?'' મોહસિને પૂછ્યું.

મહેમૂદે કહ્યું – ''દુઆની આશા રાખો છો પણ જો જો માર ના ખાવો પડે. આ માટીનાં રમકડાં જોઇને તો અમ્માય અકળાઇ ઊઠશે.''

હામિદે કબૂલ કર્યું કે આ ચીપિયો જોઇને મારી દાદી જેટલી ખુશ થશે એટલી કોઇની મા આ માટીનાં રમકડાં જોઇને ખુશ થશે નહીં.

અગિયાર વાગે ગામ પાછું જાણે જીવતું થઇ ગયું. મેળામાંથી સૌ પાછા ફરી રહ્યા હતા. મોહસિનની બહેને દોડીને તેના હાથમાંથી ભિસ્તી ઝુંટવી લીધો અને એ ખુશીની મારી કૂદવા લાગી. ભિસ્તી નીચે પડ્યો ને ભાંગી ગયો. ભાઇ બહેન વચ્ચે ઝઘડો થઇ ગયો. મારા મારી થઇ. બંન્ને ખુબ રડ્યાં. એમની અમ્મા આપી ચીઢાઇ,ને ઉપરથી બે બે તમાચા બંન્નેને ચોઢી દીધા.

નૂરેમિયાંના વકીલની પણ એવી જ દશા થઇ. એ વકીલ સાહેબને સિંહાસન ઉપર બેસાડી પવન નાખતો હતો. પંખાની એક ઝાપટ વાગી ને વકીલ સાહેબ ભોંય ભેગા. માટી માટીમાં મળી ગઇ.

મહેમૂદના સિપાઇને ગામમાં રોન ફરવાની જવાબદારી મળી ગઇ. પણ આ તો પોલીસ. કોઇ સામાન્ય વ્યક્તિ થોડી હતી! પગે તો એનાથી ચલાય નહીં, એ તો પાલખીમાં બેસીને રોન ફરશે. એક ટોપલી મંગાવાઇ.

એમાં જૂના ફાટેલા તૂટેલા ગાભા ભરી દેવામાં આવ્યાં. એમાં સિપાઇને આરામથી બેસાડવામાં આવ્યો. નૂરે એ ટોપલી માથે મૂકી ઘરના બારણે ચક્કર મારવા લાગ્યો. એના બંન્ને ભાઇઓ ‘‘જાગતા રહેજો’’ નો સાદ દેતા હતા. મહેમૂદને અંધારી રાતે ઠોકર વાગી. ટોપલી પડી. સિપાઇ બંદૂક સાથે ભોંય ભેગો થઇ ગયો. એનો એક પગ ભાંગી ગયો.

પગ જોડવામાં મહેમૂદ નિષ્ણાત હતો. પણ એ માટે મલમ બનાવવા ઉમરડાના દૂધની જરૂર હતી. ઉમરડાનું દૂધ મંગાવવું મલમ બનાવવામાં આવ્યો. ભાગેલો પગ જોડી દેવામાં આવ્યો. પણ જ્યાં સિપાઇને ફરી ઊભો કરવામાં આવ્યો ત્યાં જ એ સાંધેલા પગે એનો પરચો દેખાડી દીધો. શસ્ત્રક્રિયા નિષ્ફળ નીવડી. મહેમૂદે અકળાઇને એનો બીજો પગેય તોડી નાખ્યો. સિપાઇ, સિપાઇ મટી બાવો બની ગયો.

હવે હામિદની વાત સાંભળો. અમ્મા અમીના એનો અવાજ સાંભળતાં જ બેબાકળી બની ઘરની બહાર દોડી આવી. તેણે પૌત્રને ગોદમાં ઊંચકી લીધો. પણ એના હાથમાં ચીપિયો જોઇને તેણે પૂછ્યું –

‘‘આ ચીપિયો ક્યાંથી લાવ્યો?’’

‘‘મેળામાંથી’’

‘‘કેટલા પૈસામાં?’’

‘‘ત્રણ પૈસામાં.’’

અમીનાની જાણે છાતી બેસી ગઇ. એણે કપાળા ઉપર હાથ પછાડ્યો. અરેરે! કેટલો અબૂધ છોકરો છે આ! બપોર ચઢી ગયો છે. ને એણે કશું ખાધું પીધું નહીં. ચીપિયો લઇને ચાલ્યો આવ્યો! તેણે કહ્યું – ‘‘આખા મેળામાં તને બીજી કોઇ સારી વસ્તુ ના દેખાઇ તે આ લોઢાનો ચીપિયો લઇને ઘેર આવ્યો?’’

હામિદે ગભરાતાં ગભરાતાં કહ્યું –‘‘અમ્માજાન, તમારી આંગળીઓ ચીપિયા વગર તવાથી બળી જતી હતી એટલે જ હું આ ચીપિયો લાવ્યો છું.’’



વૃદ્ધાનો ગુસ્સો પ્રેમમાં પલટાઇ ગયો. અને પ્રેમ પણ કેવો? નક્કર, ગંભીર અને મીઠાસથી ભર્યો ભર્યો. એણે વિચાર્યું – ‘‘દિકરામાં કેટલો વિવવેક અને સદ્ભાવ છે! શું બીજા છોકરાઓને મિઠાઇ ખાતાં જોઇ તથા રમકડાં ખરીદતાં જોઇ એને પણ એમ કરવાની લાલચ નહીં થઇ હોય? શું ત્યાં મેળામાંય હું સતત એને યાદ આવ્યા કરી હોઇશ?’’ તેનું મન ગદ્ગદ્ બની ગયું. આંખોના ખૂણા ભીના થઇ ગયા.

અને પછી એક વિચિત્ર બાબત બની. હામિદના એ ચીપિયાથી પણ વધારે વિચિત્ર. બાળક હામિદે ઘરડા હામિદની ભૂમિકા ભજવી હતી. અને વૃદ્ધા અમીનાએ બાળકી અમીનાની. એ રડવા લાગી. પાલવ પાથરીને એ હામિદને આશીર્વાદ આપતી જતી હતી. અને આંખોમાંથી ચોધાર અશ્રુધારાઓ વરસતી હતી. બિચારો હામિદ એનું રહસ્ય શી રીતે સમજી શકે!

# મમતાના ઘેરા નિઃશ્વાસ

કરુણાએ એક દિવસ અગાઉ ઘરને લીંપીગૂંપીને તૈયાર કરી દીધું હતું. આજે એનો પતિ જેલમાંથી છૂટીને ઘેર આવવાનો હતો. એ ત્રણ વર્ષમાં એણે કઠણ તપસ્યા કરીને બચાવેલા દસ પાંચ રૂપિયા પતિના સ્વાગતની તૈયારીઓમાં ખર્ચી નાખ્યા હતા. પતિ માટે એણે ધોતીજોટો ખરીદ્યો હતો. અને એક નવો કુરતો સિવડાવ્યો હતો. બાળક માટે કોટ અને ટોપીની વ્યવસ્થા કરીહતી. વારંવાર એ પ્રસન્નતાથી બાળકને ગળે વળગાડી ચૂમી લેતી હતી. પતિના જેલવાસને ત્રણ મહિના વીત્યે બાળકનો જન્મ થયો હતો. એના એકમાત્ર આશ્વાસને કરુણાએ ત્રણ વર્ષો ખેંચી કાઢ્યાં હતાં. તે વિચારતી હતી – ''બાળકને હું એમના હાથમાં મૂકીશ ત્યારે એ કેટલા પ્રસન્ન થશે! પહેલાં તો એમને નવાઇ જ લાગશે. પણ પછી તો ખોળામાં લઇને કહેશે કે કરુણા તેં તો આ રત્ન આપીને મને ન્યાલ કરી દીધો છે. બાળકની કાલી ઘેલી વાણી સાંભળી એમણે જેલવાસ દરમ્યાન વેઠેલી વેદનાય એ વીસરી જશે. આજે એના આનંદે કોઇ સીમા ન હતી.''

''આદિત્યની સાથે ઘણા માણસો હશે. ઘરના બારણે પગ દેતાં જ આકાશ જયઘોષથી ગુંજી ઉઠશે. એ કેટલું અનુપમ દૃશ્ય હશે!'' એ લોકોને બેસવા કરુણાએ એક ફાટલું કંતાન પાથરી દીધું હતું. પાન બનાવીને તૈયાર રાખ્યાં હતા. વારંવાર અધીરાઇથી એ આવવાના માર્ગ ભણી તાકતી હતી. પતિનો ચહેરો એની નજર સમક્ષ તરવરતો હતો. જેલ જતી વેળા એણે કહેલી વાતો એ મમળાવવા લાગી. પોલીસના ઢોર માર સામે પણ ટીક રહેલું પતિનું આત્મબળ, હોઠ ઉપર રમી રહેલું સ્મિત, આંખોમાં તરવરતું આત્માભિમાન એ બધું કરુણા શી રીતે વીસરી શકે? એ આધારે જ ત્રણ



વર્ષની ઘોર યાતનાઓ સામે કરુણા ટકી રહી હતી. કેટલીયે ટંકો ભૂખે તાણી નાખવા છતાં એણે કોઇની આગળ ન હતો હાથ લંબાવ્યો કે ન હોતી બતાવી લાચારી. આજે એ સઘળી વિપત્તિઓનો અંત આવવાનો હતો. પતિના ગાઢ પ્રગાઢ આલિંગનમાં તે હસતી હસતી સઘળું સહન કરી લેશે. પ્રેમનો અગાધ સાગર પામ્યા પછી એને કોઇ અભિલાષા રહેશે નહીં.

સૂર્ય અસ્તાચળ ભણી આગળ વધતો જતો હતો. સંધ્યા રાણીએ એના વિશ્રામ માટે સુગંધિત ફૂલોની સેજ બિછાવી રાખી હતી. બરાબર એ જ વખતે લાકડીના ટેકે ટેકે ચાલ્યા આવતા એક માણસ પર કરુણાની નજર પડી. આવતાં આવતાં એ વારંવારે ખાંસતો હતો. એનું માથું નીચે ઢળેલું હતું. કરુણા એનો ચહેરો જોઇ શક્તો ન હતી. પણ નજીક આવતાં જ કરુણા એને ઓળખી ગઇ. તે એનો પતિ હતો. કેટલો બધો બદલાઇ ગયો હતો. એનો ચહેરો! એની જવાની, એનું તેજ, એની ચપળતા બધું અદશ્ય થઇ ગયું હતું. શરીર હાડપિંજર જેવું થઇ ગયું હતું. એને જોતાં જ કરુણા બહાર આવી ગઇ. આલિંગનની કામના મનમાં જ દબાવીને એ ઊભી રહી બધી. અભિલાષાઓ ધૂળમાં મળી ગઇ. આનંદ આંસુઓના પ્રવાહમાં વહી ગયો.

ઘરમાં પ્રવેશમાં જ આદિત્યએ સ્મિત સાથે કરુણા તરફ જોયું. પણ એના એ સ્મિતમાં વિશ્વ આખાની વેદના જાણે ભરી દીધી હતી. કરુણા જાણે એક ધબકારો ચૂકી ગઇ. એ ફાટી આંખે એના પતિને તાકીતાકીને જોતી હતી. સત્કાર માટેનો એક હરફેય એ ઉચ્ચારી શકી નહીં. એના ગોદમાં રહેલું બાળ પણ સામે ઊભેલા હાડપિંજરને જોઇ બીકનું માર્યું વધારે ચુસ્તીથી લપાઇ જતું હતું.

છેવટે એણે પૂછ્યું – ''તમારી આવી દશા? બિલકુલ ઓળખતા જ નથી.''

''અરે, આ તો જરા દુબળો થઇ ગયો છું. તારા હાથ રસોઇ ખાઇને પાછો હતો તેવો થઇ જઇશ.'' કરુણાએ આશ્વસન આપતાં આદિત્ય બોલ્યો.

''અરેરે! કેવા લાકડા થઇ ગયો છો સુકાઇને? પેટ ભરીને ખાવાનુંય નહીં મળતું હોય ને ત્યાં? તમે તો કહેતા હતાને કે રાજકીય કેદીઓ

સાથે જેલમાં સારો વર્તાવ કરવામાં આવે છે. અને પેલા તમારી ચારેબાજુ સતત વીંટળાઇ રહેતા તમારા સાથી દારોનું શું થયું? તમે તો એમને માટે જીવન આખું તમારું લોહી વહાવ્યું છે!''

''જવા દે એ વાત કરુણા. મને શી ખબર કે જેલમાં જતાં જ તેઓ મારાથી વેગળા થઇ જશે! દેશને માટે મરી ફીટનારને આથી બીજો મોટો પુરસ્કાર મળે? લોકો એમના સેવકોને જલ્દી ભૂલી જાય છે એની તો મને ખબર હતી. પણ એમના સાથીદારો બેવફા થઇ જાય એવો તો આ મારો પહેલો અનુભવ છે. મને કોઇની સામે કશી જ ફરિયાદ નથી. સેવા એ જ આપણો સાચો પુરસ્કાર છે. મારી જ ભૂલ હતી કે મને સેવાના બદલામાં યશ અને નામનાની ખેવના હતી.''

કરુણાએ પૂછ્યું – ''તો શું ત્યાં ભોજન પણ મળતું ન હતું?''

આદિત્યએ જવાબ વાળતાં કહ્યું – ''એ વાત ના પૂછે તો સારું. બહુ કરુણ કથા છે. હું જીવતો પાછો ફર્યો છુ એ જ ગનીમત છે. દુઃખો તો મેં એવાં એવાં સહન કર્યાં છે કે હું અત્યારે જીવી રહ્યો છું એની તમને નવાઇ લાગે છે. મને હવે સૂવા દે જરા. મારાથી ઊભા નહીં રહેવાય.''

''થોડું ખાઇ લો. પછી સૂઇ જાઓ નિરાંતે.'' પછી કરુણાએ એના ખોળામાં બાળકને મૂકતાં કહ્યું – ''બેટા, તારા બાપુજી છે, બાપુજી. એમના ખોળામાં બેસ, જા તને ખૂબ ખૂબ પ્યાર કરશે.''

આદિત્યએ સાશ્રુ બાળક સામે જોયું. એનું રોમ રોમ એના પ્રત્યે નફરત કરવા લાગ્યું. એને પોતાની અવદશા પર ક્યારેય આટલું દુઃખ થયું ન હતું. ઈશ્વરની કૃપાથી કદાચ એ પૂરેપૂરો સ્વસ્થ થઇ જશે તો હવે પછી એ ક્યારેય કોઇ રાષ્ટ્રીય આંદોલનમાં ભાગ નહીં લે. આ કુમળા ફૂલ જેવા એક બાળકને આ વિશ્વમાં અવતારીને ગરીબાઇની આગમાં હોમી દેવાનો એને શો અધિકાર હતો! હવે એ માત્ર ધન કમાવા સિવાય બીજું કશું જ નહીં કરે. એ પોતાનું સમગ્ર જીવન બાળકના લાલન પાલન માટે સમર્પિત કરી દેશે. તેને આ સમયે એવો અનુભવ થતો હતો કે જાણે બાળક એના તરફ ઉપેક્ષા ભાવથી જોઇ રહ્યો હતો. એ જાણે કહેતો હતો – ''તમે મારી સાથે તમારી





કઇ કર્તવ્ય ભાવના નિભાવી છે?'' એનું હૈયું બાળકને છાતીસરસો ચાંપી દીવા અધીરું બની ગયું. પણ એ હાથ ફેલાવી શક્યો નહીં. એનામાં એટલી શક્તિ જ ક્યાં હતી!

બાળકને લઇ કરુણા ઊભી થઇ અને થાળીમાં ખાવાનું લઇ આવી. આદિત્યએ ક્ષુધાપૂર્ણ નજરે થાળી સામે જોયું. જોતજોતામાં એ ખાવા ઉપર તૂટી પડ્યો. કરુણા સાશંક નજરે એને તાકી રહી. એણે બીજીવાર કોઇ વસ્તુ માટે પૂછ્યું નહીં. થાળી ઊઠાવીને એ ચાલી ગઇ. પણ એનું હૈયું તો કહેતું હતું – ''આટલું તો એ ક્યારેય ખાતા ન હતા.''

કરુણા એના બાળકને ખવડાવતી હતી ત્યાં એના કાને શબ્દો અથડાયા – ''કરુણા...આ...આ...''

''તમે બોલાવી મને?''

આદિત્યનો ચહેરો પીળો પડી ગયો હતો. એ જોર જોરથી હાંફી રહ્યો હતો. હાથનો ટેકો રાખી એ કંતાન પર સૂઇ ગયો. કરુણા ગભરાઇ ગઇ. તેણે કહ્યું – ''કોઇ વૈદ્યને બોલાવી લાવું?''

આદિત્યએ એને એમ કરવા મનાઇ ફરમાવી કહ્યું – ''રહેવા દે હવે એ બધા વ્યર્થ પ્રયત્નો. તારાથી હવે કોઇ વાત શા માટે છુપાવવી? મને ક્ષય રોગ થયો છે. કેટલીય વાર મરતાં મરતાં બચ્યો છું. એક માત્ર તમને જોવાની લાલસામાં જીવતો હતો. કરુણા, જો રડીશ નહીં.''

ડુંસકું દબાવતાં કરુણા બોલી – ''હું હમણાં જ વૈદ્યને બોલાવી લાવું છું.''

''ના કરુણા, ના. બસ મારી પાસે બેસ. હવે બચવાની કોઇ આશા નથી. ડોક્ટરોએ બધા પ્રયત્નો કરી જોયા છે. અહીં સુધી હું આવી શક્યો એનું જ મને આશ્ચર્ય છે. શી ખબર, કઇ દૈવી શક્તિ મને અહીં સુધી ખેંચી લાવી! કરુણા મેં તારી સાથે બહુ મોટો અન્યાય કર્યો છે. મને એ વાતનું હમેશાં દુઃખ રહેશે. બસ, આ એક માત્ર આપણા સંસારની નિશાની તારી પાસે મૂકીને હું ચાલ્યો જાઉં છું. આહ!''

મન મજબૂત કરીને કરુણાએ કહ્યું – ''તમને કોઇ પીડા તો નથી થતી ને? કેમ કશું બોલતા નથી?''

''પ્રિયે! કશું જ કરવાની જરૂર નથી. પીડાતો બીજી કશી થતી નથી. જાણે પાણીમાં ડૂબી જતો હોઉં. તેમ હૃદય બેસી જાય છે. માત્ર જીવનની લીલા હવે સંકેલાઇ જાય એટલી જ વાર. ગળું ક્યારે જાય એની શી ખબર! કહેવાનું બધું કહી દેવા ઇચ્છું છું. મારા એક પ્રશ્નનો જવાબ આપીશ? પૂછું?''

કરુણાના મનની બધી વેદના, શોક, દુર્બળતા– બધું જાણે સુપ્ત થઇ ગયું. મૃત્યુ ઉપર વિજય મેળવતા એક નવા જ આત્મબળનો એનામાં ઉદય થયો. રત્ન જડિત મખમલી મ્યાનમાં જેમ પાણીદાર તલવાર છુપાવેલી રહે છે, પાણીના કોમળ પ્રવાહમાં જેમ અસીમ શક્તિ છુપાયેલી રહે છે. એ જ રીતે કોઇ પણ નારીના હૈયામાં ધૈર્ય અને સાહસ છુપાયેલાં હોય છે. જેમ ક્રોધ તલવારને બહાર ખેંચી લાવે છે તેમ પ્રેમ નારીના સાહસ અને ધૈર્યને બહાર લાવે છે.

પતિના માથે હાથ પસવારતાં કરુણાએ કહ્યું – ''પૂછો ને સ્વામી.''

કરુણાના કોમળ હાથોના સ્પર્શે સ્પંદિત થયેલ આદિત્યએ કહ્યું – ''તારી દૃષ્ટિએ મારું જીવન કેવું હતું? વધાઇને યોગ્ય હતું? જો, તેં ક્યારેય મારાથી કશી વાત છુપાવી નથી. આ સમયે પણ સ્પષ્ટ જણાવજે. તારી દૃષ્ટિએ મારે મારા જીવન પર હસવું જોઇએ કે રડવું જોઇએ?''

કરુણાએ સ્વાભાવિક ઉલ્લાસ સાથે કહ્યું – ''પ્રિયતમ! આવી વાત શા માટે ઉચ્ચારો છો? તમારું જીવન તો દેવતાઇ જીવન હતું. નાથ, નિસ્વાર્થ, નિર્લેપ અને આદર્શા! જીવનપથ પર આવતા અવરોધોથી તંગ આવીને મેં તમને સંસારમાં ખેંચી જવાની ચેષ્ટા કરી હતી. પણ ત્યારેય હું આદર્શોના ઊંચા આસન પરથી તમને નીચે ગબડાવી રહી છું એવો અનુભવ કરતી હતી જ સંસારની માયામાં તમે ફસાયા હોત તો કદાચ મારા મનમે વધારે સંતોષ થાત; પણ આ સમયે મારો આત્મા જે ગૌરવ અને આનંદ અનુભવી રહ્યો છે



તેવાં ગૌરવ અને આનંદની પ્રાપ્તિથી હું વંચિત રહી જાત. મારે જો કોઇનેય આશીર્વાદ આપવાનો પ્રસંગ આવે તો હું એવા જ આશીર્વાદ આપું કે જીવન તમારા જીવન જેવું બને.''

આટલું બોલતાં બોલતાં કરુણાનું મુખ જ્યોતિર્મય બની ગયું. એનો આત્માં ધન્યતા અનુભવવા લાગ્યો. આદિત્યએ સગર્વ કરુણા ભણી જોતાં કહ્યું – ''કરુણા! હવે મને સંતોષ થઇ ગયો છે. આ બાળક માટે મને કોઇ જ શંકા નથી. આથી વધારે કુશળ એવા બીજા કોઇ હાથોમાં હું એને સોંપી શકતો નથી. મને વિશ્વાસ છે જીવનનો આ ઉન્નત અને પવિત્ર આદર્શ હમેશાં તું નજર સમક્ષ જ રાખીશ. હવે મરવા માટે હું તૈયાર છું.''

સાત વર્ષ વીતી ગયાં.

પુત્ર પ્રકાશને દસ વર્ષ થઇ ગયાં હતાં. પૂરો રૂપવાન, બળવાન, પ્રસન્નચિત્ત, તેજસ્વી અને મનસ્વી. બીકનું તો એનામાં નામ નિશાન નહીં. એને જોઇને કરુણાનું કાળજું ઠરતું. સોહાગના દિવસોમાં પતિને ખૂબ ગમતાં ઘરેણાં એણે વૈધવ્ય પછી વેચી દીધાં હતાં. અને બદલામાં મળેલા પૈસાથી ગાયો ભેંસો ખરીદી લીધી હતી. ખેડૂતની દીકરી હોઇ તેને આ વ્યવસાય ફાવી ગયો હતો. એના વડે એ પેટિયું રળી લેતી. પરોઢિયાથી શરૂ કરી મોડી રાત સુધી કામ કરવા છતાં એ સદૈવ પ્રસન્ન રહેતી હતી. લાચારીનું દૌર્બલ્ય એને સ્પર્શી શકતું ન હતું. સંકલ્પ અને સાહસનું વિરલ રસાયણ એના જીવનમાં રસાઇ ગયું હતું. આત્મગૌરવથી નીતરતાં અનાં નયનો સૂર્ય ચંદ્રના તેજથી પ્રકાશતાં હતાં જાણે!

પ્રકાશ એની જિંદગીનો સહારો છે, સંકલ્પ છે. પ્રકાશ જ એનો આનંદ છે, એની અભિલાષા છે. પ્રકાશ માટે એ એનું સર્વસ્વ કુરબાન કરવા કટિબદ્ધ છે. એના ચારિત્ર્યથી ખૂબ જ કડકાઈ અને બારીકાઈથી દેખભાળ કરી રહી છે. એના પ્રેમમાં માની મમતા અને પિતાની સખતાઇ ભળેલાં હતાં. પતિના છેલ્લા શબ્દો હજુ એના કાનોમાં પડઘાતા હતા. પ્રકાશની આંખોમાં એ આદિત્યનાં દર્શન કરતી હતી. અને એથી જ એની એકમાત્ર મહેચ્છા હતી કે પુત્ર જુવાન બની પિતાના પગલે અનુસરે.

સંધ્યા ઢળી ચૂકી હતી. એક ભિખારણ ઘરના બારણે ભીખ માગતી ઊભી છે. કરુણા ગાયોને પાણી પીવડાવી રહી છે. પ્રકાશ બહાર રમી રહ્યો હતો. છેવટે તો બાળકને! ભિખારણે તેની થેલી આગળ ધરી. પ્રકાશે એની થેલીમાં કુશકા નાખી દીધા. અને એ જોરજોરથી તાલીઓ વગાડવા લાગ્યો.

એની રમતથી ભિખારણે ગુસ્સે થઇ કહ્યું – ‘‘વાહ બેટા! મારી મશ્કરી કરીને ચાલ્યો ગયો! આવું શીખવાડ્યું છે તારાં મા બાપે! આગળ જતાં તો તું તારા કુળનું નામ ઉજાળશે બેટા!’’

ભિખારણના શબ્દો સાંભળી કરુણા બહાર આવી. બોલી – ‘‘શું છે મા? કોને કહો છો આ તમે?’’

આંગળી ચીંધી ભિખારણે વૃદ્ધાએ જવાબ દીધો – ‘‘પેલો તારો દિકરો છે ને દિકરી? જો તો ખરી, વાટકીમાં કુશકા લાવી નાખ્યા મારી થેલીમાં. અરેરે! એમાં લોટ હતો થોડો ઘણો એય નકામો થઇ ગયો. આવી તે અમ જેવાં ગરીબની મશ્કરી થતી હશે? બધાંના દા’ડા કંઇ એક સરખા નથી જવાના! સુખનું અભિમાન સારું નહીં, દિકરી!’’

ગુસ્સાના આવેશમાં કરુણાએ રાડ પાડી – ‘‘મા, આ ડોસી ભીખ શું કરવા માગતી હશે? કોઇ કામ ધંધો કરતી કેમ નથી?’’

એને સમજાવવાની ચેષ્ટા કરતાં કરુણાએ કહ્યું – ‘‘શરમ નથી આવતી આવું બોલતાં તને!’’

‘‘શરમ મને શું કરવા આવે? રોજ એ શું કામ ભીખ માગે છે. શું આપણે ઘેર બધું મફતમાં આવે છે?’’

‘‘તે તારે કશું આપવું જ ન હતું તો ના કહેવું’તું સીધે સીધું. પણ બિચારીની મશ્કરી શું કામ કરી?’’

‘‘તે વગર એ ભીખ માગવાનું ભૂલે ખરી, મા?’’

‘‘બહુ બોલીશ નહીં, પ્રકાશ! માર ખાઇશ, માર.’’

‘‘ આવું આવું બોલીને જ તું એને ચઢાવી મારે છે.’’



‘‘પણ જો તો ખરો, બિચારી અપંગ છે. શી રીતે કામ કરી શકે?’’

‘‘તે ડૂબી મરે તળાવમાં જઇને, એટલે બધી ઝંઝટમાંથી છૂટી જાય.’’

કરુણા અવાક બની ગઇ. ભિખારણ બાઇને તો લોટ ચોખા આપી વિદાય કરી. પણ પ્રકાશનું વર્તન ગૂમડાની જેમ એના હૈયામાં સતત દાઝાડવા લાગ્યું. આવી ધૃષ્ટતા, આવો અવિવેક એનામાં આવ્યો શી રીતે! એ વિચારમાં આખી રાત એને ઊંઘ આવી નહીં.

રાત્રે ઊઘમાંથી જાગી ગયેલા પ્રકાશે ઊઠીને જોયું તો ફાનસ સળગતી હતી; અને કરુણા બેઠી બેઠી રડી રહી હતી. તેણે પૂછ્યું – ‘‘મા, તું હજુ ઊંઘી નથી?’’

‘‘ના, બેટા. ઊંઘ નથી આવતી. પણ તું શું કામ ઊઠ્યો? તરસ લાગી છે?’’

‘‘ના,મા. એમ જ આંખો ઊઘડી ગઇ. મા...મા...આજે મારાથી મોટો ગુનો થઇ ગયો!’’

કરુણા એના ચહેરાના ભાવ વાંચી રહી હતી.

‘‘મા, આજે મેં પેલી વૃદ્ધ ભિખારણની સાથી બહુ જ ખરાબ વહેવાર આચર્યો! મા, મા, આથી પછી ક્યારેય હું એવું અઘટિત વર્તન નહીં કરું.’’

પ્રકાશ આટલું બોલતાં રડવા લાગ્યો. કરુણાએ એને છાતી સરસો ચાંપી દીધો. એના કપાળમાં વહાલથી ચુંબન કરતાં એ બોલી – ‘‘બેટા, મને સારું લગાડવા તો નથી કહેતોને આવું? શું તારા મનમાં ખરેખર એ વાતનો પસ્તાવો થાય છે?’’

‘‘મા, ખરેખર મને દિલથી પસ્તાવો થાય છે. હવે એ ભિખારણને હું ચોક્કસ મદદ કરીશ.’’

કરુણા આનંદવિભોર બની ગઈ. એને લાગ્યું કે એનો પતિ પ્રકાશને જાણે આશીર્વાદ આપતાં કહેતો હતો કે, કરુણા! દુ:ખી શું કામ થાય છે? પ્રકાશ એના બાપનું નામ દીપાવશે.

પણ, પ્રકાશના બોલવા અને આચરવા વચ્ચે કોઈ સંબંધ હતો નહીં. દિવસે દિવસે એ વધુને વધુ ઉદ્ધત બનતો જતો હતો. એ હતો તો બુદ્ધિશાળી. યુનિવર્સિટી તરફથી એને શિષ્યવૃત્તિ પણ મળતી હતી. કરુણા પણ તેને મદદ કરતી હતી. આટલું હોવા છતાં એને પૈસાથી ભીડ રહેતી હતી. તે કરકસર અને સાદગી ઉપર વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાન આપી શકતો, પણ એની રહેણીકરણી ફેશનપરસ્ત લોકોથી જરા પણ ઉતરતી કક્ષાની ન હતી. એનાં મન અને બુદ્ધિ વચ્ચે સતત સંઘર્ષ થયા કરતો. બુદ્ધિ મનને દબાવતી હતી. બુદ્ધિ આગળ મનનું કશું ઉપજતું નહીં. લોકસેવા ને એ મિથ્યા અને ક્ષણભંગુર કીર્તિનું માધ્યમ સમજતો. એનું મન વિલાસમય જીવન તરફ ઢળેલું રહેતું હતું. એટલા સુધી કે ધીમે ધીમે એ ત્યાગ અને નિગ્રહ પ્રત્યે તિરસ્કાર કરતો થઈ ગયો. તે દરિદ્રતા અને દુર્દશાને ધિક્કારપાત્ર સમજવા લાગ્યો. એણે હૃદયમાંથી લાગણીને દેશવટો દઈ દીધો હતો. એને માત્ર બુદ્ધિમાં જ દૃઢ વિશ્વાસ હતો.એની એ બુદ્ધિમાં દર્દ અને દયા ક્યાંથી હોય! એમાં તો ઠોંસીઠોંસીને ભર્યા હતા વિવિધ મનસૂબા.

એવામાં સિંધમાં જળપ્રલય થયો. પૂરના પાણીમાં હજારો લોકો તબાહ થઈ ગયા. એની કોલેજમાંથી સેવાર્થે એક સેવા સમિતિ ત્યાં મોકલવાનું નક્કી થયું. પ્રકાશ વિચારતો હતો કે જવું કે ના જવું! એટલા દિવસો પરીક્ષાની તૈયારી કરવામાં લાગી જઈએ તો પ્રથમ શ્રેણીમાં પાસ થઈ જવાય! તેણે માંદગીનું બહાનું આગળ કર્યું. તે ત્યાં ન ગયો. આ વાતની કરુણાને ખબર પડી ત્યારે તેણે પત્ર દ્વારા દુ:ખ વ્યક્ત કર્યું. પ્રકાશે માના પત્રનો જવાબ શુદ્ધાં આપ્યો નહીં.

ઓરિસ્સામાં ભયંકર દુષ્કાળ ત્રાટકેલો. લોકો માખી ઓની જેમ મરતા હતા. પ્રકાશ મોકો મળતાં માને રાજી કરવા વિચારતો જ હતો. તે એ વિચાર સાથે કોલેજ ગયો. પણ અહીં આવતાં જ એના વિચારો પાછા બદલાઈ ગયા. કોંગ્રેસે દુષ્કાળગ્રસ્તોને મદદ કરવા ત્યાં એક મિશન મોકલવા





વિચાર્યું. આજ દિવસોમાં કોલેજના ઈતિહાસ વિષયના વિદ્યાર્થીઓને ઐતિહાસિક શોધ માટે લંકા મોકલવાનો નિર્ણય લેવાયો હતો. કરુણાએ એના પુત્ર પ્રકાશને ઓરિસ્સા જવા પત્રમાં આગ્રહ કર્યો હતો. પણ પ્રકાશે તો લંકા જવાનું પ્રત્યુત્તરમાં જણાવ્યું હતું. કરુણાએ એને કશું જ લખ્યું નહીં. એ કારમો આઘાત સહતી રડતી જ રહી.

સિલોનથી પાછા ફર્યા બાદ પ્રકાશ ઘેર આવ્યો. કરુણાને ઉદાસ જોઈ તેણે તક મળતાં જ માને મનાવી લેવાનો મનોમન વિચાર કર્યો. તે નિશ્ચય સાથે કોલેજ પાછો ફર્યો. પાછી પરીક્ષાની ચિંતા એના પર સવાર થઈ ગઈ. પરીક્ષાં પૂરી થયા પછી એ ઘેર જવાને બદલે એની કોલેજના એક અધ્યાપક સાથે કાશ્મીર મોજ કરવા ચાલ્યો ગયો. પરીક્ષાનું પરિણામ આવ્યું. તે પ્રથમ નંબરે પાસ થયો હતો. તેને ત્યારે ઘર અને મા યાદ આવ્યાં. પત્ર લખીને માને ઘેર જવા વિશે જાણ કરી. માને રીઝવવા માટે પત્રમાં લોકસેવા અંગે ય બે ચાર વાક્યો લખી નાખ્યાં. વળી તે માની આજ્ઞાનું ફરીવાર ક્યારેય ઉલ્લંઘન નહીં કરે એમ પણ તેણે જણાવ્યું હતું.

કરુણામાં પ્રકાશનો પત્ર વાંચતાં જ પુનઃ આશાનો સંચાર થયો.

કોલેજ ઉઘડતાં યુનિવર્સિટીના રજિસ્ટ્રારને મળી. એમાં પ્રકાશને, ઈગ્લેંડ અભ્યાસ કરવા જવા સરકારી શિષ્યવૃત્તિની મંજૂરીની જાણ કરવામાં આવી. પત્ર વાંચતાં જ પ્રકાશ આનંદથી ઝૂમી ઉઠ્યો. માની પાસે જઈ બોલ્યો – ''મા, મને વધુ અભ્યાસ માટે ઈગ્લેંડ જવા સરકારે આર્થિક મદદ કરી છે.''

''તારો શો વિચાર છે?'' માએ પૂછ્યું.

''આવી તક ગુમાવવી મૂર્ખતા ગણાય, મા.''

''પણ તું તો સ્વયંસેવક થવા તૈયાર હતો ને?''

''એટલે તારું એમ માનવું છે કે સ્વયંસેવક થઈને જ સેવા કરી શકાય? મા, ખરું પૂછો તો એક ન્યાયાધીની દેશનવી જે સેવા કરી શકે છે. એ સેવા સ્વયંસેવક કોઈ રીતે કરી શકતો નથી. હું તો સિવિલ સર્વિસ પરીક્ષામાં જ બેસીશ. અને મને વિશ્વાસ છે કે એમા હું સફળ થઈશ.''

"તો શું તું મેજિસ્ટ્રેટ થઈશ?"

"મા, સેવાભાવી એક મજિસ્ટ્રેટ કોંગ્રેસના એક હજાર પ્રમુખોથી વધારે ઉપકાર કરી શકે છે. છાપામાં ભલે એને માટે પ્રસંશાના શબ્દો ના છપાય, એના સંભાષણ ઉપર ભલે તાળીઓનો ગડગડાટ ના થાય, સરઘસમાં એને ભલે અગ્રેસર ના બનાવાય, પણ સાચી સેવા તો મજિસ્ટ્રેટ જ કરી શકે."

કરુણાએ દુ:ખી સ્વરે કહ્યું – "પણ બેટા! મેજિસ્ટ્રેટ તો સ્વયં સેવકને કડક સજા ફટકારે છે. એમને રહેંસી નાખે છે."

"પણ મા, પરોપકારી મેજિસ્ટ્રેટ તો બીજા ઉપર ગોળીઓ ચલાવીને પણ જે કામ ન થઈ શકે એ કામ ખૂબ જ વિનમ્રતાથી કરે છે."

"તારી વાતમાં મને શ્રદ્ધા નથી. પોતાના કર્મચારીઓને સરકાર એટલી આઝાદી આપતી નથી. સરકારની નીતિ વિરૂદ્ધ વર્તનારને નોકરીમાંથી રૂખસદ આપવામાં આવે છે. બેટા! તને ક્યાંથી ખબર હોય કે એ પણ એક હિન્દુસ્તાની મેજિસ્ટ્રેટ હતો જેણે તારા બાપુજીને ત્રણ વર્ષની કેદની સજા કરી હતી. એ સજાએ જ એમનો જીવ લીધો. બેટા! મારી આટલી વાત માની જા... સરકારી હોદ્દાઓનો મોહ છોડી દે. મેજિસ્ટ્રેટ થઈને તું લોકસેવા કરે એ મને મંજૂર નથી. એના કરતાં તો તો તું મોટો સરકારી અધિકારી થઈ જા. પણ એટલી વાત યાદ રાખજે કે દિવસે તું અધિકારી થઈશ તે દિવસે તારું મન પણ અધિકારી થઈ જશે. અધિકારીઓમાં તારી વાહ વાહ થાય એવું તું વિચારતો થઈ જઈશ. જ્યાં સુધી કોઈ છોકરી કુંવારી હોય છે ત્યાં સુધી તે પિતાના ઘરને પોતાનું માને છે, પણ પરણીને સાસરે ગયા પછી એ પિતાના ઘરને પારકું માનવા લાગે છે. આ જ દુનિયાની દસ્તૂર છે."

ગુસ્સે થઈને પ્રકાશે કહ્યું – "તો શું તારી એવી ઈચ્છા છે કે હું જીવનભર ઠોકરો ખાતો રઝળ્યા કરું?"

"ઠોકરો ખાઈને પણ જો આપણો આત્મા સ્વાધીન રહેતો હોય તો હું તને કહું છું કે ઠોકરો ખાવી વધું સારું છે."



"તો એવી ઈચ્છા છે તારી, ખરું ને?"

"હા, એ જ મારી ઈચ્છા છે."

પ્રકાશ કશું બોલી શક્યો નહીં. ઊઠીને બહાર ચાલ્યો ગયો. એણે તરત જ રજિસ્ટ્રારને ઈંગ્લેંડ જવા અસંમતિ દર્શાવતો પત્ર લખી નાખ્યો. પણ તે જ ક્ષણથી એની ચિંતા વધી ગઈ. તે એકલો શૂન્યમનસ્ક બેસી રહેતો. કોઈની સાથે એના તો બેસતો ઊઠતો કે ના કોઈ વાતચીત કરતો. આમને આમ એક મહિનો વીતી ગયો. એનો આખો દેખાવ બદલાઈ ચૂક્યો હતો. આંખો નિસ્તેજ થઈ ગઈ હતી. હોઠ પરથી હાસ્ય વિલીન થઈ ગયું હતું. તે જાણે અનાથ બની ગયો હતો. કરુણા એનો મનોભાવ સમજી ગઈ હતી. એ એના શોકને હળવો કરવા પ્રયત્ન કરતી હતી. પણ રૂઠી ગયેલો દેવ પ્રસન્ન થતા ન હતા.

છેવટે એક દિવસે એણે પ્રકાશને કહ્યું –"બેટા; જો તે વિલાયત જવાનો જ નિરધાર કર્યો હોય તો તું જા. હું તને રોકીશ નહીં. મેં તને ના કહી આઘાત પહોંચાડ્યો એનું મને ઊંડું દુ:ખ છે. મને આવી ખબર હોત તો તને હું ના પાડવાનું હીણ કૃત્ય ન કરત. મેં તો તને લોકસેવામાં પ્રવૃત્ત કરવના ઈરાદે જ મનાઈ ફરમાવી હતી. તને લોકસેવા કરતો જોઈ, દેશસેવા કરતો જોઈ તારા સદ્‌ગત પિતાનો આત્મા કેટલો ખુશ થાત!"

પ્રકાશે શુષ્ક ભાવે જવાબ વાળ્યો – "હવે શું જાઉ? મેં તો અસંમતિ દર્શાવતો પત્ર પણ લખી નાખ્યો. મારી જગાએ હવે તો કોઈ બીજા વિદ્યાર્થીની પસંદગી પણ થઈ ગઈ હશે. જ્યારે તું જ ઈચ્છે છે કે હું ગામેગામની ધૂળ ફાકતો રખડ્યા કરું; તો હવે મારે માટે એ જ શ્રેયસ્કર છે."

કરુણાનો ગર્વ ભાંગીને ભૂક્કો થઈ ગયો. તેણે કહ્યું – "કદાચ કોઈની પસંદગી ના પણ થઈ હોય! તું ફરીવાર લખી તો જો. હું તને જવા દેવા તૈયાર છું."

"હવે કશો ફેર પડવાનો નથી. લોકો નાહકના મશ્કરી કરશે. મેં નિશ્ચય કર્યો છે કે હું મારા જીવનને આપની ઈચ્છાને સાનુકૂળ બનાવીશ."

કરુણાએ પ્રતિભાવ આપ્યો – ''તેં જો શુદ્ધ મનથી આવી ભાવના રાખી હોત તો તો તારી મનઃસ્થિતિ આવી થઇ હોત નહીં. મારી સામે તેં સત્યાગ્રહ ના આદર્યો હોત. તારા જીવનપથ પર પડેલું રોડું સમજીને તેં મારી ઇચ્છા પૂર્ણ કરવા કોચવાતે મને આવો નિર્ણય કર્યો હોય તો તેથી શો ફાયદો? તું આજે જ રજિસ્ટ્રાર સાહેબને પત્ર લખી નાખ.''

''મારાથી હવે પત્ર નહીં લખી શકાય.''

''તો આમ ઉદ્વિગ્ન મને ક્યાં સુધી બેસી રહીશ?''

''લાચાર છું.''

કરુણા વધુ કહી શકી નહીં. થોડીવાર પછી પ્રકાશે જોયું કે એ ક્યાંક જઇ રહી હતી પણ પ્રકાશ કશું બોલ્યો નહીં. બહારની આવજા તો એને માટે સામાન્ય ઘટના હતી. પણ સાંજ થવા છતાંય એ પાછી ઘેર ના આવી તેથી પ્રકાશને ચિંતા થઈ, મા ક્યાં ગઇ હશે? એ વાત વિચારતો જ રહ્યો.

પ્રકાશ આખી રાત જાગતો જ બેસી રહ્યો. એના મનમાં જાતજાતની શંકાકુશંકાઓ થવા લાગી. જતી વેળાની માની ઉદાસીનતા અને વેદના એને સાંભરી આવ્યાં. એને એ પણ યાદ આવ્યું કે માએ સુઘડ પોશાક પહેરેલો હતો. હાથમાં છત્રી પણ હતી. તો શું એ ઘણે દૂર ગઇ હશે? કોને પૂછવું? અનિષ્ટની ચિંતાએ એ રડવા લાગ્યો.

શ્રાવણ મહિનાની અંધારી રાત હતી. આકાશમાં કાળાંડિબાંગ વાદળો છવાયેલાં હતાં. પ્રકાશ વારેવારે આકાશ ભણી નજર કરતો હતો. એણે નક્કી કર્યું કે સવાર થતાં જ માની ભાળ કાઢવા કાઢવા નીકળી પડવું. અને જો...

એટલામાં બારણે ટકોરા પડ્યા. બારણું ઉઘાડતાં જ પ્રકાશે જોયું તો સામે કરુણા ઊભી હતી. એના મુખ પર એટલી બધી વ્યગ્રતા જણાતી હતી કે જાણે એ આજે જ એનું સૌભાગ્ય ના ગુમાવી બેઠી હોય!

અધીરાઈથી પ્રકાશે પ્રશ્ન કર્યો – ''ક્યાં ચાલી ગઈ હતી, મા? બહુ મોડું કર્યું!''



''એક કામે ગઇ હતી તેથી મોડું થઇ ગયું.'' આટલું કહેતા એણે પ્રકાશ ભણી એક કવર નાખ્યું. આતુર હૈયે પ્રકાશે કવર હાથમાં લઇ જોયું તો એના ઉપર એની કોલેજનો સિક્કો દેખાયો. કવર તોડીને એણે વાંચવા માંડ્યું. એના ચહેરા પર આનંદની આછી લહેર ઉપસી આવી. પૂછ્યું – ''તને આ ક્યાંથી મળી આવ્યું, મા?''

''તારા રજિસ્ટ્રાર પાસેથી લાવી છું.''

''એટલે શું તું તેમને મળવા ગઇ હતી?''

''બીજું શું થાય?''

પ્રકાશ સ્તબ્ધ બની ગયો. પછી કુંઠિત સ્વરે એણે કહ્યું – ''જ્યારે તારી મરજી જ નથી તો પછી મને મોકલવાનો શો અર્થ?''

વિરક્ત ભાવે કરુણાએ કહ્યું – ''તારે જવું છે એટલે જ મેં તને વિલાયત જવા દેવાનો નિર્ણય કર્યો છે.'' બોલતાં બોલતાં એ થોડીવાર અટકી પછી ઉમેર્યું – ''તારી આ હાલત મારાથી જોઇ જતી નથી. મેં મારી જિંદગીનાં વીસ વર્ષો તારા ભલા માટે સમર્પી દીધાં છે. એટલે હવે તારી મહત્ત્વકાંક્ષાનું ગળું નહીં ઘૂંટી શકાય મારાથી. મારા એ જ આશીર્વાદ છે કે તારી યાત્રા સુખરૂપ અને સફળ બની રહે.''

એ જ દિવસથી પ્રકાશે પરદેશ જવાની તૈયારીઓ કરવા માંડી. કરુણાની પાસે જે કંઇ હતું તે બધું જ પરદેશની તૈયારીઓમાં ખર્ચાઇ ગયું. કેટલુંક દેવું પણ થઇ ગયું. નવા સૂટ તૈયાર થઇ ગયા. સૂટકેસ ખરીદવામાં આવી. પ્રકાશ આનંદમાં ઝૂમતો હતો.

એક અઠવાડિયામાં કરુણા કેટલી બધી દુર્બળ થઇ ગઇ! એનો ચહેરો કરમાઇ ગયો હતો.

પ્રકાશને ઇંગ્લેંડ જવાનો દિવસ આવી ગયો. ઘણા દિવસો પછી આજે તડકો નીકળ્યો હતો. કરુણા એના સદ્‌ગત પતિનાં કપડાં બહાર કાઢી રહી હતી. એનાં કુરતો, પાયજામો, ચાદર, શાલ વગેરે પેટીમાં સંઘરી

રાખેલાં હતા. દરેક વર્ષે તે બધાં કપડાં તડકામાં સૂકવતી હતી. કરુણાએ આજે બધાં કપડાં આજે સૂકવ્યાં નહીં પણ ગરીબોને વહેંચી દેવા કાઢ્યાં હતા. આજે એ એના પતિ ઉપર નારાજ હતી. પેલાં લોટી, દોરી અને ઘડિયાળ કે જે આદિત્યનાં જીવનસાથી હતાં, જેમની કરુણાએ વીસ વીસ વર્ષોથી ઉપાસના કરી હતી. તે બધું જ બહાર કાઢીને ઘરના આંગણામાં એણે ફેંકી દીધું. એનો થેલો બહાર કચરામાં નાખી દેવામાં આવ્યો. પતિનું કોઇ સ્મૃતિચિહ્ન સાચવી રાખવા એ ઇચ્છતી ન હતી. શોક અને નિરાશાથી એનું હૈયું વલોવાઇ ગયું હતું. પતિ સિવાય હવે એ બીજી કોની ઉપર ગુસ્સો ઠાલવે?

પ્રકાશના મિત્રોએ આજે એના માનમાં ભોજન સમારંભ ગોઠવ્યો હતો. સમારંભમાંથી એ મિત્રો સાથે સંધ્યાકાળે ઘેર પાછો ફર્યો હતો. સફરનો સામાન મોટરમાં ગોઠવી દેવામાં આવ્યો હતો. એણે ઘરમાં આવી માને કહ્યું – ''મા, હું જાઉં છું. મુંબઇ પહોંચીને પત્ર લખીશ. તને મારા સોગંદ છે જો તું આંસુંનું એક પણ ટીપું પાડે તો! અને જો, મારા તમામ પત્રોના જવાબ આપજે પાછી.''

જેમ કોઇ મૃતદેહને સ્મશાને લઇ જવા ઘરની બહાર કાઢવામાં આવતાં કુટુંબીજનોનું ધૈર્ય તૂટી જાય અને આંસુઓનાં ઝાપટાં વરસી પડે તેમ કરુણાની બાબતમાં પણ થયું. એના હૈયામાં જાણે મોટો ચીરો પડ્યો. એ આખે આખી ધ્રુજી ગઇ. જાણે એ કોઇ પૂરના પ્રવાહમાં તણાઇ રહી હોય એવો અનુભવ એ અનુભવી રહી. એના મોંઢામાંથી વેદના કે આશીર્વાદનો એક શબ્દ પણ નીકળ્યો નહીં. પ્રકાશે માનાં ચરણ ચૂમ્યાં. આંસુઓથી માનાં ચરણો ધોઇ એ બહાર નીકળી ગયો. પત્થરની પ્રતિમાની જેમ કરુણા ઊભી રહી.

એકાએક એના કાને શબ્દો પડ્યા – ''વહુ, ભાઇ ગયા. બહુ રડતા હતા એ.''

કરુણાની સમાધિ તૂટી. સામે કોઇ નજરે પડ્યું નહીં. કોઇનું મૃત્યું થયું હોય એવો શોક ઘરમાં છવાઇ ગયો.''





કરુણાએ નજર ઊંચી કરી. તેણે જોયું કે આદિત્ય એના ખોળામાં પ્રકાશનું મૃત શરીર લઇને ઊભો હતો. કરુણા ધડામ કરતીકને જમીન ઉપર પછડાઇ પડી.

દુનિયા સાથેના તમામ સંબંધોથી પર રહીને કરુણા જીવતી હતી. એની કલ્પનાઓની દુનિયા અનંતમાં વિલીન થઇ ગઇ હતી. પ્રકાશ રૂપી આશાઓનો દિપક બૂઝાઇ ગયો. એની સમસ્ત સંપત્તિ જાણે લૂંટાઇ ગઇ. હવે એને કોઇનો સહારો ન હતો અને એ સહારાની એને કોઇ જરૂર પણ ન હતી. ગાયો પર પણ હવે એનું ધ્યાન ન હતું. વાછરડાંને ગળે લગાડીને બચકારનારું હવે કોઇ ન હતું. હવે ગાયો કોને માટે દોહવી હતી? કોણ ખાવા પીવાવાળું હતું!

એક અઠવાડિયા બાદ કરુણાના જીવને રંગ બદલ્યો. એની નાનકડી દુનિયા ક્રમશઃ વિશ્વવ્યાપી બની ગઇ. જં લંગર સાથે એની જીવનનૌકા લાંગરવામાં આવી હતી તે તો ક્યારનુંય ઉખડી ગયું હતું.

કરુણા હવે ફળિયાના બાળકોને એકઠાં કરીને તેમને દૂધ પીવડાવતી. તેમને માખણ પણ ખવડાવતી. એ જ એનો નિત્ય નિયમ થઇ ગયો હતો. ચકલાં, કૂતરાં, બિલાડાં, કીડી મંકોડા વગેરે બધાં પોતાનાં બની ગયાં હતાં. એના ઉદયના પ્રેમ દરવાજા હવે કોઇને માટે બંધ ન હતાં.

એક દિવસે પ્રકાશનો પત્ર આવ્યો. કરુણાએ એને જોતા જ ફેંકી દીધો. થોડીવાર પછી એને લઇને ફાડી નાખ્યો. પણ તેમ કર્યા બાદ પ્રકાશનો પત્ર વાંચવા એનું મન વ્યાકુળ થઇ ઊઠ્યું. તેણે વિચાર્યું – ''પ્રકાશને અને મારે શું? એની સાથે મારે શો સંબંધ?'' તેનું હૈયું પોકારી પોકારીને કહેતુ હતું, પ્રકાશ તો તારું સર્વસ્વ છે. જેનાથી તું હંમેશ માટે જુદી પડી ગઇ છે એવા તારા અમરપ્રેમની એ નિશાની છે. એ તારા પ્રાણોના પ્રાણ છે. તારા જીવનનો

પ્રકાશ. તારી આશાઓનું માધુર્ય. તારાં આંસુના સરોવરમાં વિહાર કરનારો હંસ. કરુણા ફાડી નાખેલ કાગળના ટૂકડાઓ એકઠા કરવા લાગી. બધા ટૂકડા એકઠા થઈ ગયા પછી એ દિવાની પાસે જઈ એને જોડવા લાગી. હા, એ મમતા! એ અભાગણી સ્ત્રી આખી રાત ફાટેલા કાગળના ટુકડાઓને જોડવા મથી રહી. કાગળ બંન્ને બાજુ લખાયેલો હતો. ટુકડા જોડવાનું કામ અઘરું થઈ ગયું હતું. વચ્ચે વચ્ચેથી શબ્દો કેટલાંક વાક્યો અદૃશ્ય થઈ જતાં હતાં. આખી રાત વીતી જવા છતાં એ કાગળના ટુકડાઓને મેળવી શકી નહીં.

દિવસ ચઢી ગયો હતો. આંગણામાં દૂધ માખણની આશાએ છોકરાંની ભીડ જામી હતી. કૂતરાં, બિલાડાં, ચકલાં વગેરે પણ ઘરની આગળ આંટા મારવા લાગી ગયાં હતાં. પણ કરુણાને તેમની સામે જોવાની નવરાશ ન હતી.

બપોર થયા. કરુણાએ ઉપર જોયું. એને ના તો ભૂખ લાગી હતી, ના તરસ. પત્રની મેળવણી હજુ પણ અધૂરી હતી. છતાં પત્રનો સારાંશ સમજાતો ન હતો. પ્રકાશનું વહાણ એક જગાથી બીજી જગાએ જતું હતું. એના હૈયામાં કશુંક તોફાન જગ્યું હતું. શાનું તોફાન? કરુણા વિચારી શકી નહીં. પ્રેમની તરસને ઝાકળનાં બિંદુઓ શી રીતે છીપાવી શકે? કરુણા પુત્રના એક એક અક્ષરને હૃદયમાં કોતરી લેવા મથતી હતી.

આજ રીતે ત્રણ દિવસો વીતી ગયા. એ દિવસની સાંજ ઢળી હતી. રોજના ઉજાગરાથી કરુણાની આંખો જરા મળી ગઈ. તેણે જોયું તો એ મોટો વિશાળ ઓરડો હતો., એમાં ટેબલ ખુરશીઓ ગોઠવવામાં આવ્યાં હતા. વચ્ચે એક ઊંચા મંચ ઉપર એક માણસ બેઠો હતો. કરુણાએ ધ્યાનથી જોયું તો એ પ્રકાશ હતો.

ક્ષણવારમાં જ એની નજર સામે એક કેદી આવીને ઊભો રહ્યો. એના હાથપગ જંજિરોમાં જકડાયેલાં હતા. તે હતો આદિત્ય.





કરુણાની આંખો ઊઘડી ગઈ. તે રડવા લાગી. એણે કાગળના ટુકડાઓને લોચો વાળી દીધો અને તેમને બાળીને રાખ કરી દીધા. રાખની એક ચપટી સિવાય કશુંય ત્યાં બચ્યું ન હતું. એના હૃદયને વિદીર્ણ કરી નાખનારી એ જ એની મમતાની ચિતા હતી. એ એક ચપટી રાખમાં જ એનું બચપણ, એનું સંતપ્ત યૌવન અને એનું તૃષ્ણામય વૈધવ્ય સમાઈ ગયું હતું.

વહેલી સવારે ગામલોકોએ જોયું કે પંખી પાંજરામાંથી ઉડી ગયું હતું. આદિત્યનું કલ્પનાચિત્ર હજુ પણ એના શૂન્ય હૃદયને વળગી રહ્યું હતું. એ ભગ્નહૃદય પતિ સ્નેહસ્મૃતિમાં ચિરવિશ્રામ કરી રહ્યું હતું. જ્યારે પ્રકાશનું જહાજ યુરોપ તરફ આગળ વધી રહ્યું હતું.

# કણસતા વૈધવ્યની કુરબાની...

પંડિત અયોધ્યાનાથનું મૃત્યું થયું ત્યારે સૌએ કહ્યું કે ભગવાન મોત આપે તો આવું આપે! એમને ચાર યુવાન દિકરા હતા અને એક દિકરી. છોકરા ચારેય પરણાવેલા. એક દિકરી જ કુંવારી હતી. ઈશ્વરકૃપાએ ધનદોલતની કોઈ કમી ન હતી. એક પાંકું મકાન, બે વાડીઓ, હજારોના દરદાગીના અને વીસેક હજાર રૂપિયા રોકડા. એમના મૃત્યુ પછી વિધવા ફુલમતી દિવસો સુધી બેહાલ પડી રહેલી તેમ છતાં જુવાન દિકરાઓને જોઇને એને કળ વળી હતી. છોકરાઓય સંસ્કારી. તેમની પત્નીઓ પણ ભારે આજ્ઞાંકિત. ફુલમતીની સેવાચાકરીમાં કોઇ પાછું વાળીને જોતી ન હતી. સૌ કોઈ એનો પડ્યો બોલ ઝીલતાં, એના ઈશારે ઘરનો બધો કારભાર ચાલતો. મોટો દિકરો કામતા એક ઓફિસમાં પચાસ રૂપિયાની નોકરી કરતો હતો. નાનો ઉમાનાથ ડૉક્ટર થયો હતો. ત્રીજો દિકરો દયાનાથ બી.એ.ની પરીક્ષામાં નાપાસ થયો હતો. છતાં તે પત્ર પત્રિકાઓમાં લેખ લખીને કઇંક ને કઇંક તો રળી લેતો. સીતાનાથ બધામાં કુશાગ્ર બુદ્ધિવાળો અને ચાલાક હતો. બી.એ. પ્રથમ વર્ગમાં પાસ કર્યા બાદ એમ.એ.ની તડામાર તૈયારીઓ કરી રહ્યો હતો. મા બાપનાં કાળજાં કોરાય કે કુળને કલંક લાગે એવું કોઇ વ્યસન, કોઇ કુટેવ, ઊછાંછળાપણું, કે કુસંસ્કાર કોઇનામાં ન હતા. ફુલમતી ઘરની માલિકણ બની. ઘરની બધી ચાવીઓ મોટી વહુના હાથમાં હોવા છતાં એની ઇચ્છા વિરુદ્ધ કોઇ બાળક મિઠાઇ શુદ્ધાં મંગાવી શકતું નહીં.

સંધ્યા થઇ ચૂકી હતી. પંડિતને દેવ થયે આજે બારમો દિવસ હતો. કાલે તેરમું હતું. કુટુંબના લોકો આવશે. બ્રહ્મ ભોજન થશે. એ માટે તૈયારીઓ થઇ રહી હતી. રસોઇની સામગ્રી ઘઉંનો લોટ, ઘી, તેલ, ખાંડ, શાકભાજી,





દહીં વગેરે સામગ્રી ઘરમાં આવતી જતી હતી. દાન માટે વાસણો, કપડાં પલંગ, ગાદલું, છત્રી, પગરખાં અને ફાનસ વગેરે પણ લાવવામાં આવ્યાં હતાં. નિયમાનુસાર એ બધો સામાન તો ફુલમતી પાસે લાવવો જોઇતો હતો. એ પ્રત્યેક વસ્તુને જોઇ જોઇ લે, એની વત્તી ઓછી માત્રા વિશે વિચારી લે, તે પછી જ બધી ચીજો ભંડારઘરમાં ખડકવામાં આવતી. પણ આજે આ બધી વસ્તુઓ એને બતાવવાનું કે એના અભિપ્રાય જાણવાનું શા માટે ટાળવામાં આવ્યું હશે? ઠીક! પણ પાંચ ગુણને બદલે ત્રણ ગુણ લોટ લાવવામાં આવ્યો હતો. ઘી પણ દસની જગાએ પાંચ ડબ્બા જ લાવવામાં આવ્યું હતું. શાકભાજી, દહીં, મરી મસાલા અને અન્ય ચીજોમાં પણ મોટો કાપ મૂકવામાં આવ્યો હતો. ફુલમતીના અધિકારમાં કોનો હસ્તક્ષેપ થયો હશે?

ચાલીસ વર્ષોથી ફુલમતીની વાત ઘરમાં સર્વમાન્ય ગણાતી આવી છે. એના કહેવા પ્રમાણે જ ઘરમાં ખર્ચ થતો. એક પાઇનો પણ વધારો ઘટાડો કરવાની કોઇ હિંમત કરી શકતું ન હતું. પંડિત અયોધ્યાનાથ પણ એમની ઇચ્છા વિરુદ્ધ કોઇ પગલું ભરી શકતા નહીં. તેથી આજે થઇ રહેલી ઉપેક્ષા એ સહન કરી શકી નહીં.

થોડો સમયતો એ સમસમીને બેસી રહી. પણ પછી તે મૌન રહી શકી નહીં. સ્વતંત્ર કારભાર એના સ્વભાવમાં ઓતપ્રોત થઇ ગયો હતો. એ ગુસ્સાવેશમાં ઓરડામાંથી બહાર આવી, એ કામતાનાથને કહેવા લાગી – ‘‘લોટ ત્રણ બોરા જ કેમ આવ્યો? મેં તો પાંચ બોરા કહ્યા હતા! ઘી ના પણ દસ ડબ્બા કહેલા એ યાદ છે ને? અહીં તો પાંચ જ ડબ્બા દેખાય છે. તમે કરકસર કરી તેની સામે મને કોઇ વાંધો નથી, પણ જેણે આ શીળી પરબ ઊભી કરી છે એનો જ આત્મા પાણી વગર તરફડે એ શરમન વાત છે.’’

ફુલમતીની વાતથી કામનાનાથે ના તો સંકોચ અનુભવ્યો કે ના તો માફી માગી. ધૂંઆપુંઆ થઇ એ ક્ષણવાર ઊભો રહી પછી બોલ્યો – ‘‘અમને ત્રણ થેલા લોટની જ સૂચના મળી હતી. ત્રણ થેલા લોટની સાથે ઘી પાંચ ડબ્બા જ જોઇએ ને? બીજી બધી વસ્તુઓ પણ એ હિસાબે જ ખરીદવામાં આવી છે.’’

‘‘કોણે એવી સૂચના આપી હતી?’’ આગઝરતાં નેત્રો ખેંચી ફુલમતીએ પૂછ્યું.

‘‘અમે આપી હતી એવી સૂચના.’’

‘‘તો શું મારી વાતને આ ઘરમાં કોઇ સ્થાન નથી?’’

‘‘છે. પણ અમારા લાભ ગેરલલાભ વિશે હવે તો અમારે પણ વિચારવું જોઇએ ને?’’

ફુલમતી કામનાનાથ ભણી તાકી રહી. એને કશું જ સમજાતું ન હતું જાણે! એના ઘરમાં હાનિ લાભની ચિંતા કરવાવાળી એ પોતે હતી. એના પુત્રોનો પણ એમાં હસ્તક્ષેપ કરવાનો શો અધિકાર! એ બે બદામનો પાજી કેવો જવાબ આપે છે! જાણે એણે જ આ આખું કુટુંબ ના ઊભું રાખ્યું હોય! હું તો જાણે પારકી છું. એની હેશિયત તો જુઓ જરા! એ મનોમન વિચારતી હતી.

તેણે સણસણતો ઉત્તર વાળ્યો – ‘‘મારા લાભ ગેરલાભ માટે તમારે કશી ફિકર કરવાની નથી. મને યોગ્ય લાગે એમ કરવાનો મારો અધિકાર છે. જાઓ, હમણાં ને હમણાં જ જઇને બે થેલા લોટ અને બીજા પાંચ ડબ્બા ઘી લઇ આવો. અને ખબરદાર! આજ પછી મારી કોઇ વાતનું ઉલ્લંઘન કર્યું છે તો ખેર નથી.’’

એની દૃષ્ટિએ તો એ બહુ મોટી સજા હતી. આટલી બધી સખ્તાઇ કદાચ જરૂરી ન હતી. એને એના ગુસ્સા બદલ દુઃખ થયું. બિચારા છોકરા છે. વિચાર્યું હશે કે થોડાક કરકસર કરવી જોઇએ! હું તો દરેક કામમાં કરકસર કરું છું. એમ માની કદાચ મને નહીં પૂછ્યું હોય! આમ છતાં કામતા પ્રસાદ સ્થિરચિત્ત ઊભો હતો. એના પર માતાના હુકમની કોઇ અસર થઇ જણાતી ન હતી. ફુલમતી નિશ્ચિંત થઇ પાછી ઓરડામાં ચાલી ગઇ.

સમય વીતતો ગયો તેમ તેમ એને સ્પષ્ટ રીતે સમજાઇ ગયું કે બારતેર દિવસ અગાઉ આ ઘરમાં એનું જે સ્થાન હતું તે હવે રહ્યું ન હતું.



સંબંધીઓને ઘેરથી સાકર, મિઠાઇ, દહીં, અથાણું વગેરે આવી રહ્યું હતું. કોઇ એને પૂછતું ન હતું. બધાંય કામનાનાથને પૂછતાં હતા. અથવા તો એની પત્નિને. એનાથી સહન થતું નહીં. એ બબડવા લાગી –

‘‘કામનાનાથ! ના જોયો હોય તો મોટો વહીવટ કરનારો! કશી ત્રેવડ તો છે નહીં, રાત દિવસ ભાંગ પીને પડ્યું રહેવું છે. જેમ તેમ ઓફિસે જાય છે. એમાંય મહિનામાસમાં પંદર દહાડા માંડ! એ તો સારું છે કે એના સાહેબ પંડિતજીની માનમર્યાદા જાળવે છે તે પાણીચું નથી પકડાવતા. અને મોટી વહુ જેવી ગમાર બૈરી આ બધી બાબતને શી રીતે સમજી શકે! એનાં લૂગડાં લત્તાનું તો ઠેકાણું રહેતું નથી. ને નીકળી પડી છે મોટી કારભારું કરવા! બધાં ભેગાં થઇને ઘરની આબરૂનાં ચીંથરાં ઉડાડશે ચીંથરાં. રસોઇની કોઇ વસ્તુ ખૂટી જશે ત્યારે શું કરવું એની કશી ગતાગમ નઇં પડે એને! આ બધાંને થઇ શું ગયું છે એ જ સમજાતું નથી. ભલે! પણ આ વહુ મારી આજ્ઞા વગર તિજોરી શું કામ ઉઘાડતી હશે? મારા કહ્યા વગર એ તિજોરી કોઇ દિવસ ખોલી શકતી ન હતી. અને આજે તો જાણે હું વંડી ઉપરનું ઘાસ હોઉં એમ મને તો એ ગણતી જ નથી. મારાથી એ હવે જોયું જતું નથી.’’

વહુની પાસે જઇને કઠોરતાથી એણે કહ્યું – ‘‘મારા કહ્યા વગર તિજોરી શા માટે ઉઘાડી રહી છે, વહું?’’

કોઇપણ જાતની શેહશરમ વગર વહુએ જવાબ આપ્યો – ‘‘બજારમાંથી સામગ્રી આવી છે તે એનાં નાણાં તો ચૂકવવાં જ પડશે ને?’’

‘‘પણ મને ક્યાં ખબર છે કે કઇ વસ્તુ ક્યાંથી આવી છે? કેટલી આવી છે? અને કયા ભાવે આવી છે? વગર હિસાબે રૂપિયા શી રીતે આપું હું?’’

‘‘હિસાબ કિતાબ થઇ ગયો છે.’’

‘‘કોણે કર્યો?’’

‘‘મને શી ખબર. જઇને પૂછો ને તમારા દિકરાઓને મને તો કહેવામાં આવ્યું છે એટલે કાઢું છું રૂપિયા.’’

લોહીનો ઘૂંટડો ગળે ઉતારીને ફુલમતી બેસી રહી. અવસર બગાડવાનો આ સમય ન હતો. ઘર મહેમાનોથી ઊભરાઈ ગયું હતું. છોકરાઓને જો આ વેળા ઠપકો આપવામાં આવે તો લોકો કહે કે પંડિતજીના ગુજરી ગયા પછી ઘરમાં કુસંપ પેસી ગયો છે. કાળજા ઉપર પથરો મૂકીને એ એના ઓરડામાં ચાલી ગઈ. મહેમાનો વિદાય થઈ ગયા પછી એણે એક એકની ખબર લેવાનું નક્કી કર્યું.

બેઠી બેઠી એ ગીધ જેવી તીક્ષ્ણ નજરે બધું જોતી રહી. જમણવારની શરૂઆત થઈ. બધાં પંગતમાં ગોઠવાયાં. બસો માણસ મહાપરાણે બેસી શકે એટલી ઘરની આગળ ખુલ્લી જગા હતી. આટલી જગામાં પાંચસો માણસોની વ્યવસ્થા શી રીતે થાય! બે પંગતમાં બેસાડવાની વ્યવસ્થા કરી હોત તો શું ખાટું મોળું થઈ જવાનું હતું. જરા મોડું થાત. પણ અહીં તો બધાંને ઉતાવળ હતી. લોકો એવા સંકોચાઈને બેઠા હતા કે હાલવાની પણ જગા ન હતી. એક ઉપર એક પતરાળાં પડ્યાં હતા. પૂરીઓ ટાઢી થઈ ગઈ હતી. લોકો તો ગરમ ગરમ માગતા હતા. કોણ જાણે રસોઈયાને શાથી કઢાઈ ઉપરથી ઊભો કરી દીધો હશે? આ શું ઓછી લાંછન લગાડનારી બાબત છે?

ઓચિંતો શોરબકોર થઈ ગયો. શાકભાજીમાં મીઠું જ ન હતું. ગુસ્સાથી ફુલમતી હોઠ કરડવા લાગી. પણ બોલવાનો આ અવસર ન હતો. પતરાળામાં મીઠું જુદું પીરસવામાં આવ્યું. પાછો ફરી હો હા થઈ ગઈ. પાણી ગરમ હતું. લોકો ઠંડુ પાણી માગતા હતા. પણ ટાઢા પાણીની કશી વ્યવસ્થા કરવામાં આવી ન હતી. બરફ પણ મંગાવવામાં આવ્યો ન હતો. એક માણસને બરફ માટે બજારમાં દોડાવવામાં આવ્યો, પણ આટલી રાત ગયે બરફ મળે ક્યાંથી? માણસ ખાલી હાથે પાછો ફર્યો. મહેમાનોને નળનું ગરમ પાણી પીવું પડ્યું. ફુલમતીનો ગુસ્સો બેકાબૂ બની ગયો હતો. આવી અવ્યવસ્થા ઘરમાં એણે ક્યારેય જોઈ ન હતી. બરફ જેવી મામૂલી વસ્તુ મંગાવવાનુંય કોઈને ભાન ન હતું. વાતોનાં વડાં કરવામાંથી નવરાશ મળે તો ભાન રહે ને!



અરે! અરે! આ તો લોકો પંગતમાંથી ઊઠીને ચાલવા લાગ્યા! શી વાત છે?

ફુલમતીએ ઓરડામાંથી બહાર આવીને કામનાનાથને પૂછ્યું – ‘‘શું થયું લલ્લા? લોકો કેમ ઊઠી ગયા?’’

કામતા કોઈ જવાબ આપી શક્યો નહીં. એને ત્યાં જ ભોયણ મળી ગઈ. એ જ પ્રશ્ન ફુલમતીએ તેને પૂછ્યો એને જાણવા મળ્યું કે કોઈકના દાળના પડિયામાંથી મરેલો ઉંદર મળી આવ્યો હતો. ફુલમતી ચિત્રવત્ બની ગઈ. એને મનોમન એવી તો અકળામણ થઈ આવી કે માથું કૂટવાનું મન થઈ આવ્યું. મૂર્ખામીની કોઈ હદ હોય છે! કેટલા લોકોનો ધર્મ અભડાવી માર્યો! પછી પંગત ઊભી ના થાય તો શું કરે બીજું?

મહેમાનો ઊભા થઈ ગયા. રાંધેલું ધાન એમને એમ પડી રહ્યું. ચારેય દીકરાઓ આંગણામાં શરમના માર્યા માથાં ઢાળી ઊભા હતા. બધા એકબીજાનો વાંક કાઢતા હતા. મોટી વહુ દેરાણીઓને ધમકાવતી હતી. દેરાણીઓએ બધા દોષનો ટોપલો કુમુદને માથે ઓઢાઢ્યો. કુમુદ ઊભી ઊભી હિબકાં ભરી રહી હતી. આ સમયે ફુલમતીએ ગુસ્સે થઈ કહ્યુ – ‘‘ડૂબી મરો બધા. હવે શું બાકી છે? શહેર આખામાં મોંઢું બતાવવા જેવું ના રાખ્યું તમે તો.’’

છોકરાઓ નિરુત્તર ઊભા રહ્યા.

ફુલમતીએ વધારે જોરથી કહેવા માંડ્યું – ‘‘તમારે બેશરમ માણસોને તો શું નાહવા નીચોવાનું! એમનો આત્મા તો કકળી ઊઠ્યો હશે તમારો તમાશો જોઈને. આખા શહેરમાં તમારા નામ પર થૂંકશે બધા. તમારે બારણે કોઈ મૂતરવાય નહીં આવે.’’

કામતાપ્રસાદ થોડીવાર સુધી તો સાંભળતો રહ્યો આ બધું ચૂપચાપ. છેવટે મૌન તોડતાં એણે કહ્યું – ‘‘બસ, બસ, મા. બહુ થયું હવે. અમારી ભૂલ થઈ ગઈ. પણ હવે એ ભૂલ માટે તારે અમને બધાંને હલાલ કરી દેવાં છે? ભૂલ તો બધાની થાય છે. મા, પણ તેથી કંઈ ભૂલ કરનારનું લોહી ના પીવાય, સમજી?’’

મોટી વહુએ સ્પષ્ટતા કરતાં કહ્યું – ''એમને શી ખબર કે કુમુદ આટલું નાનું કામ પણ નહીં કરી શકે! એણે બધી તપાસ રાખવી જોઈતી હતી. પણ તેણે ધ્યાન ના આપ્યું એમાં અમારો શો વાંક?''

કામતાનાથે પત્નીને ધમકાવી. ''એમાં કુમુદનો શો વાંક? એમાં વળી વાંક કોનો? આ તો સંજોગોનું પરિણામ છે. ભાગ્યમાં બદનામી લખી હશે તે આમ થયું. કોઈકવાર આવું બની જાય છે. કંઈ રોજ રોજ રસોઈમાં ઉંદર ના આવે. આમાં બળી શાની બદનામી! લાગલી જ તું તો કુમુદ ઉપર છેડાઈ પડી.''

દાંત કચકચાવી ફુલમતી બોલી – ''શરમ નથી આવતી ઉદ્ધાત વાતો કરતાં?''

કામતાનાથે બેધડક જવાબ વાળ્યો – ''એમાં શાની ઉદ્ધતાઈ? શાની શરમ? કંઈ ચોરીબોરી તો નથી કરીને? જો પહેલેથી જ ઉંદર પર નજર ગઈ હોત તો કોઈ જાણે નહીં એમ કાઢીને ફેંકી દેત? ને મઝાથી બધા રસોઈનો સ્વાદ માણત, પણ એ જ ભૂલ કે ઉંદર જોવામાં આવ્યો નહીં.''

''એટલે તારે લોકોના ધર્મનું સત્યાનાશ વાળવું હતું?''

હસીને કામતાપ્રસાદે જણાવ્યું – ''મા, રે'વાદે એ બધી જૂના જમાનાની વાતો. આવી બાબતોને અને ધર્મને શી લેવાદેવા? પતરાળાં ઉપરથી ઊભા થઈ જનારા એ બધા ધર્માત્માઓમાથી તું મને એક તો એવો બતાવ કે ઘેટાં બકરાંનું માંસ ના ખાતો હોય! અરે, કાચબા કરચલાય બાકી નથી રાખ્યા એમણે તો!''

ફુલમતી પ્રલય નજીક આવતો જણાયો. ભણેલા ગણેલા માણસો આવી અધર્મની વાતો કરે ત્યારે સમજવું કે ધર્મનું રસાતાળ જવા બેઠું છે! એ ત્યાંથી ઊઠીને ચાલી ગઈ.

બે મહિના પસાર થઈ ગયા. એક રાત્રે ચારેય ભાઈઓ વાતો કરતા બેઠા હતા. બહેન કુમુદના વિવાહ અંગે ચર્ચા થતી હતી. તકિયાને અઢેલીને બેસતાં કામતાનાથે કહ્યું – ''દાદાની વાત ગઈ દાદા જોડે. મુરારી ગમે એવો





પંડિત હો. કે કુળવાન હોય પણ તેથી શું? એ તો એની વિદ્વતા અને ખાનદાની વેચવા તૈયાર થયો છે. વિદ્વતા અને દીકરાને તે કન્યા દેવાતી હશે? વાત પડતી મેલો. અને કોઈ બીજા છોકરા વિશે વિચારો. આપણી પાસે વીસ હજાર છે. દરેકને ભાગે પાંચ પાંચ હાજાર આવે. પાંચ હજાર પૈઠણમાં આપીએ, પાંચ હજાર વહેંચણીમાં ખર્ચીએ, બીજું ખર્ચ વાજાંબાજામાં થાય તો તો આપણે પાયમાલ થઈ જઈએ.''

ઉમાનાથે વાતવાતમાં કહ્યું – ''હું મારું દવાખાનું ખોલવા માંગુ છું. એટલે મારા ભાગના પાંચ હજારમાંથી તો હું એક પાઈ પણ આપી શકું તેમ નથી. એમાં વળી કંઈ દવાખાનું શરૂ થતાં જ આવક થાય એવી આશા વ્યર્થ છે. બારેક મહિના તો ઘરનાં રોટલાં ખાવાં પડશે.''

દયાનાથ છાપું વાંચતો હતો. આંકો ઉપરથી એણે ચશ્માં ઉતારતાં કહ્યું – ''હું પણ એક પત્ર શરૂ કરવા વિચારું છું. પ્રેસ ઊભો કરવા નહીં. નહીં તોય દશેક હજારની મૂડી તો મારે જોઈએ જ. મારી પાસે પાંચ હજાર હશે તો કોઈને કોઈ ભાગીદાર મળી આવશે. માત્રે લેખો લખીને મારો ગુજારો નહીં થાય.''

માંથુ ધૂણાવી કામતાનાથે કહ્યું – ''રામ રામ કરો ભાઈ, કોઈ લેખ છાપવા તૈયાર થતું નથી તે રૂપિયા કોણ આપશે?''

દયાનાથે પ્રતિભાવ આપતાં કહ્યું – ''ના,ના. એવું નથી. પુરસ્કાર વગર તો હું કોઈ લેખ છાપવા આપતો જ નથી.''

''તારી વાત નથી ભાઈ! આ તો એક સામાન્ય હકીકત છતી કરતો હતો. બધાંને કંઈ તારી જેમ પુરસ્કાર ઓછો મળતો હશે?''

મોટી વહુએ ચર્ચામાં ઝંપલાવતાં કહ્યું – ''એ તો કન્યાના ભાગ્યની વાત છે. ભાગ્યમાં હોય તો ગરીબ ઘરમાંય એ સુખેથી રહી શકે. ને જ્યાં ભાગ્યમાં જ ના હોય ત્યાં રાજરાણી બને તોય રોવાના દિવસ આવે! એ તો નસીબના ખેલ છે બધા.''

કામતાનાથે પ્રસંશાભાવથી પત્ની સામે જોતાં કહ્યું – ''આ વર્ષે આપણે સીતાના લગ્નનુંય વિચારવું પડશે ને?''

સીતાનાથ સૌથી નાનો હતો. નતમસ્તકે મોટા ભાઈઓની સ્વાર્થસભર વાતો સાંભળીને એ અંતરનો ઊભરો ઠાલવવા તળે ઉપર થઈ રહ્યો હતો. પોતાનું નામ સાંભળતાં જ એ બોલી ઉઠ્યો – ''મારા લગ્નની ચિંતા તમારે કોઈએ કરવાની જરૂર નથી. જ્યાં સુધી હું મારા પગ ઉપર ઊભો રહી શકું એમ નહીં ત્યાં સુધી લગ્ન કરવાનો લેશ માત્ર વિચાર કરી શકું તેમ નથી. દેશને આ સમયે સંતાનોની નહીં, કામ કરનારની જરૂર છઝે. મારા ભાગના રૂપિયા કુમુદના લગ્નમાં ખર્ચી નાખજો. બધું જ નક્કી થઈ ગયા પછી પંડિત મુશરીલાલના ઘર સાથે નો સંબંધ તોડી નાખવો એ કોઈ રીતે યોગ્ય નથી.''

તીવ્ર અવાજે ઉમાનાથે કહ્યું – ''દસ હજાર ક્યાંથી કાઢવા?''

''હું તો મારા ભાગના રૂપિયાની વાત કરું છું.''

''અને બાકીના રૂપિયા?''

''મુરારીલાલને કહીએ કે દહેજનો આંકડો ઓછો કરે. એ એવા સ્વાર્થાંધ નથી કે સમય આવ્યે કોઈ બાંધછોડ ના કરે! એઓ ત્રણ હજારમાં રાજી થઈ જાય તો પાંચ હજારમાં લગ્ન થઈ જાય એમ છે.''

ઉમાનાથે કામતાનાથને ટકોર કરી – ''સાંભળો છો ને એની વાતો, ભાઈ?''

દયાનાથે વચમાં ઝંપલાવ્યું – ''તે એમાં તમારે શું નુકશાન છે? એ એના ભાગના રૂપિયા આપે છે. ખર્ચી નાખો. પંડિત મુરારીલાલ કંઈ આપણા વેરી ઓછા છે? આપણામાં એકાદ જણ પણ ત્યાગ કરવા તૈયાર છે. એ જાણીને તો મને આનંદ થાય છે. એને હમણાં પૈસાની જરૂર નથી. ભણવા માટે સરકારી શિષ્યવૃત્તિ પણ મળે છે. પાસ થશે એટલે નોકરી પણ મળી જશે. આપણી તો સ્થિતિ જ જુદી છે.''

કામતાનાથે દુરંદેશી પણું દાખવતાં કહ્યું – ''નફાનુકસાનની વાત જવા દો. આપણામાંથી એક દુઃખી થશે તો શું બીજા જોઈને બેસી રહેશે? આ તો હજુ છોકરો છે! એને શી ખબર કે સમય આવ્યે એક રૂપિયો પણ એક





લાખનું કામ કરી જાય છે! કોને ખબર છે કે કાલે એને પરદેશ ભણવા જવાનું નહીં થાય? ત્યારેય પૈસા તો જોઈશે જ ને? એવે વખતે શું બીજાઓ પાસે ભીખ માગવા નીકળીશું? દહેજની પાછળ એનું જીવન બરબાદ થઈ જાય એવું હું નથી ઈચ્છતો.''

એના આ વિચારોએ તો સીતાનાથને ભાંગી નાખ્યો. સંકોચાતાં એણે કહ્યું – ''હા, એમ થાય તો તો મારે પણ રૂપિયાની જરૂર પડે જ.''

''શું અશક્ય છે, એમ થવું?''

''અશક્ય તો નથી. પણ લાગવગ સિવાય એવી ઊજળી તક નથી મળતી.''

''અરે, સીતા! કોઈક વાર લાગવગ વગરના પણ મેદાન મારી જાય છે.''

''આપ જે સમજો તે. પણ હું ભલે વિલાયત ના જઈ શકું, પણ કુમુદ કોઈ સારા ઘરમાં જાય એ જ મારી મહેચ્છા છે.''

''ભાઈ સારું ઘર માત્ર દહેજથી નથી મળતું. એ તો નસીબની બલિહારી છે. મારું તો માનવું છે કે મુરારીલાલ ને 'ના' કહેવડાવીને ઓછી રકમમાં પતે એવું બીજું ઠેકાણું શોધી કાઢીએ. હું આ લગ્ન પાછળ એક હજારથી વધારે ખર્ચ કરી શકું તેમ નથી. પંડિત દીનદયાળનું ઘર કેવુંક?''

ઉમાનાથે રાજી થતાં કહ્યું – ''બહુ સારું. ભણેલો છોકરો નથી. પણ યજમાનવૃત્તિની આવક સારી છે.''

દયાનાથે કહ્યું – ''પણ માને આ વાતમાં પૂછવું જોઈએ.''

કામતાનાથે એવી કોઈ જરૂર જણાઈ નહીં. તે બોલ્યો – ''એમની તો બુદ્ધિ જ નાશ પામી છે. એ જ જૂની વાતો! મુરારીલાલના ઘરનું ઘેલું લાગ્યું છે. એમને તો! કુમુદ પંડિત મુરારીલાલની પૂત્રવધુ બને એવી એની ઈચ્છા છે, પછી ભલે આપણે તબાહ થઈ જઈએ.''

ઉમાનાથે શંકા કરતાં કહ્યું – ''જોજોને, મા બધાં જ ઘરેણાં કુમુદને આપી દેશે.''

કામતાનાથનો સ્વાર્થ એ સામે બળવો પોકરાવામાં નિષ્ફળ ગયો. તેણે કહ્યું – ''દરદાગીના પર તો માનો જ અધિકાર હોય ને? એ તો એની માલિકીનું ધન ગણાય. એની મરજી પડે એને આપે એ!''

''એની માલિકીનું હોય એટલે મન ફાવે તેમ લૂંટાવી દેવાનું? છે તો આખરે એ દાદાની કમાણીને?''

''કમાણી ગમે તેની હોય, સ્ત્રીધન ઉપર તો એનો જ અધિકાર હોય ને?''

''એ બધી વાતો તો કાયદાની વાતો થઈ. વીસ હજારમાં ચાર ભાગીદાર થઈશું આપણે, અને દસ હજારના દાગીના એકલી મા પાસે રહી જશે. એ દાગીનાનો જોરે જ, જોજોને...મા કુમુદનું લગ્ન પંડિત મુરારીલાલને ઘેર કરી દેશે.''

ઉમાનાથને આ બાબત ખટકતી હતી. કપટનીતિમાં એ પારંગત હતો. માની પાસેથી ઘરેણાં પડાવી લેવા એ વિચારતો હતો. પણ ત્યાં સુધી કુમુદનાં લગ્નની ચર્ચા કરીને ફુલમતીને ઉશ્કેરવી યોગ્ય ન હતું. કામતાનાથે માથું હલાવીને એને કહ્યું –''ભાઈ, મને એવી કપટલીલા જરા પણ પસંદ નથી.''

ઉમાનાથે ફરી કહ્યું – ''દરદાગીના રૂપિયા દસ હજારથી ઓછી કિંમતના નથી.''

''ગમે તેટલી કિંમતના હોય, પણ અનીતિમાં કામમાં મદદ કરવા હું તૈયાર નથી.''

''ભલે, તો તમે દૂર રહો. વચમાં ડખલ ના કરશો.''

''હું આઘો રહીશ.''

''અને સીતાનાથ તું?''

''હું પણ મદદ નહીં કરી શકું.''



પણ દયાનાથ તો ઉમાનાથને મદદ કરવા તૈયાર થઈ ગયો. ભાગના રૂપિયા અઢી હજાર માટે કોઈ કપટ કરવું પડે તો તે ક્ષમ્ય ગણાય. એમ એ માનતો હતો.

સાંજનું ભોજન લીધા પછી આડે પડખે થયેલી ફુલમતીના પાસે જઈને ઉમા અને દયા બેસી ગયા. એમના ચહેરા ચિંતિત હતા. ફુલમતીએ તેમને જ પૂછ્યું – ''અરે, તમે બંન્ને ઉદાસ કેમ છો? કોઈ દુઃખ આવી પડ્યું છે કે શું?''

ઉમાનાથ બોલ્યો – ''સમાચારપત્રોમાં લેખ લખવાનું કામ જોખમી છે. મા, દયાનાથે એક લેખ લખ્યો હતો. એ લેખ માટે પાંચ હજારની જામીનગીરી માગવામાં આવી છે. કાલ સુધીમાં એ રકમ ભરવામાં નહીં આવે તો દયાની ધરપકડ થશે અને કદાચ દસ વર્ષની જેલની સજા પણ ઠોકી બેસાડવામાં આવશે.''

''તો એવું લખાણ શું કરવા લખતો હશે એ? આપણી દશા બેઠી છે એ ખબર નથી? બેટા; જામીનગીરીની આફત કઈ રાતે ટાળી શકાય તેમ નથી?'' ફુલમતી માથું કૂટતી હતી જાણે.

દયાનાથે અપરાધભાવે જવાબ આપ્યો – ''મા, મેં તો એવું કશું ખોટું લખ્યું જ ન હતું, પણ નસીબને શી રીતે ટાળી શકાય! અધિકારી જ એવો કઠોર છે કે જરા પણ માફ કરવાનું સમજતો જ નથી. જેટલું થઈ શકે એટલું બધું કરી છૂટ્યો છું હું. હવે બીજો કોઈ ઉપાય નથી.''

''તો પછી કામતાને પૈસાની વ્યવસ્થા કરવા કહેવું હતું ને!''

''એમનો સ્વભાવ તું ક્યાં નથી જાણતી? પૈસા તો એમને જીવથી વધારે વહાલા છે. દયાને કાળા પાણીએ જવું પડે ને તોય એમના પેટનું પાણી હાલે એમ નથી.''

''મેં તો મા, એમની પાસે એવી આશા રાખી નથી.''

ખાટલા પરથી ઊભા થતાં ફુલમતીએ કહ્યું – ''ચાલો, હું કહું છું એને. કેવોક ના પાડે છે એ! રૂપિયા આવા કામમાં નહીં આવે તો પછી બીજા શા કામમાં આવશે?''

ઉમાનાથે રડતાં રડતાં માને કહ્યું – ''ના, મા, ના. એમને વાત કરવાથી શો ફાયદો? પૈસા આપવાની વાત તો એકબાજુ રહેશે ને આખા ગામમાં ઢોલ પીટશે.''

''તો પછી બીજું શું કરી શકાય?''

''બીજો કોઇ પણ રસ્તો કાઢો, મા.''

''મારી પાસે તો ક્યાં કશું છે? મારાં ઘરેણાં લઇ જાઓ. ક્યાંક ગીરવે મૂકીને ભરી દો જામીનગીરી. અને કાનની બૂટ પકડ દયા, આજ પછી કોઇ પણ પત્રમાં એક પણ શબ્દ નહીં પાડે.''

કાન ઉપર હાથ મૂકીને દયાનાથે કહ્યું – ''તમારાં ઘરેણા ગીરો મૂકી હું મારો જીવ બચાવું એવું તો નહીં થઇ શકે. પાંચ દસ વર્ષની જેલ સહન કરવી સારી. અહીં બેઠાં બેઠાં કરવાનુંય શું છે?''

ફુલમતી છાતી કૂટતી બોલી – ''કેવી ભયંકર વાતો કાઢે છે. મોંઢામાંથી તું બેટા! મારા જીવતાં તને કોણ જેલમાં નાખી શકે! મોં તોડી નાખું એનું હું, ઘરેણાં આવા કપરા સમયે ખપ નહીં લાગે તો શા કામનાં?''

તેણે ઘરેણાંની પેટી દયાનાથ સામે ધરી દીધી.

દયાએ ઉમાની સામે જોઇ પૂછ્યું – ''ભાઇ! તમારો શો અભિપ્રાય છે? માને શા માટે દુઃખી કરવી! થઇ થઇને જેલ થશે ને? બીજું શું?''

ઉમાએ કહ્યું – ''આટલી મોટી દુર્ઘટનાની માને ખબર ના પડે એ શી રીતે બને? મારાથી આ સાંભળી શકાતું નથી. પણ શું થાય! હું પણ નિર્ણય કરી શકતો નથી. તું જેલમાં જાય કે માનાં ઘરેણાં ગીરો મૂકાય એ બંન્ને દુઃખ મારે માટે સરખાં છે.''

વ્યગ્ર હૈયે ફુલમતીએ કહ્યું – ''મને તમારા કરતાં ઘરેણાં વધારે વ્હાલાં છે એમ માનો છો તમે? હું તો તમારે માટે મારો જીવ આપવા પણ તૈયાર છું.''



દ્રઢતાથી દયાનાથે કહ્યું – ''મા, ગમે તેવાં દુઃખ સહીશ પણ તમારાં ઘરેણાં તો નહીં જ લઉ. આજ સુધી મેં તમારી કશી જ સેવા કરી નથી. કયે મોંઢે હું ઘરેણાં લઇ શકું? મારા જેવા કુપુત્રએ તો તમારા જેવી માને પેટે જન્મ લેવો જોઇતો ન હતો.''

એથી બમણા આવેગથી ફુલમતીએ કહ્યું – ''જો તું ઘરેણાં નહીં લે તો હું મારે હાથે એ ગીરો મૂકી આવીશ અને જામીનગીરી પણ હું જ ભરી આવીશ. જો સાચું ના લાગે તો કરી જો કસોટી. મારા મરી ગયા પછી જ થવું હોય તે થાય, પણ મારા જીવતે જીવ કોની મજાલ છે કે તમારી સામે આંખ ઊંચી કરી શકે?''

મા ઉપર વિશ્વાસ રાખી ઉમાનાથ બોલ્યો – ''દયાનાથ! હવે આપણે માટે બીજો કોઇ રસ્તો નથી. લઇલે ઘરેણાં, એમાં કશું ખોટું નથી. પણ યાદ રાખ કે પૈસા આવતાં જ ઘરેણાં છોડાવી લેવાં પડશે. બધા કહે છે કે માતૃત્ત્વ દીર્ઘ તપસ્યા છે તે આનું નામ. આપણે જ અભાગી છીએ કે મા ઉપર જરાય વિશ્વાસ રાખતા નથી.''

ઘરેણાંની નાની પેટી લઇ બંન્ને ચાલતા થયા. મા એમને જતા જોઇ રહી. એનું અંતર બંન્નેને આશીર્વાદ આપી રહ્યું હતું. કેટલાય મહિનાઓ બાદ એના ભગ્ન માતૃહૃદયને પોતાનું સર્વસ્વ સમર્પણ કર્યાના આનંદની અનુભૂતિ થઇ હતી. એનો સ્વમાની સ્વભાવ આવા ત્યાગાર્થે, આત્મસમર્પણાર્થે કોઇક રસ્તો શોધી રહી હતી. અધિકાર, લોભ કે મમતાની ત્યાં લેશ પણ ગંધ ન હતી. ત્યાગ એનો આનંદ છે અને ત્યાગ એનો અધિકાર છે. આજે એ ખોવાઇ ગયેલો એને અધિકાર પુનઃ પ્રાપ્ત કરીને પોતે રચેલી પ્રતિમા ઉપર પોતાના પ્રાણની ભેટ ધરીને એ ન્યાલ થઇ ગઇ જાણે!

બીજા ત્રણ મહિના પસાર થઇ ગયા. માનાં ઘરેણાં તફડાવીને ચારે ભાઇઓ એને ખુશ રાખવાના તરેહ તરેહના પ્રયત્નો કરતા હતા. પોતાના પત્નીઓને પણ સાસુનું દિલ ના દુભાવવા સમજાવતા હતા. થોડાક શિષ્ટાચારથી એના હૈયાને શાતા વળતી હોય તો એમાં શો ગેરલાભ! ચારેય કરતા તો મનમાની પણ માને રીઝવવા એની સલાહ લેતા. વાડી વેચવાની

એને જરા પણ ઈચ્છા ના હોવા છતાં ચારેય દિકરાઓએ એવી માયા રચી કે તે વાડી વેચવા રાજી થઈ ગઈ. પણ કુમુદના લગ્ન અંગે મનભેદ, મતભેદ અને વિચારભેદ તો જેમનો તેમ રહ્યો. પંડિત મુરાલીલાના ઘરનો માને મોહ હતો. જ્યારે દિકરા દીનદયાળના ઘર માટે વિચારતા હતા. આખરે એક દિવસ વાત વંઠી ગઈ.

ફુલમતીએ કહી દીધું – ''મા બાપની કમાણીમાં દિકરીનો હક હિસ્સો સરખો જ હોય છે. તમને સોળ હાજારની વાડી મળી. પચીસ હજારનું મકાન મળ્યું. વીસ હજાર મળ્યા રોકડા. તો શું રોકડા વીસ હજારમાં પાંચ હજાર પણ કુમુદના ભાગે ના આવે?''

નમ્રતાથી કામતાનાથે કહ્યું – ''મા, કુમુદ તારી દિકરી છે તો અમારી બહેન છે. તું તો હવે બેચાર વર્ષની મહેમાન છે. પણ અમારો તો કાયમનો સંબંધ છે. ત્યારે અમે એનું અહિત થાય એવું કશું કહીશું કરીશું નહી. પણ કુમુદના ભાગની તારી વાત મને રુચતી નથી. દાદા જીવતા હતા ત્યારની વાત જુદી હતી.તે તેમની ઉચ્છાનુસાર કુમુદના લગ્ન પાછળ ખર્ચ કરી શક્યા હોત. અમારાથી એક શબ્દ પણ ત્યારે કહી શકાયો ન હોત. પણ હવે સંજોગો બદલાઈ ગયા છે. કરકસર કર્યા વગર છૂટકો નથી. અને મા, એક હજારમાં જે કામ ઉકલી જાય એવું છે તેની પાછળ પાંચ હજાર, બગાડવાનો શો અર્થ?''

ઉમાનાથે એમાં સુધારો કર્યો – ''ભાઈ સાહેબ, પાંચ હજાર નહીં, દસ હજાર કહો.''

ભવાં ચઢાવી કામતાનાથ બોલ્યો – ''ના, હું તો પાંચ હજાર જ કહીશ. એક લગ્ન પાછળ પાંચ હજાર ખર્ચવાની અમારી શક્તિ નથી.''

ફુલમતી હઠે ચડી – ''વિવાહ તો મુરારીલાલના દિકરા સાથે જ થશે, ચાહે ગમે તેટલો ખર્ચ થાય. મારા પતિની કમાણીમાંથી ખર્ચવાના છે ને! પૈસા ભેગા કરતાં તો આખી જાત ઘસાઈ ગઈ છે. એ મારા પૈસા છે અને મારી ઈચ્છા પ્રમાણે હું વાપરીશ. તમે એકલાએ જ કંઈ મારી કૂખે જન્મ નથી



લીધો. કુમુદ પણ મારી જ કૂખે જન્મી છે. મારે મન તો તમે સૌ સરખાં. મારે કોઈની મદદની જરૂર નથી. તમે જોતા રહેજો. હું મારી મેળે બધી જ વ્યવસ્થા કરી લઈશ.''

કામતાનાથને હવે કડવા સત્યનો આશરો લીધા વગર બીજો કોઈ રસ્તો ન હતો. તેણે કહ્યું – ''મા, નાહકની તું વાતને વળ ચઢાવે છે. તું જે રૂપિયા તારા સમજે છે તે તારા નથી. અમારી સંમતિ વગર તું એમાંથી એક પાઈ પણ ઓછી નહીં કરી શકે.''

ફુલમતીને તો જાણે શેષનાગે ડંખ દીધો! – ''શું કહ્યું?? ફરી કહે જોય. હું મારા એકઠા કરેલા રૂપિયા મારી મરજી ના ખર્ચી શકું? જોઉં તો ખરી, કોણ રોકે છે મને!''

''તારા નથી રહ્યા એ રૂપિયા. એ હવે અમારા થઈ ગયા છે.''

''હા, થશે તમારા. પણ મારા જીવતે જીવ નહીં. મારા મર્યા પછી. સમજ્યો?''

''ના,ના,ના. દાદા મરી ગયા પછી એ અમારા થઈ ગયા છે.''

ઉમાનાથે વચમાં ઉમેર્યું – ''મા તને સરકારી કાયદામાં શી ગતાગમ પડે? ખોટી ઉધામા માર્યા વગર બેસી રહે હવે.''

અંગારા વરસાવતાં ફુલમતી ગર્જી – ''જન્નમમાંય તમારો કાયદો. ને એવા કાયદા બાયદાની કોઈ પરવા નથી. તમારા દાદ કંઈ એવા ગર્ભશ્રીમંત ન હતા. પેટે પાટા બાંધીને જો મેં અને તમારા બાપે આ મિલકત ના સંપાડી હોત તો તો તમને ઊભા રહેવાનુંય ભારે પડી જાત. મારા જીવતાં તમે એને હાથ પણ નહીં અડાડી શકો. ત્રણ ભાઈઓના વિવાહમાં મેં દસ દસ હજાર ખર્ચ્યા છે. તેમ કુમુદના લગ્ન પાછળ હું વાપરીશ પૂરા દસ હજાર.''

કામતાનાથ પણ હવે ગુસ્સે થયો હતો. અકડાઈને તેણે કહ્યું – ''મા, તું એક રાતી પાઈ પણ નહીં ખર્ચી શકે.''

ઉમાનાથે મોટા ભાઈનો ઉધડો લીધો. બોલ્યો – ''મોટાભાઈ, તમે માની સાથે લાગલા જ લઠવા મંડી પડ્યા. તમે મુરારીલાલ ને જ પત્ર લખી નાખોને કે તમારે ઘેર કુમુદના વિવાહ કરવા અમે રાજી નથી. એટલે પત્યું. માને સરકારી કાયદાની તો ખબર નથી. નકામી ચર્ચા કરવાથી શો લાભ?''

ફુલમતીએ જરા નમ્રતાથી પૂછ્યું – ''ભલે, કેવોક સરકારી કાયદો છે. મને કહો તો ખબર પડે ને?''

ઉમાનાથે સ્પષ્ટતા કરતાં કહ્યું – ''બાપના અવસાન બાદ બધી મિલકત દીકરાઓની થઈ જાય છે. માનો માત્ર ધાનપાણી અને કપડાં લત્તાં જેટલો જ હક્ક હોય છે.''

ફુલમતીએ ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું – ''કોણે એવો કાયદો ઘડ્યો છે?''

''આપણા ઋષિમુનીઓએ. ભગવાન મનુએ. બીજા કોણે?''

અવાક્ બની બેઠેલ ફુલમતીએ પૂછ્યું – ''તો એક ટુકડા રોટલા માટે મારે ભીખ માગવી પડશે તમારી પાસે?''

એક ન્યાયાધીશ જેવી નિર્મમતાથી ઉમાનાથે કહ્યું – ''તું જે સમજે તે , મા.''

જાણે ફુલમતી ઉપર વજ્રપાત થયો. મોંમાંથી શબ્દો ને બદલે અંગારા વરસી રહ્યા – ''મેં ઘર ઊભું કર્યું, મિલકત એકઠી કરી, મેં તમને જન્મ આપ્યો. પાળી પોષીને ઊછેર્યાં, ભણાવ્યા ગણાવ્યા. અને એ ઘરમાં હું જ આજે પારકી બની ગઈ? તમારે આશરે જીવવા કરતાં તો મને મોત વધારે મીઠું લાગશે.''

પણ માના એ વેદનાપૂર્ણ ચિત્કારની કોઈના પર કશી અસર થઈ નહીં. ફુલમતી ત્યાંથી ઊઠીને ચાલતી થઈ. જીવનમાં પ્રથમવાર એનું વાત્સલ્યમગ્ન માતૃત્ત્વ અભિશાપ થઈ એને ધિક્કારવા લાગ્યું.

સંધ્યા ઢળી ચૂકી હતી. આંગણામાં લીમડાનું ઝાડ નતમસ્તક સ્તબ્ધ બનીને ઊભું હતું. જાણે એ દુનિયાની ગતિવિધિ ઉપર ખેદ પ્રગટ કરતું હતું.





અસ્તાચળ ઉપર પ્રકાશ અને જીવનના દેવતા સૂર્યનારાયણ ફુલમતીના માતૃત્ત્વની જેમ જ પોતાની ચિંતામાં બળી રહ્યા હતા.

ચિંતાગ્રસ્ત હૃદયે ફુલમતી તેના ઓરડામાં જઈ સૂઈ ગઈ. પોતાનાં જ જણ્યા, પતિના મૃત્યુબાદ આમ એકાએક દુશ્મનો થઈ જશે એ તો એણે સ્વપ્નમાં પણ નહીં કલ્પ્યું હોય! ઘર એને હવે કાંટાની પથારી જેવું કષ્ટમય લાગતું હતું. અપમાનના ઘૂંટડા ગળીને અનાથની જેમ રોટલાના ટુકડા માટે હવે ઘરમાં પડી રહેવું એની સ્વાભિમાની પ્રકૃત્તિની વિરુદ્ધ હતું.

બીજો ઉપાય પણ શો હતો? છોકરાઓથી જુદી રહે તો એનું નાક કપાવાનું હતું. લોકો એના નામ પર થૂંકે કે એના છોકરાંના નામ પર. પણ બદનામી તો એના ઘરની જ થવાની હતી ને. લોકો કહેશે કે ચાર જુવાનજોધ દિકરાઓ હોવા છતાં ડોસી જુદી રાંધી ખાય છે. પોતાના નજરમાં જે સદા નીચ રહ્યાં હતાં એવાં જ હવે પોતાને હસશે. એ અપમાન એને દિકરાઓએ કરેલા અનાદર કરતાં વધુ ખટકતું હતું. ઘરની આબરૂ માથે પડદો રહે એ જ વધારે યોગ્ય હતું. હવે પોતાના સ્વભાવને નવી પરિસ્થિતિને યોગ્ય બનાવવા એ વિચારવા લાગી. સમય બદલાયો છે. આજ સુધી માલિકણ બની રહી, હવે નોકરડી બનીને રહેવું પડશે. બીજું શું? ઈશ્વર ને એવી ઈચ્છા હશે! પારકાંની વાતો અને લાતો ખાવા કરતાં પેટનાં જણ્યાની વાતો અને લાતો સહન કરવી એ વધારે સારું છે.

પોતાના દશા ઉપર એ ક્યાંય સુધી રડતી રહી. આખી રાત વેદનામાં વીતી ગઈ. એના મનનું પરિવર્તન થઈ ગયું હતું તે તેના નિયમ વિરુદ્ધ આજે ઉઠીને તડકામાં બેઠી હતી. ઘરનાં બધાં જ ઊંઘી રહ્યાં હતાં. જ્યારે એ ઝાડું લઈ ઘરનું આંગણું વાળી રહી હતી. રાત આખી ઝાકળમાં ભીની થયેલી નક્કર જમીન એના ઊઘાડા પગમાં કાંટાની જેન ખટકતી હતી. પતિ જીવતા હતા ત્યારે તો આટલી વહેલી એ ક્યારેય ઊઠતી ન હતી. કચરોવાળીને એણે ચૂલો ચેતાવ્યો અને દાળચોખા વીણવા લાગી. થોડીવાર પછી દિકરા અને વહુઓ જાગ્યાં. ટાઢમાં ઠૂંઠવાતી માને સૌએ કામ કરતી જોઈ. પણ કોઈએ એમ કરતાં માને રોકી નહીં.

ફુલમતિનો હવે તો આવું કામ કરવાનો નિત્ય નિયમ થઇ ગયો હતો એના મોં ઉપર છલકાતા આત્મગૌરવની જગાએ હવે વેદના તરવરતી હતી.

પંડિત મુરારીલાલને કુમુદના વિવાહ સંબંધી ના લખી દેવીની વાત પાકી થઇ ગઇ હતી. દીનદયાળ સાથે કુમુદના લગ્નની વાત નિશ્ચિત થઇ ચૂકી હતી. હશે ચાલીશેક વર્ષની ઉંમર દીનદયાળની! ખાતું પીતું ખોરડું હતું. કોઇ હઠ વિના એ લગ્ન કરવા રાજી થઇ ગયો હતો. દિવસ નક્કી થયો. જાન આવી. લગ્ન લેવાયાં. કુમુદે સાસરે જવા વિદાય લીધી. મા અને કુમુદ ઉપર શું શું વીત્યું હશે એ જાણવાની કોઇએ પરવા કરી હતી નહીં. ખાનદાન ખોરડાની કન્યા શું બોલે! વિરોધ તો એના સ્વભાવમાં જ ન હતો.

ફુલમતીએ કોઇ કામમાં અવરોધ ઊભો કર્યો નહીં. કુમુદને શું આપવામાં આવ્યું એય એણે જાણવાની દરકાર નકી નહીં. એની સલાહ માગવામાં આવતી તો એ કહેતી હતી – ‘‘તમે જે કરો છો એ યોગ્ય જ કરો છો, બેટા!’’

વિદાયવેળાએ કુમુદ માને ગળે વળગી રડવા લાગી. ફુલમતીએ રડતી કુમુદને ઘરમાં લઇ જઇ એની પાસે બચેલા પાંચ પચાસ રૂપિયા અને બે ચાર ઘરેણાં એને આપ્યાં અને કહ્યું – ‘‘મારી તો મનની મનમાં રહી ગઇ, દિકરી! નહીં તો આજે તારે આવી રીતે વિદાય લેવી પડે?’’

પણ કુમુદને માનો આ વ્યવહાર ગમ્યો નહીં. છાનાંછપનાં ઘરેણાં લેતાં એનું દિલ દુભાતું હતું. એણે રૂપિયા અને ઘરેણાં માને પાછાં સોંપતાં કહ્યું – ‘‘મા, મારે માટે તો તારા આશીર્વાદ રૂપિયા દાગીનાકરતાં હજાર ઘણા વધુ કીમતી છે.’’ તમે રાખો આ તમારી પાસે કોઇકવાર દુઃખની વેળાએ કામ આવશે.

ફુલમતી કશું કહે ત્યાં તો ઉમાનાથે આવીને પૂછ્યું –‘‘અહીં શું કરી રહી છે કુમુદ? ચાલ, જલ્દી કર. ચોઘડિયું વીતી જાય છે. એ લોકો ઉતાવળ કરે છે. બે ચાર મહિનામાં પાછી ક્યાં નથી આવવાની?’’



ફુલમતિના કાળજે જાણે હથોડાના ઘા પડ્યા. તેણે કહ્યું – ‘‘મારી પાસે દિકરીને આપવા જેવું શું છે બીજું? જા, બેટા! ભગવાન તારું સૌભાગ્ય અખંડ રાખે.’’

કુમુદે વિદાય લીધી ફુલમતી દુઃખની મારી ધરતી ઉપર ઢગલો થઇને ઢળીને પડી. એના જીવનની અંતિમ અભિલાષા પણ ધૂળમાં મળી ગઇ હતી.

એક વર્ષ વીતી ગયું આ વાતને.

ફુલમતી એ એનો મોટો હવા ઉજાસવાળો ઓરડો મોટી વહુ માટે ખાલી કરી નાખ્યો હતો. એ એક ભિખારણની જેમ નાની અંધારી કોટડીમાં પડી રહેવા લાગી હતી હવે. દીકરા અને વહુઓ પર એને જરા પણ પ્રેમ ન હતો. ઘરની તો જાણે એ નોકરાણી હતી. ઘર સાથે એને કોઇ લેવાદેવા ન હતી. સુખ કે દુઃખના અનુભવથી એ તદ્દન અજ્ઞાન હતી.

ઉમાનાથનું દવાખાનું શરૂ થયું. મિત્રોને નિમંત્રણ અપાયું. જમણવાર થયો. નાચગાન પણ ખરાં. દયાનાથનો પ્રેસ પણ શરૂ થયો. સીતાનાથ સરકારી શિષ્યવૃત્તિથી પરદેશ ગયો. ઘરમાં ફરીવાર આનંદોત્સવ મનાવાયો. કામતાનાથના મોટા દિકરાના જનોઇસંસ્કાર થયા. આટલા સારા પ્રસંગો આવ્યો અને ગયા પણ ફુલમતીના મુખ પરથી વેદના જરાય ઓછી થઇ નહીં. કામતાનાથ ટાઇફોઇડમાં સપડાયો અને મહિનોમાસ માંદગી ભોગવી દેવશરણ થયો. પ્રેમના પ્રચારાર્થે દયાનાથે એક આગઝરતો લેખ લખ્યો અને એને છ મહિનાની સજા થઇ. ઉમાનાથે એક ફોજદારી ગુનામાં લાંચ લઇ ખોટો રિપોર્ટ લખ્યો, પરિણામે એની સનદ છીનવાઇ ગઇ. આવા માઠા પ્રસંગોમાં ફુલમતીએ લેશમાત્ર રંજ અનુભવ્યો નહીં. એનું દિલ આશા નિરાશાથી અને સુખદુઃખથી પર હતું. બસ, ઢોરની જેમ કામ કરવું અને પેટ ભરવા ખાવું! મનથી તો એ જાણે મરી ગઇ હતી. ચેતનાશૂન્ય બની ગઇ હતી.

શ્રાવણ મહિનામાં મેલેરિયાના રોગે માઝા મૂકી. ઠંડો પવન ફૂંકાતો હતો. ટાઢિયા તાવમાં લોકો એક પછી એક સપડાતા હતા. ઘરની કામવાળી માંદી પડી ગઇ. ઘરનું બધું કામ ફુલમતીએ ઉપાડી લીધું. એ વાસણ ઘસતી,

કપડાં ધોતી અને બીજાં બહારનાં નાનાં મોટાં કાર પણ કરતી. રસોઇ કરવાનું પણ એને માથે હતું. છોકરાઓને વેળાએ રસોઇ તો મળવી જોઇએ ને! એને યાદ આવ્યું કે કામતાનાથ નળનું પાણી પીતો ન હતો. એ વરસતા વરસાદમાં ગંગાજળ ભરવા નદીએ ચાલી ગઇ.

એને ગંગા તરફ જતી જોઇ સૂતાં સૂતાં કાનતાનાથે કહ્યું – ''રે'વાદે મા. હું ભરી લાવીશ પાણી.''

વાદળોથી ઘેરાયેલા આકાશ ભણી જોઇ એણે ઉત્તર આપ્યો – ''બેટા, તું વરસાદથી પલળી જઇશ. તને શર્દી થઇ જશે.''

કામતાનાથે કહ્યું – ''તુંય પલળી જ રહી છે ને! ક્યાંક માંદી પડી જઇશ તો!?''

''હું નહીં પડું માંદી. ભગવાને મને અમર બનાવી દીધી છે.'' ફુલમતીએ વ્યંગ કર્યો.

ઉમાનાથ પણ ત્યાં જ બેઠો હતો. એનું દવાખાનું ચાલતું ન હતું. કશી આવક દેખાતી ન હતી. ભાઇ ભાભીની ખુશામત કરી દિવસો વિતાવતો હતો એ. બોલ્યો – ''જવા દો ને ભાઇ, ઘણાય દિવસો બિચારી આ ઘરની વહુઓ ઉપર રાજ્ય કર્યું છે. ભલેને એનું પ્રાયશ્ચિત કરતી!''

ચોમાસામાં ગંગા ગાંડીતૂર થઇને વહેતી હતી. કિનારા પરનાં વૃક્ષોય એના પાણીમાં ડૂબી ગયાં હતાં. ઘાટ છેક ઉપર સુધી પાણીમાં સમાઇ ગયો હતો. ફુલમતી ઘડો લઇ નીચે ઉતરી. પાણી ભરી જ્યાં એ ઉપર ચઢવા પાછી ફરી રહી હતી ત્યાં જ એનો પગ લપસ્યો. અને પછી તો ગંગાની લહેરો એને પોતાની સાથે ખેંચી ગઇ. એને ખેંચાઇ રહેલી જોઇ કિનારે ઉભેલા બે ચાર પંડાઓ એ બૂમાબૂમ કરી મૂકી. – ''દોડો, દોડો! કોઇ વૃદ્ધા પાણીમાં



ડૂબી મરી છે.'' બે ચાર જણા વહારે ધાયા. પણ ત્યાં સુધીમાં તો ફુલમતી ગંગાની ગોદમાં સમાઇ ચૂકી હતી.

બચાવવા આવેલા એક જણે પૂછ્યું – ''કોણ હતી એ?''

''પંડિત આયોધ્યાનાથની વિધવા.''

''અયોધ્યાનાથ તો બહુ મોટા માણસ હતા ને?''

''હા, પણ એમના ભાગ્યમાં ઠોકરો ખાવાની જ લખી હતી.''

''એમના દીકરાઓ તો મોટા કમાતા છે ને!''

''હા, બધી વાત સાચી. પણ નસીબના ખેલ જુદા છે.''

# મોટાભાઈ

મારા ભાઈ મારાથી પાંચ વર્ષ મોટા હતા. પણ ભણવામાં ત્રણ જ ધોરણ આગળ. મારી ઉંમરે જ એમણે ભણવાનું શરૂ કરેલું. પણ તાલીમ જેવી મહત્ત્વની બાબતમાં એ ઉતાવળથી કામ લેતા ન હતા. એ પાયાની ઈંટ પાકી કરવા માગતા હતા. જેથી એના પર આલીશાન મહાલય બાંધી શકાય. એટલે તો એક વર્ષનું કામ એ બે વર્ષમાં કરતા હતા. કોઈક કોઈક વાર ત્રણ વર્ષ પણ ગાળતા. પાયો જ જ્યાં પાકો ના હોય ત્યાં ઈમારત ક્યાંથી મજબૂત બની શકે!

હું નાનો હતો, એ મોટા. હું નવ વર્ષનો, એ ચૌદ વર્ષના. મારી દેખભાળ રાખવાનો એમને પૂરો અધિકાર હતો. એમની આજ્ઞાનું પાલન કરવું એ મારી ખાનદાની હતી.

સ્વભાવે તેઓ અભ્યાસું. હમેશાં ચોપડી ઉઘાડીને બેસતા. મગજને આરામ આપવા એ નોટોના હોંશિયામાં ચકલી, કૂતરો કે બિલાડીની છબી ચિતરત. કોઈ કોઈ વાર એકનું એક નામ કે વાક્ય લખી આખી નોટ ભરી દેતા. કોઈ વાર ન સમજાય તેવા શબ્દો રચતા. એકવાર એમની નોટમાં મેં આ રચના જોઈ – સ્પેશયલ, અમીના, ભાઈ ભાઈ, હકીકતમાં, ભાઈભાઈ, રાધેશ્યામ, શ્રીયુત્ રાધેશ્યામ – એકકલાક સુધી. તે પછી એક માણસનો ચહેરો ચીતરવામાં આવ્યો હતો. મેં એ સમસ્યાનો અર્થ શોધવા ઘણા ફાંફાં મા પણ મને સફળતા ન મળી. એમને પૂછવાની હિંમત હું કરી શક્યો નહીં. તેઓ નવમાં ધોરણમાં હતા; હું પાંચમામાં. એમની રચનાઓ સમજવી એ મારે માટે, નાને મોંઢે મોટી વાતો સમાન હતું.



ભણવામાં મને રસ પડતો નહીં. એક કલાક પણ વાંચવા બેસવું મને હિમાલય સર કરવા જેવું અઘરું લાગતું. તક મળતાં જ હું હોસ્ટેલની ઓરડીમાંથી નીકળી મેદાન પર ચાલ્યો જતો. મિત્રો સાથે ત્યાં તોફાન મસ્તી કરતો. એકબીજા પર કાંકરા, મારવા, કાગળનાં તીર ઊડાડવાં, દિવાલો ઉપર ચઢી ભૂસકા મારવા, દરવાજા પર ચઢી ઝૂલવું અને એવું એવું તો ઘણુંય બીજું. પણ હોસ્ટેલની ઓરડી ઉપર આવતાં ભાઈનું રૌદ્ર સ્વરૂપ એનો જીવ પડીકે બંધાઈ જતો.

એ પૂછતા – ''ક્યાં ગયો હતો?'' – આ સવાલ એવા ભાવથી પૂછતા કે એના જવાબનાં મૌન સિવાય મારી પાસે કશું હોતું નહીં. કોણ જાણે કેમ એ, 'જરા બહાર રમવા ગયો હતો, એ વાત કરી શકતો ન હતો.તેઓ મને ઠપકો આપતા. એ સિવાય એમની પાસે કોઈ ઈલાજ ન હતો.'

''આ રીતે અંગ્રેજી ભણીશ તો અક્ષરેય નહીં આવડે. અંગ્રેજી ભણવું એ કંઈ નાનાં છોકરાંની રમત નથી. નહીં તો બધા અંગ્રેજીના વિદ્વાન ના થઈ ગયા હોત! રાત દહાડો આંખો ફોડીએ અને લોહી પાચ એક કરીએ ત્યારે ભણાય છે અંગ્રેજી. અને તેય જેવી તેવી. મોટા મોટા વિદ્વાનોય અંગ્રેજી સાચું નથી લખી શકતા. બોલવાની તો વાત જ આઘી રહી. તું કેવો નઠોર છે કે મને જોઈનેય કશું શીખતો નથી! હું કેવી મહેનત કરું છું એ તું તારી આંખો એ જુએ છે. અને જો એ તને દેખાતું ના હોય તો એ તારી ભૂલ છે. તારી બુદ્ધિનો દોષ છે. તેં મને જોયો છે કોઈ ખેલ તમાશો જોવા જતાં? રોજ અહીં તો ક્રિકેટ અને હોકી રમાય છે, પણ હું તો ત્યાં ફરકતોય નથી. બસ, વાંચ્યા જ કરું છું. આટલું કરવા છતાંય એક એક ધોરણમાં બે બે કે ત્રણત્રણ વર્ષો હું બરબાદ કરતો. પછી તારાથી પાસ થઈ જવાશે? તારે જો આમ જ વર્ષો બગાડવાં હોય તો બહેતર છે કે તું ઘેર ચાલ્યો જા. પછી મઝાથી રમજે મોઈ દંડા. દાદાના પૈસા શા માટે વેડફી રહ્યો છે?''

ભાઈના શબ્દો સાંભળી મને રડવું આવી ગયું. મારી પાસે કોઈ જવાબ ન હતો. મારો શો ગુનો હતો? પછી મારે શા માટે સાંભળવું પડે? ભાઈ સાહેબ ઉપદેશ આપવામાં એક્કો હતા.એવાં વાગ્બાણો છોડતા કે મારું તો કાળજું વીંધાઈ જતું. મારી શક્તિ હણાઈ જતી. હું નિરાશ થઈ જતો અને

વિચારતો હતો કે – ઘેર શા માટે ચાલ્યા ના જવું? જે કામ મારી શક્તિ બહારનું છે એને હાથમાં લઈ શા માટે જિંદગી બરબાદ કરી નાખવી? મને મૂર્ખ રહેવું મંજૂર હતું; પણ એટલી મહેનત કરતાં તો મને આંખે ચક્કર આવતાં હતાં. પણ મારા એ વિચારો સ્મશાનવૈરાગ્ય જેવા હતા. કલાક બે કલાક બાદ નિરાશામાંથી હું બહાર આવતો અને મન લગાવીને પાછો અભ્યાસમાં લાગી જવાનો પાકો મનસૂબો કરતો. ઝટપટ ટાઈમ ટેબલ બનાવવા બેસી જતો. નકશો બનાવ્યા વગરનો કામ શી રીતે શરૂ કરી શકાય? ટાઈમ ટેબલમાં રમત ગમતને સ્થાન મળતું નહીં. સવારે છ વાગે ઊઠવું. નાસ્તો કરી વાંચવા બેસી જવું. છ થી આઠ સુધી અંગ્રેજી, આઠથી નવ સુધી ગણિત, નવથી સાડા નવ સુધી ઈતિહાસ, પછી જમવાનું અને પછી સ્કૂલ! સાડા ત્રણે સ્કૂલેથી પાછા ફરીને અડધો કલાક આરામ. ચારથી પાંચ ભુગોળ, પાંચથી છ વ્યાકરણ, અડધો કલાક હોસ્ટેલની સામે ટહેલવું, સાડા છ થી સાત અંગ્રેજી નિબંધ, પછી પાછું સાંજનું ભોજન, આઠથી નવ સુધી અનુવાદ, નવથી દસ સુધી હિન્દી, દસથી અગિયાર બીજા વિષયો અને આરામ.

પણ, ટાઈમ ટેબલ બનાવવું એક વાત છે, અને એનો અમલ કરવો એ બીજી વાત! પહેલા દિવસથી જ કંટાળો આવતો. મેદાન પરની ક્રિકેટ, હોકી, વોલીબોલ, કબ્બડી, ફૂટબોલ જેવી રમતો અનાયાસ મને મેદાન ઉપર ખેંચી જવા લાગી. ત્યાં જતાં જ હું બધું ભૂલી જતો. એ જીવલેણ ટાઈમ ટેબલ, એ આંખોફોડ થોથાં કશું જ યાદ રહેતું નથી અને પછી તો ભાઈસાહેબને ઉપદેશ અને બદનામીની તક મળી જતી. હું તો એમનો પડછાયોય ન હતો લેતો. એમનાથી દૂર રહેવા પ્રયત્ન કરતો. દબાતો ચંપાતો ઓરડીમાં આવતો. મારો ઉપર એમની નજર મંડાતી તો મારો જીવ નીકળી જતો. હમેશાં માથે ઉઘાડી તલવાર લટકતી હોય એવો અનુભવ થતો. આટઆટલું હોવા છતાં હું રમતગમતને ટાળી શક્યો નહીં.

વાર્ષિક પરીક્ષા થઈ. ભાઈ સાહેબ નાપાસ થયા. હું પ્રથમ નંબરે પાસ થઈ ગયો. મારી અને એમની વચ્ચે હવે માત્ર બે વર્ષનું જ અંતર રહી ગયું. મને વિચાર આવ્યો કે ભાઈ સાહેબનો ઉધડો લઈ નાખું. તમારી



તપસ્યા ક્યાં ગઈ? જુઓ, હું તો રમતોય રહ્યો અને પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પાસ પણ થયો. પણ એમની ઉદાસીનતા જોઈ મને હમદર્દી થઈ આવી. ઘા પર મરચું ભભરાવવાનું ઠીક ના લાગ્યું. મને મારી જાત ઉપર અભિમાન થયું અને મારું આત્મગૌરવ વધ્યું. ભાઈ સાહેબનો મારા પરનો રૂઆબ તો ક્યાંય ચાલ્યો ગયો. મનમાની રમતો નિર્ભય થઈ રમવા લાગ્યો. જો હવે એ મારી બદબોઈ કરશે તો હું સાફ સાફ જણાવી દઈશ કે તમે આખી રાત લોહી રેડીને શી ધાડ મારી? મોંઢેથી આવી વાતો કહેવાની જીગર ના હોવા છતાં મારા રંગઢંગથી એ સ્પષ્ટ જાહેર થતું હતું કે ભાઈ સાહેબનું દુઃખ મારા પર ન હતું. ભાઈ સાહેબે એ જાણી લીધું. એમની બુદ્ધિ તીવ્ર હતી. એક દિવસે સવારનો બધો સમય ગીલ્લી દંડા રમીને ખાવાના સમયે ઘેર પાછો ફર્યો ત્યારે ભાઈ સાહેબ તલવાર તાણીને મારી સામે કૂદી પડ્યા. – ''આ સાલ પ્રથમ દરજ્જામાં પાસ થઈ ગયો છો એટલે માથું ઠેકાણે રહ્યું નથી. પણ ભાઈ, અભિમાન તો ભલભલાનું ઊતરી જાય છે. તારી શું તાકાત? તેં રાવણની દુર્દશાનો ઈતિહાસ તો વાંચ્યો હશે? એના પાત્ર પરથી તેં શો બોધ લીધો? માત્ર પરીક્ષા પાસ કરવા એ મહત્ત્વનું નથી. મહત્ત્વનું તો છે બુદ્ધિનો વિકાસ થવો તે. જે વાંચો તેનો અર્થ સમજો. રાવણ ભૂમંડલનો સ્વામી હતો. એ ચક્રવર્તી કહેવાતો. આજકાલ અંગ્રેજોનો રાજ્યવિસ્તાર ઘણો જ વધી ગયો છે, પણ એમ ને ચક્રવર્તી કહેવાતા નથી. દુનિયામાં ઘણાય દેશો અંગ્રેજોના આધિપત્યનો સ્વીકાર કરતા નથી. તેઓ સંપૂર્ણ સ્વાધીન છે. રાવણ ચક્રવર્તી હતો. દુનિયાના બધા રાજા એને કર ભરતા હતા. મોટામોટા દેવતાઓ એની ચાકરી કરતા. પણ એનો અંત કેવો આવ્યો? અભિમાને એનું નામનિશાન મિટાવી દીધું. એને પાવળું પાણી પાનાર કોઈ બચ્યું નહીં. માણસે અભિમાન કરવું જોઈએ નહીં.''

શૈતાનની હાલત વિશે પણ વાંચ્યું હશે! એને પણ અભિમાન થયું હતું કે ઈશ્વરનો એનાથી બીજો મોટો કોઈ ભક્ત નથી. આખરે એને સ્વર્ગમાંથી નરકમાં નાખી દેવામાં આવ્યો. એકવાર શાહઆલમને પણ અહંકાર થયો હતો. બિચારો ભીખ માગી માગીને મરી ગયો. તું તો એ

બધાથી આગળ વધી ગયો. તેં તો એક જ ધોરણ પાસ કર્યું છે. એટલામાં તારું તો માથું ભમી ગયું છે. તું તો નસીબજોગે પાસ થઇ ગયો છે. આવું કંઇ વારંવાર થતું નથી. આંધળાનો ઢેખારો કૂવામાં પડવા જેવો ઘાટ થયો છે આ તો!

મારા નાપાસ થવાથી તું રાજી થઇશ નહીં! મારા ધોરણમાં આવીશ ત્યારે નાકે દમ આવશે. એલજીબ્રા જોમેસ્ટ્રી અને ઇંગ્લેંડનો ઇતિહાસ ભણવો એ તો લોઢાના ચણા ચાવવા જેટલું કઠણ છે. બાદશાહોના નામ યાદ રાખવાં એ કંઇ જેવું તેવું કામ નથી. આઠ આઠ હેન્રી થયા છે. કોણ ક્યારે થયો એ યાદ રાખવું એ કંઇ સહેલું છે? ડઝનેક તો જેમ્સ થયા છે. ડઝન બંધ વિલિયમ્સ, ચાર્લ્સ નો તો તોટો નથી. એ બધું યાદ કરતાં તો માથું ભમી જાય! એ અભાગિયાઓને બીજાં નામ જ જડતાં ન હતા. એક જ નામની પાછળ બીજો, ત્રીજો, ચોથો, પાંચમો, છઠ્ઠો, સાતમો એમ જોડવામાં આવતું. મને પૂછ્યું હોત તો એક નહીં, એક લાખ નામ આપ્યાં હોત!

''ભૂમિતિથી તો ભગવાનેય દૂર ભાગે. અ, બ, જની જગાએ અ,બ,બ લખાયું નથી કે ખેલખલાસ થયો નથી. કોઇ પૂછનાર પણ નથી કે અ,બ,જ અને અ,બ,બ માં ફેર શો છે? નકામી બાબતોમાં વિદ્યાર્થીઓનું લોહી શા માટે પીવો છો? દાળ, ભાત, રોટલી ખાઇએ કે રોટલી, ભાત, દાળ ખાઇએ, તેથી શો ફેર પડવાનો હતો? પણ પરીક્ષકોને આ વાત ક્યાંથી સમજાય? એ ઓ તો પુસ્તકમાં લખેલું હોય છે તે જ જુએ છે. વિદ્યાર્થીઓ અક્ષરે અક્ષર ગોખી મારે એનું જ નામ શિક્ષણ પાડવામાં આવ્યું છે. આખરે એ ધડમાથા વગરની વાતો ને ભણવાથી શો લાભ?''

''આ લીટી ઉપર લંબ પડે તો આધાર લંબથી બમણો થઇ જાય. એનું કોઇ પ્રયોજન ખરું? બમણો નહીં, ચાર ગણો થાય કે અડધો રહે. એ બલા સાથે આપણે શી લેવાદેવા? પણ પરીક્ષામાં પાસ થવા યાદ રાખવું પડે એ બધું લખી દીધું – 'સમયની પાબંદી' પર એક ત્રણસો શબ્દોમાં નિબંધ લખો. પણ પછી લખનારે તો નોટ પેન હાથમાં લઇને રડવાનું જ ને?''



''કોને ખબર નથી કે સમયપાલન સારી બાબત છે. એનાથી માણસના જીવનમાં સંયમ આવે છે. બીજા એને ચાહે છે. એના જીવનનો વિકાસ થાય છે. જે વાત બે પાંચ શબ્દોમાં લખી શકાય એને માટે ત્રણસો શબ્દો ચીતરવાની શી જરૂર? એ તો કરકસર નહીં, દુરુપયોગ થયો ગણાય. છતાંય ગમે તેમ કરીને પાનાં ભર્યે જ છૂટકો. વિદ્યાર્થીઓ પર આ જુલ્મ નથી તો બીજું શું છે? સારું છે કે સંક્ષેપમાં ત્રણસો શબ્દોમાં લખવાનું કહે છે, ત્રણસો લીટીમાં લખવાનું નથી કહેતા! આ તો, ધીમે ધીમે ઝડપથી દોડો,' એના જેવો ઘાટ થયો! બાળકને સમજાય એવી સાદી વાતો શિક્ષકોને સમજાતી નથી. મારા ધોરણમાં આવીશ ત્યારે આ બધા પાપડ વણવા પડશે. અને ત્યારે જ કેટલા શેરે મણ થાય છે એની ખબર પડશે! મારી વાત ગાંઠે નહીં બાંધે તો પસ્તાવું પડશે પાછળથી.''

''સ્કૂલનો સમય થવા આવ્યો હતો, પણ આ ભાઇ સાહેબની ઉપદેશગીતા ચાલુ હતી. આજે મને રસોઇ ફિક્કી લાગતી હતી. પાસ થવા છતાં ય જો મારે માથે માછલાં ધોવાતા હોય તો નાપાસ થાઉં તો તો મારો જીવ જ લઇ લે, ભાઇ સાહેબ તો! એમના ધોરણની ભયંકરતાનું એક કારમું ચિત્ર એમણે મારી સામે ખડું કર્યું હતું. હું સ્કૂલ છોડીને ઘેર કેમ નાસી ના ગયો એ જ મને નવાઇ લાગે છે. આટલા બધા તિરસ્કાર પછી પણ મારી પુસ્તકો ઉપરની અરુચિ તો એવીને એવી જ રહી. રમવાની તો એક નાની સરખુ તક હું જવા દેતો ન હતો. વાંચતો હતો, પણ બહુ જ ઓછું. રોજનું ગૃહકાર્ય પૂરું કરતો કે જેથી વર્ગમાં નીચા જોયું ના થાય. છતાં મારો આત્મવિશ્વાસ દિવસે દિવસે ઓછો થતો હતો જાણે!''

વળી પાછી બીજે વર્ષે વાર્ષિક પરીક્ષા થઇ. હું પાસ થઇ ગયો. અને ભાઇ સાહેબ નાપાસ. બહુ મહેનત ના કરવા છતાં વર્ગમાં હું પ્રથમ આવ્યો હતો. મને પોતાને જ એ વાતનું આશ્ચર્ય થતું હતું. ભાઇએ તો તનતોડ મહેનત કરી હતી. એમણે તો જાણે શબ્દેશબ્દ પચાવી નાખ્યો હતો. અને છતાં મને દયા આવતી હતી એમના પર. પરિણામ જાણીને એ રડી પડ્યા. મનેય રડવું આવી ગયું. મારો પાસ થવાનો આનંદ ઓસરી ગયો. હું પણ નાપાસ થયો હોત તો ભાઇને આટલું દુઃખ થયું હોત નહીં. પણ થનારને કોણ મિથ્યા કરી શકે!

મારી અને એમની વચ્ચે હવે એક જ વર્ષનું અંતર રહી ગયું હતું. મારા મનમાં દુષ્ટ વિચાર આવી ગયો કે ભાઈ સાહેબ વધુ એક વાર નાપાસ થાય. એમ થાય તો હું એમની સાથે થઈ જાઉં. પછી ક્યા મોંઢે એ મારી બદનામી કરે! પણ મેં એ દુષ્ટ વિચારને મારા મનમાંથી બળપૂર્વક દૂર હડસેલી નાખ્યો. ગમે તેમ તોય એ મને મારા ભલા માટે લડતા હતા ને! એમની વાત ભલે મને ખટકતી હોય તોય શી ખબર કે મારું વર્ગમાં પ્રથમ નંબરે પાસ થવું એ એમના ઉપદેશોનું પરિણામ ના હોય!?

જો કે ભાઈસાહેબ હવે ઢીલા થઈ ગયા હતા. ઘણીવાર એમણે મારી સાથે ધીરજથી કામ લીધું હતું. એ પોતે સમજતા હતા કે ધમકાવવાનો એમનો અધિકાર એ ગુમાવી બેઠા હતા. મારી સ્વચ્છંદતા પણ હવે વધતી જતી હતી. એમની સહિષ્ણુતાનો ગેરલાભ હું ઊઠાવતો ગયો. મને એમ જ લાગતું હતું કે હું વાંચુ કે ના વાંચુ છતાં પાસ તો થવાનો જ હતો. મને મારા નસીબ ઉપર વિશ્વાસ હતો. તેથી ભાઈ સાહેબની બીકે જે થોડું ઘણું વાંચતો હતો તે પણ બંધ થઈ ગયું. પતંગ ચગાવવાનો નવો શોખ મારામાં જાગ્યો. હું આખો વખત પતંગ ઉડાડ્યા કરતો.આમ છતાં હું ભાઈ સાહેબની મર્યાદા જાળવતો.

એકવાર નમતા પહોરે હોસ્ટેલથી થોડે દૂર એક કપાયેલા પતંગને લૂંટવા દોડી રહ્યો હતો. મારી આંખો આસમાનમાં મંદ ગતિએ ઝૂલતા પતંગ પર હતી. બાળકોનું મોટું ટોળું એ પતંગ પાછળ લંગર અને લાંબા વાંસ લઈ દોડ્યું આવતું હતું. કોઈને આગળ પાછળની કશી ખબર ન હતી. બધા જ જાણે પતંગ સાથે આકાશમાં ઉડતા હતા.

એકદમ મોટાભાઈ ભટકાઈ ગયા. તેઓ બજારમાથી પાછા ફરતા ફરી રહ્યા હતા. મારો હાથ ઝાલી ક્રોધિત સ્વરે કહ્યું – ''આ હલકટ છોકરાઓ સાથે અધેલાની પતંગ માટે પાછળ પાછળ દોડતાં તને શરમ નથી આવતી? આપણે એમના જેવા હલકટ નથી. તેનું તને ભાન છે કે નહીં? અને તું તો હવે આઠમા ધોરણમાં આવ્યો છે. મારાથી એક વર્ષ જ પાછળ છે. માણસે પોતાના મોભાનો તો ખ્યાલ રાખવો જોઈએ ને? એક જમાનામાં તો



આઠ ધોરણ પાસ કરીને નાયબ તાલુકદાર થઈ જવાતું! આઠ ધોરણ ભણેલા તો આજે કેટલાય સુપ્રિન્ટેન્ડેન્ટ ડે.મેજિસ્ટ્રેટ કે મોટા મોટા સમ્પાદક થઈ ગયા છે. ભલભલા બુદ્ધિ માનો એમના હાથ નીચે કામ કરે છે. અને તું એક પૈસાની આ મામૂલી પતંગ પાછળ દોડે છે? મને તારી રીતભાત ઉપર ખેદ થાય છે. તું બુદ્ધિશાળી છે એની ના નહીં, પણ આત્મગૌરવને હાનિ પહોંચાડે એવી બુદ્ધિમત્તાનો શો અર્થ? તને એમ હશે કે હું ભાઈસાહેબથી હવે એક જ ધોરણ પાછળ છું, અને હવે મને કઈં જ કહેવાનો એમનો અધિકાર નથી. તો એ તારી ભૂલ છે. તું મારી સાથે થઈ જાય કે આગલા વર્ષે મારાથી આગળ પણ નીકળી જાય પણ મારી અને તારી ઉંમરમાં પાંચ વર્ષનો જે તફાવત છે એ તું તો શું, ભગવાન પણ નહીં મિટાવી શકે. હું તારાથી પાંચ વર્ષ મોટો છું, અને રહીશ. દુનિયાનો મને જે અનુભવ છે એની સાથે તું એમ.એ., પી.એચ.ડી., કે ડી.લિટ્રેચર થાય તોય મુકાબલો નહીં કરી શકે. માત્ર પુસ્તકો વાંચવાથી જ સમજનો વિકાસ થતો નથી. મા બાપ ભલે ભણેલાં નથી તો પણ એમને આપણને સુધારવાનો અધિકાર મળેલો જ છે. એમને દુનિયાનું ઝાઝુ વાસ્તિવિક ભાન છે.''

''ઈશ્વર કરે ને હું બિમાર પડી જાઉં તો પિતાજીને તારથી ખબર આપવા સિવાય તને બીજું શું સૂઝે? પણ જો તારી જગાએ પિતા હોય તો ન તો એ ગભરાઈ જાય કે ન તો તાર કરવાનું વિચારે. પહેલાં તો એ જાતે જ રોગને પારખીને ઘરગથ્થું ઉપચાર કરે અને એમાં સફળતા ના મળે તો પછી ડૉક્ટરને બોલાવે. આપણને તો મહિનાનો ખર્ચ અવેરીને મહિનો ચલાવતાંય નથી આવડતું. જ્યારે એટલા પૈસામાં તો બાપાએ અડધી જિંદગી વીતાવી નાખી હતી. આપણે હેડમાસ્તર તરફ નજર કર્ય જરા! ઓક્સફર્ડ યુનિવર્સિટીના એમ.એ. છે. પણ એમના ઘરની વ્યવસ્થા કોણ સંભાળે છે ખબર છે? એમની ઘરડી મા. હેડમાસ્તર સાહેબની પદવી ત્યાં કામ નથી આવતી. પહેલાં જાતે જ કારભાર ચલાવતા. પણ ત્યારે ખર્ચને પહોંચી વળાતું નહીં. દેવાદાર રહેતા હતા. પણ એમની માએ કારભાર હાથમાં લીધા પછી ઘરમાં જાણે સાક્ષાત્ લક્ષ્મીદેવીની પધરામણી થઈ. એટલે તારા મનમાં વહેમ હોય કે હું મોટાભાઈની સાથે થઈ ગયો છું તો એ વહેમ કાઢી નાખજે. તું સ્વતંત્ર નથી. મારા દેખતાં તું સ્વચ્છંદી નહીં બની શકે. જો તું મારી વાત નહીં

માને તો હું આનો પણ ઉપયોગ કરીશ. એમ કહેતાં એમણે હાથનો પંજો બતાવ્યો.''

એમની આ નવી યુક્તિથી મારું માથું ઝૂકી ગયું. મને ખરેખર આજે મારી લઘુતા સમજાઇ. અને મોટાભાઇ પ્રત્યે મારા મનમાં શ્રદ્ધા ઉત્પન્ન થઇ. મેં રડતાં રડતાં કહ્યું – ''ના, ના, કદાપિ નહીં. આપનું કહેવું તદ્દન સાચું છે અને આપને એમ કહેવાનો પૂરેપૂરો અધિકાર છે.''

ભાઇએ મને ગળે વળગાડી દીધો. મારી પીઠ થાબડતાં બોલ્યા – ''પતંગ ઊડાડવી એ ખોટું નથી. મારો પણ જીવ લલચાય છે. પણ જો હું જ ગેરમાર્ગે ચાલું તો તને શી રીતે સાચવી શકું? મારું તો એ કર્તવ્ય છે.''

સંજોગોવશ કપાયેલો એક પતંગ અમારી ઉપરથી એ સમયે પ્રસાર થયો. એનો દોર લટકતો હતો. છોકરાઓ નું એક ટોળું પાછળ પાછળ દોડ્યું આવતું હતું. મોટાભાઇ તો ઊંચા વધારે. એમણે કૂદીને લટકતો દોર પકડી લીધો. અને અધીરાઈથી હોસ્ટેલ તરફ નાઠા. હું પણ પાછળ પાછળ દોડતો હતો.





# વેદનાનું બીજું સ્વરૂપ

સદ્‌ગત દેવનાથ મારા ખાસ મિત્ર હતા. આજે પણ એમને યાદ કરતાં મારી આંખોમાં આસું ઊભરાઇ આવે છે. મારી અને એમની વચ્ચે ખાસ્સું અંતર હતું. હું લખનૌમાં રહેતો હતો. અને એ દિલ્હીમાં. તેઓ સ્વતંત્ર પ્રકૃત્તિના વિનોદપ્રિય, સહૃદયી, ઉદાર અને મિત્રો માટે પ્રાણ આપી દે એવા માણસ હતા. એમને પારકા પોતાના કોઇ ભેદ ન હતા. સંસાર ના લૌકિક વ્યવહારો જાણવાની એમણે કદી ઇચ્છા પણ નહીં રાખેલી.

મિત્રોએ એમની નિષ્કપટતાનો ઘણો મોટો લાભ લીધેલો તોય એમના વ્યવહારમાં કોઇ ઉણપ આવેલી નહીં. એમની દુનિયા નિરાળી હતી. એમાં શંકા કુશંકા કે ચાલાકીને કોઇ સ્થાન ન હતું. હું વારંવાર એમને ચેતવણી આપતો પણ પરિણામ શૂન્ય આવતું. મને એમના એ સ્વભાવના આવનારા પરિણામની સતત ચિંતા થયા કરતી. પણ વિધિની વક્રતા તો જુઓ! એમની પત્ની ગોપા પણ એ જ બીબામાં ઢળાયેલી. આપણી સ્ત્રીઓ જેવી નિપુણતા એનામાં ન હતી. પતિની અસાવધાની ઉપર એ કશું નિયંત્રણ મૂકી શકતી નહીં. બિચારી સીધી સાદી સ્ત્રી! કોઇ મોજશોખ પણ નહીં. મને દેવાનાથના મૃત્યુના સમાચાર મળ્યા અને જ્યારે હું દિલ્હી ગયો ત્યારે મેં જોયેલું કે ઘરમાં થોડાં ઘણાં વાસણ કૂસણ સિવાય ખાસ કોઇ સંપત્તિ હતી નહીં. દેવનાથને ચાલીસેક વર્ષ પરાણે થયેલાં. આમતો તો બાળકબુદ્ધિ એમના સ્વભાવમાં જ હતી, છતાં એ ઉંમરે મોટે ભાગે બધા નિષ્ફિકર ક્યાં નથી હોતા! એમને પહેલાં એક છોકરીની ભેટ મળેલી. પછીથી બે છોકરા જન્મેલા એમને ઘેર પણ એ તો બાળપણમાં જ ઇશ્વરને ઘેર ચાલ્યા ગયેલા. બચી હતી માત્ર દિકરી. અને એ જ તો એમના કુટુંબની સૌથી મોટી કરુણતા હતી. આ છોકરીના લગ્નની ચિંતા મનેય સતાવી રહી હતી.

પણ મને અનુભવ હતો કે સેવાભાવી લોકોના કુટુંબને મદદ કરવાવાળાની ખોટ હોતી નથી. હા, એ સાચું છે કે આ કોઈ અફર નિયમ ન હતો. દેવનાથે મદદ કરી હોય એવા ઘણાય હતા કે જેમને દેવનાથના પરિવારની ચિંતા કરવા શુદ્ધાંની પરવા ન હતી. ગમે તેમ પણ દેવનાથના થોડાક હિતેચ્છુઓએ વિધવા પત્ની ગોપાના જીવનનિર્વાહ માટે ભંડોળ એકઠું કરવાનું વિચાર્યું. એક બે વિધુર સજ્જનોએ ગોપા સાથે નાતરું કરવા વિચાર્યું હતું. પણ સ્વાભિમાની ગોપાએ એ વાતનો સાફ સાફ અસ્વીકાર કરી દીધો. ઘર મોટું હતું. એક ભાગ એનો ભાડે આપવામાં આવ્યો હતો. મહિને પચાસ રૂપિયા મળી જતા. એનાથી એ ગુજારો કરી લેતી. જે કંઈ ખર્ચ થતું એ સુન્ની માટે થતું. એને પોતાને તો જીવનમાં હવે કોઈ ઉમંગ ન હતો.

એક મહિના પછી મારે કેટલાંક વહીવટી કારણોસર પરદેશ જવાનું થયું. ત્યાં બે વર્ષ વીતી ગયાં. ગોપાના પત્રો નિયમિત આવતા. એના કુશળના સમાચાર સિવાય એ ખાસ લખતી નહીં. પણ મને વાસ્તવિકતાની તો પાછળથી ખબર પડી કે એણે ઘણીબધી બાબતો મારાથી છુપાવી હતી.

વિદેશથી પાછો ફરી હું દિલ્હી પહોંચ્યો. ઘરના બારણે પગ મૂકતાં જમને રડવું આવી ગયું. મૃત્યુંના માતમ જેવું છવાયેલું કળાયું. મિત્રોની રાવટી જામતી એ ઓરડો બંધ હતો. ઠેરઠેર કરોળિયાનાં જાળાં બાઝયાં હતાં. દેવાનાથ ના ગયા પછી વૈભવ પણ ચાલ્યો ગયો હતો. દેવાનાથ જાણે ઘરને બારણે ઊભો રહી હસી રહ્યો હોય એવો મને અનુભવ થયો. હૃદય ધબકતું બંધ થઈ ગયું જાણે!

બારણું ઉઘડ્યું. ગોપા વગર બારણું ઉઘાડનાર બીજું કોણ હોય! મારા આગમનની એને ખબર હતી તેથી જ નવી સાડી પહેરીને તથા વાળ બરાબર ઓળીને તૈયાર થઈ ગઈ હતી. પણ બે વર્ષમાં એણે અનુભવેલા આઘાતને તો એ શી રીતે સંભાળી શકે? જીવનની વસંત મહોરવાના સમયે જ ગોપાના જીવનમાં પાનખર પ્રગટી ચૂકી હતી. ચહેરા ઉપરની લાલિમા કાળાશમાં ફેરવાઈ ગઈ હતી. વાળ કવેળાએ સફેદ થઈ ગયા હતા.

મેં કરુણ સ્વરે પૂછ્યું – ‘‘તું બિમાર હતી, ગોપા?’’





‘‘ના, મને તો માથુંય દુઃખ્યું નથી કોઈ દિવસ.’’

‘‘તો પછી તારી આવી દુર્દશા? આમ કસમયે ઘડપણ ક્યાંથી આવી ગયું?’’

‘‘તે હવે જુવાન થઈને કરવુંય શું છે? પાંત્રીસ ઉપર તો થઈ ગયાં.’’

‘‘તે પાંત્રીસ કંઈ વધારે ના કે’વાય!’’

‘‘વધારે જીવવું હોય એને માટે તો બહુ ના કહેવાય. પણ હું તો હવે જલ્દીથી મરવા ઈચ્છું છું. હવે સુન્નીના લગ્નની જ એકમાત્ર ચિંતા છે. એ એક કામ ઉકલી જાય પછી મને કોઈ ફિકર નહીં થાય.’’

ગોપાના ઘરમાં ભાડે રહેનાર સજ્જનની બદલી થયા પછી કોઈ બીજો ભાડૂઆત ત્યાં રહેવા આવ્યો ન હતો. મને ઘેરી વેદના થઈ. આટલા દિવસ એમનું ભરણ પોષણ શી રીતે થયું હશે?!

‘‘પણ મને જણાવ્યું કેમ નહીં, તેં? શું હું પારકો છું?’’ મેં કહ્યું.

શરમ અનુભવતી ગોપા બોલી – ‘‘ના એવું તો નથી તમને પારકા ગણું તો પછી પોતાનાં કોને ગણવાં? તમને પરદેશમાં તમારા કામની ચિંતા હોય ત્યાં મારી ચિંતાનો ભાર ક્યાં વધારવો? ગમે તેમ કરીને દિવસો તો ખૂટી ગયા. થોડાક ઘરેણાં હતાં ને! હવે સુનીતાના લગ્નની ચિંતા છે મને હતું કે આ ઘર વેચી નાખીશ તો વીસ બાવીસ હજાર તો મળી જશે. વિવાહ પણ થઈ જશે ને થોડું ઘણું મારે માટે પણ બચી જશે. પણ પાછળથી જાણવા મળ્યું કે મકાન તો પેહેલેથી ગીરો મૂકાઈ ગયુંલું. વ્યાજની રકમ મળીને લગભગ વીસ હજારની રકમ થઈ ગઈ હતી. મહાજનની એટલી દયા હતી કેમને ઘર બહાર હડસેલી ના મૂકી. હવે એમની પાસેથી કોઈ જ આશા રાખી શકાય નહીં, બહુ કાલાવાલા કરીએ તો માંડ માંડ બે અઢી હજાર મળી જાય. એટલામાં શું થાય? એની ચિંતામાં મને ઉંઘેય નથી આવતી. અરે! પણ હું કેટલી સ્વાર્થી છું! મેં તમને હાથપગ ધોવાનું પાણીય આપ્યું કે કોઈ ચા

પાણીનો ભાવ પૂછ્યો. હું તો મારા દુઃખનાં રોદણાં રડવા બેસી ગઈ. જુઓ હવે આપ હાથપગ ધોઈને બેસો નિરાંતે. થોજું ખાવા પીવાનું લઈ આવું. ઘેર કુશળ તો છેને બધાં?''

મેં કહ્યું – ''હું તો મુંબઈથી સીધો જ આવ્યો છું. ઘેર ગયો છું જ ક્યાં?''

ગોપાએ તિરસ્કારભાવે મારા તરફ જોયું. પણ એ તિરસ્કારમાં ઘનિષ્ઠ આત્મીયતા વર્તાતી હતી. મને લાગ્યું કે એના ચહેરા પર જાણે તાજગી આવી હતી! એણે કહ્યું – ''એનું પરિણામ એ આવશે કે તમારી પત્ની હવે તમને ફરી ક્યારેય અહીં આવવા દેશે નહીં.''

''હું કોઈનો ગુલામ નથી.''

''બીજાને પોતાનો ગુલામ બનાવતા પહેલાં આપણે પણ કોઈકના ગુલામ બનવું પડે છે.''

ઠંડીની ઋતુ હતી. સંધ્યા ઢળી ચૂકી હતી. સુનીતા ફાનસ લઈ ઓરડામાં આવી. એ હવે રૂપવાન યુવતી બની ગઈ હતી. જેને ખોળામાં બેસાડીને હું લાડપ્યાર કરતો હતો એને હવે આંખ ઊંચી કરીને જોઈ પણ ના શક્યો. મારે ગળે વળગીને જે ખડખડાટ હસતી હતી એ મારી સામે ઊભી પણ રહી શકી નહીં. જાણે એ મારાથી કશુંક છુપાવવા ચાહતી હતી!

મેં પૂછ્યું – ''ક્યા ધોરણમાં ભણે છે, સુન્ની?''

''દસમાં ધોરણમાં.''

''ઘરનું કામકાજ કરે છે કે નહીં?''

''મા કરવા દે તો કરું ને?''

ગોપીએ કહ્યું – ''હું નથી કરવા દેતી કે તું તારી જાતે જ નથી કરતી?''



સુન્ની હસતી હસતી ચાલી ગઈ. ગોપાએ ફરી સુન્નીના લગ્નની વાત ઉપાડી. ગોપા પાસે એના સિવાય બીજી વાત પણ કઈ હતી? છોકરા ઓ ઘણા મળે છે પણ એમનામાં થોડીક આવડત જોઈએ ને? છોકરીને મનમાં એમ ના થવું જોઈએ કે બાપ નથી એટલે મારે માટે છોકરો સારો ના શોધ્યો. છેવટે ગોપાએ બીતાં બીતાં લાલા મદારીલાલના દીકરાની વાત મૂકી.

મેં સાશ્ચર્ય એની તરફ જોયું. લાલા મદારીલાલા પહેલાં ઈજનેર હતા. હવે એ નિવૃત્ત થઈ પેન્શન મેળવતા હતા. લાખો રૂપિયા એકઠા કરવા છતાં એમની ધનલાલસા સંતોષાઈ ન હતી.

મેં કહ્યું – ''મદારીલાલ તો દુર્જન માણસ છે.''

ગોપાએ દાંતવચ્ચે જીભ કરડતાં કહ્યું – ''અરે, ના ભાઈ, તમે એમને જાણતા નથી. મારી ઉપર એમની ઘણી કૃપા છે. કોઈ કોઈ વાર અહીં આવીને મારા સમાચાર પૂછતા હતા. છોકરો તો એવો સરસ છે કે વાત ના પૂછો! એમને ત્યાં ખોટેય શી વાતની છે! હા, એ પહેલાં લાંચરુશ્વત ખૂબ લેતા હતા, પણ અહીં તો ધર્માત્માય કોણ છે હવે? હાથમાં આવેલી તક કોણ ગુમાવે? અને મદારીલાલે તો દહેજનીય ના પાડી છે. એમને તો બસ કન્યા જ જોઈએ છીએ. સુન્ની એમના મનમાં વસી ગઈ છે.''

ગોપાના ભોળપણ પર મને દયા આવી. પણ બીજા માટે એના મનમાં અવિશ્વાસ ઉત્પન્ન કરવાની શી જરૂર? કદાચ મદારીલાલ પહેલાં જેવા ના પણ હોય. મનની ભાવનાઓ તો બદલાઈ પણ જતી હોય છે.

અધકચરા સંમતિસૂચક ભાવે મેં કહ્યું – ''પણ તમારામાં અને એમનામાં કેટલો બધો તફાવત છે એ તો જરા વિચારો! એને ક્યાંથી પહોંચી વળાય?''

પણ ગોપાના મનમાં તો વાત બરાબર ઠસી ગઈ હતી. સુન્ની ને રાણી બની રહી શેક એવા ઘરમાં વળાવવા ઈચ્છતી હતી એ.

બીજે દિવસે સવારે હું મદારીલાલ પાસે વાત લઈ ગયો. પણ એમણે મને જે કહ્યું એ સાંભળીને તો હું દંગ રહી ગયો. એ લોભી હશે. પણ અત્યારે તો ઉદાર, સહૃદય અને વિનયશીલ જ લાગેલા. તેમણે કહ્યું –

"દેવનાથને હું ક્યાં નથી ઓળખતો? એ તો રતન હતું રતન. એમની દિકરી મારે ઘેર પગલાં પાડે એવું ભાગ્ય મારું ક્યાંથી હોય! આપ એની માને રહેજો કે મારે કોઈ વસ્તુની જરૂર નથી. ઈશ્વરની દયાથી મારા ઘરમાં બધું જ છે. હું એમને દુ:ખી કરવા નથી માગતો."

મારું હૈયું હળવું થયું. બીજાની ભંભેરણીથી અન્યને વિશે આપણે કેવું કેવું ખોટું ખોટું ધારી લઈએ છીએ એનો અનુભવ થયો. ગોપાને મેં આવીને શુભ સમાચાર જણાવ્યા. ઉનાળામાં લગ્ન લેવાનું નક્કી કરવામાં આવ્યું.

ચાર મહિના ગોપાએ લગ્નની તૈયારીમાં વીતાવ્યા. મહિનામાં એકવાર હું એને મળવા આવતો. પણ દરેક વખતે દુ:ખી થઈ પાછો ફરતો. ગોપાએ પોતાના કુળની મર્યાદાનો કોણ જાણે કેટલો મહાન આદર્શ નજર સામે રાખ્યો હતો. એ એટલી ભ્રમિત બની હતી કે એનો ઉત્સાહ આખા નગરમાં એક સ્મૃતિચિહ્ન જાણે ના બની રહેવાનો હોય! હરેક ક્ષણે એને દેવનાથની યાદ સતાવતી હતી એ વિચારતી હતી કે – "જો એ હોત તો આ કામ આમ ના થાત, આમ થાત" – અને એ ક્યાંય સુધી રડ્યા કરતી.

મદારીલાલ સજ્જન છે. એ સાચું! તેમ છતાં ગોપાનો એની દિકરી પ્રત્યે પણ કોઈક ધર્મ છે. એને ક્યાં પાંચ દસ દિકરીઓ હતી! એ તો તનમનથી એનાં અરમાનો પૂરાં કરશે. સુન્નીને માટે એણે તૈયાર કરાવેલાં ઘરેણાં અને કપડાં જોઈ મને આશ્ચર્ય થયું. જ્યારે જુઓ ત્યારે કામમાં જ ડૂબેલી દેખાતી. કોઈવાર ગાંધી ને ત્યાં બેઠેલી તો કોઈકવાર કંદોઈને ત્યાં બેઠેલી જણાતી. મહેમાનોના સ્વાગતની વ્યવસ્થા એ વિચારતી. ફળિયામાં કોઈક જ એવો ધનાઢ્ય માણસ હશે જેની પાસેથી એણે પૈસા નહીં લીધા હોય! એ તો એને દેવું સમજતી હશે પણ આપનાર તો એને દાન સમજીને જ આપતા હતા. સૌ કોઈ લગ્નના કામમાં એને મદદ કરતું હતું. સુન્ની આખા ફળિયાની દિકરી હતી.

ગોપા! એકલી અટૂલી સ્ત્રી. એમાંય બિચારી નિર્બળ. શું શું કરે? બીજાઓ પાસે કરાવેલા કામથી એને સંતોષ થતો નથી છતાં એ હિંમત નથી હારતી.

છેલ્લીવાર એની દશા જોઈ મારાથી રહેવાયું નહીં. મેં કહ્યું –



"ગોપાદેવી, જો મરવું જ હોય તો સુન્નીના લગ્ન બાદ મરવાનું રાખજો. મને બીક છે કે લગ્ન પહેલાં તમે ચાલ્યાં જાઓ નહીં."

ગોપા હસીને બોલી – "ભાઈ, એની ચિંતા ના કરશો. વિધવાનું આયુષ્ય ટૂંકું નથી હોતું. મારી ઈચ્છા છે કે સુન્નીના હાથ પીળા કરીને જ હું જાઉં. હવે વધારે જીવીને શું કામ છે? શું કરું, જરા વિચારો. જો વિઘ્ન આવી ગયું તો બદનામીનો પાર નહીં રહે. આ ચાર મહિનામાં તો મહાપરાણે કલાકેક ઊંઘી હોઈશ. ઉંઘ પૂરી નથી આવતી તોય મારું મન તો પ્રસન્ન જ રહે છે. હું મરીશ કે જીવીશ, પણ મને એ વાતનો સંતોષ છે કે સુન્નીના બાપ જીવતા હોત અને જે કરી શકયા હોત એ મેં પણ કરી નાખ્યું છે. મદારીલાલની સજ્જનતા પ્રમાણે મારે પણ મારી આબરૂ તો સાચવવી જ પડે ને!"

એક સ્ત્રીએ આવીને કહ્યું – "બહેન! જરા આવીને જોઈ તો લ્યો કે ચાસણી થઈ છે ને બરાબર! ગોપા ગઈ અને તરત જ પાછી આવી બોલી – "થાય છે કે માથું પછાડીને મરી જાઉં! ચાસણી એવી તો કડક થઈ ગઈ છે કે લાડુ ખાતાં તો દાંતનાં ચાડાં આખે આખાં બહાર આવી જશે. કોને કહેવું મારે?"

મેં ગુસ્સે થઈ કહ્યું – "તું ખોટી માથાકૂટ કરી રહી છે આ બધી! કોઈ કંદોઈને બોલાવીને મિઠાઈ પડાવી લીધી હોય તો! અને તારે ત્યાં મહેમાનેય કેટલા આવવાના છે? બે પાંચ મિઠાઈ શું ઓછી હતી?"

વ્યથાપૂર્ણ આંખોએ ગોપાએ મારી સામે જોયું. મારી વાતથી એનું મન કોચવાયું. એ વખતે વાતવાતમાં એને ગુસ્સો આવી જતો હતો. એણે કહ્યું – "ભાઈ, તમને એની કશી ખબર ના પડે. તમને મા બનવાની કે પત્ની બનવાની કોઈ તક ક્યાં મળી છે? સુન્નીના બાપની કેવી બોલબાલા હતી? એમના પ્રતાપે કેટલા માણસો જીવતા હતા? તમે શું એ નથી જાણતા? એમની જાવાબદારી હવે મારે માથે છે. હું તો હમેશાં એમને મારી અંદર બેઠલા અનુભવતી આવું છું. જે કંઈ કરી રહ્યા છે એ, એ કરી રહ્યા છે. હું વિધવા સ્ત્રી એકલી શું કરી શકવાની હતી? એ તો મારા પથદર્શક છે, મારા રાહબર છે. દેહ મારો છે પણ આત્મા તો એમનો જ છે. તમે તો એમના મિત્ર છો તમે સેંકડો રૂપિયા ખર્ચીને આટલા દુ:ખી થાઓ છો, તો હું તો આલોક અને

પરલોકમાં એમની સહગામિની છું.''

હું ચૂપચાપ સાંભળી રહ્યો.

જૂનમાં લગ્ન થઇ ગયું. ગોપાએ એની શક્તિ કરતાં અનેક ઘણું વધારે આપ્યું, છતાં એને સંતોષ થયો નહીં એ એના પતિને સંભારીને રડતી હતી.

ઠંડીના દિવસોમાં હું ફરીવાર દિલ્હી ગયો. મને એમ કે ગોપા હવે સુખી હશે. છોકરીનાં ઘર અને વર બંન્ને સારાં હતા. ગોપાને એ સિવાય બીજું જોઇએ પણ શું? પણ સુખ એના ભાગ્યમાં ન હતું.

હજુ તો કપડાંય ઉતારી શક્યો ન હતો કે એણે એનાં રોદણાં રોવાનું શરૂ કરી દીધું. – ''ભાઇ, ઘરબાર સારાં છે. સાસુ સસરા પણ ભલાં ભોળાં છે. પણ જમાઇ નાલાયક નીકળ્યો. સુન્ની બિચારી રડી જળીને દિવસો વીતાવે છે. તમે જો એને જુઓ તો ઓળખી પણ ના શકો એવી થઇ ગઇ છે એની હાલત. હવે તો એનો પડછાયો માત્ર બચી ગયો છે જાણે. હમણાં થોડા દિવસ પહેલાં જ્યારે એ આવી ત્યારે એની દશા જોઇને તો મારું કાળજું ચીરાઇ ગયું હતું. કપડાં લત્તાનું ભાન પણ ન હતું. મેં તો સુન્નીની આવી દુર્દશા વિશે સ્વપ્નામાંય આવું વિચાર્યું ન હતું. એતો ગાંડા જેવી થઇ છે. મેં તો એને ઘણીય પટાવી. કહ્યું ''બેટા! તારાથી કોઇ ભૂલ થઇ છે? એ તારી ઉપર નાખુશ કેમ છે? શાથી એ તારી સાથે બોલતા નથી?'' પણ એ મગનું નામ મરી નથી પાડતી. રડ્યા કરે છે. અરેરે! મેં કાળમુખીએ સુન્નીને કૂવામાં નાખી દીધી...!''

મેં કહ્યું – ''એનાં સાસરિયાં પાસેથી ભાળ મળી કંઇ?''

''બધી ભાળ મળી ગઇ. જમાઇ ઇચ્છે છે કે એ ગમે તે રસ્તે જાય તો સુન્ની એની સેવાપૂજા કરતી રહે. અક્ષરેય બોલે નહીં. ક્યાં સુધી સહન કરે એ? એ કેટલી અભિમાનીછે એ તો તમે ક્યાં નથી જાણતા? પતિનો દુર્વ્યવહાર મૂંગે મોંએ સહન કરીને એને દેવ માની પગલાં પૂજનારી સ્ત્રીઓ જેવી એ નથી. એના બાપનેય એનું ગૌરવ હતું. અને મારી તો એ આંખોની પૂતળી હતી. ધણી એવો રઝળતો નીકળ્યો કે અડધી રાત સુધી ઘેર આવતો નહીં. બંન્ને વચ્ચે શો મતભેદ પડ્યો એની ખબર નથી. પણ બન્યું હતું જરૂર



કશુંક. સુન્નીની એને નથી પડી. સુન્ની એની પરવા નથી કરતી એને તો સુન્ની ને બદલે મુન્ની છે. સુન્નીની એ ઉપેક્ષા કરે છે. સુન્ની રડ્યા કરે છે.''

મેં કહ્યું – ''પણ તેં સુન્નીને સમજાવી નહીં?''

આંખમાં આસું સાથે તેણે જવાબ આપ્યો – ''સુન્નીને જોઉં છું ને મારું લોહી બળી જાય છે. શી રીતે સમજાવું એને? હવે તો થાય છે કે એને મારી આંખો આગળ રાખું. સુનિતા મૂર્ખ હોત, બે દાણા વગરની હોત, એની જીભ ઉપર કાબૂ ન હોત, કામચોર હોત, દેખાવે સુઘડ અને સુંદર ન હોત તો તો જાણે સમજ્યા, શું મારે એને એમ કહેવું કે – ''તારા પતિનો અત્યાચાર સહન કરીને પણ તું તેની પૂજા કર? હું પોતે હોઉં તો પણ એવું અપમાન સહન ન કરી શકું. લગ્નની પહેલી શરત જ એ છે કે પતિ પત્ની તન મનથી એકબીજાંનાં થઇ જાય! પત્ની આત્મસમર્પણ કરીને આત્મસમર્પણની ખેવના રાખે છે પોતાના માટે. પતિ જો એને માટે એમ ના કરી શકે તો એ એની સાથેનો જીવન ભરનો સંબંધ તોડી નાખે છે.''

ગોપા અંદર ગઇ. ઘરેણાંની પેટી લાવીને તેમાંનાં ઘરેણાં બતાવતા કહ્યું – ''સુન્ની અહીં આ ઘરેણાં મૂકવા આવી હતી. અપાર મુસીબતો સહન કરીને મેં આ ઘરેણાં એને માટે બનાવડાવ્યાં હતાં. ભીખ માગીને મેં એ માટે પૈસા એકઠા કર્યા હતા. સુન્ની હવે આ ઘરેણાં સામે આંખ ઊંચી કરીને જોતી પણ નથી. હવે એ કોને માટે પહેરવાં? હવે કોને માટે શણગાર સજવાનો? પાંચ પેટી ભરીને તો મેં કપડાં આપ્યાં હતાં. કપડાં સીવતાં સીવતાં તો મારી આંકો પણ ફૂટી ગઇ હતી. આબધી વસ્તુઓ માટે એને હવે નફરત થઇ ગઇ હતી. બસ હવે બે કાચની બંગડીઓ અને એક સાડી સિવાય એ કશું જ પહેરતી નથી.''

મેં આશ્વાસન આપતાં ગોપાને કહ્યું – ''હું જઇને કેદારનાથને મળીશ. જોઉં તો ખરો માણસ કેવો છે?''

ગોપાએ હાથ જોડીને કહ્યું – ''ના, ના. ભૂલે ચૂકેય ના જતા ત્યાં. સુન્ની જાણશે તો જીભ કચડીને મરી જશે. એ છે જ વટનો કટકો. દોરડી બળે પણ વળ ના છૂટે! જેની સાથે છેડો ફાડી નાખ્યો છે એને બારણે એ મરતાં સુધી પગ નહીં મૂકે.''

મેં ગોપા સાથે વધારે ચર્ચા કરી નહીં, પણ તક મળતાં જ હું મદારીલાલને મળ્યો. મારે સાચી વાત જાણવી હતી, બંન્ને પિતા પુત્ર એક સાથે, એક સમયે મળી ગયા. મને જોતાં જ કેદારે ઝૂંકીને ચરણ સ્પર્શ કર્યો. એના વિવેક ઉપર હું મુગ્ધ થઇ ગયો. તરત જ અંદર જઇ મારા માટે એ ચા નાસ્તો લઇ આવ્યો. આટલો સૌમ્ય, સુશીલ, સંસ્કારી અને વિનમ્ર યુવાન બીજો મેં જોયો ન હતો. મારી સાથે જ્યા સુધી એ બેઠો હતો ત્યાં સુધી માથું ઉંચું કરીને એણે જોયું શુદ્ધાં નથી. એનામાં જરાપણ ઉધતાઇ કે ઉદ્દંડતા ન હતાં.''

કેદારના ટેનિસ રમવા ગયા પછી મેં મદારીલાલ સાથે મૂળ વાત છેડી – ''કેદારબાબૂ ખૂબ જ વિનયશીલ જણાય છે, પછી પતિ પત્નીમાં અણબનાવ શાથી થયો?''

ક્ષણવાર વિચાર કરતાં મદારીલાલે કહ્યું – ''કારણ તો બીજું શું હોય. મને લાગે છે કે બંન્નેને એમનાં માવતર તરફથી વધુ પડતાં લાડપ્યાર મળ્યાં છે એનું જ આ પરિણામ છે. વધારે પ્રેમ સંતાનોને સ્વચ્છંદ બનાવી દે છે. હું તો રાત દિવસ સખત વૈતરું કરતો હતો. મારું સ્વાસ્થ્ય પણ સારું ન હતું. મનમાં વારંવાર એમ થતું કે થોડુંક ધન એકઠું કરી લઉં જેથી બાળ બચ્ચાંને ભિખ માગવાની વેળા ના આવે! પરિણામે મફતનું ધન મળવાની એ મહાશય આઝાદ થઇ ગયા છે. પછી તો વાત શી કરવી! શરાબના ફુવારા ઊડવા લાગ્યા. નાટક ચેટકમાં જીવ લાગી ગયો. એકનો એક દીકરો! ધનની ખોટ નહીં! દિવસે દિવસે ભોગ વિલાસ વધ્યાં. રંગરાગ ઘેરાં થયાં. મને હવે ચિંતા થવા લાગી. મેં એનું લગ્ન કરવા વિચાર્યું. મને એમ કે જવાબદારી વધશે એટલે આવી જશે સીધે રસ્તે. એટલામાં ગોપાદેવીનું કહેણ આવ્યું. ને મેં વાત પાકી કરી દીધી. સુન્નીને તો મેં જોઇ જ હતી. ખૂબ જ હઠાગ્રહી, અબોધ, આદર્શવાદિની, એનામાં સહનશીલતાનો તો છાંટોય ના મળે. જીવનમાં સમાધાનનું શું મૂલ્ય છે એની એને શું ખબર! વજ્રા થી વજ્રા અથડાયું! એ કેદારને અભિમાનથી વશ કરવા ઇચ્છે છે કે નફરતથી એ આજેય રહસ્ય બની રહ્યું છે. સાહેબ! મને વહુનો દોષ વધારે જણાય છે.''

છોકરાઓને લાઇન પર લાવવાની જવાબદારી આખરે તો છોકરીની જ હોય છે ને! એની પાસે સેવા, સમર્પણ, અને પ્રેમ જેવાં હથિયાર





હોય છે. પુરુષ ઉપર એથી જ એ વિજય મેળવે છે. પણ અફસોસની વાત એ છે કે સુનીતામાં એ ત્રણમાંનો એક પણ ગુણ નથી. ખરાબે ચઢેલું વહાણ શી રીતે કિનારે પહોંચશે એ તો ભગવાન જાણે!

એટલામાં સુન્ની ઘરમાંથી બહાર આવી. સોનું તપી તપીને જાણે રાખ થઇ ગયું હતું. ધૂળમાં રગદોળાઇ ગયેલી આશાઓનું ચિત્ર આથી સુંદર બીજું કયું હોઇ શકે! ફરિયાદ કરતી હોય એમ એણે કહ્યું – ''અરે! આપ ક્યારના અહીં બેસી રહ્યા છો? મને ખબરેય ના કરી! એ તો ઠીક છે કે હું આવી બહાર, નહીં તો મને મોં બતાવ્યા વગર જ ચાલ્યા જાત ને?''

આંખમાં ઉમટતાં આંસુઓ અટકાવી મેં કહ્યું – ''ના રે સુન્ની! એમ તો શી રીતે બને! હું તને મળવા જ આવતો હતો ત્યાં તો તું જ આવી ગઇ.''

મદારીલાલ એમની મોટરની સાફસૂફી કરાવતા હતા. કદાચ સુન્ની સાથે વાત કરવાનો મોકો મને મળે એથી જ એમણે આમ કર્યું હશે!

સુન્નીએ પૂછ્યું – ''મા તો સારી છે ને?''

''હા. પણ તારી આવી દુર્દશાનું કારણ?''

''અરે હું તો ઠીક જ છું.''

''સુન્ની! શું હકીકત છે. તમારી વચ્ચે શાનો અણબનાવ છે? તારી મા મરવા પડી છે. તારી પણ એ જ હાલત છે. જરા વિચારીને કામ લો.''

સુન્નીના માથે જાણે વીજળી ત્રાટકી. એણે કહ્યું – ''કાકા, તમે આ વાત નકામી ઊભી કરો છો, મેં તો મારા આ દુર્ભાગ્યને સ્વીકારી લીધું છે. જ્યાં મારી કોઇ કદર કિંમત ના હોય ત્યાં જીવવા કરતાં મરવું એ જ વધારે ઇષ્ટ છે. હું ટેકના બદલામાં ટેક ઇચ્છું છું. સ્વમાનના બદલામાં સ્વમાન, પ્રેમના બદલામાં પ્રેમ. જીવનનું એ જ સાચું રહસ્ય છે. આ બાબતમાં હું કાંઇ પણ સમાધાન સ્વીકારવા તૈયાર નથી. પછી પરિણામ ભલે જે આવવાનું હોય તે આવે!''

''પણ...''

"ના, કાકા! આ બાબતમાં મને હવે એક શબ્દ પણ ના કહેશો, નહીં તો હું અહીંથી ચાલી જઇશ."

"અરે પણ જરાક વિચાર તો..."

"હું બધું જ વિચારી ચૂકી છું. મારો નિર્ણય આખરી અને અફર છે. પશુંને માણસ બનાવવાનું મારું ગજુ નથી."

આટલું સાંભળ્યા પછી હું આગળ એક શબ્દ પણ બોલી શક્યો નહીં.

મે મહિનો હતો. હું મસૂરી હતો ત્યારે મને ગોપાનો તાર મળ્યો. "તરત જ આવી જાઓ, જરૂરી કામ છે." હું તો તાર વાંચતાં જ ગભરાઇ ગયો. પણ મને નિરાંત એ વાતની હતી કે કોઇ દુર્ઘટના તો નહીં જ બની હોય! બીજે દિવસે હું દિલ્હી જઇ પહોંચ્યો. ગોપા મારી સામે આવીને ઊભી રહી અડગ, મૂંગી, ચેતાહીન, ક્ષયના દર્દી જેવી.

મેં કહ્યું – "ક્ષેમકુશળ તો છે ને? હું તો ગભરાઇ ગયો હતો."

ઊંડી ઊંડી ગયેલી આંખોએ એણે જવાબ આપ્યો – "સારું છે."

"સુન્ની સારી છે ને?"

"હા, કુશળ છે."

"અને કેદારબાબુ?"

"એ પણ."

"તો પછી વાત શું છે?"

"કશી નહીં."

"તો તાર કરવાની શી જરૂર હતી?"

"મારો જીવ ગભરાતો હતો. એટલે બોલાવ્યા. સુન્નીને ગમે તેમ કરી સમજાવીને અહીં લઇ આવો. હું તો બધું જ કરી છૂટી છું."





"કેમ કોઇ નવી ચિંતા વધી છે કે શું?"

"નવું તો કશું જ નથી. અને સમજવું હોય તો નવું જ સમજોને. કેદાર એક નાટકની નટી સાથે નાસી ગયો છે. એક અઠવાડિયાથી એનો પત્તો નથી. સુન્નીને એ કહેતો ગયો છે કે – જ્યાં સુધી આ ઘરમાં તું હશે ત્યાં સુધી હું પાછો આવવાનો નથી. આખું ઘર સુન્નીનું દુશ્મન બની ગયું છે. પણ એ તો ત્યાંથી હઠવાનું નામ જ નથી લેતી. મેં એ પણ સાંભળ્યું છે કે કેદાર એના બાપની સહી કરાવીને બેંન્કમાંથી કેટલાક હજાર રૂપિયા પણ સાથે લેતો ગયો છે."

"તું મળી હતી સુન્નીને?"

"હા, ત્રણ દિવસથી લાગલગાટ ત્યાં જાઉં છું."

"તે અહીં આવવા ના કહેતી હોય તો રહેવા દેને ત્યાં."

"ત્યાં એ બિચારી મરી જશે."

હું મદારીલાલના ઘર ભણી ગયો. ત્યાં જઇને જોયું તો ભારે ધમાલ મચેલી હતી. મારું કાળજું જાણે ધબકતું બંધ થઇ ગયું! ત્યાં તો એક ઠાઠડી તૈયાર થઇ રહી હતી. લોકો ભારે સંખ્યામાં એકઠા થઇ ગયા હતા. ઘરમાંથી હાય! હાય! ના શોકપૂર્ણ ચિત્કાર સંભળાતો હતો. મેં જોયું તો સુન્ની નિર્જીવ પડી હતી.

મદારીલાલ મને જોતાં જ મારે ગળે વળગી પડી બોલ્યા – "ભાઇ! હું તો લૂંટાઇ ગયો. છોકરો ચાલ્યો ગયો. અને વહુ પણ ગઇ. મારી જિંદગી ધૂળધાણી થઇ ગઇ."

કેદારના નાસી ગયા પછી સુન્ની વધુ ઉદાસ રહેતી હતી. એ દિવસથી જ એણે બંગડીઓ તોડી નાખી હતી. અને સેંથીમાંથી સિંદૂર પણ ભૂંસી નાખ્યું હતું. આજ વહેલી સવારે એ યમુના નદીમાં સ્નાન કરવા ગઇ હતી. અંધારું હતું. બધાં ઊંઘતાં હતાં. કોઇને એણે કહ્યું પણ નહીં, દિવસ ચઢતાં જોયું કે વહુ ઘરમાં ન હતી. એની શોધખોળ શરૂ કરી. બપોરે માંડ માંડ પત્તો લાગ્યો કે એ યમુના નદી તરફ ગઇ છે. લોકો નદી તરફ દોડ્યા.

ત્યાંથી...ત્યાંથી એની લાશ મળી આવી અરેરેરે! થોડા સમય પહેલાં જ પાલખી ઉપર બેસીને જે સુંદરીએ આ ઘરમાં પગ મૂક્યો હતો, એ આજ આમ ચાર જણાંના ખભે ચઢીને ચાલી જઈ રહી છે!

અગ્નિસંસ્કાર પછી હું ઘેર પહોંચ્યો ત્યારે રાતના દસ વાગી હયા હતા. મારા પગ ધ્રુજતા હતા. ગોપા આ સમાચાર જાણશે ત્યારે એના પર શી વીતશે? સુન્ની તો એના કાળજાનો કટકો હતી. એના જીવનમાં માત્ર આ જ એક ઝરણું વહેતું હતું. કેટકેટલાં રંગીન સ્વપ્નો જોયાં હતાં. સુન્નીના ભાવિ જીવનનાં એણે!

કાળજા પર પત્થર મૂકીને મેં ગોપાના ઘરની સાંકળ ખટખટાવી. ફાનસ લઈ ગોપા બહાર આવી. એના મુખ ઉપર મેં આનંદ છલકાતો જોયો.

પણ મારો શોકગ્રસ્ત ચહેરો જોઈ, મારો હાથ પકડી લેતાં એણે કહ્યું – ''આજ તો આખો દિવસ રડવામાં જ વીતાવ્યો હશે તમે! સ્મશાનમાં બહુ લોકો આવ્યા હશે? મનેય થતું હતું કે એકવાર સુન્નીનાં દર્શન કરી લઉં! પણ મને થયું, હવે સુન્ની જ નથી તો પછી એના મડદામાં શી માયા! હું ના આવી.''

અકલ્પ્ય આશ્ચર્યથી હું ગોપાને જોઈ રહ્યો. એને આ શોકગ્રસ્ત સમાચાર મળી ચૂક્યા છે એ જાણતાં મને વાર ના લાગી. છતાં પણ એનામાં હતી એ જ અવિચળ શાંતિ, એ જ અડગ ધૈર્ય!

''સારું કર્યું તું ત્યાં ના ગઈ. જઈને રડવાનું જ હતું ને?''

''હા, બીજું શું? રડી તો અહીંયાં પણ, પણ સાચું કહું? દિલથી નહીં, મને તો સુન્નીના મૃત્યુનો આનંદ છે. બિચારી એનાં માન મર્યાદા સમેત વિદાય થઈ ગઈ. એણે એનો ટેક નિભાવ્યો છે એથી તો હું અધિક ખુશ છું. સ્ત્રીને એના જીવનમાં જો પતિનો પ્રેમ ના મળે તો મરી જવું એ જ ઉત્તમ માર્ગ છે. તમે જોઈ હતી સુન્નીને? લોકો કહેતા હતા કે મરીને પણ એ હસતી હતી. જીવનમાં દુઃખ સિવાય કશું જ ના હોય ત્યારે એ શું કરવા જીવે? માત્ર ખાવાપીવા અને સૂઈ રહેવા? હું એમ નથી કહેતી કે સુન્ની મને યાદ નથી



આવતી અને એને માટે મારી આંખમાંથી બે આંસુય નથી નીકળતાં. પણ એ આંસુ શોકનાં નહીં હોય, હર્ષનાં હશે. ખુશીનાં હશે. સુનીતા મૃત્યુમાં શું ઓછું ગૌરવ છે? નકામાં આંસુ વહાવી એના એ ઉન્મત ગૌરવને ધોઈ કાઢવા નથી ઈચ્છતી!...પણ હવે રાત ઘણી વીતી ચૂકી છે. ઉપર જઈને સૂઈ જાઓ. મેં તમારે માટે ખાટલો પાથર્યો છે. પણ જોજો પાછા, સૂતા સૂતા રડતા નહીં. સુન્નીએ જે કર્યું છે તે સારું જ કર્યું છે. એના બાપા જીવતા હોત તો સુન્નીની પ્રતિમા બનાવી એની પૂજા કરત!''

હું ઉપર જઈ સૂઈ ગયો. મારા મનનો ભાર હળવો ફૂલ જેવો બની ગયો હતો. પણ રહી રહીને મને એ વાતની શંકા થતી હતી કે ગોપાની આ શાંતિ એની અપાર વેદનાનું બીજું સ્વરૂપ તો નહીં હોય ને!

# નશો ઊતરી ગયો...

ઈશ્વરી મોટા જમીનદારનો દીકરો હતો. મારા પિતા એક ગરીબ કારકુન હતા. મહેનત મજૂરી સિવાય મારા બાપ પાસે બીજી કોઈ મિલકત ન હતી. અમે અંદરો અંદર ચર્ચા કર્યા કરતા. હું જમીનદારની વિરુદ્ધ હતો. મારી નજરે જમીનદાર હિંસક પશુ અને લોહી ચૂસનારી જળોથી વિશે કશું ન હતા. એ જમીનદારોને અનુકૂળ એવી કોઈ દલીલો એની પાસે ન હતી. એ વાદ વિવાદની ગરમાગરમીમાં હું મોટે ભાગે ગુસ્સે થઈ જતો હતો. અને ચોટ લાગી જાય એવી વાત કહી બેસતો. ઈશ્વરી હાર્યા છતાં પણ હસતો રહેતો. મેં ક્યારેય એને ગુસ્સે થતો જોયો નથી. કદાચ એનું કારણ એ હશે કે એ એની મર્યાદાઓ સમજતો હતો.

નોકરો સાથે એ સીધી વાત કરતો નહીં. અમીરોમાં રહેતી ઉદ્દંડતા અને બેરહમી એના વર્તનમાં પણ જોવા મળતી. નોકર પથારી કરતાં જરા વાર કરે, દૂધ જરૂર કરતાં વધારે ઠંડુ કે ગરમ થઈ જાય, સાઈકલ બરાબર સાફ ના થાય, તો એ ગુસ્સે થઈ જાય, આળસ અને અપ્રામાણિકતા એ જરાય ના ચલાવી લે. મિત્રો સાથેનો અને ખાસ કરીને મારી સાથેનો એનો વ્યવહાર વિનમ્ર અને સુંવાળો રહેતો. એની જગાએ હું હોઉં તો મારામાં પણ કદાચ એવી કઠોરતા આવી જાય! કારણ કે મારો માનવ પ્રેમ માત્ર સિદ્ધાંતો ઉપર નહીં, મારી પોતાની અસલિયત ઉપર ટકેલો હતો. પણ એ મારી જગાએ હોય તો પણ કદાચ અમીર જ રહે, કારણ કે એ સ્વભાવે જ વિલાસપ્રિય છે.

આગામી દશેરાની રજાઓમાં ઘેર નહીં જવાનો મેં નિશ્ચય કર્યો. મારી પાસે ન હતા ભાડાના પૈસા કે ના તો હું ઘરવાળાંને કોઈ તકલિફ આપવા ઈચ્છતો હતો. એની શક્તિ બહાર એ મારી પાછળ પૈસો ખર્ચતાં. સાથે સાથે પરીક્ષાની તૈયારી પણ કરવાની હતી. બોર્ડિંગમાં ભૂતની જેમ



એકલા એકલા રહેતાં પણ જીવ ચાલતો ન હતો. એટલે ઈશ્વરીએ મને ઘેર જવાની વાત કરી ત્યારે હું કોઈ આગ્રહ વગર તૈયાર થઈ ગયો. મને એમ કે ઈશ્વરી સાથે પરીક્ષાની તૈયારી થઈ જશે. એ આમ તો ઘણો બુદ્ધિશાળી અને મહેનતું છે.

એણે કહ્યું – ''મારે ઘેર આવીને જમીનદારોની નિંદા ના કરતો પાછો. નહીં તો વાત બગડી જશે. મારા ઘરનાંનેય ખોટું લાગી જશે. એઓ તો ઈશ્વરનું વરદાન સમજીને અસામીઓની સેવા કરે છે. અસામીઓ પર શાશન કરવાનું પણ એ જ એક કારણ છે. ખુદ અસમીઓ પણ એમ જ સમજે સ્વીકારે છે. જો કોઈ એમને સમજાવે કે જમીનદારો અને અસામીઓમાં કોઈ મૌલિક ભેદ નથી તો જમીનદારોનો પત્તો શોધ્યો ના જડે!''

મેં કહ્યું – ''ત્યાં જઈને હું બદલાઈ જઈશ એવી શંકા છે તમને?''

''હા, મને એમ લાગે છે.''

''તું ખોટું વિચારી રહ્યો છે.''

ઈશ્વરી પાસે એનો કોઈ જવાબ ન હતો. એણે એ વાતને મારી વિવેકબુદ્ધિ ઉપર છોડી દીધી. તે તેણે સારું જ કર્યું હતું. એ જો એની વાત ઉપર અડગ રહ્યો હોત તો મારે પણ નાહકની જિદ પકડવી પડત.

ગાડી આમ તો રાત્રે નવ વાગ્યે આવતી હતી. પણ પ્રવાસના આનંદમાં અમે સાંજથી જ સ્ટેશન ઉપર પહોંચી ગયા હતા. થોડીવાર આમતેમ ફર્યા બાદ રિફ્રેશમેન્ટરૂમ માં જઈ અમે ભોજન કર્યું. મારા રંગઢંગ અને પોશાક ઉપરથી રસોઈઆઓને ઓળખતાં વાર ના લાગી કે અસલી માલિક કોણ છે અને એનો હજુરિયો કોણ છે! પણ મને એમની ધૃષ્ટા ખરાબ લાગતી હતી પૈસા ઈશ્વરીના ગજવામાંથી ખર્ચાતા હતા. મારા પિતાને જે પગાર મળે છે એનાથી વધારે તો આ રસોઈઆઓને ભેટ સોગાદો મળતી હતી. આઠ આન તો બહાર નીકળતી વેળાએ ઈશ્વરીએ આપ્યા હતા. છતાં પણ હું એ બધાંની પાસેથી વિવેકની આશા રાખતો હતો. ઈશ્વરી નો પડ્યો બોલ એ ઝીલી લેતા. એક ચીજ માગતાં એની પાસે બધી જ ચીજો હાજર થઈ જતી. મારી તો કોઈ વાત જ સાંભળતું જ ન હતું. મને ખાવામાં કશી

મઝા પડી નહીં. આ ભેદભાવ મારા મનને ખુંચ્યા કરતો હતો.

ગાડી પ્લેટફોર્મ પર આવીને ઊભી રહી. અમે બંન્ને ગાડીમાં ગોઠવાયા, રસોઇઆઓએ ઇશ્વરીને ઝૂંકી ઝૂંકીને સલામો કરી. મારી સામે તો કોણ કૂતરાં જુએ!

ઇશ્વરીએ કહ્યું – ''કેટલા વિવેકી છે આ બધા. સાલ્લા, આપણા નોકરોમાં જ આવી રીતભાત હોતી નથી.''

મેં મન ખાટું કરીને કહ્યું – ''આમ આપણા નોકરોનેય રોજ આઠ આના ઇનામમાં આપતા રહો તો મને લાગે છે કે તેઓ પણ આમનાથી વધારે શાણા થઇ જાય.''

''એટલે આ બધા કોઇક નાની મોટી લાલચના માર્યા જ અદબ જાળવે છે. એવું તારું કહેવું છે?''

''ના, કદાપિ નહીં, વિવેક અને મર્યાદા તો એમના લોહીમાં ભળી ગયાં છે.''

ગાડી ઉપડી. અલ્હાબાદથી ઉપડી પ્રતાપગઢ જઇ ઊભી રહી. એક માણસે અમારા ડબ્બાનું બારણું ખોલ્યું. મેં તરત જ બૂમ પાડી – ''સેકંડ ક્લાસ છે, આ તો.''

છતાં પેલો તો ડબ્બામાં દાખલ થયો. મારી સામું તિરસ્કાર ભાવે જોઇ બોલ્યો ''મને ખબર છે. અને વચલા બર્થ પર એ ચઢી બેઠો. મને તો એવો સંકોચ થયો કે કહી શકું તેમ નથી.''

પરોઢ થતામાં તો અમે મુરાદાબાદ પહોંચી ગયા. સ્ટેશન ઉપર કેટલાક લોકો અમારી રાહ જોતા ઊભા હતા. બે ભદ્ર સમાજના જણાતા હતા. પાંચેક જણા મજૂરો હતા. મજૂરોએ અમારો સામાન ઊઠાવ્યો. બેઉ સજ્જન માણસો પાછળ પાછળ ચાલ્યા. એક મુસલમાન રિયાસતઅલી હતો. બીજો હતો બ્રાહ્મણ રામહરખ. બંન્નેએ મારી સામને ધારી ધારીને જોયું એમને મન હું હંસ જોડે આવેલો કાગડો ના હોઊં જાણે!



રિયાસતઅલીએ ઇશ્વરીને પૂછ્યું – ''આ બાબૂસાહેબ આપની સાથે ભણે છે શું?''

''હા, એ મારી સાથે ભણે છે. અમે રહીએ છીએ પણ સાથે જ. એની કૃપાથી જ હું અલ્હાબાદ ટકી રહ્યો છું. નહીં તો તો ક્યારનોય લખનો પાછો નાસી આવ્યો હોત. હું એને અહીં ખેંચી લાવ્યો છું. એને ઘેરથી ઘણાય તાર આવેલા પણ મેં તો ઘસીને ના જ લખી નાખેલું.''

બંન્ને સદ્‌ગૃહસ્થોએ આશ્ચર્યચકિત ભાવથી મારી સામે જોયું.

રિયાસતઅલીએ અર્ધશંકિત સ્વરે કહ્યું – ''પણ આપનો પહેરવેશ તો ઘણો જ સાદો છે.''

ઇશ્વરીએ શંકાનું નિવારણ કરતાં કહ્યું – ''સાહેબ તો મહાત્માજીના ભક્ત છે. ખાદી સિવાય કશું જ પહેરતા નથી. પહેલાંનો ભપકાદાર પોશાક તો બાળી દીધો. એ તો રાજા છે રાજા! વાર્ષિક અઢી લાખની જાગીરના માલિક છે. પણ એમનો ચહેરો જુઓ તો હમણાં જ અનાથાશ્રમમાંથી પકડી લાવવામાં ના આવ્યા હોય!''

રામહરખે કહ્યું – ''અમીરોનો આવો સ્વભાવ બહુ ઓછો જોવા મળે છે. કોઇને ખબર પણ ના પડે!''

રિયાસતઅલીએ ટેકો આપ્યો – ''આપે મહારાજા ચાંગલીને જોયા હોત તો તો મોંઢામાં આંગળાં જ ઘાલી દેત! બસ, ચકચકતા બૂટ પહેરીને ગામમાં ફર્યા કરતા હતા.''

હું મનમાં ને મનમાં અકળાતો હતો. પણ મને એ સફેદ જૂઠાણું તે વખતે હાસ્યાસ્પદ લાગ્યું હતું. એના એકે એક શબ્દની સાથે સાથે એ કલ્પિત વૈભવની નજીક હું પહોંચી જતો હતો.

હું કંઇ ચાલાક ઘોડેસવાર નથી. નાનપણમાં કેટલીયે વાર ભારવાહક ઘોડા પર બેઠેલો. અહીં તો બે લગામવાળા તોફાની ઘોડા અમારે માટે તૈયાર રાખવામાં આવ્યા હતા. હું તો જાણે જીવતાં જ મરી ગયો! જેમ તેમ કરી સવાર તો થયો. પણ આખું શરીર ધ્રુજતું હતું. મેં મારા ગભરાટની કોઇનેય જાણ થવા

દીધી નહીં. ઘોડાને ઈશ્વરીના ઘોડા પાછળ ચલાવવા લાગ્યો. એ તો સારું થયું કે ઈશ્વરીએ એના ઘોડાને ટપાર્યો ન હતો. નહીં તો મારો હાથપગ ભાગીને જ રહ્યો હોત! સંભવ છે કે ઈશ્વરી મારું પાણી જાણી ગયો હોય!

ઈશ્વરનું ઘર તો એક કિલ્લો હતું. મોટા તાજિયા જેવો તો એનો દરવાજો! દરવાજા ઉપર ચોકીદાર ચોકી કરે. નોકરોની તો કશી ખોટ જ નહીં. ત્યાં નજીકમાં જ એક હાથી બાંધેલો. ઈશ્વરીએ જતાં વેંત એના પિતા, કાકા, દાદા વગેરે સાથે મારી ઓળખાણ કરાવી. એણે મારાં એવાં તો વખાણ કર્યાં કે વાત ના પૂછો! માત્ર નોકર ચાકર જ નહીં, ઘરનાં તમામ મારો આદર કરવા લાગ્યાં. ગામડાનો જમીનદાર, લાખોનો નફો તેમ છતાં હવાલદારને પણ મોટો અધિકારી સમજે એવું ભોળપણ! કંઈક તો મને સલામોય ભરતા થઈ ગયા.

લાગ મળતાં મેં ઈશ્વરીને કહ્યું – ''તું તો યાર બહુ શેતાન છે. મને શા માટે છાપરે ચઢાવે છે?''

ઈશ્વરીએ હસતાં હસતાં કહ્યું – ''આ મૂર્ખાઓની આગળ તો આવી જ ચાલ ચાલવી પડે. એમ કરીએ નહીં તો એ સીધી રીતે વાત પણ ના કરે.''

થોડીવાર બાદ વાળંદ અમારી પગચંપી કરવા આવ્યો. ઈશ્વરીએ મારી તરફ ઈશારો કરીને કહ્યું – ''પહેલાં કુંવર સાહેબના પગ દબાવી આપ. ખૂબ જ થાકી ગયા છે.''

હું પલંગ ઉપર આડો પડ્યો હતો. મારા પગ કોઈ એ દબાવ્યા હોય એવું જીવનમાં ક્યારેય બન્યું ન હતું. શ્રીમંતોની સ્વાર્થાંધતા, નફટાઈ અને ઉદ્દંડતાને હંમેશાં ધિક્કારનારો હું આજે જમીનદાર થવાનો સ્વાંગ સજી રહ્યો હતો.

દસ વાગી ગયા. જૂનવાણી માનસના લોકો હતા. અંદરથી જમવાનું કહેણ આવ્યું. અમે નહાવા ચાલ્યા ગયા. હું હંમેશાં મારું ધોતિયું જાતે જ ધોઈ નાખતો હતો પણ અહીં તો મેં ઈશ્વરીની જેમ મેં પણ મારું ધોતિયું પડી રહેવા દીધું. જાતે ધોતિયું ધોઈ નાખતાં મને શરમ આવતી હતી. અમે



અંદર ભોજન કરવા ગયા. હોસ્ટેલમાં તો પગમાં બૂટ સાથે જ ટેબલ પર ગોઠવાઈ જતા. અહીં તો જમતા પહેલાં પગ ધોવા પડતા હતા. એક નોકરે ઈશ્વરીના અને પછી મારા પગ ધોઈ નાખ્યા.

મેં તો વિચારેલું કે ત્યાં ગામડામાં જઈને પરીક્ષાની ઘણી સારી તૈયારી થશે, પણ અહીં તો આખો દિવસ મોજમઝામાં વીતી જતો. કોઈકવાર નદી કિનારે ફરવા જતા, કોઈક વાર શિકાર ખેલતા, ક્યારેક પહેલવાનોની કુસ્તી જોતા તો વળી ક્યારેક શતરંજ રમતા. ઈશ્વરી ઈંડા મંગાવતો અને અમે સ્ટવ ઉપર આમલેટ બનાવતા. નોકરોનો ખાસ્સો ઝમેલો અમારી તહેનાતમાં ખડે પગે હાજર જ રહેતો. મારે તો કોઈ કામ માટે જરા અમથાય હાથ પગ હલાવવા પડતાં નહીં. જીભ હલાવવાથી જ બધાં કામો થઈ જતાં.

મારી તો ઘરમાં અને ઘરબહાર ભારે બોલબાલા. મારી કેટલી બધી કાળજી લેવાની! કુંવર સાહેબ નારાજ ના થાય તે માટે નાસ્તામાં જરા પણ વાર થતી નહીં. સમયસર પથારી થઈ જતી સુઈ જાઉં ત્યારે નોકર પંખો નાખવા મંડી પડતા. ખુદ ઈશ્વરી ભલે પોતાના હાથે પથારી કરી લે, પણ મહેમાન ને શી રીતે જાતે પથારી કરવા દેવાય?

એકવાર ખરેખર એવું જ બન્યું. ઈશ્વરી ઘરમાં હતો. એને એની મા સાથે વાત કરતાં વાર લાગી. આ બાજુ દસ વાગી ચૂક્યા હતા. મારી આંખોમાં ઊંઘ ભરાઈ હતી. પણ પથારી પાથરવી શી રીતે? હું હતો તો કુંવરને? બરાબર સાડા અગિયાર વાગે કહાર આવ્યો. મોંઢે ચઢાવેલો નોકર! ઘરના કામકાજમાં એ મારી પથારી કરવાનું જ ભુલી ગયો. યાદ આવતાં જ એ તો આવ્યો દોડ્યો. મેં એ વખતે એને એવો તો તતડાવ્યો કે જમનભર એ ભુલશે નહીં.

મારો ઊંચો અવાજ સાંભળીને ઈશ્વરી બહાર આવ્યો. બોલ્યો – ''તેં બહુ સારું કર્યું. આ હરામખોરો આજ દાવના છે.''

ઈશ્વરી એકવાર એક જગાએ નિમંત્રણ પર ગયેલો. સાંજ પડી ગઈ હતી. પણ ફાનસ સળગાવવામાં આવી ન હતી. ફાનસ ટેબર ઉપર જ હતું. દીવાસળી પણ ત્યાં જ હતી. પણ ઈશ્વરી કોઈ દિવસ ફાનસ સળગાવતો ન

હતો, તો આ કુંવરસાહેબ ફાનસ શું કરવા સળગાવે? મારા ગુસ્સા નો પાર ન હતો. છાપું આવી ગયું હતું. પણ જોયું તો ફાનસ ના મળે! નસીબ સંજોગે એ સમયે મુન્શી રિયાસતઅલી આવી ગયા. હું તો છેડાઇ પડ્યો. એમના પર એવો ચમત્કાર બતાવ્યો કે બિચારા અવાક્ થઇ ગયા. મેં કહેલું – ''તમને ફાનસ સળગાવવા જેટલીય અક્કલ નથી? તમારા જેવા કામચોર માણસો શી રીતે અહીં નભે છે એ જ મને તો સમજાતું નથી. મારાથી હવે અહીં નહીં રહેવાય.'' રિયાસતઅલીએ પછી તો ધ્રુજતા હાથે ફાનસ સળગાવી દીધું.

એક ઠાકુર ત્યાં મોટેભાગે આવતો હતો. મનમોજી સ્વભાવનો માણસ. મહાત્મા ગાંધીજીનો પરમ અનુયાયી મારા રંગઢંગ જોઇ એ મને મહાત્માજીનો ચેલો માની બેઠો. મારી અદબપણ એ જબરી જાળવે! બધી વાત ખરી, પણ મને કંઈક પૂછતાં ઘણો સંકોચ અનુભવે. એકવાર મને એકલો જોઇ મારી પાસે આવ્યો અને બે હાથ જોડી બોલ્યો – ''સરકાર, આપ તો ગાંધી બાપુના ચેલા છો ને? લોકો વાતો કરે છે કે સવરાજ આવશે પછી જમીનદારોની જમીન નઈં રહે!''

મેં વટ જમાવતાં કહ્યું – ''પછી જમીનદારીની જરૂરેય શી છે? ગરીબોનું લોહી પીવા સિવાય એ લોકો બીજું કરે છેય શું?''

ઠાકરે ફરી પ્રશ્ન કર્યો – ''તે સરકાર, બધા જમીનદારોની જમીન ઝૂંટવી લેવામાં આવશે?''

મેં કહ્યું – ''ઘણા બધા જમીનદારો તો રાજી ખુશીથી આપી દેશે. જે રાજીખુશીથી આપવાની આનાકાની કરશે. એમની જમીન ઝૂંટવી લેવાશે. આપણે તો તૈયાર જ છીએ. સ્વરાજ આવશે કે તરત જ બધી જ જમીન આસામીઓને નામે કરી દઈશું.''

હું ખુરશી પર પગ લટકાવી બેઠો હતો. ઠાકુર મારા પગ દબાવવા મંટી પડ્યો. તેણે પગ દબાવતાં કહ્યું – ''સરકાર! આજ કાલ જમીનદારો ભારે જુલમ ગુજારે છે. મને પણ આપના ઈલાકામાં થોડી ઘણી જમીન આપવાની મહેરબાની કરો તો હુંય કુટુંબ સાથે ત્યાં આપની સેવામાં આવી જાઉં.''





''હમણાં તો મારો કોઈ અધિકાર નથી. પણ મને અધિકાર મળી જશે કે સૌથી પહેલો હું તને જ બોલાવી લઈશ! તમે મોટર હાંકતાં શીખવાડી દઈશ. પછી તને જ મારો મોટર ડ્રાઈવર બનાવીશ હું.''

સાંભળ્યું હતું કે તે દિવસે ઠાકુરે ખૂબ ભાંગ પીધી અને તેની સ્ત્રીને બરાબર ઝૂડી હતી. વળી તે ગામના મહાજન સાથે લડવા તૈયાર થઇ ગયો હતો.

આમને આમ રજાઓ પૂરી થઈ. પાછા અમે પ્રયાગ જવા નીકળ્યા. લોક બધું વળાવવા પાદર સુધી આવ્યું હતું. ઠાકુર તો છેક સ્ટેશન સુધી આવ્યા. ખુબ જ સાવધાનીથી મેં મારી ભૂમિકા નિભાવી હતી. હું અહીં રહ્યો ત્યાં સુધીમાં સૌનાં હૈયાં મેં જીતી લીધાં હતાં. દરેક નોકરને કંઈકને કંઈક ઈનામ આપવાની મારી ઘણી ઈચ્છા હતી. પણ એમ કરવાની મારી હેસિયત જોઈએ ને? રિટર્ન ટિકિટ લીધેલી હતી. માત્ર ગાડીમાં બેસવાનું હતું. ગાડી આવી પણ ખીચોખીચ ભરેલી. પગ મૂકવાની પણ જગા ન હતી. થર્ડક્લાસની તો વાત જ જુદી હતી. બહુ જ મુશ્કેલીએ જગા મળી. આરામથી સૂતા સૂતા આવેલા હતા. જ્યારે જઈ રહ્યા હતા. ચગદાતા ચગદાતા, જરાક હાથ પગ હલાવવાની પણ જગા ન હતી.

ભણેલા ગણેલા માણસોય હતા ડબ્બામાં,તેઓ પરસ્પર અંગ્રેજી રાજ્યની પ્રસંશા કરી રહ્યા હતા. એક સદ્ગૃહસ્થ કહેતા હતા – ''આવો ન્યાય તો બીજા કોઈ રાજ્યમાં જોવા ના મળે! સૌ રસખાં, કોઈ નાનું મોટું નહીં. રાજાય જો કોઈની સાથે અન્યાય કરે તો કોર્ટ એની પણ ગળચી પકડી શકે.''

બીજાએ કહ્યું – ''ભલામાણસ! તમે પણ રાજા ઉપર કોર્ટમાં કેસ દાખલ કરી શકો.''

પીઠ ઉપર પોટલું બાંધેલો એક માણસ કલકત્તા જઈ રહ્યો હતો. પોટલું મૂકવાની જગા ના મળે. બિચારાએ પીઠ ઉપર બાંધી દીધેલું. ઊભા રહેતાં ફાવતું નહીં. એ થાકી જતો. વારંવાર કંટાળીને એ બારણા પાસે જઈને ઊભો રહેતો. એનું પોટલું ઘણીવાર મારા મોંઢા સાથે ઘસાતું હશે! મને એ ઠીક લાગ્યું નહીં. છતાં થોડીવાર સુધી તો એ બધું સહન કરતો હું ચૂપચાપ

બેસી રહ્યો. પણ એકદમ મને ગુસ્સો આવી ગયો. મેં એને પકડીને બે તમાચા ચોડી દીધા અને ધક્કો મારી પાછળ હડસેલી મૂક્યો.

એણે આંખો કાઢતાં કહ્યું – ‘‘હાથ શું કરવા ઉપાડો છો બાબુજી? મેં પણ ભાડું ખર્ચ્યું છે.’’

મેં બીજા બે ચાર તમાચા ચોડી દીધા.

ગાડીના ડબ્બામાં હોહા મચી ગઈ. ચારે બાજુથી લોકો મારા ઉપર ધિક્કારની ઝડીઓ વરસાવવા લાગ્યા – ‘‘તે આરામથી મુસાફરી કરવા હોય તો બેસીએ ને ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં!’’

બીજો બોલતો હતો – ‘‘એ મોટો હોય તો એના ઘરનો મને માર્યું હોત એણે તો ખબર પાડી દેત!’’

‘‘બિચારાનો વાંક ગુનો તો જોવો જોઈએ ને? ગાડીમાં શ્વાસલેવાનીયે જગા ના મળે. તે એ દરવાજા પાસે જઈને ઊભો રહ્યો એમાં આટલો બધો મિજાજ બતાવવાનો?’’

‘‘ભાઈ! અમીરોમાં માણસાઈ જ ક્યાં હોય છે?’’ કોઈ કે અભિપ્રાય આપ્યો.

બીજા એકે ટોણો માર્યો – ‘‘હમણાં તમે જેનાં વખાણ કરતા હતા એ આ અંગ્રેજી રાજ્ય છે.’’

કોઈક ગામડિયો બોલ્યો – ‘‘સરકારી ઓફિસમાં જવાની તો વાક નથી ચાલતી, ને આ ગરીબ ઉપર આટલી ગરમી કરવાની?’’

ઈશ્વરી અંગ્રેજીમાં બબડ્યો – ‘‘What an idiot you are, Sir!’’

હવે મને મારો નશો ઉતરી રહ્યો હોય એમ લાગતું હતું.





# ઠાકુરનો કૂવો...

જોખુએ પાણી પીવા લોટો મોંઢે માંડ્યો. પાણી તો સખત ગંધાતું હતું. તેણે ગંગીને કહ્યું – ‘‘આ પાણી કેવું છે? એટલી બધી દુર્ગંધ મારે છે કે પીવાય એમ નથી. મને ગળે શોષ પડે છે, મે તું ગંધાતું પાણી પીવા આપે છે!’’

દરરોજ સાંજે પાણી ભરવાનો ગંગીનો નિત્યક્રમ. કૂવો દૂર હતો. વારંવાર જવું આવવું જરા કપરું તો ખરું જ. ગઈકાલે લાવેલા પાણીમાંથી બિલકુલ વાસ આવતી ન હતી. તો પછી આજે આ વાસ ક્યાંથી આવી? મને લાગે છે કે કોઈ જાનવર કૂવામાં પડીને મરી ગયું હશે! હવે બીજું પાણી લાવવુંય ક્યાંથી?

ઠાકુરના કૂવે તો કોણ પગ મેલવા દે? આઘેથી આંખો બતાવે. સાહુનો કૂવો ગામને પેલે છેડે આવેલો છે, પણ ત્યાંય પાણી કોણ ભરવા દે? બીજો કૂવો ગામમાં છેય ક્યાં?

જોખુ કેટલાક દિવસોથી માંદો છે. કેટલીક વાર સુધી તો તરસ દબાવતો ચૂપચાપ પડી રહ્યો. પણ પછી કહ્યું – ‘‘હવે તો તરસે મરી જાઉં છું. રે’વાતું નથી. લાવ, નાક દબાવીને થોડું ઘણું પાણી પી લઉં.’’

ગંગીએ પાણી આપ્યું નહીં. ખરાબ પાણી પીવાથી માંદગી વધી જાય છે. એ વાતની એને ખબર હતી. પણ એને એ ભાન નહતું કે પાણી ઉકાળવાથી એની દુર્ગંધ ઓછી થાય છે. તેણે કહ્યું – ‘‘આ પાણી તો શી રીતે પીશો? કોણ જાણે શું યે મરી ગયું હશે મહીં પડીને! કૂવેથી હું બીજું પાણી લાવી દઉં છું.’’

જોખુએ નવાઈભરી દૃષ્ટિથી તેની સામે જોયું. પૂછ્યું – ''બીજું પાણી ક્યાંથી લાવીશ?''

''ઠાકુર અને સાહુના બે કૂવાઓ તો છે! શું એક લોટો પાણી નહીં ભરવા દે?''

''જાય છે તે હાથ પગ ખોખરા કરાવીને આવશે. હવે બેસી રહેને છાનીમાની. ઠાકુર લાકડીએને લાકડીએ હાડકાં ભાંગી નાખશે. અને સાહુજી તો એક ના પાંચ પડાવશે. ગરીબોનું દુઃખ કોણ જાણે? આપણે મરી જઈએ તો કાંધ દેવાની વાત તો એકબાજુ રહી પણ આપણા ઘરને બારણે કોઈ ડાફર્યું મારવાય નહીં ફરકે. આવી ગત્ય હોય ત્યાં કોઈ કૂવેથી પાણી ખેંચવા દેશે એમ તું માને છે?''

આ કડવા પણ સાચા શબ્દો હતા. જોખુની વાતનો કોઈ જવાબ ગંગીએ આપ્યો નહીં. પણ એણે ગંધાતું પાણી તો પીવા ના જ આપ્યું.

રાતના નવ વાગ્યા હતા. થાક્યુંપાક્યું મહેનતું લોક તો ઊંઘી ગયેલું. ઠાકુરના ઘરને બારણે પાંચ દસ નવરા માણસોનું ટોળું જામ્યું હતું. હવે જીવસટોસટની મર્દાનગી નો જમાનો જ ન હતો. સૌ કોર્ટ કચેરીની રાહે લડતા. ખૂબ ચાલાકીથી ઠાકુરે એક પોલીસ ઈન્સ્પેક્ટરને એખ ગંભહીરગુના સબલ ચાલતા કેસ માટે ભારે લાંચ આપી દીધી અને હેમખેમ તેમાંથી પાર ઊતરી ગયા. બહુ બુદ્ધિ વાપરીને કેસની નકલ લઈ આવ્યા. નાજિર અને બીજા બધા તો નકલ આપવા સાફ ના પાડતા હતા. કહેતા હતા કે પૈસા વગર નકલ ના નીકળે. પૂરા પચાસ રૂપિયા. પણ ઠાકુરે તે વગર પૈસે નકલ કઢાવી લીધી.

બરાબર એ વખતે ગંગી કૂવે પાણી ભરવા ગઈ. ગંગી લાગ શોધતી હતી. આ કૂવાનું પાણી આખું ગામ પીતું. કોઈને માટે કશી જ આનાકાની નહીં, પણ ખેર, આ કમનસીબ લોકો જ પાણી ભરી શકતાં ન હતાં.

સમાજના પાયા વગરનાં જૂનવાણી રિવાજો અને એમાંથી ઊભી થતી મજબૂરીઓ ગંગીના હૈયામાં ઠેસ પહોંચાડતાં હતાં. – ''આપણે નીચ





વરણાં શાથી? અને એ લોકો ઊંચ વરણનાં કેમ? એ જનોઈ પહેરે છે એટલે ઊંચા થઈ જાય છે? અહીં તો બધાય એક એકને માથે છાણાં થાપે એવા છે. ચોરી કરે, લૂંટફાટ કરે, ખોટાખોટા કેસેય ઊભા કરે. આ ઠાકુરે જ એક દહાડો ભરવાડની એક ઘેટી ચોરી લીધી હતી. કહે છે કે પછી એ એને રાંધીને ખાઈ ગયો હતો. પંડિતોના ઘરમાં તો ઘીમાં તેલ ભેળવીને જ લો કો ને ધૂંતે છે. અને જુઓ તો ખરા! કામ કરાવતાં જોર નથી આવતું ને મજૂરી આલતાં ચૂંક આવે છે પેટમાં. એ આપણાથી ઊંચા શાના? હા, મોંઢાના એ ઊંચા ખરા! આપણે તો ફળિયે ફળિયે કઈ ઢોલ નથી પીટતા કે અમે ઊંચા છીએ. ગામમાં પગ મેલું છું ને નખ્ખોદિયાની આંખમાં સાપોલિયાં રમવા માંડે છે. ને તોય તાર કેટલો? અમે ઊંચા છીએ!''

કૂવા પર કોઈકના આવવાનો અણસાર જણાયો. ગંગીની છાતી ધડકવા લાગી. જો કોઈ જશે તો ગજબ થઈ જશે. એણે દોરડું ઘડો હાથમાં લીધાં અને નીચે વળીને એ સંતાતી સંતાતી ઝાડના છાંયે જઈ ઊભી એનું મન પોકાર પાડતું હતું કે – ''એ ઘાતકી લોકોને છાંટોય દયા ક્યાં આવે છે? બચારા મંગુને એવો ઝૂડ્યો હતો કે મહિનો માસ મોંઢેથી લોહી પડ્યું હતું. એણે વેઠ કરવાની ના પાડેલી એ જ એનો ગુનો! આમ કરીને એ ઊંચા કે'વાતા હશે?!''

કૂવા પર બીજી બે સ્ત્રીઓ પાણી ભરવા આવી હતી. તેઓ એકબીજી સાથે વાતો કરતી હતી.

''ખાવાની વેળા થઈને હુકમ છૂટ્યો કે તાજું પાણી ભરી લાવ. પણ પાસે ઘડો લેવા ફૂટી બદામેય નથી.''

''અલી, આપણને નિરાંતે બેઠેલાં જોઈને ભાયડાઓને ઈર્ષા આવે છે ઈર્ષા.''

''એક લોટોય ભરીને બેહાતું નથી. જાણે આપણે એમની નોકરડીઓ હોઈએ એમ હુકમ કર્યો કે તાજું પાણી લઈ લાવ.''

''નોકરડી નહીં તો બીજું શું? ખાવા પહેરવાનું નથી મળતું? પાંચ દસ રૂપિયાય વાપરવા નથી મળતા? અને નોકરડીઓને તો...''

આવી થાળા પાસે પહોંચી. પેલા નવરાઓય ચાલ્યા ગયા હતા. ઠાકુર પણ બારણું બંધ કરીને અંદરના ચોકમાં સૂવા ચાલ્યા ગયા હતા. ગંગી દબાતે પગલે કૂવાના થાળા ઉપર ચઢી ગઇ. એણે એક લાંબો શ્વાસ ખેંચ્યો. એ સાવધાનીથી આગળ વધતી હતી. કામ પાર પાડવાનો આવો સુખદ અનુભવ આ પહેલાં એને ક્યારેય થયો ન હતો.

એણે ઘડાને મોંઢે દોરડું બાંધ્યું. ચારે બાજુ તીક્ષ્ણ નજરે જોઇ લીધું. જો આ સમયે એ પકડાઇ ગઇ તો એને માટે માફી કે દયાની રતીભાર આશા રાખી શકાય નહીં. આખરે ઇશ્વરને યાદ કરીને એણે ઘડો કૂવામાં નાખ્યો.

ધીમે રહીને ઘડો પાણીમાં ડુબાડ્યો. જરાય અવાજ થયો નહીં. ગંગીએ જલ્દી જલ્દી ઘડો બે ચાર વાર ઊંચો નીચો કર્યો. ઘડો ભરાઇ ગયો એટલે ઝડપથી ગંગીએ એને ઉપર ખેંચ્યો. જોત જોતામાં ઘડો કૂવાના થાળા સુધી આવી ગયો.

ગંગીએ નીચે વળી ઘડો પકડી લીધો. બહાર કાઢીને જેવો એને કૂવાના થાળા પર મૂકવા જાય છે કે ત્યાં જ ઠાકુરનો દરવાજો ઉઘડવાનો અવાજ સંભળાયો. ઠાકુર ઊઠીને બહાર આવ્યો હતો. ગંગીના હાથમાથી દોરડું છૂટી ગયું. દોરડાની સાથે ઘડો ધડામ્...કરતો ને કૂવાના પાણીમાં જઇ પડ્યો. ક્યાંય સુધી એનો અવાજ સંભળાયો.

‘‘કોણ છે? કોણ છે?’’ ની બૂમો પડતા ઠાકુર કુવા તરફ આવી રહ્યા હતો તે જોઇને ગંગાએ કુવાના થાળા પરથી ભુસકો માર્યો ને નાઠી.

ઘેર જઇને એણે જોયું તો જોખું લોટો મોંઢે માંડીને એ જ ગંદુ પાણી પી રહ્યો હતો.





# રામપ્યારી

‘‘વહુ, આજથી આ ઘરની દેખભાળ હવે તારા હાથમાં.’’ કહેતાં રડતી આંખોએ શિવદાસે ભંડાર ઘરની ચાવી રામપ્યારીને આપતાં કહ્યું. ભગવાનથી મારું સુખ દીઠું ના ગયું. નહીં તો ત્રણ ત્રણ જુવાન દીકરાઓ ઊઠાવી લે એ મારી ગોદમાંથી! હવે કામકાજ કરવાવાળું તો જોઇશે ને! મારા કરમમાં આવેલો કોપ હું માથે લઇ લઉં છું. અને ઘરની સારસંભાળ રાખનારું તારા સિવાય બીજું છેય કોણ? ભગવાનની જેવી મરજી! એની આગળ આપણું શું ગજું? પણ હું જીવતો છું ત્યાં સુધી તારો વાળ પણ વાંકો નહીં કરી શકે કોઇ! તારે કોઇ વાતથી ગભરાવાનું નથી. બિરજુ ગયો, પણ હું તો બેઠો છું ને હજુ!

રામપ્યારી અને રામદુલારી બે સગી બહેનો. એમનાં લગ્ન બે સગાભાઇ બિરજુ અને મથુરા સાથે થયેલાં. બંન્ને બહેનો પિયરની જેમ સાસરીમાં પ્રેમપૂર્વક રહેતી હતી. શિવદાસનું પેન્શન બંધાયું હતું તે આખો દિવસ ઘરને બારણે બેસી અલકમલકની વાતો કરતા. કિલ્લોલ કરતા કુટુંબને જોઇને એ રાજી થતા હતા. મોટે ભાગે ધર્મચર્ચામાં સમય વીતાવવતા. એટલામાં દૈવયોગે બિરજુ બિમાર પડ્યો. આજે એનું અવસાન થયે પંદર દિવસ વીતી ગયા હતા. બધી જ ક્રિયાઓ પૂરી થઇ હતી. શિવદાસે એક યોદ્ધાની જેમ ઘરની જવાબદારી સંભાળવા કેટ બાંધી. હૈયામાં અપાર વેદના થતી હોવા છતાં એમણે આંસુનું એક ટીપુંય વહાવ્યું ન હતું. આજે એની પત્નીને જોઇ આંખો ઉભરાઇ આવી. છતાં વેદનાને દબાવી એ વિધવા વહુને દિલાસો આપતા રહ્યા. એ વૈધવ્યની વેદનાને સ્વામીત્વના ગર્વથી દબાવી દેવા ઇચ્છતા હતા.

રામપ્યારીએ આનંદિત અવાજે કહ્યું – ‘‘એમ તો શી રીતે બને બાપુજી? તમે વેઠ કરો ને હું બેસી રહું? કામકાજમાં મન પરોવીશ તો મારું મન હલકું થશે. બેઠાં બેઠાં તો મને રડવું આવશે.’’

શિવદાસે સમજાવતાં કહ્યું – ‘‘દૈવની ગતિ ન્યારી છે. જનાર પાછળ રોવાથી તો મનનો બાર હલકો થયા વગર બીજું શું મળવાનું? ઘરમાં કામકાજની ખોટ નથી.’’

શિવદાસના હઠાગ્રહ આગળ વહુને નમતું જોખવું પડ્યું.

શિવદાસના ગયા પછી રામપ્યારીએ ચાવીઓ હાથમાં લીધી. પ્રસન્નતાથી એનું મન નાચવા લાગ્યું. એને એની જવાબદારીનું પણ ભાન થયું. પતિના વિયોગનું દુઃખ એ પળવાર માટે વીસરી ગઈ. એની નાની બહેન અને દિયેર કામે ગયાં હતા. શિવદાસ બહાર હતા. ઘર ખાલી ખાલી હતું. આ સમયે ભંડાર ઘરને ઉઘાડી એમાંની વસ્તુઓ જોવાની લાલચ એને થઈ આવી. ભંડાર ઘરમાં આ અગાઉ એણે પગ પણ મૂક્યો ન હતો. બધો કારભાર શિવદાસ જ સંભાળતા.

જેના વિશે અસંખ્ય કલ્પનાઓ કરવામાં આવતી હતી એવી એ ઓરડી એક રહસ્ય હતું. આજે એ ઓરડી ઉઘાડી રહસ્ય પામવાની તક રામપ્યારીને મળી હતી. એણે બહારનું બારણું બંધ કર્યું, જેથી એને ભંડાર ઘર ઉઘાડતાં કોઈ જોઈ ના જાય. કંપતા હાથે એણે બારણું ઉઘાડ્યું. એની છાતી ધડકી રહી હતી. કદાચ કોઈ બારણું ઉઘાડશે તો? અંદર પગ મૂકતાં એને નવો જ અનુભવ થયો. માટલાંમાં ગોળ, ખાંડ, ઘઉં વગેરે વસ્તુઓ સંઘરેલી હતી. એક બાજુ મોટાં મોટાં વાસણો રાખેલાં હતા. લગ્ન પ્રસંગ સિવાય આ વાસણો બહાર કાઢવામાં આવતાં નહતા. એક ગોખલામાં વસૂલાતની રસીદો અને લેણદેણના કાગળો બાંધી રાખ્યા હતા. નાની અમથી એ ઓરડીમાં વૈભવ ઠાંસીઠાંસીને ભર્યો હતો જાણે! સાક્ષાત્ લક્ષ્મીદેવીની છત્રછાયામાં રામપ્યારી અડધોએક કલાક બેઠી અને મનને તૃપ્ત કરતી રહી. દરેક પળે એના હૃદયમાં મમત્ત્વનો નશો છવાઈ જતો હતો. એ જ્યારે તેમાંથી બહાર



આવી ત્યારે એના મનની ગતિવિધિ બદલાઈ ગઈ હતી. જાણે એના પર કોઈએ મંત્રપ્રયોગ ના કર્યો હોય!

મુખ્ય દરવાજે કોઈકે બૂમ પાડી. એને ભંડારઘર બંધ કરી તાળું માર્યું. જઈને મુખ્ય દરવાજો ઊઘાડ્યો. જઈને જોયું તો પાડોશની ઝુનિયા એક રૂપિયો ઊછીનો લેવા આવી હતી.

રામપ્યારીએ ઉદાસીનતાથી કહ્યું – ‘‘બહેન, ઘરમાં આજે તો પૈસોય નથી. બધા જ પૈસા ખર્ચાઈ ગયા એમની ક્રિયામાં.’’

ઝુનિયા નવાઈ પામી ગઈ. એને રામપ્યારીની વાત પર વિશ્વાસ બેસતો ન હતો. શિવદાસે કદાચ બહાનું બતાવ્યું હોત તો એને નવાઈ ના થાત, પણ આતો પ્યારીએ કહ્યું હતું. એ તો એના સરળ અને દયાળુ સ્વભાવ માટે આખા ગામમાં પંકાઈ ગઈ હતી. શિવદાસથી છાની છપની ઘણી વસ્તુઓ એ લોકોને આપતી હતી. કાલે જ એણે જાનકી ને શેર દૂધ ભરી આપ્યું હતું. અરે એ તો એનાં ઘરેણાંય માગનારને પહેરવા આપતી હતી. કુંજૂસ શિવદારના ઘરમાં આવી ઉદાર વહુનું આગમન થયું. એને ગામ લોકો સૌભાગ્યની બાબત સમજતા હતા.

ઝુનિયાએ કહ્યું – ‘‘બહેન, એવું ના બોલો, હું ઘણી જ મુશ્કેલીમાં છું. નહીં તો માગવા ના આવત. પોલીસ ઘેર ઊભો છે. રૂપિયો આપો તો એ બલામાંતી છુટાય. અઠવાડિયા પછી પાછો આપી જઈશ. ગામમાં તમારા સિવાય બીજા કોને ઘેર લેવા જાઉં?’’

પણ પ્યારી ઉપર કોઈ અસર થઈ નહીં.

એના ગયા બાદ રામપ્યારી સાંજની રસોઈની તૈયારી કરવા લાગી. પહેલાં રસોઈ કરવી એ શૂળીએ ચઢવા જેવું લાગતું હતું એને. કેટલીયે વાર સુધી બે બહેનો ચડભડ કરતી રહેતી. શિવરામ આવીને કહેતા હતા કે, શું આજે રસોઈ નથી કરવાની કે? તો બે માંથી એક ઊઠીને મોટા મોટા રોટલા ઘડીને મૂકી દેતી. પણ આજે પ્યારી તનમનથી રસોઈ કરવા મંડી પડી. હવે એ ઘરની સ્વામિની હતી.

બહાર આવીને જોયું તો કચરાનો ઢગ ખડકાયો હતો. ઘરડાં આખો દિવસ માખો મારે છે. એમનાથી ઘરમાં ઝાડુય મરાતું નથી. ઘરનું આંગણું મનને આનંદ થાય એવું ચોખ્ખું હોવું જોઇએ. હમણાં જ કહી દઉં છું. મુન્ની ઢોરની ગમાણથી આઘી કેમ ઊભી છે?

મુન્નીની પાસે જઇ એણે ગમાણ તરફ જોયું. તેમાથી દુર્ગંધ આવતી હતી. લાગે છે કે મહિનાઓથી પાણી પણ બદલવામાં આવ્યું નથી. આવી ગંદકીમાં ગાય બાંધી રાખી હતી બિચારી. કોઇને શું એથી? હા, દૂધ બધાંને સારું લાગે છે. દાદા, ઘરને બારણે બેઠાં બેઠાં ચલમ પી રહ્યા છે. ખાય છે દોઢશેર ને કામ કરતાં ચૂક આવે છે. આજે આવે તો પૂછી જ નાખવું છે. ગમાણમાં પાણી કેમ બદલ્યું નથી. રહેવું હોય તો રહેજે. નહીં તો તારા જેવા ઘણાય માણસ મળશે.

એનાથી રહેવાયું નથી. ઘડો લઇને એ પાણી ભરવા ચાલી ગઇ.

શિવદાસે કહ્યું – ‘‘વહુ એમાં પાણી ભરેલું તો છે!’’

‘‘પણ ગમાણનું પાણી તો ગંધાય છે. મુન્ની ઘાસમાં મોંઢુંય નથી મારતી. જોતા નથી ભૂખી ઊભી છે!’’

શિવદાસ મર્માળુ હસ્યા અને આવીને વહુના હાથમાંથી ઘડો લઇ લીધો.

કેટલાક મહિના પસાર થઇ ગયા. પ્યારીના હાથમાં કારભાર આવતાં જાણે ઘરમાં વસંત આવી ગઇ. એના કુશળ વહીવટનાં ઠેરઠેર દર્શન થતાં હતા. ઘરનો કારભાર હવે બરાબર ચાલતો હતો. ભોજન સમયસર મળતું હતું. દૂધ ઘી હવે પૂરતા પ્રમાણમાં અને સારાં મળવા લાગ્યાં. પ્યારી બીજાંને આરામ કરવા દેતી નથી અને પોતે પણ આરામ કરતી નહીં. ઘરમાંથી માગી વસ્તુ મળતી. માણસથી માંડી ઢોરઢાંખર શુદ્ધાં પ્રફુલ્લિત જણાતાં હતાં. આમ છતાં પ્યારીની દશા માંદા માણસ જેવી હતી. પણ ઘર એનાથી શોભતું હતું. બધાંને પ્યારીની દેખરેખ હેઠળ કામ કરવું કઠતું હતું, છતાં સૌ માનતાં કે પ્યારી વિના ઘરનો કારોભાર ચાલી જ ના શકે!



સવારનો સમય હતો. દુલારીએ હાથનાં કડાં પ્યારી સામે નાખતાં ગુસ્સાથી કહ્યું – ‘‘લે આ લઇ લે, અને ભંડારિયામાં બંધ કરીદે.’’

કડાં હાથમાં લેતાં રામપ્યારીએ મીઠા અવાજે કહ્યું – ‘‘કહ્યું છે તો ખરું કે પૈસા આવતાં બનાવી લઇશ. ઉતારી આપવા મેં ક્યાં કહ્યું છે?’’

દુલારી લડવાના વિચારથી જ આવી હતી. કહ્યું – ‘‘તારા હાથમાં પૈસા આવવાનાય નથી ને કડાં બનાવાનાંય નથી. એક એક જોડ રાખવામાં મઝા આવે છે ને?’’

‘‘જોડ જોડ રાખું છું તે તારે માટે. મારે બીજું કોણ છે? જો ને, મારું કડું પણ ક્યારથી ભાગેલું પડ્યું છે!’’

દુલારી બોલી – ‘‘તું ખાય પીવે ભલે નહીં, પણ તને જશ તો મળે છે ને? અહીં ખાવા પીવા સિવાય બીજું છે પણ શું? મને તારા હિસાબ કિતાબમાં સમજણ ના પડે. હું તો એટલું જ જાણું કે મારાં કડાં આજે જ તૈયાર થઇ જવાં જોઇએ.’’

પ્યારીએ વિનોદમાં કહ્યું – ‘‘પૈસા હોય નહીં તો ક્યાંથી લાવું?’’

‘‘મારે પૈસા સાથે શી લેવા દેવા. મારે તો મારાં કડાં થવાં જોઇએ.’’

આમ ઘરનાં બધાં તક મળતાં પ્યારીની સાથે નાનો મોટો ઝઘડો કરી બેસતાં. સ્વામિનીનો એ તો ધર્મ છે કે બધાંનું ભલુભૂંડું સાંભળવું પણ સૌનું કલ્યાણ થાય એમ કરવું. બધાં એની સમક્ષ પોતપોતાના સ્વાર્થનાં રોદણાં રડતાં પણ એ જે કરતી એ જ ઘરમાં થતું.

ગામ આખામાં પ્યારીનાં વખાણ થતાં. ઘરનો બધો કારભાર સંભાળવા જેટલી તો તેના ઉંમરેય ન હતી. તેણે ધાર્યું હોત તો ફરી લગ્ન કરીને સુખેથી રહી શકી હતો. પણ એણે તો આ ઘરને માટે પોતાના જિંદગી હોડમાં મૂકી છે. જાણે એ આખે આખી બદલાઇ ગઇ હોય એમ કોઇના સાથે હસતી બોલતી પણ નથી.

કેટલાક દિવસબાદ પ્યારીએ દુલારી માટે કડાં બનાવડાવી દીધાં. એ માટે એ પોતે જ સોનીને ઘેર ગઇ હતી.

સાંજ પડ્યે દુલારી અને મથુરા બજારેથી પાછાં ફર્યાં હતાં. પ્યારીએ નવાં કડાં દુલારીના હાથમાં મૂક્યાં. દુલારી ખુશખુશ થઈ ગઈ. ઝટપટ કડાં પહેરીને એ મથુરાને બતાવવા દીવાનખાના ભણી દોડી ગઈ. મથુરાને એ કડાં બતાવતી હતી ત્યારે પ્યારી એ દૃશ્ય સંતાઈને જોતી રહી હતી. એના આંખો ભીની થઈ ગઈ. દુલારી એનાથી ત્રણ વર્ષ નાની છે. પણ બંન્નેમાં કેટલું અંતર છે! એના આંખો એ દૃશ્ય જોતી રહી. દંપતીનો એ સ્વાભાવિક આનંદ, એમનું પ્રેમાલિંગન, મુગ્ધ પ્રણયમુદ્રા જોઈ પથારીની આંખો સ્થિર થઈ ગઈ. દિવાના આછા ઉજાસમાં તે બંન્ને તેની નજરમાંથી અદૃશ્ય થઈ ગયાં અને તેના જ ભૂતકાળની જીવનલીલા આંખો સામે વારંવાર નવાનવા રૂપે રંગે દૃશ્યમાન થવા લાગી.

ઓચિંતી શિવદાસે બૂમ પાડી – ‘‘મોટી વહુ! જરા એક પૈસો આપજો, તમાકુ મંગાવવી છે.’’

પ્યારીની વિચાર સમાધિ તૂટી. આંખો લૂછતી એ પૈસો લેવા ભંડારિયામાં ચાલી ગઈ.

એક એક કરીને પ્યારીનાં હાથનાં ઘરેણાં ઉતરતાં જતાં હતા. એની ઈચ્છા તો પોતાના ઘરને ગામમાં સૌથી સમૃદ્ધ ગણાવવાની હતી. એ માટે એને ભારે કિંમત ચૂકવવી પડતી હતી. ક્યારેક ઘરના સમારકામ માટે, ક્યારેક બળદોની નવી જોડ ખરીદવા માટે, ક્યારેક સામાજિક વહેવાર સાચવવા, તો ક્યારેક માંદાઓની સારવાર માટે રૂપિયાની જરૂર પડતી. કાપ કૂપ કરવા છતાંય મેળ બેસતો નહીં ત્યારે એ એનું કોઈને કોઈ ઘરેણું હોડમાં મૂકી દેતી. ઘરેણું એકવાર હાથેથી ઉતર્યા પછી પાછું આવતું નહીં. ઈજ્જત સાચવવા એ મન મૂકીને પૈસા ખર્ચતી. ગામમાં એની માનહાનિ ક્યારેય થતી નહીં. દુલારીની પાસેય ઘરેણાં હતા. એક બે વસ્તુઓ મથુરા પાસે હતી. પણ પ્યારીને મન તો એ ઘરેણાં ગાયની માટી બરાબર હતા.

દુલારીને પેટ છોકરો જન્મ્યો ત્યારે પ્યારીએ ધામધૂમથી જન્મોત્સવ ઊજવવાની વાત મૂકેલી.



શિવદાસે એનો વિરોધ કરતાં કહ્યું – ‘‘કેવી વાત કરો છો,બાપા! પહેલા ખોળાના દીકરા માટે ધામધૂમથી ઊજવણી ના થાય તો પછી ક્યારે થાય? લોકો મહેંણાં મારશે, કહેશે કે નામ મોટાં ને દર્શન ખોટાં. મારે તમારી પાસેથી કશું જ જોઈતું નથી. હું બધી જ વ્યવસ્થા કરી લઈશ.’’

‘‘કરી કરીને તું એકાદ ઘરેણું વેચીશ. બીજું શું કરીશ? અને આમને આમ ઘરેણાં કાઢતી રહીશ તો ખાલી થઈ જશે. તને કેટલીવાર કહું કે ભાઈ, ભાભી કે પેટનો જણ્યો દીકરો પણ વખત આવ્યે સગાં થતાં નથી. બે પૈસા પાસે હશે તને ખાવા આપશે. નહીં તો કોઈ પવાલું પાણી પણ નહીં પાય.’’

એણે આવી વાતો તો ઘણીયે સાંભળી હતી. તે બોલી – ‘‘પણ બાપા! આપણાં એ આપણાં જ રહેવાનાં, મારો ધરમ, મારી સાથે અને એમનો ધરમ એમની સાથે. મરી જઈશ તોય કઈ બધું છાતીએ બાંધીને લઈ જવાની નથી.’’

છેવટે ધામધૂમથી જન્મોત્સવની ઊજવણી થઈ. પ્રસૂતાસ્નાને દિવસે કુટુંબીઓને ભોજન આપવામાં આવ્યું. બધાં તો ખાઈ પી મઝા કરીને ચાલ્યાં ગયાં. પણ પછી થાકીપાકી પ્યારી કોથળો પાથરી થાક ઉતારવા આંગણામાં આડેપડખે થઈ. થોડીવારમાં આંખ મળી ગઈ. બરાબર એ જ વખતે મથુરા ઘરમાં આવ્યો. નવાગંતુક પુત્રને જોવા એ વ્યાકુળ થઈ ગયો હતો. દુલારી સુવાવડના ઓરડામાંથી બહાર આવી ગઈ હતી. આજે એના ચહેરા ઉપર લાલાશ જણાતી હતી. માતૃત્ત્વનાં ગૌરવ અને આનંદ એની આંખોમાં સંજીવની ભરતાં હતા. સુવાવડના સંયમે અને પૌષ્ટિક ખોરાકે એના શરીરને સ્વસ્થ બનાવ્યું હતું. મથુરા એને જોતાં જ પાસે આવી ચઢ્યો અને એણે દુલારીના હાથમાંથી બાળક લઈ લીધું. એ વહાલથી એને ચુંબન કરવા લાગ્યો.

એટલામાં પ્યારીના આંખો ઊઘડી ગઈ. એણે ઉંઘવાનો ઢોંગ કરી મથુરાની આનંદલીલા જોવા માંડી. બંન્ને માતા પિતા વારાફરતી બાળકને ગળે લગાડતાં હતાં. અને ચૂમીઓ ભરતાં હતાં. આનંદથી એનો હસતો ચહેરો જોતાં. કેવો સ્વર્ગીય આનંદ હતો એ! પ્યારીની તરસી લાલસા ક્ષણવાર માટે સ્વામિની ને વીસરી ગઈ. પ્યારીની દશા લગામ બાંધેલા અને ભારથી

લદાયેલા છતાં હણહણાટી સાંભળીને હણહણાટી વડે જવાબ દેતા ઘોડા જેવી થઇ. એનું સુષુપ્ત અને નિશ્ચેષ્ટ માતૃત્ત્વ નજીકમાંથી જ આવતી માતૃત્ત્વની હણહણાટી સાંભળીને જાગૃત થઇ ઊઠ્યું, અને ચિંતાઓના પાંજરામાથી નીકળવા માટે પાંખો ફફડાવવા લાગ્યું.

મથુરાએ કહ્યું – ‘‘આ મારો છોકરો છે.’’

દુલારીએ જવાબ આપ્યો – ‘‘હા,હા. કેમ નહીં. તમે તો એને નવ મહિના પેટમાં રાખ્યો હતો ને? પીડા મેં ભોગવી ને બાપ કહેવડાવવા તમે તૈયાર થઇ ગયા.’’

‘‘જો મારો છોકરો ના હોત તો મારા જેવું મોંઢું શું કામ હોત? બોલ, રંગ રૂપ, ચહેરો બધું છે કે નહીં મારા જેવું?’’

‘‘તેથી શું? બી વાણિયાની દુકાનેથી આવે છે. ખેતર ખેડૂતનું હોય છે. ઉપજ પણ ખેડૂતની હોય છે. વાણિયાની નહીં.’’

‘‘તને તો કોઇ નહીં પહોંચે! દિકરો મોટો થઇ જાય પછી હું તો નિરાંતે બેઠો બેઠો હુક્કો પીશ.’’

દુલારીએ કહ્યું – ‘‘મારો છોકરો ભણીગણીને મોટો ઓફિસર થશે. તમારી જેમ બળદોનાં પૂછડાં નહીં આમળે. માલકણને કહીને કાલે જ એક પારણું બનાવડાવવું પડશે.’’

‘‘જો, હવે સવારે વહેલી ઊઠીશ નહીં અને વધારે પડતું જોર વાળું કામ પણ કરીશ નહીં.’’

‘‘તો પછી આ મહારાણી રહેવા દેશે અહીં?’’

‘‘મને તો બિચારી ઉપર દયા આવે છે. એને કોણ છે ખાનાર પીનાર આપણે માટે તો રાતદિવસ એક કરે છે. ભાઇ જીવતા હોય તો અત્યાર સુધીમાં બે ત્રણ છોકરાંની મા થઇ ગઇ હોત.’’ – મથુરાએ કહ્યું.

પ્યારીના ગળામાં ડૂમો ભરાયો. એણે મહા મુસીબતે ડુસકું દબાવી દીધું. એને એનું જીવન સૂકા અને વેરાન રણ જેવું લાગ્યું. સૂકી રેતી ઉપર એ હર્યોભર્યો બાગ ખિલવવાની એ વ્યર્થ ચેષ્ટા કરી રહી હતી.



ત્યાં જ ઓચિંતા શિવદાસે અંદર આવીને પૂછ્યું – ‘‘મોટી વહુ શું સુઇ ગઇ છે? વાજાંવાળાંને હજુ પિરસણ મળ્યું નથી. શું, કહી દઉં એમને?’’

થોડા દિવસોમાં શિવદાસનું અવસાન થયું. બીજી બાજુ દુલારીને બીજાં બે બાળકો થયાં. એ છોકરાંની દેખભાળમાં વ્યસ્ત રહેતી હતી. ખેતીનું કામ મજૂરોને માથે આવી પડ્યું. મથુરા મજૂરનું કામ સારી રીતે કરતો. પણ એના કારભારમાં ભલીવાર નહતો. ભાઇની દેખરેખ હેઠળ એ કામ કરતો. જે મહેનત કરતાં ખુશામત કરવામાં પાવરધા હતા તે મજૂરો જ એને ત્યાં ટકી રહેતા. પ્યારી ઉપર જવાબદારીનો બોજ વધી ગયો. મજૂરો હવે એની ઉપર અકડાઇ કરતા. જમીનદારની ધોંસ પણ વધી ગઇ હતી. મથુરા ઘરનો વડીલ હતો હવે. એના એ અધિકારને કોણ ટાળી શકે? મજૂરો કામચોરી કરતા. પ્યારી ઘણીયે કરકસર કરતી. પણ એની અસર કોઇના પર થઇ નહીં. ત્રીસ વર્ષની ઉંમરમાં એના વાળ ધોળા થઇ ગયા હતા. કેડ નમી પડી હતી. આંખો નું તેજ ઓછું થઇ ગયું હતું. છતાં તેના મુખ ઉપર પ્રસન્નતા તરવરતી હતી. સ્વામીત્વનું ગૌરવ આ બધા જખમો ઉપર મલમનું કામ કરતું હતું.

એક દિવસ મથુરાએ કહ્યું – ‘‘ભાભી! હવે દેશાવર જવાનું મન થાય છે. અહીંની કમાણીમાં તો કોઇ બરકત દેખાતી નથી. પરાણે રોટલો નીકળી રહે છે. ઊગમણી પાથી આવેલા લોકો કહે છે કે ત્યાં રોજ બે ત્રણ રૂપિયા મજૂરી મળે છે. ચાર પાંચ વર્ષ રહીશ તો માલામાલ થઇ જઇશ. હું તો બચરવાળ રહ્યો. કઇંક તો કરવું પડશે ને?’’

દુલારીએ એ વાતમાં સૂર પૂરાવ્યો – ‘‘હાથમાં બે પૈસા હશે તો છોકરાંને ભણાવા ગણાવાશે. આપણી જિંદગી તો ગમે તેમ કરીને ટૂંકી થઇ ગઇ, પણ છોકરાંને તો જીવતાં શીખવાડવું પડશે ને!’’

રામપ્યારી આવાક્ બની ગઇ. એ તો બંન્નેની સામું તાકી જ રહી. એને થયું કે આમના મનમાં આવો વિચાર આવ્યો ક્યાંથી? મારે કારણે તો આવો વિચાર નહીં આવ્યો હોયને? એણે કહ્યું – ‘‘હું તો ના કહું છું, પછી જેવી તમારી મરજી. છોકરાઓને ભણાવવાની સગવડતો અહીં પણ ક્યાં નથી? કંઇ આવા દહાડા કાયમ થોડા રહેવાના છે? બે ત્રણ વરસ સારી ખેતી થાય તો દહાડા સુધરી જાય!’’

"હવે શું ધૂળ ખેતી સુધરવાની છે! આમને આમ તો એક દહાડો લાંબે પંથે પડી જઈશું ને મનની મનમાં રહી જશે. હવે તો મજૂરોય થાકી ગયા છે. આ ખેતી હવે કોણ સંભાળશે? છોકરાંને તો ખેતીમાં જોતરવાની મારી લેશમાત્ર ઈચ્છા નથી'' – મથુરાએ જણાવ્યું.

પ્યારીએ રડતાં રડતાં કહ્યું – "ભાઈ! ઘેર બેઠાં અડધો રોટલો ખાવા મળતો હોય તો બહાર જઈ આખો ખાવાની લાલચ રાખવી જોઈએ નહીં. ને મારા તરફથી જો તને કોઈ કનડગત થતી લાગતી હોય તો તું તારે સુખેથી ઘરનો બધો વહીવટ લઈલે તારા હાથમાં. મને તો એક રોટલાનો ટુકડો આલીશ તોય પડી રહીશ ખાઈને.''

મથુરાએ રુંધાતા અવાજે કહ્યું – "ભાભી! તમે આવું શું બોલો છો? તમારી દેખભાળથી તો આ ઘર ટકી રહ્યું છે અત્યાર સુધી. નહીં તો તો રસાતાળ નીકળી ગયું હોત! આ કુટુંબ પાછળતો તમે તમારું આખું આયખું હોમી દીધું છે. હું કાંઈ આંધળો નથી બધુંય સમજું છું. અમને જવાદો મહેરબાની કરીને. ઈશ્વરની મરજી હશે તો ફરી પાછું ઘર તરી જશે. તમારે માટે અમે ખર્ચી મોકલતા રહીશું.''

પ્યારીએ કહ્યું – "જો જવું જ હોય તો તમે જાઓ. છોકરાં અહીં ભવે રહ્યાં. બિચારા ક્યાં ક્યાં ભટકશે?''

"એ કેમ બની શકે! અહીં ગામડા ગામમાં શું ભણવાનું? અને છોકરાં વગર જીવને ગોઠેય ખરું?''

"તો પછી મારેય અહીં રહીને શું કરવું છે! મનેય લઈ જાઓ તમારી સાથે.'' રામપ્યારીએ કહ્યું.

દુલારીને આ વાત ગમી નહીં. એને થોડા દહાડા મોજ મઝા માણવાં હતાં. પરદેશમાં પણ જો આ બંધન માથા પર હોય તો તો શી મઝા આવે! એણે કહ્યું – " બહેન, તું આવે તેથી તો રૂડું શું! પણ પછી અહીંના કારભાર ઠપ થઈ જાય. તું હોય તો દેખભાળ રાખી શકાય ને?''

જવાના દિવસથી આગલી રાત્રે રામપ્યારીએ રાત આખી માથે



કરીને હલવો પૂરીઓ બનાવ્યાં. આ ઘરમાં આવ્યા બાદ એક દિવસ પણ એ એકલી રહી ન હતી. બંન્ને બહેનો હમેશાં સાથે જ રહી હતી. આજે એકલાપણાના વિચારથી એનું મન ભારે થઈ ગયું. તે જોતી હતી કે મથુરા ખુશ હતો. છોકરાં તો ખાવા પીવાનું શુદ્ધાં ભુલી જઈ આનંદથી કૂદતાં હતા. દુલારી નિશ્ચિંત થઈને બેઠી હતી. બહેનથી જુદા થવાનું દુઃખ એના ચહેરા ઉપર જરાય ફરકતું ન હતું. પ્રવાસની બધી તૈયારીઓ પ્યારીએ સંભાળી હતી. કપડાં, વાસણ કૂસઈ, દવાઓ, તથા ખર્ચની વ્યવસ્થા શુદ્ધાં પ્યારીએ પૂરા મનથી કરી દીધી હતી. બચરવાળ ના હોવા છતાં બાળકોના લાલાનપાલનમાં એ હોંશિયાર હતી. તેણે દુલારીને શિખામણ આપતાં કહ્યું – "જો, છોકરાઓને મારતી ઝૂડતી નહીં. મારવાથી છોકરાં વધારે ઉદ્દંડ બની જાય છે. બાળક સાથે તો આપણે બાળક જેવા થવું પડે છે. કોઈ વાર એના સાથે હસવું પડે છે, તો કોઈકવાર રડવું પણ પડે! તને એમ કે છોકરાં ચૂપચાપ, પજવ્યા વગર બેસી રહે એમ તો બનવાનું નથી. બાળકો સ્વભાવે ચંચળ હોય છે.'' દુલારી ના મનથી બધું સાંભળી રહી હતી.

વિદાયનો દિવસ પ્યારી માટે પરીક્ષાનો દિવસ હતો. એને થયું કે ભગવાન આ દિવસ ના જોવડાવે તો સારું! ઘડી ભરમાં ઘર સૂનું થઈ જશે! આખા ઘરમાં તે એકલી પડી જશે. હવે પોતે કોની સાથે હસશે બોલશે! સમય નજીક આવતાં એની વૃત્તિઓ શિથિલ થતી જતી હતી. કામકાજમાં પણ એનું મન ચોંટતું ન હતું. સમય મળતાં રડીને એ મનનો ભાર હળવો કરી લેતી. એ કોઈકવાર એમ પણ વિચારતી – "જો આ લોકો મારાં જ હોત. તો આમ મને છોડીને ચાલ્યાં જાત ખરાં? આ તો કહેવાના સંબંધો છે. કોઈના પર કઈં હકદાવો થોડો કરાય? પાણી તેલમાં ગમે તેટલું ભેળવવામાં આવે તોય તે જુદું જ પડે છે આખરે.''

છોકરાં નવાં લૂગડાં પહેરીને આમ તે ફરતાં હતા. પ્યારી એમને લાડથી ખોળામાં બેસાડવા પ્રયત્ન કરતી તો એ રડીને આઘાં નાસી છૂટતાં. આવા સમયે છોકરાં પણ નિષ્ઠુર બની જાય છે એની એને શી ખબર!

દસ વાગે બળદગાડું આવી ઊભું. છોકરાઓ તો પહેલેથી જ ગાડામાં ગોઠવાઈ ગયા હતા. ગામનાં સ્ત્રી પુરુષો મળવા આવ્યાં હતાં.

પ્યારીને એ બધાંનું આગમન કઠતું હતું. દુલારી સાથે એકાંતમાં એ થોડીવાર ગળે વળગીને રડી લેવા ઇચ્છતી હતી. મથુરાને કહેવા ઇચ્છીતી હતી કે – ''મારી સંભાળ રાખતા રહેજો. તમારા વગર મારું બીજું છોય કોણ? પણ આ ઝાઝા ટોળામાં એને એવી તક ક્યાંથી મળે! મથુરા અને દુલારી ગાડામાં ગોઠવાયાં, રામપ્યારી ઘરના ચોકમાં રડતી ઊભી રહી. એટલી તો વ્યગ્ર થઇ ગઇ હતી કે ભાગોળ સુધી વળાવવા જવાનુંય એને ભાન રહ્યું નહીં.''

દિવસો સુધી પ્યારીને કળ વળી નહીં. ના તો એણે ચૂલો ચેતાવ્યો હતો, કે ના એ ઘઙરની બહાર નીકળી હતી. હળેતી જોખું વારંવાર આજીજી કરતો – ''ઊઠો, માલિકણ! હાથ મોં ધોઇ લ્યો. થોડુંક ખાઇ પી લ્યો. આમ કંઇ સુધી ચાલશે? ગામની સ્ત્રીઓ પણ આવી સલાહ, આપતી. પણ એ સલાહમાં ઈર્ષા સિવાય ખાસ કશું ન હતું.''

જોખુંની વાતમાં સહાનુભૂતિ હતું. જોખુ કામચોર, વાતોડિયો અને દારૂડિયો હતો. પ્યારી અને વારેવારે ધમકાવતી હતી. એ બે વાર તો એને છુટોય કરી દીધેલો. પણ મથુરાના આગ્રહથી પાછો કામે ચઢાવેલો. જોખુની વાતો સાંભળીને પ્યારી અકળાતી હતી. – ''આ કામ કરવા કેમ નથી જતો? મારી પાછળ શું કામ પડ્યો છે?'' પણ એને ધમકાવવાનો જીવ ચાલ્યો નહીં. આ સમયે એને સહાનુભૂતિની જરૂર હતી.

ક્ષોભની માત્રા દિનપ્રતિદિન ઘટતી રહી. વળી પાછું જીવન પૂર્વવત્ ચાલવા લાગ્યું. ખેતીનો કારભાર હવે પ્યારીને માથે હતો. લોકો ખેતી કાઢી નાખવા એને સલાહ આપતા. પણ રામપ્યારી જીવનમાં હાર સ્વીકારે એવી ન હતી. બધું કામ પહેલાંની જેમ ચાલવા લાગ્યું. બીજી બાજુ મથુરાનો કાગળ નહીં. આવવાથી એનું સ્ત્રી અભિમાન વધુ ઉત્તેજિત થયું હતું. એ વિચારવા લાગી – ''એ એના મનમાં સમજે છે શું? હજુ તો હું એને ખવડાવું એવી છું. એનો કાગળ આવવાથી મને કોઇ દલ્લો મળી જવાનો નથી. એને જો મારી ચિંતા ના હોય તો મનેય શી પડી છે એની!''

પ્યારી આખો દિવસ ખેતીના કામમાં પરોવાયેલી રહેતી હતી. ખેતરમાં તડબૂચ વાવ્યાં હતાં. તડબૂચ ખૂબ જ ઉતરતાં હતા. આવક સારી





થતાં પ્યારીની રહેણી કરણી પણ બદલાવા લાગી. હવે એ સારાં કપડાં પહેરવા લાગી. એને ઘરેણાંમાં વિશેષ રુચિ ન હતી. પૈસા આવતાં એણે ગીરો મૂકેલાં ઘરેણાં છોડાવી લીધાં. એ ખાવા પીવામાં સંયમ જાળવતી.

એક દિવસ જોખુ ખેતરમાંથી આવ્યો ત્યારે અંધારું થઇ ગયું હતું. પ્યારીએ એને પૂછ્યું – ''અત્યાર સુધી ખેતરમાં શું કરતો હતો?''

જોખુએ જવાબ આપ્યો – ''ચાર ક્યારા રહી ગયા હતા. થિયું કે દસેક કોસ વધારે ખેંચી કાઢું! કાલે કશી ઝંઝટ ના રહે.''

જોખું હવે કામમાં મન પરોવતો હતો. હવે બધો કારભાર એના હાથમાં હતો. કોઇના કશી રોકટોક ન હતી.

''ભલે, હાથ મોં ધોઇ દે. હાય હાય કરવાથી શું કામ થવાનું છે! આજે નહીં તો કાલેર પાણી પીવડાવાત! એવી શી ઉતાવળ હતી!''

જોખૂના મનમા એમ કે પ્યારી ગુસ્સે થઇ રહી છે. એણે વિચારેલું કે પ્યારી એના કામની પ્રસંશા કરશે. પણ અહીં તો ટીકા થતી હતી. ગુસ્સે થઇ એણે કહ્યું – ''શેઠાણી! તમે તો બે બાજુ ઢોલ વગાડો છો. તમને ખબર ના પડે એવી વાતમાં શું કામ માથું મારો છો? કાલે તો ઊંચાં ખેતરોમાં પાણી લેવાનું છે. આજે પાણીના લીધું હોત તો કોઇ બીજો પાણી ખેંચી લેત. પછી અઠવાડિયે વારો આવત. ત્યાં સુધીમાં તો બધી શેરડી બળી જાત.''

પ્યારીએ એની સરળતા ઉપર હસતાં હસતાં બોલી – ''અરે! ગાંડા, હું કંઇ તને ઠપકો નથી આપતી. હું તો કહું છું કે શરીર સાચવીને કામ ધંધો કરવો. બિમાર પડીશ તો દુઃખી દુઃખી થઇ જઇશ.''

''કોણ, હું માંદો પડી જઇશ? વીસ વર્ષમાં મને તો માથું સરખુંય દુઃખ્યું નથી. કહો તો આખી રાત કામ કર્યાં કરું.''

''હું શું જાણું! તું જ પેટમાં દુઃખવાની અને માથું દુઃખવાની ફરિયાદ કરતો હતો ને?''

''એ દાહાડાની વાત જુદી હતી. ત્યારે તો માલિક મારું તેલ કાઢતા હતા. હવે તો બધું જ મારે માથે છે. હું ના કરું તો સત્યાનાશ વળી જાય.''

"તે હું શું દેખભાળ રાખતી નથી?"

"તમે બધું માથે લેશો તો વહેલાં જતાં રહેશો."

પ્યારી જોખુની આ નિર્દોષ વાતચીતથી મુગ્ધ થઇ ગઇ. તેણે કહ્યું – "તો આટલી રાતે ચૂલો સળગાવીશ? એના કરતાં તો પરણી જાને!"

જોખુએ મોંઢું ધોતાં કહ્યું – "તમેય શેઠાણી બા, કેવી વાત કરો છો? મારું તો પેટ ભરાતું નથી ને પાછી જાણી જોઇને પીડા વધારું? સવાશેર ખાઉં છું ટંકે."

"એમ? તો આજે અહીં જ ખા. મારે જોવું છે કે તું કેટલું ખાય છે."

"ના, બા! તમે થાકી જશો બનાવતાં બનાવતાં. અડધા અડધા શેરના બે રોટલા ટીપીને ખવડાવી દો તો ખાઇ નાખું. હું તો રોટલા ખાઉં છું."

"હું તને આજે તો ફુલકા ખવડાવીશ."

"તો તો આખી રાત ખાવામાં જ જશે!"

"રહેવા દે હવે. બેસી જા ઝટ ખાવા."

"બળદોને ખાણ પાણી તો દેતો આવું!"

જોખું અને પ્યારી વચ્ચે ચર્ચા ચાલતી હતી.

"હું કહું છું કે અનાજનું વાવેતર નથી કરવું. રેલ ચઢશે તો ખેતરો પાણીથી ઊભરાઇ જશે. જુવાર, તુવેર, શણ વગેરે જ વાવીએ."

જોખુએ ખભે પાવડો મૂકતાં કહ્યું – "જેવું સૌનું થશે, એવું આપણું. સૌનું ડૂબી જશે તો આપણુંય ડૂબી જશે. હું શું કામ બધાથી પાછળ રહી જાઉં! બાપાના વખતમાં પાંચ વીઘાંથી ઓછું વાવતા ન હતા. બિરજુભાઇએ એમાં બે એક વીઘાં વધાર્યાં. મથુરાએય થોડું ઘણું દરેક વર્ષે વાવ્યું હતું. તો શું હું એમનાથી જઉં એવો છું? હું પાંચ વીઘાંથી ઓછું વાવવાનો નથી."



"ત્યારની વાત જુદી હતી. ત્યારે તો ઘરમાં બે જવાનજોધ કામ કરનારા હતા."

"હું એ બે જણ જેટલું તો ખાઉં છું તો પછી બેના જેટલું કામ કેમ નહીં કરું?"

"જુઠ્ઠા! અડધા શેરના ફૂલકા તો ખવાયા નહીં."

"તે એક દહાડો જોખીને ખવડાવો ત્યારે ખબર પડે."

"જોખ્યું જોખ્યું હવે. ના જોયો હોય તો મોટો ખાવાવાળો! જો મારું, કહેવું માન. આપણે અનાજ નથી વાવવું. માણસો મળશે નહીં 'ને હેરાન થઇ જઇશું."

"એમ હારી જાઉં તો પછી આ શરીર શા ખપનું?"

પ્યારીએ એના ખભા ઉપરથી પાવડો લઇ લીધો, અને બોલી – "તું રાત દાડો મથ્યા કરીશ તો અહીં એકલા એકલા મારો જીવ મુંઝાશે."

જોખુને જીવ મૂંઝાવાનો અનુભવ ન હતો. કામ ના હોય તો માણસ સૂઇ રહે. એમાં મૂંઝવણ શાની? કહ્યું – "જીવ મુંઝાય તો સુઇ રહેજો. હું ઘેર રહીશ તેથી તો તમારો જીવ વધારે અકળાશે. હું કામ ધંધે નથી ચઢતો તો મને બેઠાં બેઠાં ખાવાનું મન થયા કરે છે. શેઠાણી બા! વાતોમાં ને વાતોમાં મોડું થઇ ગયું. અને ઉપર તો વાદળાં ઘેરાયાં છે."

પ્યારીએ હાર સ્વીકારતાં કહ્યું – "ભલે, કાલથી જજે ખેતરમાં, આજે બેસ."

"આ બેઠો. બોલો શું કહો છો?"

"કહેવાનું શું હોય? કહું છું કે તું લગ્ન કેમ કરી લેતો નથી? એકલી છું. તે મને સધિયારો દેનારી મળશે."

"શેઠાણી બા! તમે પાછી ના કરવાની વાત કરી. મારે અહીં પરણવું કોની હાર્યે? ઘરેણાં હારું મારો જીવ લે એવી બૈરીને લાઇને હું શું કરું?"

"એ તો ભારે શરત મૂકી તેં. એવી બૈરી તો મળવી તો કઠણ કામ છે. ઘરેણાં તો કઇ સ્ત્રીને ના ગમે?"

"તે હું એમ નથી કે'તો કે એને ઘરણાં ગમે છે. મારે તો બસ મારો જીવ ના ખાય એટલે થયું. આ તમને જ ચ્યાં ઘરેણાંનો મોહ છે? તમે તો હતાં તેય પારકાં કાજે વાપરી દીધાં."

પ્યારીના કપાળે તેડની આછી રેખા ખેંચાઇ ગઇ. બોલી – "ભલે, બીજું શું ઇચ્છે છે?"

"હું કહીશ તો મારા પર બગડી જશો તમે!"

પ્યારીની આંખોમાં લજ્જાએ ડોકિયાં કર્યાં. તેણે કહ્યું – "બગડવા જેવું હશે તો જરૂર બગડીશ."

જોખુએ કહ્યું – "તમે અકળાશો તો હું નહીં કહું."

પ્યારીએ એને પાછો ધકેલતાં કહ્યું – "કેમ નહીં કરે? હું કહેવડાવીને જ રહીશ."

જોખુંએ કહ્યું – "મારે તો તમારા જેવી ગંભીર, બોલવા ચાલવામાં ચાલાક, સારું સારું ખાવા બનાવનારી, કરકસર કરનારી અને હસતા મોંઢાવાળી બૈરી જ ખપે! બસ જો એવી બૈરી મળશે તો પૈણીશ, નઇં તો આમ પડ્યો રહીશ."

પ્યારી શરમાઇ ગઇ. પાછા ખસતાં એણે કહ્યું – "તું તો ભારે નટખટ છે! હસતાં હસતાં તેં તો બધું જ કહી દીધું."



# ઘરજમાઇ...

હરિધન જેઠવા લૂ વરસતા તાપમાં શેરડીમાં પાણી લઇ, આવીને બહાર બેઠો. ઘરમાંથી ધૂમાડી ઊઠતી એણે જોઇ. છન્...છન્...છન્.. એવો અવાજ પણ આવતો સંભળાયો. એના બંન્ને સાળા પણ આવી ને ઘરમાં ગયા. બંન્ને સાળાના દીકરાઓ પણ આવીને ઘરમાં પેઠા. એક હરિધન ઘરમાં જઇ ના શક્યો. એક મહિનાથી એની સાથે થતો વ્યવહાર. એ સહન કરી શક્યો નહીં. એમાંય ગઇ કાલે એને માથે જે માછલાં ધોવાયેલાં એનાથી તો વધારે ખિન્ન થઇ ગયેલો. એની સાસુએ કહ્યું હતું – "હવે ધરાઇ ગઇ છું હું તમારાથી. કઇં જિંદગી આખીની તમારી જવાબદારી માથે લઇને બેઠી છું હું?" એની પત્નીએય માને એમ કરતાં વારી ન હતી. ઘરમાં એ શી રીતે જઇ શકે? ફરી વાર ગાળો સાંભળવા માટે? ફરીવાર સાસુનો ફિટકાર સાંભળવા? આમ ને આમ એણે દસ વર્ષ આ ઘરમાં વીતાવ્યાં હતા. એ તન તોડીને કામ કરતો. સાળા તો દિવસ આખો બેસી રહેતા. સાંજ પડ્યે ઘરનાં બધાં સંગીતની મઝા માણતાં હતાં જ્યારે હરિધન કામકાજમાંથી ઊંચો આવતો ન હતો. કોઇ ખાવનોય ભાવ પૂછતું ન હતું.

એની પત્ની ઘરમાંથી ડોલ લઇને બહાર આવી અને બોલી – "જરા કૂવેથી પાણી ખેંચી લાવો. ઘરમાં પાણીનું ટીપુંય નથી."

હરિધન ડોલ લઇ પાણી ભરવા ચાલ્યો ગયો. એને ખૂબ ભૂખ લાગી હતી. એને એમ કે પત્ની ખાવા બોલાવવા આવશે, પણ પાણી લઇને તે ઘરમાં ગઇ તે પાછી જ આવી નહીં. હરિધન થાક્યો પાક્યો ભૂખે વ્યાકુળ થઇ બહાર પડી રહ્યો.

એની પત્ની ગુમાનીએ આવીને એને જગાડ્યો.

હરિધને પડ્યાં પડ્યાં કહ્યું – "શું છે? તારે મને અહીં પડી રહેવા દેવોય નથી? કે પછી બીજી ડોલ પાણી લેવા મોકલવો છે?"

ગુમાનીએ કડવાશથી કહ્યું – "ઘૂરકિયાં શાના કરો છો? ખાવા બોલાવવા આવી છું."

હરિધને જોયું તો એના બંન્ને સાળા અને મોટા સાળાના બે છોકરા ખાવા જઇ રહ્યા હતા. હું તો એમની સાથે બેસીને ખાઇ શકતો પણ ન હતો. એ લોકો તો માલિક હતા. હું તો એમનું એઠું જુઠું ખાનારો. જેને ખાઇ રહ્યા બાદ વધેલા રોટલાના ટુકડા નાખવામાં આવે છે એવો હું તો એમનો કૂતરો હતો. આજથી દસ વર્ષ પહેલાં આજ ઘરમાં એનો કેટલો સત્કાર થતો હતો! સાળાઓ ગુલામ બનીને રહેતા હતા. સાસુ એનો પડ્યો બોલ ઝીલતી હતી. પત્ની પૂજા કરતી હતી. ત્યારે તો એના પાસે પૈસા હતા, સંપત્તિ હતી. આજે તો એ ગરીબ છે. એની સઘળી સંપત્તિ આ લોકોએ લૂંટી લીધી હતી. હવે એને બે ટંકના રોટલાનાય સાંસા પડતા હતા. એને ગુસ્સો થઇ આવ્યો. ગુસ્સાને દબાવતાં એણે કહ્યું – "મને ભૂખ નથી. મારે ખાવું નથી."

"મારી લીધે ખાતા હો તો ના ખાશો. ખાશો તો તમારા પેટમાં જશે, મારા નહીં."

હરિધનનો ગુસ્સો આંસુ બની આંખથી ટપકી રહ્યો. જેને માટે મેં મારું સર્વસ્વ ધૂળમાં મેળવી દીધું. છે એ આ મારી પત્ની છે. હવે બધાં મને મૂર્ખ બનાવીને અહીંથી કાઢી મૂકવા ઇચ્છે છે. હવે તો ક્યાં જાય? શું કરે?

એની સાસુએ આવીને કહ્યું – "કોની ઉપર રીસાઓ છો? ખાઇ લ્યો ને! અહીં આ બધી નખરાબાજી નહીં ચાલે, તમે આપી ચલાવતા હો તો હવે ના આપતા. બીજું શું કરશો તમે? તમને છોકરી આપી છે. કંઇ તમને જીવાડવાનો ઇજારો નથી રાખ્યો."

હરિધને કહ્યું – "મારી એ જ ભૂલ હતી કે હું આજ સુધી એમ સમજતો હતો. હવે મારી પાસે છેય શું કે હવે તમને મારી પડી હોય? મારી પાસે દોલતા હતી ત્યારે તો બધાં મારી આગળ પાછળ ફરતાં હતા. હવે તો હું દરિદ્ર બની ગયો છું."



વૃદ્ધ સાસુ પણ મોં ચઢાવીને ઘરમાં ચાલી ગઇ.

જેમ ઘોડાને માટે ચંદી હોય છે તેમ બાળકોને માટે એમનો બાપ એક મામૂલી વસ્તુ હોય છે. રોટલા, દાળ, મોહનભોગ વગેરે આખી જિંદગી ના મળ તો એમાં નુકસાન કોને? પણ એક દિવસ દાળ રોટલાનાં દર્શન થાય નહીં તો જો જો પછી કેવા હાલ થાય છે. પિતાનાં દર્શન ક્યારેક સાંજ સવાર થઇ જતાં હોય છે. તે બાળકોને હસાવે છે. રમાડે છે. ઊછાળે છે. કૂદાવે છે. તે ખોળામાં લઇ એમને પ્રેમ કરે છે. આંગળીએ વળગાડી એમને સેર કરાવે છે. એમાં જ પિતાની ઇતિશ્રી છે. તે પરદેશ જાય તો બાળકો પરવા કરતાં નથી. પણ મા તો બાળકોનું સર્વસ્વ હોય છે માનો વિયોગ બાળકથી એક મિનિટ પણ સહન થતો નથી. એ ના હોય તો બાળકના જીવનનું ઝરણું સૂકાઇ જાય છે.

હરિધનની માનું આજથી દસ વર્ષ પહેલાં મૃત્યું થઇ ગયું હતું. ત્યારે તો એનું લગ્ન થઇ ગયેલું. સોળ વર્ષની ઉંમર હશે. મા મૃત્યું પામતાં જાણે એ નિરાધાર થઇ ગયો હતો. બહેનો પરણાવી દીધેલી. બીજો કોઇ ભાઇ હતો નહીં. એકલો ઘરમાં જતાં પણ એ બીતો હતો. માને માટે રડ્યા કરતો હતો. પણ માના પડછાયાની એને બીક લાગતી હતી. જે ઓરડીમાં માંએ દેહ મૂક્યો હતો એ ઓરડી સામું તો એ નજર પણ નાખતો નહીં. ઘરમાં દાદી હતા. એ હરિધનને લાડપ્યાર કરતી. હવે તેને દૂધ વધારે મળતું. દાદી વારંવાર પૂછતી હતી – "બેટા, ભૂખ લાગી છે ને? તારે કશું ખાવું છે?" બાપ પણ હવે એને વધારે ચાહવા લાગ્યો હતો. એને માટે એક ગાય ખરીદી લેવામાં આવી હતી. એને વાપરવા માટે પૈસાય આપતો ક્યારેક ક્યારેક. પણ એથી એને માનો પ્રેમ તો ક્યારેય મળી શક્યો નહીં. માનાં છાંછિયાં માં જે મઝા હતી. તે બાપ કે દાદીના પ્યારમાં એને મળતી નહીં. માની પાસે માગીને, રીસાઇને, લડી ઝઘડીને કોઇ વસ્તુ લેવામાં જે આનંદ આવતો હતો એવો આનંદ હવે સામેથી મળતી વસ્તુ મેળવતાં આવતો ન હતો.

એક વર્ષ સુધી એની આવી દશા રહી. પછી એની દુનિયા બદલાઈ ગઈ. લોકો જેને નવી મા કહેતા હતા તે સ્ત્રી ઘરમાં આવીને જોતજોતામાં આખા ઘરમાં એ છવાઈ ગઈ. જાણે અંધકાર છવાઈ ગયો! હરિધને આ ઓરમાન મા સાથે વાત પણ ન કરી. એની પાસે ગયો પણ નહીં. એક દિવસ એ ઘર છોડીને સાસરીમાં ચાલ્યો ગયો.

બાપે ઘણીવાર પાછો ઘેર આવવા સમજાવ્યો. પણ તેણે માન્યું જ નહીં. બાપના અવસાનની ખબર એને મળી ત્યારે એને જાતનો દ્વેષીલો આનંદ થયો. આંખમાંથી એક આંસુનું ટીપુંય ના ખર્ચ્યું.

નવા ઘરમાં આવતાં હરિધનને ફરીવાર માતૃસ્નેહનો આનંદ મળ્યો. એની સાસુએ એને સુખ આપવામાં પાછી વાળીને જોયું ન હતું. રણમાં જાણે ફુલોખીલી ઊઠ્યાં! સાળીઓ સાથેની ઠઠ્ઠા મશ્કરીમાં, સાસુના સ્નાહમાં, સાળાઓ સાથેના વાર્તાવિનોદમાં અને પત્નીના પ્રેમમાં જાણે એના જીવનની તમામ આશાઓ પૂર્ણ થઈ ગઈ હતી. સાસુ કહેતી હતી – ‘‘બેટા, આ ઘરને તમારું જ જાણજો. તમે તો મારી આંખોના તારા છો.’’ એને પણ એમ થતું કે સાસુજી પોતાને દીકરાઓ કરતાં પણ વધારે ચાહે છે.

બાપના મૃત્યુ પછી એ ઘેર ગયો. પોતાના ભાગની મિલકત વેચી સાટીને રૂપિયાની થેલી ભરી પાચો સાસરીમાં આવ્યો. હવે એનાં માનપાન બમણાં થઈ ગયા. એણે રૂપિયાની થેલી સાસુનાં ચરણોમાં મુકી દઈને જીવન સાર્થક કરી દીધું. હવે એને ઘરની જરા સરખી પણ યાદ આવતી ન હતી. એ સૌથી પહેલો ઊઠી જતો. સૌથી વધારે કામ કરતો. એની મહેનત જોઈ ગામના લોકો પણ મોંમાં આંગળાં ઘાલી દેતા હતા.

પણ દિવસો વીતતાં એનાં માન પાન ઘટવા લાગ્યા. ઘરનો માણસ ઘરનો ગુલામ બની ગયો. ખાવા પીવામાંય હવે વહેરો આંતરો થવા લાગ્યો. વારેવારે એનું અપમાન થવા લાગ્યું. દુધમાં પડેલી માખ જેવી પોતાની દુર્દશા જોઈ એણે નિસાસો નાખ્યો. એની ઉંમર અત્યારે પચીસ વર્ષથી વધારે ન હતી. બીજાં તો ઠાક, એની પત્ની પણ હવે તો એને આંખો બતાવતી હતી. વિધિનું આ સૌથી ક્રુર દશ્ય હતું.



હરિધન અહીં ભુખે પડખાં ઘસતો હતો. ત્યાં ઘરમાં સાસુ અને સાળાઓ વચ્ચે વાતો ચાલતી હતી. એની પત્ની ગુમાની પણ હા માં હા ભણતી હતી.

મોટો સાળો કહેતો હતો – ‘‘આપણા પેંગડામાં પગ નાખવા જાય છે. આપણે કંઈ એને જીવાડવાનો ઠેકો લીધો છે? દસ વર્ષ થઈ ગયા. આટલાં વર્ષોમાં શું ત્રણ ચાર હજાર નહીં ખાઈ ગયા હોય?’’

નાનો સાળો બોલ્યો – ‘‘મજૂર હોય. તો ધમકાવીએય ખરા, પણ આમને તો શું કહેવાય? એમનાથી છુટકારો થશે કે નહીં એ તો શી ખબર! એમના મનમાં એમ હશે કે શું મેં બે હજાર રૂપિયા નથી આપ્યા? પણ સાવશેર ખોરાક તો એક ટંકે ખાઈ જાય છે. ગણો હિસાબ. બે હજાર તો ક્યારનાય વસૂલ થઈ ગયા હશે!’’

સાસુએ ગંભીરતાથી કહ્યું – ‘‘બહુ ભારે ખોરાક છે!’’

ગુમાની માનું માથું જોઈ રહી હતી. એણે હા માં હા ભણતા કહ્યું – ‘‘નકામા માણસને ખાવા સિવાય બીજો શો ધંધો હોય, મા?’’

મોટો સાળો કહેતો હતો – ‘‘ખાવાની વાત નથી. ભુખ હોય એટલું ખાય, પણ એટલું કમાવું તો જોઈએ ને? બેઠાબેઠા તે કોઈના દિવસો જતા હશે?’’

નાના સાળાએ ગુસ્સાથી કહ્યું – ‘‘હું તો એક દહાડો કહી નાખીશ કે હવે રસ્તે પડો. અમે કઈ તમારું માગતું નથી ખાધું.’’

ગુમાનીને હવે પતિ ઉપર અણગમો થયો હતો. જો એ કમાતા હોત તો આ ઘરમાં કેવી એમની આબરૂ હોત! પોતે પણ રાજરાણી થઈને રહી શકત! પણ કમાવા જતાં તો ચૂંક આવે છે. ગુમાનીને એનું પોતાનું ઘર ન હતું. એ પણ એનાં મા ભાઈની આંખો એ જોવા લાગી હતી. દસ વર્ષમાં બસો રૂપિયાનું, માણસ ખાઈ જાય નહીં? પછી દૂધ, ઘી. કપડાં લત્તાં એ બધાંનું શું? ઘરની બહાર પગ કાઢતાં તો જીવ નીકળી જાય છે જાણે! એમને તો એમ કે ઘરમાં આપણી પૂજા કાયમ થતી રહેશે પણ પહેલાંની વાત જુદી હતી. વહુ પહેલે આણે સાસરે જાય છે ત્યારે એનાં પણ કેવાં માનપાન હોય છે! પાલખીમાંથી ઉતરતાં જ વાજાં વાગે છે, ગામ

આખાની સ્ત્રીઓ એનું મોં જોવા આવે છે અને મોં જોયા બદલ બે બે રૂપિયા આપે છે. પણ છ માસ પછી તો એ કોડીની થઇ જાય છે. કોઇ એનો ભાવેય પૂછતું નથી. એને બધાં ધમકાવે છે. એની પાસેથી બરાબર કામ લે છે.

હરિધન મનમાં ને મનમાં બળતો હતો. બંન્ને સાળાઓએ બહાર આવીને કહ્યું – ''ઊઠો, ત્રીજો પહોર ચઢી ગયો. ક્યાં સુધી સૂતા રહેશો? ખેતરમાં જવાનું છે કે નહીં?''

હરિધને જવાબ આપતાં કહ્યું – ''શું તમે મને મૂર્ખ માનો છો?''

બંન્ને સાળા ઠરી ગયા જાણે! જે માણસમાં જીભ ચલાવવાની હિંમત ન હતી તે માણસ આજે આમ એકાએક આત્માભિમાની થઇ જાય એ ઓછી આશ્ચર્યજનક વાત ના ગણાય. બેમાંથી કોઇનેય કશો જવાબ સૂઝ્યો નહીં.

હરિધને એમના ચહેરા જોઇ બીજો ધક્કો મારતાં કહ્યું – ''હું આંધળો નથી. બહેરો પણ નથી. તન તોડીને વૈતરું કરવા છતાં મને કુતરો સમજો છો તમે? એવો ગધાડો તો હશે કોઇ બીજો, આ હરિધન નહીં.''

મોટો સાળો ઉશ્કેરાયો. બોલ્યો – ''તે તમને અહીં કોણે બાંધી રાખ્યા છે?''

હરિધન મૂંઝાયો. એની પાસે કોઇ જવાબ ન હતો.

મોટાએ ઊમેર્યું – ''આ ઘરમાં કાયમ તમે પડી રહો અને તમારો સત્કાર સદા થયા કરે એ હવે નહીં બની શકે!''

''શું હું તમારાથી ઓછું કામ કરું છું?''

''એવું કોણ કહે છે?''

''તો વધારે કામ કરે એ જ ભૂખે મરે એવી છએ તમારા ઘરની પરંપરા?''

''તમે જાતે ખાવા ના જાવ તેમાં બીજાં શું કરે! કઇં મોંઢામાં



કોળિયા ઓછા મૂકાય?''

''હું ખાવા નથી આવ્યો? કહેતાં તમને શરમ નથી આવતી?''

''બહેન તમને બોલાવવા ન હોતી આવી?''

હરિધનની આંખોમાંથી લોહી ટપકવા લાગ્યું. દાંત પીસીને એ બેસી રહ્યો.

નાના સાળાએ ઊમેર્યું – ''અરે, મા પણ આવી હતી. પણ તમે જ કહ્યું હતું કે મને ભૂખ નથી. પછી બિચારી મા શું કરે?''

પોતાનું નામ આવતાં એણે પણ વાતમાં ઝંપલાવ્યું – ''હું તો ક્યારની કહું છું. પણ મારું માને તો ને?''

''હું તમારા છોકરાઓનું વધ્યું ઘટ્યું ખાવા માટે જન્મ્યો છું? હું કઇં કુતરો નથી તે તમારી નાખેલી એંઠી રોટલી ખાઇ લઉં!''

''તો શું તમે મારા દીકરાઓની બરાબરી કરશો?''

હરિધન હારી ગયો. સાસુના એક જ શબ્દબાણે તેને વીંધી નાખ્યો. એનો ખેંચાયેલો ચહેરો નરમ પડી ગયો. એ ઢગલો થઇને જમીન ઉપર પડ્યો. ''શું તમે મારા દીકરાઓની બરાબરી કરશો? એ વાગ્બાણ એના હૃદયમાં ખૂંપી ગયાં.''

આખા ઘરનાંએ ખાઇ લીધું. પણ હરિધન ના ઊઠ્યો. સાસુ, સસરા, સાળા અને સાળીઓ બધાંએ મનાવ્યો. પણ એણે કોઇનું માન્યું નહીં. એ ત્યાંથી દૂર કૂવાના થાળા પર ચાલ્યો ગયો અને કંતાન પાથરી તેના ઉપર સૂઇ રહ્યો.

રાત નીતરતી હતી. તારાઓ આકાશમાં રમતા હતા. હરિધનને ખેલતા તારાઓ જોઇ બાળપણ યાદ આવી ગયું. એની બાળપણની સ્મૃતિઓ તારાઓની જેમ સતેજ થઇ ઊઠી. એને ઘર, આંબાવાડી, કેરીઓ, કબ્બડ્ડીનું મેદાન વગેરે બધું સાંભરી આવ્યું. માની વાત્સલ્યમૂર્તિ પણ એની આંખો સામે

ખડી થઇ ગઇ. એ આંખોમાં કેટલી દયા હતી! કેટલી કરુણા હતી! મા જાણે આંખમાં આંસુ સાથે એને છાતીએ વળગાડવા હાથ ફેલાવીને સામે આવી રહી હતી! એ એની જાતને ભૂલી ગયો. એ જાણે ધ્રુસકે ધ્રુસકે રડતો હતો! એના મોંઢા માંથી શબ્દો સરી પડતા હતા – ‘‘મા, તું મને ભુલી ગઇ? જો તારા વ્હાલા દિકરાની કેવી દશા થઇ છે? કોઇ એને પીવા પાણીયે નથી આપતું! શું તું જ્યાં છે ત્યાં મારે માટે જગા નથી?’’

ગુમાનીએ આવીને એને ટપાર્યો – ‘‘શું ઊંઘી ગયા તમે? ઈશ્વર ના કરે કે કોઇને આવી રાક્ષસી ઊંઘ આવે! જઇને ખાઇ કેમ નથી લેતા? તમારે લીધે બીજાં ક્યાં સુધી બેસી રહે?’’

મ્યાનમાંથી તલવાર બહાર ખેંચતાં હરિધને કહ્યું – ‘‘ભલો હું યાદ આવ્યો? મેં કહ્યું તો હતું કે મને ભૂખ નથી.’’

‘‘તે કેટલા દહાડા નહીં ખાઓ?’’

‘‘આ ઘરનું પાણી પણ હરામ છે મારે તો. બોલ, હવે તારે આવવું છે કે નહીં મારી સાથે?’’

‘‘ક્યાં જવું છે?’’ – ગુમાનીએ પૂછ્યું.

હરિધને, નશામાં હોય તેમ કહ્યું – ‘‘તારે એની સાથે શી લેવા દેવા? મારી સાથે આવવું છે કે નહીં? પાછળથી પછી કહેતી નહીં, કે મને કહ્યું નહીં.’’

‘‘કહેતા કેમ નથી તમે? ક્યાં જવું છે તમારે?’’

‘‘તું મારી સાથે આવીશ કે નહીં?’’

‘‘તમે નહીં કહો ત્યાં સુધી હું નહીં જણાવું.’’

‘‘મને ખબર પડી ગઇ. તારી આવવાની ઈચ્છા નથી. મારે તમે એટલું જ પૂછવું હતું. નહીં તો અત્યાર સુધીમાં તો હું અડધે પહોંચી ગયો હોત.’’



આટલું બોલતાં તો હરિધન ઊભો થયો અને પોતાના ઘર ભણી ચાલવા લાગ્યો. ગુમાની બૂમો પાડતી જ રહી – ‘‘સાંભળો...સાંભળો...ક્યાં જાઓ છો?’’ પણ એણે તો પાછળ ફરીને જોયું શુદ્ધાં નહીં.

પાંચ કલાકમાં ત્રીસ માઇલનું અંતર હરિધને વટાવી નાખ્યું. એ ગામની આંબાવાડિયામાં પહોંચ્યો ત્યારે એની માતૃભાવના ઉષાની સોનેરી ગોદમાં એને રમતી જણાઇ. એ વૃક્ષોને જોઇને એનું મન નાચવા લાગ્યું. એણે લાગલી જ દોટ મૂકી. લાગણીથી એ વિહ્વળ બની રડવા લાગ્યો. એને પ્રત્યેક વૃક્ષમાં, પવનમાં, પ્રકાશમાં એની માની આકૃત્તિનાં દર્શન થતાં હતાં! માના મમતાભર્યાં શબ્દો દસે દિશાઓમાંથી સંભળાતા હતા! એ આંબાના ઝાડપર ચઢી મઝાથી કેરીઓ ખાવા લાગ્યો. સાસુનાં કઠોર મહેંણાં, સ્ત્રીની નિષ્ઠુરતા અને સાળાઓનો સ્વચ્છંદી વ્યવહાર એ બધું જાણે અહીં આવી એ ભૂલી ગયો. ચાલી ચાલીને એના પગ સૂજી ગયા હતા. પગનાં તળિયામાં બળતરા થતી હતી. પણ આ અવર્ણનીય આનંદમાં એ આ વેદનાને પણ ભૂલી ગયો હતો.

ત્યાં ચોકીદારે બૂમ પાડી – ‘‘કોણ ચઢ્યું છે ઉપર? ઉતર નીચે. નહીં તો જોયો છે આ પથરો? લમણામાં વાગશે તો ટાઢો પડી જઇશ, હા.’’

એણે ગાળો દેવા માંડી. ચોકીદારની ગાળોય હરિધનને ગોળ જેવી મીઠી લાગતી હતી. એ આંબાની ડાળીઓના ઝુંડમાં સંતાઇ ગયો. એણે કેરીઓ તોડીને નીચે નાખવા માંડી. પછી જોરજોરથી હસવા લાગ્યો.

ચોકીદારને આ હસવાનો અવાજ પરિચિત હોય એમ લાગ્યું. પણ હરિધન અહીં શાનો હોય? એ તો સાસરીના રોટલા ખાય છે!

તેણે કડક શબ્દોમાં કહ્યું – ‘‘હસ્યા વગર હવે ડાહ્યો થઇને હેઠો ઉતર્ય. ઉપર આવીશ તો બધું હસવાનું નીકળી જશે અવળું, સમજ્યો?’’

એ ગાળો ભાંડતો હતો ત્યાં જ એક ગોઠલો આવીને એના માથામાં વાગ્યો. માથું પંપાળતો એ બોલ્યો – ‘‘કોણ છે હરામખોર એ? માનતો જ નથી ને! ઊભો રહે, તારી ખબર્ય લઉં છું!’’

એ ઉપર ચઢ્યો. જોયું તો ડાળ ઉપર બેઠો બેઠો હરિધન હસતો હતો. તેણે પૂછ્યું – ‘‘અરે, હરિધન! તમે ક્યારે આવ્યા? આંબા પર ક્યારના બેઠા છો?’’

બંન્ને બાળપણના સાથીદારો એક બીજાને ભેટી પડ્યા.

"ચાલો ઘેર. શું ત્યાં કેરીઓય મળતી ન હતી?"

"મંગરૂ! આ કેરીઓ જેવો સ્વાદ ત્યાં કશામાં નહીં. ગામના શા હાલ છે?"

"બધું ઠીકઠીક છે ભાઈ. તમે તો ગામ સાથે છેડો જ ફાડી નાખ્યો. આમ તે ગામ ઘર છોડી દેવાતું હશે? દાદાના મરી ગયા બાદ આખું કુટુંબ ઊજડી ગયું. બે નાના છોકરા છે."

"હવે એ કુંટુંબની સાથે શી લેવાદેવા? હું તો મારા ભાગનું લઈ ચૂક્યો છું. મજૂરી તો મળશે ને? હું તમારી ગયો મારીશ. મને ખાવાનું આપજો, બસ."

"અરે ભાઈ! કેવી વાત કરો છો? તમારે માટે તો જીવ આપવા તૈયાર છું. પણ શું સાસરીમાં હવે રહેવાના નથી? ભલે, પહેલાં તમારું ઘર સંભાળો. નાનાં નાનાં છોકરાં ને પાળી પોષીને ઊછેરો. નવી માથી તમે ખોટા બીતા હતા. બિચારી બહુ જ ભલી છે. જાણે પોતાની સગી મા ના હોય! તમને જોઈને તો એ ખુશ ખુશ થઈ જશે. ઘરવાળીને ય પાછા લઈ આવશો ને અહીં?"

"એનું તો મોંઢું પણ નથી જોવું મારે. હું તો એને મરેલી જ માની બેઠો છું."

"તો બીજું લગ્ન કરી દઈએ. આ વખતે તો એવી સ્ત્રી લાવી દઈએ કે એના પગ ધોઈને પી જવાનું મન થાય. પણ પેલી પહેલી પાછી આવશે તો?"

"ના, એ હવે નહીં આવે."

હરિધન ઘેર ગયો. બંન્ને નાના ભાઈઓએ, ભાઈ આવ્યા....ભાઈ આવ્યા...' કહી દોડતા જઈ માને ખબર આપ્યા.

ઘરમાં પગ મૂકતાં જ માના ખોળામાં બેઠો હોય એવો અનુભવ



હરિધનને થયો. એનું હૈયું હળવું ફૂલ જેવું બની ગયું હતું. એનું અભિમાન નિર્મૂળ થઈ ગયું હતું. ઠોકરોએ એને સાચું ભાન કરાવ્યું હતું. જે ઘરને છોડીને એક દિવસ એ ચાલ્યો ગયો હતો એ જ ઘરે આજે એને આશ્રય આપ્યો હતો. હરિધનનું નિરાવલંબન મન આશ્રય મેળવીને જાણે તૃપ્ત બની ગયું હતું.

સાંજે અપરમાએ કહ્યું – "બેટા, અમારાં ધનબાગ્ય કે તું ઘેર આવી ગયો. હવે આ નાના ભાઈઓ ને ઉછેરવાની જવાબદારી સંભાળી લે. માનો સંબંધ ભલે ના હોય, પણ બાપનો સંબંધ તો છે ને? તમારા બાપ તો એક જ છે ને? મને એક રોટલો આપજે. ખાઈને પડી રહીશ. એક ખૂણામાં. તારી મા મારી બહેન થતી હતી. એટલે એ રીતે પણ તું મારો દિકરો જ ગણાયને?"

હરિધનને વિમાતામાં સાક્ષાત્ માનાં દર્શન થયાં. ઘરના એકે એક ખૂણામાં માતાની સ્મૃતિઓની છટા ચાંદનીની જેમ ચમકતી હતી.

બીજે દિવસે હરિધન ખભે હળ લઈને ખેતર તરફ ચાલ્યો. એની આંખોમાં ગર્વ હતો ને મુખ પર ઉલ્લાસ હતો. હવે તે કોઈનો આશ્રિત ન હતો. તે તો હવે આશ્રયદાતા હતો. હવે તે કોઈના ઘરનો ભિખારી ન હતો. હવે તો તે ઘરનો રક્ષક હતો.

એક દિવસ તેણે સાંભળ્યું કે ગુમાનીએ બીજું ઘર માંડ્યું હતું. તેણે માને કહ્યું – "કાકી! તમે સાંભળ્યું? ગુમાની બીજે ઘેર ચાલી ગઈ!"

કાકીએ કહ્યું – "ઘર શું કરે! એની શી મજાલ! સમાજમાં આવું અંધેર! પંચાયત નહીં તો હવે અદાલત ક્યાં નથી?"

હરિધને કહ્યું – "ના, ના, કાકી! જે થયું તે સારું જ થયું છે. લાવ, મહાવીરજીને લાડુનો પ્રસાદ ચઢાવી આવું. મને તો બીક હતી તે કંઈક આવીને મારે ગળે ના વળગે! ભગવાને મારી લાજ રાખી. હું તો ત્યાંથી પ્રતિજ્ઞા કરીને જ આવ્યો હતો કે ફરીવાર એનું મોંઢું નહીં જોઉં."

## પોષ મહિનાની એક રાત...

હલ્કુએ આવીને પત્નીને કહ્યું – ''સહના આવ્યો છે. પેલા રૂપિયા લાવ. આપી દઉં એને એટલે એ બલામાંથી છુટકારો થાય.''

મુન્ની ઝાક મારતાં મારતાં બોલી – ''ત્રણ રૂપિયા જ છે. એને આપી દેશો તો કામળો ક્યાંથી લવાશે? માગશર પોષની કડકડતી ટાઢમાં રહેવાશે શી રીતે? એને કહી દો કે દીવાળીએ આલીશું. હમણાં વેંત નથી.''

હલ્કુ જડ જેવો બની ઊભો રહ્યો. પોષ મહિનો માથે આવ્યો હતો. ગરમ કામળા વગર ટાઢમાં રાત્રે એ ઊંઘી શકતો ન હતો. પણ સહના માને તો ને? એ તો ગાળો ભાંડશે. એ એનું ભારેખમ શરીર લઈ પત્ની સામે જઈ કાકલૂદી કરવા લાગ્યો – ''લાવ, આપી દેને! બલા ટળે! કામળો લેવા તો બીજો ગમે તે રસ્તો શોધી કાઢીશું.''

મુન્ની એની પાસેથી આઘી ચાલી ગઈ. આંખો ફાડીને એણે કહ્યું – ''કરી રહ્યા બીજો ઉપાય! કહો તો ખરા, કે ક્યો ઉપાય કરશો? કોઈ કામળો દાનમાં આપવાનું છે? કોણ જાણે કેટલાને આપવાનું બાકી છે! આના કરતાં તો ખેતી ના કરતા હો તો સારું! કામ કરીનેય લોકોનાં ઘર ભરવાનાં! બસ, આપણો અવતાર જ એટલા સારું છે! હવે તો થાક્યાં આ ખેતીથી. મહેનત મજૂરી કરો. હું હવે એક પાઈ આપવાની નથી.''

''તો શું ગાળો ખાઉં હું?''

''ગાળો શું કામ આપણે ખાવી પડે? એના બાપનું રાજ છે કઈ?''

પણ એટલું બોલતાં તો એનાં ઊંચે ચઢેલાં ભલાં પાછાં ઢીલાં પડી ગયાં. એની પાસે બીજો રસ્તો ય ન હતો.



રૂપિયા લાવીને એણે હલ્કુના હાથમાં મૂક્યા. અને બોલી – ''હવે છોડી દો તમે આ ખેતી. મજૂરીમાં નિરાંતે એક રોટલો તો પેટ ભરવા મળશે ને? કોઈની ગાળો તો નઈં ખાવી પડે!''

રૂપિયા લઈ હલ્કુ બહાર ચાલ્યો ગયો. જાણે એ એનું કાળજું કાઢીને આપવા ના જતો હોય! એણે મજૂરીમાંથી બચાવીને ત્રણ રૂપિયા કામળા માટે એકઠા કર્યા હતા. તે પણ આજે હાથમાંથી જતા હતા. ચાલતા જતા હલ્કુનું માથું દીનતાથી ઝૂકી ગયેલું હતું.

પોષ મહિનાની અંધારી રાત! આકાશમાં તારા પણ જાણે ઠૂંઠવાતા હતા! હલ્કુ ખેતરમાં શેઢા ઉપર શેરડીનાં રાડાંના છાપરા હેઠળ ગજિયાની ચાદર ઓઢી પડ્યો પડ્યો ટાઢથી થરથરતો હતો. એની પાસે એનો કૂતરો જબરા પણ પેટૂંટમાં માથું ઘાલી ટૂંટિયું વાળી બેઠો હતો. બે માંથી કોઈને ઊંઘ આવતી નહીં.

હલ્કુએ કહ્યું – ''જબરા, ટાઢ વાય છે? મેં તો કહ્યું તું કે ઘેર પડાળ નીચે સૂઈ રહે. પણ માને તો ને? હવે ટાઢ બૂકતો બેસી રે. હું શું કરું? તને એમ કે હું અહીં હલવો પૂરી ખાવા આવ્યો હોઈશ તે દોડતો દોડતો આગળ ચાલ્યો આવ્યો.''

''જબરો પૂછડી પટપટાવવા લાગ્યો. એણે કુ...ઉ...ઉ...કરી લાંબુ બગાસું ખાઈ પાછો છાનો રહી ગયો. એને કદાચ લાગ્યું હશે કે પોતાના અવાજથી માલિકને કદાચ ઊંઘ નહીં આવતી હોય!''

જબરાની પીઠ થાબડતાં હલ્કુ એ કહ્યું – ''કાલથી મારી સાથે આવતો ના, નહીં તો ટાઢે મરી જઈશ. આ પશ્ચિમનો વાયરો કોણ જાણે ક્યાંથી બરફ લઈને આવે છે! ઊઠું, ને સળગાવું ચલમ! રાત તો વીતે! આઠ ચલમ તો ફૂંકી નાખી. આ ખેતીમાં શી મઝા છે! અને બીજી બાજુ વસ્તીમાં એવાય નસીબદાર પડ્યા છે કે ટાઢમાં જાય તો ગરમીને જોઈને ભાગવા જ માંડે ઊભી પૂછડીએ! જાડાં જાડાં ગોદડાં, રજઈઓ, ગરમ ધાબળા! મજાલ છે કે ટાઢ ત્યાં ફરકી શકે! આ તો નસીબના ખેલ છે! મજૂરી આપણે કરવાની ને માલ ખાય કોક!''

હલ્કુએ ઊઠીને ચલમ સળગાવી. જબરા પણ ઊઠી ને બેચાર આંટા મારી પાછો બેઠો.

હલ્કુએ જબરાને કહ્યું – ''પીવી છે ચલમ? ટાઢ તો શું ધૂળ ઊડે! આ જરા મન હળવું થાય!''

જબરાએ પ્રેમથી છબકાતી નજરે હલ્કુ સામે જોયું.

''આજનો દા'ડો ટાઢ વેઠી લ્યે. કાલે અહીં પરાળ પાથરી દઈશ. એમાં દબાઈને બેસી જજે. ટાઢ તારી પાસે ફરકશેય નહીં.''

જબરો હલ્કુની નજીક જઈ એના પડખામાં દબાઈ ને બેઠો.

ચલમ ફૂંકીને હલ્કુ ઊંઘવાનો નિશ્ચય કરીને સૂતો. પણ એનું શરીર પાછું કાંપવા લાગ્યું. એ વારેવારે પડખાં બદલતો હતો. પણ ટાઢ એનો પીછો છોડતી ન હતી.

ટાઢથી રહેવાયું નહીં ત્યારે એણે જબરાને એના ખોળામાં સુવાડી દીધો. ગંધ મારતો હોવા છતાં જબરા એને સુખ આપતો હતો. જબરાને લાગ્યું કે સ્વર્ગ અહીં જ છે. અને હલ્કુના પવિત્ર આત્માને જબરાની દુર્ગંધનો આભાસેય થતો ન હતો. એ એના ખાસ મિત્ર કે મા જણ્યા ભાઈને પણ આટલી આત્મીયતાથી ગળે વળગાળતો ન હતો કોઈ દિવસ. એ એની દુર્દશા વીસરી ગયો ઘડી ભર! આ અનોખી દોસ્તી એ એના હૃદયમાં સઘળાં દ્વાર ઉઘાડી નાખ્યાં અને એનો પ્રત્યેક અણું પ્રકાશથી ચમકવા લાગ્યો.

જબરાએ ઓચિંતિ કોઈ જાનવરની ચીસ સાંભળી. એ ઝટપટ ઊઠ્યો. છાપરીની બહાર જઈ ભસવા લાગ્યો. હલ્કુએ એને ઘણીવાર બચકાર્યો. પણ એ એની પાસે ગયો નહીં. એ તો ચારેબાજુ દોડીને ભસવા લાગ્યો. કર્તવ્ય એના હૃદયમાં અરમાન બની ઊછળી રહ્યું હતું.

એક કલાક વીતી ગયો. ઠંડી વધતી હતી. હલ્કુ એ સખત ટૂંટિયું વાળી દીધું. પણ ઠંડી ઓછી થતી ન હતી. જાણે નસોમાં લોહી થીજી ગયું હતું! એ વિચારવા લાગ્યો કે કેટલી રાત બાકી છે હજુ! સપ્તર્ષિની ઝૂમખું આકાશમાં અડધું ઊંચુંય ચઢ્યું ન હતું. હજુ એક પહોર રાત બાકી હતી.



હલ્કુના ખેતરથી થોડેક દૂર એક આંબાવાડી હતી. પાનખર શરૂ થઈ હતી. વાડીમાં પાનનો ઢગલો ખડકાયો હતો જાણે! એણે વિચાર્યું જઈને આંબાનાં સૂકાં એકઠાં કરી પછી તાપણું કરીને તાપું. રાતને પહોર વાડીમાં મને કોઈ જોઈ જશે તો ભૂત માની ગભરાઈ ને જતું રહેશે! હવે ટાઢથી રે'વાતું નથી.

એણે તુવેરના ચાર પાંચ છોડવા ઊપાડી લઈને બાંધ્યો સાવરણો. અને હાથમાં સળગતું છાણું લઈ એ તો ચાલ્યો આંબાવાડિયા ભણી. એની સાથે કૂતરો પણ હતો.

એણે કહ્યું – ''જબરા, હવે તો નથી રે'વાતું. ચાલ, વાડીમાં પાંદડાં ભેગાં કરીને તાપીએ. હજુ બહુ રાત બાકી છે.''

જબરા હલ્કુની પાછળ પાછળ જવા લાગ્યો.

ગાઢ અંધકાર હતો. ઠંડો પવન વાતો હતો. વૃક્ષો ઉપરથી ઝાકળ ટપ્...ટપ્... ટપકતો હતો.

પવનનો એક ઝપાટો ક્યાંકથી મહેંદીની સુવાસ લઈને આવ્યો.

હલ્કુએ કહ્યું – ''જબર! કેવી મઝાની સુગંધ આવે છે! તારે નાકમાંય આવી હશે સુગંધ, ખરૂંને?''

જબરાને તો જમીન ઉપરથી એક હાડકાનો ટુકડો મળી ગયો હતો. એ એને ગુંદી રહ્યો હતો.

હલ્કુએ છાણું નીચે મૂકીને સૂકાં આંબાનાં પાન ભેગાં કરવા લાગ્યો. હાથ તો ઠરી જતા હતા. ઉઘાડા પગ ગળી જતા હતા જાણે! છતાં એ પાંદડાંનો ઢગલો ખડકી રહ્યો હતો.

અને તાપણું સળગ્યું. એની જ્વાળા ઉપરના આંબાનાં ડાળને અટકતી હતી. આખી વાડી પ્રકાશથી જાણે નાચી ઉઠી!

હલ્કુ તાપણા પાસે બેસીને ટાઢ ઊડાડતો હતો. એણે ચાદર ઉતારીને બગલમાં ઘાલી દીધી. એણે બે પગ લાંબા કર્યા. જાણે એ ઠંડીને

પડકારતો હતો કે – "હવે તારે જે કરવું હોય તે કરી લ્યે." એના મનમાં અત્યારે અપાર સુખ હતું.

તેણે જબરાને કહ્યું – "જબ્બર! હવે ઠંડી નથી લાગતી?"

"ઠંડી હવે ક્યાં સુધી લાગશે?" જબ્બર જાણે સામે પૂછી રહ્યો હતો.

"પહેલેથી આ વિચાર આવ્યો હોત તો મોડી સુધી ટાઢે મરવાનો વારો ના આવ્યો હોત."

જબરુ એ પૂછડી પટપટાવી.

"ઠીક! આવ. આપણે આ તાપણું કૂદીએ. જોઇએ કે કોણ કૂદી જાય છે! પણ જો બળી જઇશ તો હું દવા નહીં કરું."

જબરાએ સળગતા તાપણા સામે કરડાકીથી જોયું.

"પણ મુન્નીને કહેશો નહીં. નહીં તો એ મારી સાથે ઝઘડો કરી બેસશે." – કહેતાં જબરુએ કૂદકો માર્યો અને તાપણું કૂદી ગયો. પગના વાળ દાઝી ગયા હતા થોડા. જબરુ તાપણાની ચારેબાજુ ફરીને પાછો એની પાસે આવી ઊભો રહી ગયો.

પાંદડાં બળી રહ્યાં હતા. આંબાવાડિયામાં ફરી અંધારું છવાઇ ગયું. રાખના ઢગલા નીચે દેવતા થોડોક તગતો હતો. વાયરાની લહેરખી આવતાં એ એનું મોં બતાવતો.

હલ્કુ ચાદર ઓઢીને ઊની રાખના ઢગલા પાસે બેસી કશુંક ગણગણવા લાગ્યો. એનું શરીર ગરમ થઇ ગયું હતું.

જબ્બર જોર જોરથી ભસતો ભસતો ખેતર તરફ દોડ્યો. જાનવરોનું ટોળું ખેતરમાં પેસી ગયું હોય એવું હલ્કુને લાગ્યું. કદાચ રોઝનું ટોળું હશે! એમના દોડવાનો અવાજ સ્પષ્ટ સંભળાતો હતો. પછી એમનાં જડબાંનો કરડ્...કરડ્...એવો અવાજ સંભળાયો. રોઝ ઊભો પાક ખાતાં હતા.





પણ એનું મન તો કહેતું હતું – "જબરાની હાજરીમાં રોઝ ખેતરમાં ઊભું રહી શકે જ નહીં. એ એમને ભોયભેગાં જ કરીદે. મને ભ્રમણા થઈ હશે! અરે ! હવે તો મને કશું જ સંભળાતું નથી. મનેય કેવો ભ્રમ થાય છે!"

એણે જોરથી બૂમ પાડી – "જબ્બર...ઓ, જબ્બર...!"

જબરા એની પાસે ના આવ્યો. એ તો ખેતરમાં ઊભો ઊભો ભસતો જ રહ્યો.

ખેતરમાંથી પાક ખવાઇ જવાનો અણસાર આવવા લાગ્યો. હવે એ ભ્રમમાં ના રહી શક્યો. પણ તાપણા પાસેથી ખસવાનું મન થતું ન હતુ. હૂંફમાં કેવો મઝાથી બેઠો હતો! આવી અસહ્ય ઠંડીમાં ખેતરમાં જવું, રોઝાં પાછળ દોડવું એ કપરું લાગતું હતું. તે એની જગાએથી હાલ્યો નહીં. ત્યાં બેસી રહ્યો.

એણે જોરથી બૂમ પાડી. "હિલો...હિલો...હિલો..."

જબરા ફરી ભસવા માંડ્યો. રોઝાં ખેતર ઊજાડી રહ્યા હતાં. કેવી સરસ ફસલ હતી! પણ આ જંગલી જાનવરો ખેતરનો સર્વનાશ નો'તરી રહ્યાં હતાં.

હવે હલ્કુ મનમાં પાકો નિશ્ચય કરી ઊભો થયો. બે ચાર પગલાં ચાલ્યોય ખરો. એટલામાં ઠંડા પવનનો એક એવો સપાટો આવ્યો કે પાછો તાર પણ પાસે જઇ ગરમ રાખને ખોતરવા માંડ્યો.

જબરા ગળું ફાડીફાડીને ભસતો હતો. રોઝાં ફસલ ખાઇ રહ્યાં હતા. હલ્કુ ઊની ઊની રાખ પાસે બેલી ટાઢ ઊડાડી રહ્યો હતો.

છેવટે એ રાખના ઢગલા પાસ જ ચાદર ઓઢીને સૂઇ ગયો.

સવારે જ્યારે એ જાગ્યો ત્યારે સૂરજ રાશવા ઊંચો ચઢી ગયો હતો. મુન્ની એની સામે ઊભી ઊભી કહેતી હતી – "શું આજે આમ ઊંઘતા જ રહેશો? તમે અહીં આવીને સૂઇ ગયા ને ત્યાં આખું ખેતર ઉજ્જડ થઇ ગયું!"

''શું તું ખેતરમાં જઇને આવી?''

''હા, સત્યાનાશ વળી ગયું. આવી તે ઊંઘ હોય ખરી, કોઇની! અહીં ખેતરમાં માળો ઘાલવાનો અર્થ ખરો?''

હલ્કુએ બહાનું કાઢ્યું – ''મરતાં મરતાં બચી ગયો છું. ઇશ્વરનો ઉપકાર માન્ય પેટમાં એવી પીડા ઉપડી'તી કે વાત જ ના પૂછો.''

બંન્ને પાછાં ખેતરના શેઢે આવીને ઊભાં. આખું ખેતર સફાચટ થઇ ગયું હતું. જબરા માળા નીચે ચત્તોપાટ સૂઈ ગયો હતો, જાણે એનામાં જીવ જ ના હોય.

બંન્ને જણાં ખેતરની દુર્દશા જોઇ રહ્યાં હતા. મુન્નીના મોંઢા પર પારાવાર નિરાશા હતી. પણ હલ્કુ પ્રસન્ન હતો.

મુન્નીએ ચિંતિત સ્વરે કહ્યું – ''હવે મજુરી કરીને દા'ડા કાઢવા પડશે, ને મહેસૂલ પણ મજૂરી કરીને ભરવું પડશે.''

હલ્કુએ આનંદિત હૈયે કહ્યું – ''ભલે, પણ હવે રાત્રે ઠંડીમાં ખેતરમાં સુવું તો નહીં પડે ને!''



# ખરી ઝાંખી...

કેટલાય દિવસોથી ઘરમાં કજિયો પેઠો હતો. મા મોં ચઢાવી ફરતી હતી. પત્નીએ એનો જુદો ચોકો માંડ્યો હતો. ઘરનું વાતાવરણ ઝેરીલું બની ગયું હતું. રાત્રે ચૂલો સળગ્યો નહીં. ખાવાનું પણ ના રંધાયું. દિવસે મેં સ્ટવ ઉપર ખિચડી મૂકેલી. પણ કોઇએ ખાધું ન હતું. છોકરાંનેય આજે તો ભૂખ લાગી ન હતી. સૌથી નાની દિકરી ઘડીમાં દાદીમાની પાસે જઇ ઊભી રહેતી હતી તો ઘડીમાં માના પાસે જઇ ઊભી રહેતી. પણ એને વહાલથી કોઇ બોલાવતું ન હતું. જાણે એણે એમનો ગુનો ના કર્યો હોય! છોકરો સાંજે શાળાએથી આવ્યો. કોઇ એની સાથે વાત કરવા તૈયાર ન હતું. અરે, બિચારાને કોઇએ ખાવાનોય ભાવ પૂછ્યો નહીં. બંન્ને ભાઇ બહેન અંદર ઓરડામાં વ્યથિત હૈયે બેઠાં હતાં. એ જાણે વિચારતાં હતાં – ''ઘરના માણસોમાં મન આજે કેમ ઉતરી ગયાં છે! આપણે તો ઘણીવાર લડતાં ઝઘડતાં, મારા મારી કરતાં પણ આવું તો ક્યારેય થતું નહીં કે જેથી ઘરમાં ખાવાનું ના બને કે ઘરમાં કોઇ એકબીજા સાથે ના બોલે! આ તે એવો કેવો ઝઘડો છે કે ચોવીસ કલાક થઇ ગયા છતાં હજુ શાંતિ થતી નથી. આપણી તો સમજમાં આવતું નથી.''

ઝઘડાનું કારણ પણ સામાન્ય હતું. અખાત્રીજ ઉપર બહેનને મોકલવા માએ લખાવેલી સામગ્રીની યાદી મારી પત્નીને ઘરની સ્થિતિના પ્રમાણમાં વધારે લાગતી હતી. મા સમજદાર હતી. તેણે એમાં વત્તો ઓછો કાપ મૂક્યો હતો. પણ મારી પત્ની હજે વધારે કાપ મૂકાય એવું ઇચ્છતી હતી. પાંચ સાડીઓની જગાએ ત્રણ રહે તો શો વાંધો? રમકડા આટલાં બધાં ના હોય તો ના ચાલે? આટલી બધી મિઠાઇની શી જરૂર હતી? એનું કહેવું હતું

કે, રોજગારમાં ખાસ મળતું નથી. ઘરમાં ખેંચ પડે છે. દૂધ ઘીના પૈસામાં પહોંચી વળાતું નથી. પછી આટલી ઉદારતા શા માટે? બસ, આટલી વાતમાંતી જ ઝઘડો થઇ ગયો હતો. વાત પછી તો ક્યાંની ક્યાંય પહોંચી ગઇ. દાટેલાં મડદાંય જાણે ખોદી કાઢવામાં આવ્યાં. એક બીજા ઉપર મ્હેણાંનો મારો શરૂ થયો.

હું મુશ્કેલીમાં મુકાઇ ગયો. માનો પક્ષ લઉં છું. તો માવડિયો ગણાઉં છું. પત્નીનો પક્ષ લઉં છું તો વહુઘેલો કહેવાઉં છું. એટલે કોઇનોય પક્ષ લેવાની મારી હિંમત ચાલતી ન હતી. છતાં સ્વાર્થવશ મારું મન તો પત્ની તરફ ઝૂકેલું રહેતું. મારું નાટકસિનેમાનું ખર્ચ બંધ થઇ ગયું હતું. પાનપટ્ટા ના પૈસા મળતા ન હતા. હરવા ફરવામાં કાપ મૂકાઇ ગયો હતો. માને ચોખ્ખેચોખ્ખું તો કશું કહી શકતો ન હતો. પણ મનમાં એ સ્પષ્ટ હતું કે એનો જ વાંક હતો. દુકાનની એ જ દશા હતી. કોઇક વાર તો બોણી પણ થતી ન હતી.

માથે ઘરનો બોજો હતો. મન બેચેન રહેતું હતું. ઘરની ત્રણ વ્યક્તિઓમાં પણ પ્રેમભાવ નહીં! આવા ઘરમાં તો આગ ચાંપી દેવી જોઇએ. ઘણીવાર ઘર છોડીને ચાલ્યા જવાનું મન થઇ આવતું હતું. માથે પડશે ત્યારે બધાંને અક્કલ આવશે! ત્યારે જ ખબર પડશે કે ઘર કેમ ચલાવાય છે! આવી જો ખબર હોત તો પરણવાનું જ નામ ન લેત! જાતજાતના ખરાબ વિચારો મનમાં આવવા લાગ્યા. મા મને હેરાન કરવા માગે છે, બીજું શું? વહુ એના પગ ના દબાવે કે એના માથામાં તેલ નાખી ના આપે એમાં મારો શો વાંક? મેં એને ના ઓછું કહ્યું છે! સાસુ વહુમાં એટલો પ્રેમ હોય તો મને તો આનંદ થાય. પણ બંન્નેમાં પ્રેમ ઊભો કરવાનું મારા હાથમાં નથી. પણ આજે તો જમાનો બદલાઇ ગયો છે. વહુઓ હવે સાસુઓની ગુલામી નથી કરતી. પ્રેમથી ભલે ગમે તેવો વર્તાવ એની સાથે કરવામાં આવે, પણ રૂઆબથી એની સાથે કામ લેવા જાય તો એ હવે જરાય સહન ના કરી લે.

શહેર આખામાં જન્માષ્ટમી ધામધૂમથી ઊજવાઇ રહી હતી, જ્યારે મારા ઘરમાં મહાભારત ભજવાતું હતું. મને મારી પત્ની ઉપર ગુસ્સો આવી ગયો. લડવું હોય તો ભલે લડે, પણ ઘરમાં શું કામ અંધારું કરી રાખ્યું છે? મેં જઇને એને પૂછ્યું –



‘‘ઘરમાં દિવો સળગાવવાનો નથી?’’

‘‘તે નથી તમારા હાથ? સળગાવી લ્યો ને!’’

‘‘તે તું આ ઘરમાં નહોતી ત્યારે શું અહીં અંધારું રહેતું હતું?’’

માએ બળતામાં ઘી હોમ્યું – ‘‘ના રે ના! ત્યારે તો બધાં અંધારામાં જ પડી રહેતાં હતાં ને!’’

પત્ની આ સાંભળીને જ વાઘણની જેમ વિફરી. ઘૂરકી – ‘‘માટીનાં કોડિયાં સળગાવતાં હશે. ફાનસ તો મારે જોવામાં આવી નથી. મારે આ ઘરમાં આવ્યે આજે દસ વરસ થઇ ગયાં.’’

મેં એને ધમકાવતાં કહ્યું – ‘‘બસ હવે! બંધ કર્ય તારો લવારો. બહુ બોલવું સારું નહીં.’’

‘‘ઓહો, તમે તો મને વેચાતી લઇ આવ્યા હો એમ વઢો છો કઇંક!’’

‘‘હું કહું છું, ચૂપ થઇ જા.’’

‘‘હું શું કરવા ચૂપ રહું. તમે એક બોલશો તો હું બે બોલીશ.’’

‘‘એનું નામ પતિવ્રતા કહેવાય!’’

‘‘એ તો જેનું મોંઢું એવી એને લપડાક.’’

હું હારીને બહાર આવ્યો. અંધારમાં બેઠાં બેઠાં હું કભારજા સાથે લગ્ન થયેલાં એ ચોઘડિયાને યાદ કરતો હતો. એ અંધારામાં પણ દસ વર્ષનું વીતેલું જીવન સિનેમાની દશ્યાવલિની જેમ આંખો આગળથી પસાર થઇ ગયું.

મારા મિત્ર પંડિત જયદેવે બારણે હાક મારી – ‘‘આજે કેમ આમ અંધારું છે? કશું દેખાતું કેમ નથી. ક્યાં છો બધાં?’’

મને થયું આજે આ ક્યાંથી માથે આવીને ઊભો.

"અરે, ક્યાં છો ભાઈ? કોઈ ઘરમાં છે કે નહીં.?"

કોઈએ જવાબ ના આપ્યો.

જયદેવે તૂટી જતા સુધી જોરજોરથી બારણું ખટખટાવ્યું. છતાં હું બોલ્યો નહીં. મને એનું આગમન ખટકતું હતું.

જયદેવ ચાલ્યો ગયો. મને હાશ થઈ. નહીં તો કલાકો સુધી અહીં ચોંટી રહેત.

પણ ત્યાર પછી પાંચ જ મિનિટમાં કોઈકનો પગરવ સંભળાયો. એની બેટરીના અજવાળાથી મારા ઘરનો ઓરડો ઝળાંઝળાં થઈ રહ્યો. જયદેવે મને બેઠલો જોઈને નવાઈ ભરી નજરે પૂછ્યું – "ક્યાં ગયો હતો તું? કેટલી બૂમો પાડી, પણ કોઈ બોલ્યું ય નહીં. અરે ! શું બન્યું છે આજે? દિવોય સળગાવ્યો નથી?"

"શી ખબર! માથું દુઃખતું હતું તે હું તો દુકાનેથી આવીને આડો પડ્યો ને ઊંઘી ગયો."

"અરે, પણ આટલી બધી ઊંઘ?"

"હા, યાર. ઊંઘ આવી ગઈ."

"પણ દીવો તો સળગાવવો જોઈએ ને. ઘરમાં. ઘરને તો તમે છાવણીમાં ફેરવી દીધું છે."

"આજે ઘરમાં બધાને વ્રત છે."

"ખેર! ચાલો કોઈક મંદિરમાં ઝાંખી જોવા જઈએ. શેઠ ઘુરેમલના મંદિરમાં આવી ઝાંખી બનાવાઈ છે. લોકો બહુ વખાણ કરે છે. કાચ અને વીજળીના ઉપયોગથી એવી સજાવટ કરવામાં આવી છે કે આપણે જોતા જ રહી જઈએ. વળી ફુવારો પણ ખરો. હું તો ખુશ થઈ ગયો. બહુ બહુ ઝાંખીઓ જોઈ હશે. પણ બધી આનાથી હેઠ. સાંભળ્યું છે કે દિલ્હીથી કુશળ કારીગર આવ્યો છે. એની એ કરામત છે."

"મારી તો ઈચ્છા નથી. ભાઈ! માથું ઘણું જ દુઃખે છે."





"તો તો આવવું જ પડશે તારે. જોતાં જ દુઃખ દૂર થઈ જશે."

"તારી તો ભારે હઠ. એટલે જ હું બોલતો ન હતો. તોય તું ગળે પડ્યો. કહ્યું ને કે, મારે નથી આવવું."

પણ મને કોઈ ગલીપચી કરે કે હું હારી જતો. મારા મિત્ર જયદેવે એ નુસખો અજમાવ્યો. છેવટે હું ચૂપચાપ ઝાંખી જોવા તૈયાર થઈ ગયો.

સવારના પહોરમાં જેનું મોંઢું જોવાથી આખો દહાડો બગડે અને અન્નને અને દાંતને વેર થઈ જાય એવા શુકનવંતા હતા. શેઠ ઘુરેલાલ. એમની કંજૂસાઈની દંતકથાઓ શહેરમાં ઠેરઠેર ચર્ચાતી. કહે છે કે, રાજસ્થાનનો એક ભિખારી એમના ઘરને બારણે ભિક્ષા લઈને ઊઠવાની હઠ લઈ બેઠો. શેઠે લેશ માત્ર પરવા ના કરી. ભિક્ષુક પણ એવો જ હઠાગ્રહી. આખો દિવસ એ ભુખે તરસે પડ્યો રહ્યો. છેવટે ત્યાં જ મરી ગયો. એમ થયું ત્યારે જ શેઠ પસ્તાયા અને પલટાયા. શેઠે ધામધૂમથી પેલા સાધુની મરણોત્તર ક્રિયા કરી. જોનારા સૌ દંગ રહી ગયા. એક લાખ બ્રાહ્મણોને ભોજન કરાવી લાખ રૂપિયા દક્ષિણામાં આપ્યા. ભિક્ષુકનો સત્યાગ્રહ શેઠને માટે વરદાન બની ગયો. એના હૈયા માં ભક્તિનું ઝરણું ફૂટ્યું. એમણે બધી મિલકત ધર્માર્થે અર્પણ કરી દીધી.

અમે ઠાકુરદ્વારે પહોંચ્યા ત્યારે ખૂબ ભીડ જામી હતી. માણસ જાણે દળાતું હતુ. આવવા જવાના રસ્તા જુદા હોવા છતાં કલાક પછી અંદર જવાનો અમારો ગજ આવ્યો. જયદેવ તો આ જોઈને નાચી ઊઠતો. પણ મને થતું કે આ બનાવટી સજાવટમાંથી કૃષ્ણનો આત્મા જ ખોવાઈ ગયો છે. મને તો એનું તેજસ્વી મોં જોઈ દુઃખ થયું. આ રૂપમાં પ્રેમ રહી શકે ખરો? તેણે તો રત્નોમાં અભિમાન જડેલું હતું. હું ભૂલી ગયો હતો કે એ કરોડપતિ ધનવાનનું ઘર હતું એવી ધનવાન તો ધનિક ઈશ્વરની જ કલ્પના કરી શકે ને? પણ ગરીબો તો ઈશ્વરની દયાને પાત્ર બને છે. શ્રદ્ધાના નહીં.

મંદિરમાં જયદેવને સૌ કોઈ ઓળખતું. મંદિરના પ્રાંગણમાં ભજન મંડળી જામી હતી. કેલકરજી ગાંધર્વ વિદ્યાલયના એમના શિષ્યો સાથે તંબૂરો લઈ બેઠા હતા. એમના શિષ્યો પાસે ઢોલ, પખવાજ, શરણાઈ, સિતાર,

સરોદ, વીણા એ એવાં બીજાં અનેક વાજિંત્રો હતાં. કોઈ ગીત વગાડવાની તૈયારી થઈ રહી હતી.

સૂરછેડાતાં શાંતિ છવાઈ ગઈ. જે જ્યાં હતાં ત્યાં જ મંત્રમુગ્ધ થઈ ઊભા હતા. મારી કલ્પના આટલી સચિત્ર અને સજીવ ન હતી. મારી સામે તો વીજળીનો એ ઝાકઝમાળ ન હતો. ના એ રત્નોનો ચળકાટ હતો. ના એ ભૌતિક સમૃદ્ધિનો સમારોહ હતો. મારી નજર સામે તો એ યમુનાતટ, કદંબનાં વૃક્ષો, કૃષ્ણની શ્વેત ગાયો, બંસીનો મધુર ધ્વનિ, શીતળ ચાંદની અને પ્યારો નંદકિશોર તરવરતાં હતાં. એ કૃષ્ણ કે જેના મુખ પર પ્રેમ અને વાત્સલ્ય ઓપતાં હતા. જેનાં દર્શનથી હૃદય નિર્મળ અને પવિત્ર બની જતું હતું.

આચાર્ય કેલકરનો એક શિષ્ય ધ્રુવપદ રાગ આલાપી રહ્યો હતો. કલાકારો શબ્દોને તોડીને એવા મરોડી નાખે છે કે સાંભળનાર સમજી પણ શકતા નહીં. મને એમનું ગીત જરાય સમજાયું નહીં. પણ સ્વરમાં એવાં લાલિત્ય અને માદકતા હતા. કે હું રોમાંચિત થઈ જતો. કંઠમાં પણ આવી જાદુઈ તાકાત હોય છે એનો મને આજે અનુભવ થયો. જ્યાં પ્રેમ, આનંદ અને ત્યાગનું સામ્રાજ્ય હોય એવા એક નવા સંસારની કલ્પના મનમાં રમતી થઈ. મને થયું કે દુઃખતો માત્ર મનની એક વૃત્તિ છે. સત્ય છે માત્ર આનંદ, મારામાં એવી કરુણા, કોમળતા પ્રગટી ત્યાં જેટલા લોકો બેઠા હતા તે સૌ મને પોતાના જણાયા. અભિન્ન જણાયા. પછી ભૂતકાળના ઊંડા ખાડામાંથી મારા ભાઈની સ્મૃતિમુર્તિ નીકળી આવી.

મારો ભાઈ મારી સાથે લડી ઝઘડીને ઘરમાંથી મોટી રકમ લઈ રંગૂન ભાગી ગયો હતો. ત્યાં એનું અવસાન થયું હતું. એના પાશવી ચરિત્રને યાદ કરતાં હું વ્યાકુળ થઈ જતો હતો એને જીવતો જોઉં તો એનું લોહી ચૂસી લેવાનું મન થઈ આવ્યું હતું. પણ આ સમયે એની યાદ આવતાં એને ભેટવાનું મન થઈ આવ્યું. તેણે મારી સાથે, મારી પત્નીસાથે, મા સાથે, મારા બાળક સાથે જે અધમ અને ધૃણાસ્પદ, વ્યવહાર, કર્યો હતો તે બધું હું ભૂલી ગયો. મનમાં હવે એ જ ભાવના થઈ આવી – ''મારો ભાઈ કેટલો દુઃખી હતો! મને એ ભાઈ માટે ક્યારેય આટલી મમતા થઈ ન હતી. પછી તો મારા



મનની એવી દશા થઈ કે જેને આપણે વ્યાકુળતા કહીએ છીએ.''

મનમાંથી દુશ્મનાવટ દૂર થઈ ગઈ. જે જે મારા દુશ્મનો હતા તે બધા મારા દોસ્તો બની ગયા. પછી મારી પત્ની વિદ્યાની આકૃતિ મારી સામે આવી ઊભી. એ એ જ વિદ્યા હતી જેને મેં દસ વર્ષ પહેલાં જોઈ હતી. એની આંખોમાં એ જ ભય હતો, એ જ સંદિગ્ધ વિશ્વાસ હતો. કપાળ પર એ જ શરમ હતી. ગાલ ઉપર એ જ લાલિમાં હતી જાણે સરોવરમાં ખીલેલું કમળ! મારા હૃદયમાં એને માટે પ્રેમ, ઉત્સુક્તા, અને અનુરાગ પ્રગટ્યાં. મને થઈ આવ્યું કે આ ક્ષણે જ વિદ્યાનાં ચરણોમાં પડીને એટલું રડું કે રડતાં રડતાં બેભાન થઈ જાઉં. મારી આંખો ઊભરાઈ આવી. મારા મોંઢમાંથી નીકળેલા અપશબ્દો મારા હૃદયને ડંખવા લાગ્યા. આ દશામાં જાણે માએ આવીને મને એની ગોદમાં ઊઠાવી લીધો! વાત્સલ્યનો પ્રેમપુર્ણ અનુભવ મને આનંદ આપતો હતો.

ગાવાનું થંભી ગયું. બધા ઊઠી ઊઠીને જવા લાગ્યા. હું કલ્પના સાગરમાં ડૂબેલો બેસી રહ્યો હતો.

એકદમ જયદેવે આવીને કહ્યું – ''જવું છે કે હવે અહીં જ બેઠા રહેવું છે?''

## ગિલ્લીડંડા...

કોઇ માને યા ના માને પણ મારે મન ગિલ્લીડંડા જ બધી રમતોનો રાજા છે. અત્યારે પણ ગિલ્લીડંડા રમતાં છોકરાંને જોઇ, તેમની સાથે જઇ રમવા જીવ લલચાય છે. નહીં લોનની જરૂરિયાત, ના કોટની જરૂરિયાત. ના નેટની જરૂરિયાત કે ના બીજી કશી ઝંઝટ! એક ઝાડની ડાળી કાપીને લઇએ એટલે ગિલ્લી તૈયાર થઇ જાય. ને એક બે મિત્રો આવી જાય એટલે રમત શરૂ.

વિલાયતી રમતોની સૌથી મોટી ખાસિયત એ છે કે એમનો સામાન ઘણો મોંઘો હોય છે. ઓછાંમાં ઓછા સો રૂપિયા ખર્ચીએ નહીં તો ખેલાડીઓમાં એનો હિસાબ જ નહીં. આ ગિલ્લીડંડા વગર ખર્ચે અદ્ભુત આનંદ આવે છે. પણ અંગ્રેજી વસ્તુઓ પાછળ ઘેલા થયેલા આપણે આપણી વસ્તુઓ ઉપર અભાવ રાખીએ છીએ. પણ એ નથી જાણતા કે ભારતીય રમતો પાઇના ખર્ચ વગરની છે. અંગ્રેજી રમતો ના તો પૈસાવાળા માટે છે. ગરીબ છોકરાને માથે એ ટેવ શા માટે પાડો છો? હા, ગિલ્લીથી આંખ ફૂટી જવાની બીક છે, તો શું ક્રિકેટથી માથું ફુટી જવાની. પાંસળી ભાગી જવાની કે પગ ભાગી જવાની બીક નથી? મને તો ગિલ્લીડંડા જ સૌથી વધારે ગમે છે. અને બાળપણમાં મીઠાં સંભારણાંમા આ જ રમત એક મીઠું સંભારણું છે.

વહેલી સવારે ઘેરથી નીકળી જવું, ઝાડ ઉપર ચઢી ડાળ કાપવી, ગિલ્લીડંડો બનાવવા. તે ઉત્સવ, તે ખેલાડીઓનું ટોળું. તે પાદવું અને પદાવવું. તે લડાઇ ઝઘડા, તે સરળ સ્વભાવ કે જેનાથી છૂત અછૂત અને ગરીબ અમીરનો ભેદભાવ નામશેષ થઇ જતો. અભિમાનનું તો નામ નિશાન ના મળે. આ બધું તો ત્યારે જ ભુલાશે, જ્યારે...ઘરનાં સૌ લડતાં. પિતાજી ગુસ્સે





થતા. મા લડતી લડતી ઘરને બારણે આવી ઊભી રહી જતી. એમની દષ્ટિએ મારું જીવન અંધકારમય લાગતું હતી. જ્યારે હું પદાવવામાં મસ્ત રહેતો. મને ખાવાપીવાનુંય ભાન રહેતું નહીં. આમ તો ગિલ્લી છે જરાક અમથી પણ એમાંથી મને દુનિયાભરની મિઠાઇઓની મિઠાશ મળતી.

મારા મિત્રોમાં ગયા. નામનો એક મિત્ર હતો. હશે મારાથી બે ત્રણ વર્ષે મોટો. દુબળો પાતળો ઊંચો દેહ, પાતળી પાતળી આંગળીઓ, વાંદરા જેવી ચપળતા, એવો જ ઉત્સાહ, એ ગિલ્લી ઉપર એવો તો લપકતો કે જાણે કીડા ઉપર ગિલોડી લપકી! એનાં મા બાપ હતાં કે નહીં ખબર ન હતી. એ ક્યાં રહેતો હતો અને શું ખાતોપીતો હતો. એ પણ અમે જાણતા ન હતા. છતાં એ અમારી ક્લબનો ચેમ્પિયન હતો. જે ટોળીમાં એ રહેતો એ જીતી જ જતી.

એક દિવસ હું અને ગયા બે જણા જ રમતા હતા. એનો દાવ હતો. એ મને પદાવતો હતો. વિચિત્ર વાત તો એ હતી કે પદાવવામાં આખો દિવસ અમે વ્યસ્ત રહેતા હતા. પણ કોઇ અમને પદાવે એ એક મિનિટ પણ રુચતું નહતું. મેં બધા દાવ પેચ અજમાવ્યા પણ કોઇમાં મારી કારી ના ચાલી. એનો દાવ હતો. એ મારો પીછો છોડવા તૈયાર ન હતો.

હું ઘરભણી નાઠો.

ગયાએ મારી પાછળ દોડીને મને પકડી લીધો. એણે ડંડો ઊંચો કરી કહ્યું – ‘‘મારો દાવ પૂરો કરાવીને જા. મને પદાવ્યો તો બહાદુરીથી હવે પોતાને પાદવાનો વારો આવ્યો ત્યારે નાઠા ભાઇ સાહેબ.’’

‘‘તું આખો દિવસ પદાવે તે મારે આખો દિવસ પદાતા રહેવું?’’

‘‘હા, તારે પાદવું પડશે.’’

‘‘ખાવા પીવાય નહીં જવાનું?’’

‘‘મારો દાવ પૂરો કર્યા વિના ક્યાંય જવાનું નહીં.’’

‘‘હું કંઇ તારો ગુલામ છું?’’

''હા, હા, સત્તરવાર ગુલામ.''

''આ ચાલ્યો હું. જોઉં તો ખરો કે તું શું કરે છે?''

''ઘેર શી રીતે જઈશ! તારી દેન છે? દાવ આપ્યો છે તે દાવ લઈશ.''

''ભલે, કાલે મેં જામફળ ખવડાવ્યું હતું તે આપી દે.''

''તેં આપ્યું ત્યારે મેં ખાધું હતું. મેં કંઈ તારી પાસે માંગ્યું ન હતું.''

''મારું જામફળ તું નહીં આપું ત્યાં સુધી હું દાવ નહીં આપું.''

મને લાગતું હતુ કે ન્યાય મારે પલ્લે હતો. મેં કદાચ કોઈક સ્વાર્થથી જ એને જામફળ ખવડાવ્યું હશે. સ્વાર્થ વગર તો કોઈ કોઈની સાથે ક્યાં વહેવાર કરે છે કશો! ભિક્ષા આપવામાંય આપનારનો સ્વાર્થ હોય છે. ગયા એ મારું જામફળ ખાધું પછી એને દાવ લેવાનો શો અધિકાર? રૂશ્વત આપીને તે લોકો લોહી પણ પચાવી જાય છે. આ મારું જામફળ એમ જ હજમ કરી જશે. જામફળ પૈસાનાં પાંચવાળાં હતાં. ગયાના બાપેય એવાં તો નહીં જોયાં હોય એમની જિંદગીમાં, ખરેખર આ તો અન્યાય જ ગણાય.

''મારો દાવ આપીને જા. જામફળ બામફળ હું કશું ના જાણું.''

મને ન્યાયનું બળ હતું. તે અન્યાય પર મુસ્તાક હતો. હું હાથ છોડાવી નાસી છૂટવા વિચારતો હતો. પણ તે જવા દેતો ન હતો. મેં એને ગાળ ભાંડી. એણે ભારે ગાળ મને ભાંડી. એક ચૂંટી પણ એણે મને ખણી લીધી. મેં એને બચકું ભર્યું. એણે મને ડંડો ફટકારી દીધો. હું રડવા માંડ્યો. ગયા મારા હથિયારનો સામનો કરી શક્યો નહીં. એ નાઠો. મેં આંસુ લૂછી નાખ્યાં. ડંડાનો માર ભૂલી હસતો હસતો હું ઘર ભણી ભાગી છુટ્યો. હું જમાદારનો દીકરો હતો. એક હલકટ જાતના છોકરાએ મને માર્યો હોવા છતાં મેં કોઈને ફરિયાદ કરી નહીં.

એ દિવસોમાં બાપુજીની બદલી થઈ. નવી દુનિયા જોવાની ખુશીમાં જૂના દોસ્તોનો વિયોગ પણ ભૂલાઈ ગયો. અહીં સારી આવકવાળી જગા



હતી. માને પણ આથી દુઃખ થયું. અહીં બધી વસ્તુઓ સસ્તી હતી. વળી મહોલ્લાની સ્ત્રીઓ સાથે માનો ઘરોબો પણ સારો હતો. પણ મને તો ઘણો જ આનંદ થતો હતો. છોકરાઓ સાથે મોટી મોટી વાતો કરતો હતો. ત્યાં આવાં ઘર ઓછાં હોય છે! ત્યાં તો ગગનચુંબી મકાનો વાદળ જોડે વાતો કરતાં હોય છે. ત્યાં અંગ્રેજી સ્કૂલમાં સાહેબ કોઈ છોકરાને મારે તો જેલ થઈ જ સમજો. મારા મિત્રોની નજરોમાં મારું સ્થાન ઘણું ઊંચું થઈ ગયું હતું. બાળકોમાં અસત્યને સત્ય માનવાની એવી શક્તિ હોય છે. જેવી મોટેરાઓમાં સત્યને અસત્ય માનવાની હોય છે! એ મારી આગળ વાત વાતમાં હાર કબૂલી લેતા હતા.

વીસ વરસ વહી ગયાં. હું ઍન્જિનિયર થયો. હું એ જિલ્લાના પ્રવાસે નીકળ્યો અને એ નગરના એક --- કરવામાં એક વિશ્રામગૃહમાં રહ્યો. મને આ ઉંમરે ભૂતકાળનાં સ્મરણો એવાં યાદ આવી ગયાં કે હું હાથમાં સોટી લઈ આજુબાજુ ચક્કર મારવા માટે નીકળી પડ્યો. આંખો જૂનાં સ્થળો જોવા અધીરી બની ગઈ હતી. પણ ત્યાં એ પરિચિત સ્થળોનાં નામ સિવાય બીદું કશું પરિચિત ન હતું. જ્યાં ખંડેરો હતાં ત્યાં પાકાં મકાનો થઈ ગયાં હતાં. જ્યાં વડનું ઝાડ હતું ત્યાં આજે મંદિર ઊભું હતું. જગાની કાયાપલટ થઈ ગઈ હતી. માત્ર હવે એ નામથી જ ઓળખાતી હતી. જૂના મિત્રોને મળવાનું ઘણું મન થઈ આવ્યું. પણ દુનિયા આખી બદલાઈ ગઈ હતી. મને તો થતું હતું કે અહીંની ધરતીને બાઝીને રડું અને પૂછું કે – ''તું પણ મને ભૂલી ગઈ? હું તો અત્યારે પણ તારું એ રૂપ જોવા તલસું છું.''

મેં થોડીક ખુલ્લી જગામાં બે ત્રણ છોકરાંને ગિલ્લીડંડા રમતાં જોયાં. હું ક્ષણવાર માટે મારી જાતને ભૂલી ગયો. મારો હોદ્દો, મારું માન, મારો અધિકાર બધું જ ભૂલી ગયો.

જઈને એક છોકરાએ કહ્યું – ''બેટા, અહીં કોઈ ગયા નામનો માણસ રહે છે?''

એક જણે જવાબ આપ્યો – ''કોણ ગયા? ગયા ચમાર?''

''હા,હા, એ જ. કદાચ એ જ હશે!''

‘‘કામ છે એનું?’’

‘‘હા. જઈને બોલાવી લાવને જરા.’’

છોકરો દોડ્યો. ક્ષણવારમાં એ પાંચ હાથ ઊંચા કાળા શરીરવાળી કદરૂપી આકૃતિને સાથે લઇ પાછો ફર્યો. હું દૂરથી જ ઓળખી ગયો. મને થતું હતું કે એને ગળે વળગી પડું! પણ હું તેમ કરી શક્યો નહીં. મેં કહ્યું – ‘‘ગયા, ઓળખે છે મને?’’

સલામ કરીને એણે કહ્યું – ‘‘હા, માલિક. ના કેમ ઓળખું? મઝામાં તો છો ને?’’

‘‘બહુ જ મઝામાં છું, તું કેમ છે?’’

‘‘ડેપ્યૂટી સાહેબનો પટાવાળો છું.’’

‘‘મતઈ, મોહન, દુર્ગા વગેરે ક્યાં છે? એમની શી ખબર છે?’’

‘‘મતઈ તો મરી ગયો. મોહન અને દુર્ગા તો ટપાલી થઈ ગયા છે. આપ?’’

‘‘હું તો આખા જિલ્લાનો એન્જિનિયર છું.’’

‘‘સરકાર, આપ તો પહેલેથી જ બુદ્ધિશાળી હતા.’’

‘‘હવે કોઈવાર ગિલ્લીડંડા રમે છે?’’

ગયાએ મારી સામું પ્રશ્ન સુચક આંખે જોયું કહ્યું – ‘‘હવે ગિલ્લીડંડા તો શું રમું સરકાર! ધંધામાંથી છૂટ્ટી જ ક્યાં મળે છે?’’

‘‘આવ, આજે આપણે બે રમી લઈએ બે ઘડી. તું પદાવજે. મને મઝા આવશે. તારો એક દાવ મારી ઉપર ચઢેલો છે. યાદ છે. તે આજે લઇ લે.’’

જેમ તેમ કરીને ગયા રમવા તૈયાર થયો. એ તો રહ્યો ટકાનો માણસ. હું તો મોટો ઓફિસર! મારો અને એનો મેળ ક્યાથી મળે! બિચારો ગભરાતો હતો. મને પણ ગભરાટ હતો. ગયાની સાથે રમવાનો નહીં. અહીં



લોકો ભેગા થઈ જઈને અમારી રમતને તમાશો બનાવી દેશે એનો. પછી એ ભીડમાં આનંદ ક્યાંથી રહેશે? પણ હવે રમ્યા વગર તો રહેવાવાનું નથી! એટલે વસ્તીથી ખૂબ દૂર જઇ રમવાનો નિર્ણય કર્યો. ત્યાં કોઇ જોનાર નહીં હોય. ગયાને લઈને હું વિશ્રામગૃહ ઉપર આવ્યો અને પછી એને મોટરમાં બેસાડી વસ્તીથી દૂર લઇ ગયો. સાથે એક કુહાડી પણ લીધી. હું રમવા માટે ગંભીર હતો જ્યારે ગયા તો હજુ મારી વાતને મજાક સમજતો હતો. તે અમારા બે વચ્ચેનું અંતર મનમાં વિચારી રહ્યો હતો.

મેં પૂછ્યું – ‘‘ગયા, સાચું બોલજે. તને મારી યાદ આવતી હતી કોઇ દિવસ?’’

‘‘માલિક, આપને યાદ કરવાની મારી શી હેસિયત! મારા નસીબમાં તો આપની સાથે થોડા દિવસ રમવાનું લખ્યું હતું. નહીં તો મારી શી વિસાત?’’

‘‘પણ હું તો તને ખરેખર યાદ કરતો હતો. તેં બરાબર ખેંચીને મારી પીઠમાં ડંડો માર્યો હોત તે યાદ છે તને?’’

‘‘સરકાર, એ તો છોકરમત હતી. મને એવું યાદ ના દેવડાવો.’’ ગયાને પસ્તાવો થતો હતો.

‘‘અરે! એ તો મારા બાળપણ ની મીઠી યાદ છે. તારા એ ડંડામાં જે મઝા હતી. તે મને આજે માનપાનમાં કે ધન સંપત્તિમાં મળતી નથી. આજેય મને એ મિઠાશ યાદ આવે છે.’’

અમે વસ્તીથી ત્રણ માઇલ દૂર નીકળી ગયા. ચારે બાજુ શાંતિ હતી. પશ્ચિમ બાજુ દૂર દૂર સુધી ભીમતળાવ ફેલાયેલું હતું. જેઠ માસની સંધ્યા ડૂબવા આવી હતી. હું એક ઝાડ પર ચઢી ગયો. અને ડાળ કાપી લાવ્યો. ઝટપટ ગિલ્લીડંડા બનાવી દીધા. રમત શરૂ થઈ. મેં ગબ્બીમાં ગિલ્લી મૂકી ઊછાળી. ગિલ્લી જેવી ગયાની સામે ઉછળી કે એણે એને ઝીલી લેવા હાથ લંબાવ્યો. પણ ગિલ્લીતો એની પાછળ જઇને પડી. ગયાના હાથમાં

ગિલ્લી એની મેળે જઇ બેસતી હતી. ગિલ્લી ઉપર જાણે એ વશીકરણ કરતો હતો. ગિલ્લી ગમે તેવી હોય પણ એ એને ઝીલી જ લેતો. જાણે એના હાથમાં ચુંબક ના હોય! પણ આજે વાત જુદી હતી. મેં પદાવવાનું શરૂ કર્યું. મહાવરો ના હોવા છતાં પણ હું બેઇમાનીથી રમતો રહ્યો. ઝીલાઇ જવા છતાં પણ મેં રમત ચાલુ રાખી. ખરેખરતો ગયાનો દાવ આવવો જોઇતો હતો! ગયા મારી બેઇમાની ભરી રમત જોઇ રહ્યો. પણ કશું બોલતો ન હતો. જાણે એ રમતના નિયમો ના ભૂલી ગયો હોય!

અડધો કલાક પદાવ્યા પછી એકવાર ગિલ્લી ડંડામાં વાગી. મેં કહ્યું – ''ગિલ્લી ડંડામાં વાગી નથી.''

ગયાએ કોઇ જાતનો અસંતોષ બતાવ્યો નહીં.

''નહીં વાગી હોય.''

''ડંડામાં વાગી હોય તો હું જુઠ્ઠું બોલું?''

''ના, ના. તમે જુઠ્ઠું બોલો!''

નાનપણમાં મારી મજાલ ન હતી કે હું ખોટું બોલીને જીતી જાઉં. આ જ ગયા મારી ગરદન ઉપર ચઢી બેસતો. પણ આજે હું એને કેટલી સહેલાઇથી છોતરતો હતો! ગધેડો છે. બધું જ ભૂલી ગયો.

ઓચિંતિ ગિલ્લી ડંડામાં વાગી. જાણે બંદૂકમાંથી ગોળા ના છૂટી હોય! હવે ના પાડવાનું મારી પાસે કોઇ કારણ ન હતું. પણ તોય જુઠ્ઠું બોલવાની લાલચ હું રોકી શક્યો નહીં. એમાં મને શું નુકસાન હતું! જો માની જાય તો ઠીક, નહીં તો બે ચાર દાવ પાદવાનું! બીજું શું! અંધારાનું બરાનું કાઢી જલ્દીથી છૂટી જવાશે. પછી ક્યાં દાન આપવા આવવું છે મારે!

ગયાએ વિજયના આનંદમાં કહ્યું – ''વાગી...વાગી...ટન્ કરતીકને વાગી ડંડામાં.''

મેં અજાણ્યા થઇ કહ્યું – ''તેં જોયું. મને તો વાગતાં ના દેખાઇ!''

''સરકાર, જરૂર વાગી છે. ડંડામાં અવાજ પણ સંભળાયો છે.''



''અરે, એ તો પથરામાં વાગી હશે.''

મેં આવી વાત કેમ કહી એ હું ખુદ ના સમજી શક્યો. દિવસને રાત કહેવા એવું એ જુઠ્ઠાણું હતું. અમે બંન્નેએ ગિલ્લીને ડંડામાં વાગતી જોઇ હતી છતાં ગયાએ ફરી વાતનો સ્વીકાર કરી લીધો.

''હા,હા, વાગી હશે કોઇ પથરામાં. ડંડામાં જો વાગી હોય તો આટલો મોટો અવાજ ના થાય.''

ફરીવાર મેં પદાવવાનું શરૂ કર્યું. પણ મને ગયાની સરળતા ઉપર દયા આવવા લાગી. જ્યારે ત્રીજી વાર ગિલ્લી ડંડામાં વાગી ત્યારે મેં ઉદારતાથી એને દાવ આપી દીધો.

ગયાએ કહ્યું – ''આજે તો અંધારું થઇ ગયું છે. હવે કાલે રાખો.''

મેં વિચાર્યું – ''કાલે વધારે સમયે મળશે. કોણ જાણે કેટલીવાર સુધી પદાવશે મને! મારે આજે જ રમી લેવું જોઇએ.''

મેં એને આગ્રહ કરતાં કહ્યું – ''ના, ના. હજુ તો ઘણું અજવાળું છે. તું તારો દાવ લઇ લે.''

''પણ ગિલ્લી નહીં દેખાય!''

''કશો વાંધો નહીં.''

ગયાએ દાવ લીધો. પણ હવે એને રમવાનો જરાય મહાવરો ન હતો. એણે બે વાર પ્રયત્ન કર્યો. પણ તેને ફાવ્યું નહીં. એક મિનિટથી ઓછા સમયમાં એનો દાવ પૂરો થઇ ગયો. બિચારો કલાકેક દાવ આપી બેઠો હતો પણ એનો દાવ તો અડધી પોણી મિનિટમાં જ પૂરો થઇ ગયો.

મેં કહ્યું – ''એક વધારે દાવ લઇ લે, ગયા. તું તો પહેલી વારે જ ઝીલાઇ ગયો.''

''ના સરકાર! હવે અંધારું થઇ ગયું છે.''

''તને મહાવરો નથી લાગતો. રમતો નથી કે શું કોઇ દિવસ?''

‘‘સમય જ ક્યાં મળે છે, સરકાર!’’

અમે પાછા મોટરમાં ગોઠવાયા. દીવાટાણે મુકામે આવી પહોંચ્યા. ગયાએ જતાં જતાં કહ્યું – ‘‘કાલે પાછા રમીશું ગિલ્લીડંડા. અહીં જ રમીશું. બધા જ જૂના ખેલાડીઓ રમશે કાલે તો. તમે પણ આવશો ને? આપને સમય હોય ત્યારે ખેલાડીઓને બોલાવું.’’

મેં સાંજનો સમય જણાવ્યો. બીજે દિવસે હું મેચ જોવા ગયો. દસ દસ માણસોની બે ટુકડીઓ હતી. કેટલાક મારા બાળપણના સાથી હતા. મોટાભાગના યુવાન ખેલાડીઓને હું ઓળખી શક્યો નહીં. રમત શરૂ થઈ. હું મોટર ઉપર બેઠો બેઠો જોતો હતો. ગયાની એ રમત, એ નિપુણતા જોઈને તો હું છક થઈ ગયો. ડંડી મારતો તો ગિલ્લી આકાશ સાથે વાતો કરતી જાણે! કાલના જેવો હિચકિચાટ, ગભરાટ, બેદિલી આજે જોવા ના મળ્યાં. એજ બાળપણની અસ્સલ રમત. ગઈ કાલે આ રીતે જો મને એણે પદાવ્યો હતો તો જરૂર હું રડી પડત! એના ડંડાનો ઘા પડતાં ગિલ્લી બસો ગજ આઘે જઈને પડતી હતી.

પાદવાવાળાઓમાંથી એક ખેલાડીએ ધમાલ કરી. એના મતે એણે ગિલ્લી ઝીલી લીધી હતી. ગયા ને કહેવું હતું કે ગિલ્લી જમીન ઉપર પડ્યા પછી ઊછળી હતી. અને ઝીલાઈ હતી. એ વાત ઉપર બંન્નેએ કમર કસી. વાત ઝઘડા સુધી પહોંચી. યુવાન દબાઈ ગયો. ગયાનો લાલઘૂમ ચહેરો જોઈને એ ગભરાઈ ગયો. જો એણે હઠ છોડીના હોત તો જરૂર મામલો મારા મારી ઉપર આવી જાત.

હું રમતો ન હતો.પણ મને રમત જોઈને બાળપણનો આનંદ મળતો હતો. હવે મને સમજાયું કે ગઈ કાલે ગયા મારી સાથે રમ્યો ન હતો. માત્ર રમવાનું નાટક કર્યું હતું. એણે મને દયાને પાત્ર માની લીધો હતો. મેં અંચઈ કરી હોવા છતાં એ મારી ઉપર જરા પણ ગુસ્સે થયો ન હતો. એટલા માટે હશે કે એ રમતો ન હતો. મને રમાડી રહ્યો હતો. એણે મારું માન જાળવ્યું હતું. હું અધિકારી છું. આ અધિકાજપણું જ મારી અને એની વચ્ચે દિવસ બનીને ઊભું હતું. હું એનાથી માન મેળવી શકું છું. ગૌરવ મેળવી શકું છું પણ



હું સાહચર્ય ગુમાવી બેઠો છું. બાળપણમાં તો હું એની સમકક્ષ હતો. અમારી વચ્ચે કોઈ ભેદ ન હતો. આ હોદ્દો મેળવીને તો હવે હું માત્ર એનો દયાપાત્ર બની ગયો છું. એ મને એનો ભીથ્થું નથી સમજતો. એ ખરેખર મોટો થઈ ગયો છે, જ્યારે હું હજુ પણ નાનો રહ્યો છું.

# હૈયાની વાત જાણે હૈયું...

વિધવા થયા બાદ બુટીના સ્વભાવમાં કડવાશ ઉમેરાઇ ગઇ હતી. જીવ બળતો ત્યારે તે મૃત પતિને યાદ કરી ને કહેતી – ‘‘તમે તો મારે માટે જંજાળ ઊભી કરીને ગયા. જવાની આટલી ઉતાવળ હતી તો પરણ્યાતા શું કરવા? ઘરમાં ફૂટી બદામેય નતી ને નીકળ્યા તા ઘોડે ચડવા.’’ તેણે ઇચ્છ્યું હોત તો ફરી લગ્ન કરી લીધું હોત. ભરવાડ જાતિમાં તો રિવાજ હતો. એ આમ તો હતી પણ રૂપાળી. એક બે જણા એનો હાથ ઝાલવા તૈયાર પણ હતા.પણ બુટી તો પતિવ્રતા કહેવડાવાનો મોહ છોડી શકે તેમ ન હતી. એ આ બધા માટે એના સોળ વર્ષના મોટા દિકરા મોહન ઉપર ગુસ્સો ઠાલવતી સોહન અને મેના હજુ નાનાં હતા. જો એને પેટ આ ત્રણ ના પડ્યાં હતો! થોડાક કામના બદલામાં એને ખાવાનું તો મળી જતું. એણે વિચાર્યું હોત તો તો કોઇકના ઘરમાં જઇ બેઠી હોત. પણ તેણે આમ કર્યું હોત તો લોકો કહેત કે ત્રણ ત્રણ છોકરાંની માને આ શી કમત્ય સૂઝી!

મોહન માનો ભાર હળવો કરવા મથતો હતો. ગાયો ભેંસો ને ખાણ પાણી નીરવાં, તેમને દોહવા, વલોણાં કરવાં જેવાં બધાં કામ કરવા છતાં બુટી મોહન ઉપર મોં બગાડેલું રાખતી. પતિ એના માથે આટલો ભાર નાખીને શું કરવા ચાલ્યો ગયો હશે, એ વાત એને કાયમ ખટકતી હતી. નહીં ખાવાપીવાનું સુખ, નહીં પહેરવા ઓઢવાનું સુખ! એની વૈધવ્ય સાધના અને અતૃપ્ત ભોગલાલસામાં કુટુંબમાં હમેશાં કલેશ થયા કરતો. અને એની બળતરામાં એના હૃદયની બધી કોમળતા બળી ને ખાખ થઇ ગઇ હતી. પતિની પાછળ બીજું તો કશું. બચ્યું ન હતું. બુટીની પાસે ચારસોપાંચસોનાં ઘરેણાં હતા. પણ તેય એક એક કરીને વેચાઇ ગયાં.





મહોલ્લામાં એવી કેટલીય સ્ત્રીઓ હતી કે એ શરીર પર દાગીના પહેરી, અંબોડે ફૂલ ગૂંથી, આંખોમાં મેંશ આંજી, સેંથીમાં સિંદૂર ભરી જાણે બુટીને બાળતી હતી. એટલે દૈવયોગે એમાંથી કોઇક વિધવા થતી ત્યારે બુટી રાજીના રેડ થઇ જતી અને એ એનો બધો ગુસ્સો છોકરાં ઉપર ઠાલવતી. ખાસ કરીને મોહન ઉપર! એ સંસાર આખાની સ્ત્રીઓને એના જેવા રૂપમાં ઇચ્છતી હતી. નિંદા કરતાં એને આનંદ આવતો હતો. એની વંચિત એષણાઓ પાણી ન મળતાં માત્ર ઝાકળબિંદુઓ ચાટીને તૃપ્ત થતી હતી. મોહન સંધ્યાકાળે દૂધ વેચીને ઘેર આવ્યો ત્યારે એણે બુટીને કહ્યું – ‘‘મોહન, તું દહાડે દહાડે વંઠેલા આખલા જેવો થતો જાય છે એની મને ખબર છે!’’

‘‘કેવો આખલો, મા? શી વાત છે?’’

‘‘તું દૂધના પૈસામાંથી પૈસા કાઢી લે છે એ શું હું નથી જાણતી? ને પાછા ઉપરથી કે’ છે કે શાનો આખલો! શરમ નથી આવતી તને આવા વંઠેલવેડા કરતાં? ઘરમાં પૈસાના સાંસા છે ને તેં એને માટે પાન લવાય છે, એનાં લૂગડાં રંગાવાય છે!’’

મોહને બળવો પોકારતાં કહ્યું – ‘‘મા, ચાર પૈસાનું પાન કોઇ માગે તો મારે ના ભણવી?’’

‘‘ઓ,હો,હો, ના જોયા હોય તો મોટા ધન્ના શેઠ! બીજા કોઇ ની પાસે એણે કેમ ના માગ્યું પાન?’’

‘‘એ તો એ જાણે, મને શી ખબર?’’

‘‘તું હવે વંઠી ગયો છું. ઘરમાં લાવ્યો છું એક પૈસાનું પાન કોઇ દા’ડો?’’

‘‘અહીં કોણ પાન ખાય છે?’’

‘‘શું આ ઘરમાં પાન ખાનારાં મરી ગયાં છે બધાં?’’

‘‘તે તારે પાન ખાવું છે એમ કહેને!’’

‘‘તો શું એકલી રુપિયા જ પાન ખાય એવી છે?’’

''મોજ શોખની પણ ઉંમર હોય છે, મા.''

બુટી છળી ઊઠી. એને ઘરડી કહેવી એ એની સમગ્ર જીવનસાધના પર પાણી ફેરવવા સમાન હતું. ઘડપણમાં એ બધાંની જરૂરેય શી? આ છોકરાંની પાછળ એને જુવાની હોમી દીધી હતી. ધણીને દેવ થયે આજે પાંચ વરસ થયાં હતાં. ત્યારે તો એની ચઢતી જુવાની હતી. ત્રણ છોકરાં ગળે પડ્યા પછી એ ના રહી ઘરની કે ના રહી ઘાટની! એણે ઇચ્છ્યું હોત તો આજેય એ હોઠરંગી, પગમાં ઝાંઝર પહેરી, આંખમાં કાજળ આંજી ઠમ્...ઠમ્...ઠ્મ ઠમકારા કરતી ફરતી હોત! એ બધુંય મોહનને માટે એણે જતું કર્યું હતું અને એ જ મોહન આજે એને ઘરડી કહેતો હતો. રુપિયા તો એની આગળ ઉંદરડી લાગે! ગમે તેમ તોય એ રુપિયા આજે જુવાન છે, ને બુટી ઘરડી!

તેણે કહ્યું – ''હા, હા, બીજું શું? મારા માટે તો હવે ફાટ્યાં તૂટ્યાં ચીંથરાં પહેરવાના દહાડા છે. જ્યારે તારો બાપ જીવતો હતો ત્યારે હું રુપિયા કરતાં બે ચાર વર્ષે મોટી હતી. એ વખતે મેં નાતરું કરી લીધુ હોત તો તો તમે એકેય દાવનાં ના રહ્યા હોત. ભીખ માંગતાં હોત, ભીખ! જો તને ચોખ્ખું ને ચટ કહી દઉં છું કે આજ પછી તો એની જોડે બોલ્યો છે તો આ ઘરમાં તું નઈં કે કાં હું નઈં!''

''પણ હું એને વેણ આલી બેઠો છું, મા!''

''શી બાબત્ય નું?''

''સગાઈનું મા.''

''આ ઘરમાં જો રુપિયા પગ મેલશે તો એને ધક્કો મારીને બાર્ય હડસેલી મેલીશ. આ બધા એની માના ચાળા છે. એ વેશ્યા મારા હાથમાંથી મારો છોકરો આંચકી લેવા માગે છે. રાંડથી આટલુંય જોયું જતું નથી.''

''મા, હવે છાની રે. હાથે કરીને શું કરવા આબરૂ ઉઘાડી કરે છે. મને એમ કે મેના કાલ્ય સવારે એને સાસરે જશે, પછી ઘરમાં તુ એકલી પડીશ. એટલે એને લાવવાનું વિચારતા હતો. તને ના ગમતું હોય તો વાત પડતી મેલી દઉં.''



''આજથી તું અહીં આંગણામાં જ સૂઇ જજે.''

''અને ગાયો ભેંશો બહાર પડી રે'?''

''તો છોંને પડી રહેતી. કોઇ ધાડ નથી પાડવાનું!''

''મારી ઉપર આટલો બધો વે'મ છે. મા તને?''

''હોવે.''

''પણ હું નઈં ઊંઘુ આંય.''

''તો હેંડવા માંડ્ય મારા ઘરમાંથી.''

''તું એમ માનતી હઇશ તો એમ કરીશ.''

મેના એ ખાવાનું રાંધ્યું. મોહને ખાવાની ના મરજી બતાવી. બુટીએ એને મનાવ્યો નહીં. મોહનનું યુવાન હૈયું માની કઠોરતા સહન કરી ના શક્યું. એ વિચારવા લાગ્યો – ''એનું ઘર છે. લઇ લ્યે. આપણે ગોતી કાઢશું કોક બીજું ઠેકાણું!''

એના સૂના જીવનમાં રુપિયાએ વસંત ભરી દીધી હતી. રુપિયાના સહવાસથી મોહનને જીવન મીઠું મીઠું લાગવા માંડ્યું. રુપિયાને પ્રસન્ન રાખવા એ બધું કરી છૂટતો. પણ હવે શું મોંઢું લઇને જવું એના પાસે? માએ એને મળવાનું ના કહ્યું છે. એ શી રીતે એને જણાવવું? હજુ ગઇ કાલે જ વડના ઝાડ હેઠ્ય બંન્ને વચ્ચે કેવી કેવી વાતો થઇ હતી! મોહને કહ્યું હતું – ''રૂપાં તું તો એટલી રૂપાળી છે કે તારો હાથ ઝાલવા તો સો જણા તૈયાર થઇ જાય! મારા ઘરમાં તો તારી હારું કશુંય નથી!'' રુપિયાએ જવાબ વાળતાં કહ્યું – ''મોહન, પણ હું તો તને એકલાને જ પ્રેમ કરું છું. હું મારી જાત્યને તારી આગળ હારી બેઠી છું! ગમે એવો તોય તું મારો મોહન સે, મોહન!'' આવી રુપિયાને જઇને કહેવું કે – ''રૂપા...હવે તારે ને મારે કાંઇ નથી?''

''ના,ના. હું એવું નઈં કરું. રુપિયાને લઇને હું જુદો રહીશ. અહીં નઈં તો કોક બીજા મો'લ્લામાં. આજે પણ એ મારી રાહ જોતી હશે. કેવું સરસ બીડું મેલે છે મોંઢામાં. મા જાણે કે રાત્યે હું રુપિયાને મળેલો તો તો એ

એનો જીવ કાઢી નાંખશે. તે ભલે ને કાઢે જીવ! એને તો આ રૂપકડા પૂનમના ચાંદ જેવી વહુની કશી કિંમત જ ચ્યાં છે! એ પાન ખાય છે તેથી? રંગેલાં લૂંગડાં પેરે છે તેથી?''

એટલામાં કંકણનો રણકાર સંભળાયો. શું રુપિયા આવતી હશે!? હા, એ જ છે. રુપિયા.

રુપિયા એને ઓશિકે આવીને બોલી – ''સૂઈ ગયો, મોહન? કે'વારની રાહ જોયા કરું સું! આયો કેમ નઈં?''

મોહન ઊંઘવાનો ઢોંગ કરીને પડી રહ્યો.

એનું માથું હલાવી રુપિયાએ ફરી કહ્યું – ''ઊંઘી ગયો લ્યા મોહન?''

હવે મોહનથી રહેવાયું નહીં. રુપિયાની કોમળ આંગળી ઓનો સ્પર્શ થતાં એનું રોમ રોમ પુલકિત થઈ ઊઠ્યું. એનો આત્મા પુલકિત થઈ ઊઠ્યો. સમસ્ત વિશ્વ એને નાચતું જણાયું.

રુપિયાએ પૂછ્યું – ''અટાણાથી ઊંઘી જ્યો?''

''હોવે. ઊંઘ આવતી'તી. તું શા હારું આવી આંઇ? મા જોઈ જશે તો મારી નાંખશે મને!''

''તું આજ આયો ચ્યમ નઈં?''

''મા વઢી'તી મું ને.''

''હું કે'તીતી?''

''એમ કે રુપિયા હાર્યે વાત્ય કરીશ તો પરાંન કાઢી દઈશ.''

''તે તેં પૂછ્યું નઈં કે મારી ઉપર ચ્યમ આવડું ઝેર સે?''

''એ કોઈનું પેર્યું ઓઢ્યું નથી ખમી શકતી, રુપા! હવે તારે મારાથી આઘે રે'વું પડશે.''

''મારો જીવ નઈં માને.''





''એવું બોલેશ તો તને પડખામાં ઘાલીને હેંડતો થઈશ કેંક.''

''તારે રોજ એકવાર તો મારી પાંહે આવવું જ. મારે બીજું કશું નથ્ય જોઈતું.''

''એમ સે? નથી હમજાતું મુંને. તું મને હેત પ્રીત્ય નથી કરતો, ઈમને?''

''રૂપલી, મારું ચાલતું હોત તો તો મારા હૃદયમાં રાખી મેલત તને!''

એટલામાં ઘરનું બારણું ખખડ્યું. રુપિયા ત્યાથી ભાગી છૂટી.

બીજે દિવસે ઊંઘીને ઊઠ્યા પછી મોહન હળવો ફૂલ જેવો થઈ ગયેલો. તે સોહનને ધમકાવતો રહેતો હતો. સોહન આળસું હતો, કશા કામધંધામાં એ જીવ પરોવતો ન હતો. આજેય એ બેઠોબેઠો એના ધોતિયાને સાબુ દેતો હતો. મોહનને જોતાં જ એ સાબુ સંતાડીને નાસી છૂટવાનો લાગ શોધવા લાગ્યો.

મોહને હસતાં હસતાં પૂછ્યું – ''સોહન! ધોતિયું બહુ મેલું થઈ ગયું છે? ધોબીને શું કામ નહીં દેઈ દેતો?''

''ધોબણ પૈસા માગે સે.''

''તે માને કે'તો હોય તો?''

''મા નથી આલતી પૈસા.''

''તે મારા જોડે માગતો હોય તો, ના દઉં હું?''

આમ કહીને મોહને સોહનના હાથમાં એક આનો મૂક્યો. સોહન પ્રસન્ન થઈ ગયો. ભાઈ અને મા બંન્ને જણાં એને ધિક્કારતાં રહેતાં હતાં. ઘણા દિવસો પછી ભાઈની મિઠાશ માણવા મળી એને. એક આની લઈ એ ધોતિયું મૂકીને ઊભો થયો. તે ગાયને ખીલેથી છોડીને ચાલતો થયો.

મોહને કહ્યું – ''રે'વાદ્યે, હું લઈ જાઉં સું, ગાયને!''

ગાયનું દોરડું ભાઈના હાથમાં મૂકતાં સોહને કહ્યું – ‘‘તમારી હારું ચલમ ચેતાવી લાવું?’’

આજ પહેલીવાર સોહને ભાઈ પ્રત્યે સદ્‌ભાવના વ્યક્ત કરી હતી. એમાં શું રહસ્ય હતું તે મોહન સમજી શક્યો નહીં. તેણે કહ્યું – ‘‘દેવતા હોય તો ભરી લાય ચલમ!’’

મેના વાળ છૂટ્ટા મૂકી ઘરના આંગણામાં માટીનું નાનું ઘર બનાવતી હતી. મોહનને જોઈને એણે ઘેર ભાગી નાખ્યું. એ ઝટપટ માથે ઓઢણી ઓઢી લઈ એંઠા વાસણ ઉટકવા ચાલી ગઈ.

જતી મેનાને મોહને પૂછ્યું – ‘‘શું રમતી’તી મેના?’’

ગભરાતી મેનાએ જવાબ આપ્યો – ‘‘કશું નઈં.’’

‘‘તું તો સરસ સરસ ઘર બનાવે સેને! બનાયને જરા જોઉં તો ખરો.’’

મેના હસી પડી. પ્રેમમાં કેટલો બધો જાદુ છે! જ્યાં એ ભળે ત્યાં સુગંધ પ્રસરી જાય. ભયની જગાએ વિશ્વાસ ઊભો થઈ જાય. દ્રઢતા હોય ત્યાં આત્મીયતા પાંગરી ઊઠે. ક્યાંય ભિન્નતા ના મળે. મોહનનું હૃદય આજે પ્રેમથી ભર્યું ભર્યું હતું.

મેના ઘર બનાવવા બેસી ગઈ.

મોહને તેના ઊડતા વાળ ઠીક કરતાં કહ્યું – ‘‘તારી ઢીંગલીનાં લગન કે’દી લેવાશે મેના? મિઠાઈ તો મલે ખાવાની!’’

મેનાનું મન આકાશમાં ઊડવા લાગ્યું.

‘‘મા, પૈસા નથી આલતી. ઢીંગલો તો સારો થઈ ગયો. સે આવે તો! ચાંલ્લો શી રીતે મોકલું?’’

‘‘કેટલા પૈસા જોઈશે?’’

‘‘એક પૈસાનું પતાસું લેઈશ ને એક પૈસાનો રંગ. બેય રંગાઈ જશે કે નઈં?’’



‘‘તે બે પૈસા થઈ રે’શે?’’

‘‘હાવે. બે પૈસા આલો, ભાઈ. મારી ઢીંગલીના ધામધુમથી વિવા થઈ જાય.’’

મોહને બે પૈસા મેનાને બતાવ્યા. મેના પૈસા લેવા લપકી. મોહને મેનાને ઊંચકી લીધી. મેનાએ મોહનના હાથમાંથી પૈસા લઈ લીધા ને નાચવા લાગી. પછી એ એની સખીઓને વિવાહનું નોંતરું દેવા દોડી ગઈ.

એ વખતે બુટી છાણનો ટોપલો લઈ ત્યાં આવી પહોંચી. મોહનને ઊભેલો જોઈ કઠોર સ્વરે બોલી – ‘‘લ્યા, ધીંગામસ્તી કરો છો અબ લગણ! ભેંસ કે’વારૂ દોવાશે?’’

મોહને બુટીને છાંછિયું ના કર્યું આજે. જાણે એના મનમાં મીઠપનું ઝરણું ફુટી નીકળ્યું હતું. માના માથા ઉપરથી એણે ટોપલી લઈ લીધી.

બુટીએ કહ્યું – ‘‘રે’વા દ્યે. જા, જઈને ભેંશ દોહી નાખ. હું લઈ જાઉં છું છાંણ.’’

‘‘આટલો ભાર શું લેવા ઊંચકે છે? મને શું કામ બોલાવતી નથી?’’

બુટીનું હૃદય વાત્સલ્યથી ઊભરાઈ ગયું.

‘‘તું તારું હંભાળ્ય, જા.’’

‘‘વાસીદું કાઢવાનું કામ મારું સે, મા.’’

‘‘તે પસે ગાય ભેંશ કોણ દોહશે?’’

‘‘એય હું કરીશ.’’

‘‘તું એવો જોરાવર સે કે બધું કરી દેઈશ?’’

‘‘હા, મા. બધુંય કરી લેઈશ.’’

‘‘તો પસે હું શા ખપની?’’

‘‘તારે અમારી જોડ્યે કામ લેવાનું બીજું શું?’’

''પણ મારું હાંભળે છે, કોણ?''

દૂધ વેચીને પાછા વળતાં મોહન બજારમાંથી પાન, પાનદાની, કાથો, સોપારી અને મિઠાઇ લાવ્યો હતો. બુટી એ જોઇને ઉશ્કેરાઇ ગઇ. તેણે કહ્યું – ''શું આજે પૈસા વધારાના મળેલા હા,લ્યા મોહન? આમ પૈસા વેડફી મારીશ તો નઈં જીવાય.''

''પૈસા ઉડાડવાની વાત જ ચ્યાં સે મા. મને પહેલાં લાગતું'તું કે તું પાન ખાતી નથી.''

''તે હવે શું પાન ખઈશ, હું?''

''હોવે, બીજું શું? બે બે જવાનજોધ છોકરાંની મા આટલોય શોખ ના કરે?''

બુટીના જીવનમાં હરિયાળી છવાઇ ગઇ. એણે મિઠાઇનો એક એક ટુકડો સોહન, મોહન અને મેનાને આપ્યો.

''મિઠાઇ તો છોકરાં માટે લાયો'તો મા.''

''તે તું કઇં ઘરડો થઇ ગ્યો સે?''

''આમની આગળ તો ઘરડો જ ને મા?''

''પણ મારી આગળ તો તું છોકરો જ સું ને?''

મોહને મિઠાઇનો કટકો મોંમાં મૂકી દીધો. જોતજોતામાં મિઠાઇ ખવાઇ ગઇ. હવે એક કટકો વધ્યો હતો. તે બુટીએ મોહનના હાથમાં મૂકતાં કહ્યું – ''લાઇ લાઇ ને આટલી જ મિઠાઇ લાયો? લે, ખઇ લ્યે આ.''

''એ તારા ભાગની સે,મા.''

''તમને ખાતાં જોઇને મને આનંદ થશે. લ્યો, ખઇ જાઓ મારા દીકરા.''

એ ટુકડો અડધો બંન્ને ભાઇઓને વહેંચી આપ્યા પછી પાનદાની ઊઘાડીને જોવા લાગી. આજે જીવનમાં પ્રથમવાર એને આવું સૌભાગ્ય



સોંપડ્યું હતું. પતિના સમયમાં એ સમૃદ્ધિ માટે એ તરસતી હતી તે એને પુત્રના સમયમાં મળી હતી.

મોહનના ગયા પછી પાનદાની સાફ કરીને એણે એમાં ચૂનો, કાથો ભર્યો. સોપારી કાપી. પાન તાશકમાં ગોઠવ્યાં. પછી એક પાનનું બીડું બનાવી મોંમાં મૂક્યું. એ પાન બીડાના રસે એના વૈધવ્યની કડવાશને મીઠી કરી દીધી. એક જૂનો અરીસો પાસે પડ્યો હતો. એણે એમાં મોંઢું જોયું. હોઠો લાલ હતા.

ધનિયાએ ત્યાં આવતાં કહ્યું – ''કાકી, થોડોક દોરડાનો કકડો આલો ને. મારું દોરડું તૂટી ગયું છે.''

બુટીએ કહી દીધું હોત કે – ''દોરડું કઇ આખા ગામ હારું નથી આંણ્યું. તમારું દોરડું તૂટી ગયું હોય તો મંગાવી લ્યોને બજારમાંથી નવું.''

પણ આજે એણે ધનિયાને દોરડું આપ્યું. પૂછ્યું – ''ધનિયા, છોકરાને ઝાડા બંધ થયા કે નૈં?''

''ના કાકી, આજે તો આખો દા'ડો લૂંગડાં જ બગાડ્યાં છે. દાંત આવતા હશે કે શું?''

''લાય પાંણી ભરી લાવ જરા. દાંત છે કે બીજું શું! નજર બજર તો નથી લાગીને?''

''શી ખબર્ય, કાકી!કોઇની આંખો ફુટી ગઇયે હોય!''

''રૂપાળાં છોકરાંને વહેલી નજર લાગી જાય.''

''છોકરો તો જે બોલાવે એની પાંહો જાય સે. એવો હસે છે કે વાત જ ના કર્ય!''

''તે કોકવાર માનીય નજર લાગી જાય સે.''

''એવું તે હોય કાકી! કોઇ પોતાનાં જણ્યાંને નજર બગાડતું હશે?''

ધનિયા પાણી લઇને આવી. બુટી એની સાથે છોકરાની ખબર્ય કાઢવા ગઇ.

''તું એકલી છે. ઘરનું કામકાજ કરવામાં બહુ વપત્ય પડતી હશે ખરું ની?''

''ના રે કાકી, રુપિયા આવે સે તે બધું હમૂહુતરું કરીને હેડા જાય સે. એ ના આવતી હોય તો મારો મરો થઇ જાય.'' – ધનિયા બોલી.

બુટીને આશ્ચર્ય લાગ્યું. રુપિયાને એણે માત્ર પતંગિયું જ માની લીધું હતું.

''રુપિયા...આ...આ...?''

''હોવે, બાપડી બઉં હારી છોરી સે. એ મારા ઘરનું બધુંય કામ કરી જાય સે.''

''પણ ઈને વરણાગી કરવામાંથી કેવા રે ટેમ મળે સે?''

''એ તો કાકી, જેવો જેનો શોખ. મને તો એણે જેટલો સહારો દીધો સે એવો બીજું કુણ દે? બચારી રાત આખી જાગતી રહી'તી. મારા પંડમાં પરાણ હશે ત્યાં લગ ઉં તો ઈનો જશ ગાઈશ.''

''ધનિયા, તને ઈના ગુણની ખબર્ય ના પડે. પાનના ને કિનારદાર હાડીઓના પૈસા ચ્યાંથી લાવે સે એ, જાણ છ તું?''

''આપણે એ બલામાં ચ્યાં પડીએ! ને હારું હારું પે'રવા ઓઢવાનું કોને મન ના થાય?''

ધનિયાનું ઘર આવી ગયું. આંગણામાં જ રુપિયા છોકરાને ખોળામાં લઇ થાબડતી હતી. બાળક ઊંઘી ગયું હતું.

ધનિયાએ છોકરાને ખાટલા પર સુવરાવી દીધો. બુટીએ એના માથા પર હાથ મૂક્યો. પેટમાં ધીમે ધીમે આંગળી ખોસીને જોવું. દૂંટી ઉપર હીંગનો લેપ કરવાનું કહ્યું. રુપિયા વીંઝણો નાખવા લાગી.

બુટીએ કહ્યું –''લાય મને આલ્ય, વેંઝણો.''

''હું નાંખીશ તો ઓછી નઈં થઇ જઉં!''



''પણ તું આખો દિન કામ કરીને થાકી જૈ હઇશ.''

''તમે આટલાં ભલાં સો, ને લોક કે' છે કે ગાળ વગર તો ઈ વાત નથી કરતા. હું તો બીકની મારી તમારી પાંહે ફરકી જ નઈં.''

બુટી હસવા લાગી.

''લોકો જુઠું તો ના કે'!''

''તે હું તો નજરે જોઉં તઈં માંનું.''

આજે પણ રૂપિયા એ કાજળ આંજ્યું હતું.પાન ખાધું હતું. રંગીન સાલ્લો પહેર્યો હતો. બુટીને આજે એ વાતની ખાતરી થઇ ચૂકી હતી કે રુપિયામાં માત્ર રંગ નહીં, સુગંધ પણ હતી. કેટલી સંસ્કારી છોકરી છે! કેટલી લજ્જાળુ! બોલે છેય કેવું મીઠું મીઠું! આખી રાત ધનિયાને ઘેર જાગતી બેસી રહી. કેવી ભારે પરગજુ!

રુપિયા આજે બુટીને સુંદર લાગી. ખરી વાત આજે મોજશોખ નહીં કરે તો કે'દહાડે કરશે! જેનું મન સુંદર હોય છે એને શણગાર ખરાબ નથી લાગતો. પોતાના રૂપનાં વખાણ થાય એવું કોણ ઇચ્છતું નથી. બાજી ની આંખોમાં છુપાઇ જવાની લાલસા કોને થતી નથી? બુટીનું યૌવન વીતી ગયા છતાં એને આવી લાલસા થઇ આવતી હતી. કોઇ એને રસિક આંખોથી જોઇ લે તો એનું મન પ્રસન્ન થઇ જાય છે તો રૂપા તો હજુ જુવાન છે.

એ દિવસ પછી રુપિયા દરરોજ એક બે વાર બુટીને ઘેર આવતી. બુટીએ મોહનને કહીને એને માટે સારી સાડી મંગાવી હતી. રુપિયા કોઇક વાર જ્યારે આંખોમાં કાજળ આંજ્યા વગર કે રંગ વગરની સફેદ સાડી પહેરીને આવતી ત્યારે બુટી કહેતી – ''વહુ દિકરીઓને જોગણનો વેષ સારો નથી લાગતો. આ વેષ તો અમારા જેવી ડોસીઓ હારું છે.''

રુપિયાએ એક દિવસ કહ્યું – ''મા, તમે ઘરડાં કે દા'ડાનાં થૈ જ્યાં? લોકોને માલમ પડી જાય તો ભમરાની જેમ ઘેર આંટા મારવા માંડે!''

બુટીએ મીઠા તિરસ્કારથી કહ્યું – ''હું તારી માની શોક્ય બનીને જઉં?''

“મા તો બુઢી થઇ ગઇ.”

“તો તારા બાપ જવાન છે અબલગ?”

“હોવ્વે, એમનું શરીર તો એવું ને એવું સે.”

“ભલે. કહે. તારાં લગન મોહન હાર્યે કરાવું?”

રુપિયા લજવાઇ ગઇ. મોંઢા ઉપર ગુલાબી ઝાંય ચમકી ઊઠી.

આજે મોહન દૂધ વેચીને પાછો ફર્યો ત્યારે બુટીએ કહ્યું – “હવે, થોડાક રૂપિયા એકઠા કરવા માંડ્ય. હું તારાં લગન રુપિયા જોડે ગોઠવવાની વેતરણ કરું સું.”



## સમર્પણ કે પ્રેમ?

જે પ્રતાપી તુર્કીઓના તાપથી ખ્રિસ્તી દેશો કાંપી રહ્યા હતા. એ જ તુર્કીઓનું લોહી શેરીઓમાં વહી રહ્યું હતું. આજ શહેર સો વર્ષ પહેલાં તુર્કોના આતંકથી ધ્વસ થઇ ગયું હતું. સિત્તેર હજાર તુર્કીયોદ્ધાંઓનાં શબ રઝળતાં હતાં અને તુર્કી સેનાપતિ એક લાખ સૈનિકોની સાથે તૈમુરી તેજ સામે કિસ્મતનો ફેંસલો સાંભળવા ઊભો હતો.

તૈમુરે વિજયથી ભરેલી આંખ ઊંચે કરી સેનાપતિ યજદાનીની સામે જોઇ ગર્જના કરી – “શું ઇચ્છે છે. જિંદગી કે મોત?”

યજદાનીએ સગર્વ કહ્યું – “જિંદગી ઇજ્જતની મળે તો જિંદગી, નહીં તો મોત.”

તૈમુરનો ગુસ્સો ભભૂકી ઊઠ્યો. આવો જવાબ સાંભળવાની એને ટેવ ન હતી. લાખ સૈનિકોનો જીવ એના હાથમાં છે. ચાહે તો એક ક્ષણમાં એ એમને રગદોળી શકે છે. છતાં પણ આટલું અભિમાન! આનો અર્થ એ જ કે ગરીબોનું જીવન અમીરોના ભોગવિલાસ માટે બલિદાન દેવાય છે. એ જ શરાબની મિજબાનીઓ, એ જ તુર્કી પરીઓ...! નહીં, તૈમુરે ખલીફા બાયજીદનું અભિમાન એટલા માટે ન હોતું ઉતાર્યું કે મદાંધ સ્વાધિનતામાં ઇસ્લામનું નામ ડુબાડવાનું છોડી દે. તો એને આટલું બધું લોહી વહાવવાની શી જરૂર હતી? તૈમુર હિંસક પ્રાણી નથી કે આવું બીભત્સ સંહારદૃશ્ય જોવા એના જીવનની બાજી લગાવી દે.

તેણે ધિક્કારની લાગણીથી કહ્યું –“તું જેને ઇજ્જતની જિંદગી કહે છે તે તો ગુનાઓ અને નરકતી જિંદગી છે.”

યજદાનીને તૈમુરની દયાની આશા ન હતી. હવે એની અને એના સૈનિકોના જાનનો ખતરો હતો. એટલે જ એણે જરાપણ દબાયા વિના એના પ્રત્યે ધૃણા પ્રગટ કરવાનું વિચાર્યું. તેણે એકવાર એ રૂપાળા યુવાનભણી જોયું. એની આંખોમાંથી તણખા ઝરતા હતા. યજદાનીએ એનો ચહેરો જોઇ પોતાની મ્યાનમાંથી તલવાર ખેંચી ઘૂંટડો ભરતાં કહ્યું – ''જહાંપનાહ! આ વખતે આપનો વિજય છે. પણ આપ ક્ષમા કરો તો કહીશ કે પોતાની જિંદગી બાબત તુર્કોને તાતારિયોના ઉપદેશની જરૂર નથી. પણ જ્યાં ખુદાએ બહુમૂલ્ય પદાર્થોની વર્ષા કરી હોય ત્યાં એનો ઉપભોગ ના કરવો એ મૂર્ખાઇ છે. જો સંસ્કૃત્તિનું પ્રમાણપત્ર એ તલવાર ગણાતી હોય તો ગાલજાતિ રોમનોથી ઘણી વધારે સભ્ય હોત!''

તૈમુર ખડખડાટ હસ્યો. સૈનિકોએ તલવારના મૂઠા સખત દબાવ્યા. તૈમુરનું અટ્ટહાશ્ય એ મોતનું અટ્ટહાસ્ય હતું કે તૂટી પડનારા વજ્રનો અવાજ હતો!

''તોતારવાસીઓ શું પશું છે?''

''મને એની ખબર નથી. હું એવું ના કહી શકું!''

''ખુદાએ એશ કરવા તને જન્મ આપ્યો છે એવું તારું કહેવું છે. મારું માનવું છે કે એ તારું કાફરપણું છે. ઇશ્વરે માણસને બંદગી કરવા પેદા કર્યો છે. અને એ સિવાય જે બીજું કંઇક કરે છે એ કાફર છે. રસૂલેપાક અમારા જીવનને સાચું પાક બનાવવા આવ્યા હતા, નહીં કે હરામની તાલીમ આપવા! તૈમુર આખા ખલક ને પાક બનાવવાનું બીડું ઊઠાવી ચુક્યો છે. રસૂલેપાકનાં કદમોની કસમ. બેરહમ નથી હું. જાલિમ નથી હું કે નથી હું ખુન પીનારો, પણ કાફરપણાની સજા મારી નજરે મોત સિવાય બીજી ના હોઇ શકે!''

એણે તાર્તિયન સેનાપતિ સામે જોયું. તત્ક્ષણ એક સૈનિક તલવાર તાણી યજદાનીના માથે આવી પહોંચ્યો. તાતારી સૈન્ય પણ તલવારો તાણી તુર્કી સેના પર તૂટી પડી, અને જોત જોતામાં અસંખ્ય લાશો જમીન પર ઢાળી દીધી.



યજદાનીની પાછળ ઊભેલો એ સેવરૂપવાન યુવક ઓચિંતો તૈમુરની સામે આવી મોતને મુઠ્ઠીમાં લઇ બોલ્યો – ''પોતાની જાતને મુસલમાન કહેવડાવનાર ઓ બાદશાહ! જેના ધર્મપ્રચારનું બીડું તમે ઊઠાવ્યું છે એ છે આ ઇસ્લામ ધર્મ? ઇસ્લામની આ રસમ છે? બહાદુરોનું બેરહીમીથી ખૂન વહાવવાનું એ શીખવાડે છે ઇસ્લામ? પોતાના ખલીફા અને પોતાના પ્રદેશની હિમાયત કરનારને નિર્મમ સજા કરવી એ ઇસ્લામની દૃષ્ટિએ ધર્મ છે?''

ચારેબાજુ સન્નાટો છવાઇ ગયો. હજુ જેને મૂછનો દોરો ફૂટ્યો નથી એવો યુવાન તૈમુર જેવા સશક્ત બાદશાહનો સ્પષ્ટ તિરસ્કાર કરી જાણે એની જીભ બહાર ખેંચી રહ્યો હતો. તૈમુર એ યુવાનની તરફ તાકી રહ્યો.

યુવકે તાતારી સૈનિકોને ઉદ્દેશીને કહ્યું – ''તું આ મુલસમાનોને કાફર કહે છે અને એમની કતલ કરીને તું ખુદા અને ઇસ્લામની ખિદમત કરી રહ્યો છે. એમ સમજે છે? હું તને પૂછું છું કે, જેઓ ખુદા સિવાય બીજા કોઇને સજદો નથી કરતો અને જેઓ રસૂલેપાકને પોતાના રાહબર સમજે છે તેઓ મુસલમાન નથી તો બીજા કોણ મુસલમાન છે? ખુદાએ તેને એના જ બંદાના લોહીની નદીઓ વહાવવા તાકાત આપી છએ કે અધિકાર આપ્યો છે? ગુનેગારોનો સજા કરવાથી શું તેઓ સીધા રસ્તા પર આવી જશે? તેં કેટલી નિર્દયતાથી સિત્તેર હજાર બહાદુર તુર્કોને દગો કરી સુરંગથી ફૂંકી માર્યા અને એમનાં બાળકો તથા સ્ત્રીઓને નિરાધાર કરી દીધાં! જેના ઉપર તું મુસલમાન હોવાનો ગર્વ દાખવે છે એ આ તારાં કરતૂતો છે? આ નિર્મમહત્યા, ખુનામરકી અને જુલમની શાહીથી તું દુનિયાના તખ્ત પર તારું નામ લખવા ઇચ્છે છે? આજે સોફિયાના ગિરજાઘરમાં તને અલ્લાહ અકબરનો પ્રતિધ્વનિ સંભળાઇ રહ્યો છે એ આખા યુરોપમાં ઇસ્લામનું સ્વાગત કરવા તૈયાર છે. તું મનમાંથી એ વિચાર કાઢી નાખ કે તું ખૂનામરકીથી ઇસ્લામની ખિદમત કરી રહ્યો છે. એકવાર તો તારે પણ ખુદાતાલાના દરબારમાં કરેલાં કર્મોનો હિસાબ પેશ કરવો પડશે. ત્યારે તારી કોઇ આજીજી સાંભળવામાં નહીં આવે. તું જ તારા દિલને પૂછી જો કે તેં આજે કંઇ કર્યું છે તે ખુદા માટે કર્યું છે કે તારા પોતાના હવસ માટે? મને ખબર છે કે તને જે જવાબ મળશે એનાથી તારું માથું ઝૂકી જશે.''

ખલીફાનું માથું નમેલું હતું ત્યાં જ યજદાનીએ પ્રકંપિત સ્વરે અરજ ગુજારી – ''જહાંપનાહ! આ ગુલામનો પુત્ર છે એના દિમાગમાં પાગલપણું છે. હજૂર! એની ગુસ્તાખી માફ કરી દો. હું એની સજા ભોગવવા તૈયાર છું.''

તૈમુર પેલા યુવાનના ચહેરા ભણી સ્થિર આંખોએ જોઇ રહ્યો હતો. આજ જીવનમાં પહેલીવાર એણે નિર્ભયતાનો અનુભવ કર્યો. એની સામે મોટા મોટા સેનાપતિઓ, મંત્રીઓ કે સમ્રાટોની જબાન ખુલતી ન હતી. એનો શબ્દ એ જ કાયદો બનતો એની ખુશામતે એના અહમ્‌ને આસમાનમાં પહોંચાડી દીધું હતું. એને એમ જ હબતું કે પોતાને ખુદાએ ઈસ્લામને જગાડવાજ ધરતી ઉપર મોકલ્યો છે. અને એટલે જ આજે આ યુવાને પ્રાણને હોડમાં મૂકીને પણ તેની મોહાંધ કીર્તિના પડદાના ચીરેચીરા કરી નાખ્યા. એની આંખનો ઈશારો માત્ર એ યુવાનનો જીવનદીપ બુઝાવવા કાફી હતો. કેવું અદ્‌ભુત છતાં હાસ્યાસ્પદ સાહસ હતું! તેમ છતાં કેવું પ્રબળ આત્મબળ! કેવો દૃઢ આત્મવિશ્વાસ! તૈમુરને લાગ્યું કે નિઃશસ્ત્ર બાળક આગળ પોતે કેટલો નિર્બળ હતો! માણસમાં આવા સાહસનો એક માત્ર સ્ત્રોત હોય છે અને તે સત્ય પરનો અટલ વિશ્વાસ એનો આત્મા યુવાનને ભેટવા ઝંખવા લાગ્યો. તે દાર્શનિકન હતો કે સત્યમાં પણ શંકા કરી શકે. તે તો હતો સાદો સૈનિક જે અસત્યને પણ આત્મવિશ્વાસથી સત્યમાં પલટાવી નાખે છે.

યજદાનીએ કહ્યું – ''જહાંપનાહ! એની વાત સામું ગંભીરતાથી ના જોશો.''

તૈમુરે ઊઠીને યજદાનીને ભેટી પડ્યો. અને બોલ્યો – ''કાશ, આવો વિવેકશૂન્ય અને બેજબાન વાતો સાંભળવી પડશે એવો પહેલેથી ખ્યાલ હોત તો તો આજે આટલા નિર્દોષ લોકોનું લોહી મારા શરીરે ના છંટાયું હોત! મને તો આ યુવાનમાં કોઈ ફરિશ્તાનું તેજ જણાય છે. કદાચ પરવરદિગારે મારા જેવા ગુમરાહને સાચો રસ્તો બતાવવા જ એને મોકલ્યો હશે! શું હું એનું નામ જાણી શકું?''

યજદાની પહેલાં આતશપરસ્ત હતો. પાછળથી મુસલમાન થઈ ગયેલો. છતાં એના મનમાં ક્યારેક શંકા થતી હતી કે પોતે મુસ્લિમ ધર્મ શા



માટે અંગીકાર કર્યો હશે? ફાંસીના તખ્તા ઉપર ચઢેલા કોઇ કેદીને જાણે કે કોઇ ફરિસ્તાએ ગોદમાં ઊઠાવી લીધો હતો. તેણે ગદ્‌ગદિત કંઠે કહ્યું – ''તેને મિત્ર કહેવાય છે.''

તૈમુરે યુવાનનો હાથ પકડતાં કહ્યું – ''દોસ્ત! તું ખરેખર ખુદાનો પ્યારો છે. હું મૂર્ખ છું. આજે મને સમજાયું છે કે મેં ઈસ્લામને ખુબ નુકસાન પહોંચાડ્યું છે. આજે હું તારે શરણે છું. તું જ મારો મિત્ર છે, મારો ભોમિયો છે. મને વિશ્વાસ છે કે તારી મદદથી જ હું ખુદાની દરગાહ સુધી પહોંચી શકીશ.''

યુવાનના ચહેરા પર શરમની લાલિમાં ઉપસી હતી. કઠોરતાની જગાએ મધુર સંકોચ છવાઈ રહ્યો હતો.

યુવકે માથું નીચે ઢાળી કહ્યું – ''એ તો બાદશાહની કદરદાની છે. નહીં તો મારી શી હેસિયત!''

તૈમુરે એને પોતાની સાથે સિંહાસન ઉપર બેસાડતાં સેના પતિને આદેશ આપ્યો – ''બધા તુર્કી કેદીઓને છોડી મૂકો. એમને એમનાં શસ્ત્રો પાછાં આપી દો. અને લૂંટનો માલ સૈનિકોમાં સરખે ભાગે વહેંચી દો.''

સેનાપતિ બાદશાહના હુકમને પાલન કરવા તત્પર થયો. તૈમુરે રાજદરબારમાં જણ બંન્ને મહેમાનોના સ્વાગતની વ્યવસ્થા કરી. ભોજન પૂરું થયા બાદ તેણે પોતાની જીવન કથા આંસુભીની આંખે સંભળાવી. એનું જીવન ક્રૂરતા અને પાશવતાથી ભરેલું હતું. એણે એ બધી ક્રૂરતા, ઈશ્વરના આદેશ નું પાલન કરે છે એમ માની આચરી હતી. હવે પોતે ખુદાને શું મોંઢું બતાવશે? રડતાં રડતાં એનાં ડુસકાં બંધ થઇ ગયાં.

છેવટે એણે કહ્યું – ''મારા યુવાન મિત્ર! હવે તુંજ મને પાર ઉતારી શકશે. તેં રસ્તો બતાવ્યો છે તો મંઝિલ સુધી પણ તું જ પહોંચાડજે. મારી બાદશાહતને હું તબાહ કરી રહ્યો હતો એ વાત મને આજે સમજાય છે. મારી તને પ્રાર્થના છે કે એનું મંત્રીકાર્ય તું સ્વીકારે. ખુદાને માટે મારી વાતનો અનાદર કરીશ નહીં, નહીં તો એકેય બાજુનો નહીં રહું.''

યજદાનીએ અરજ ગુજારી – "હજૂર આપની આ કૃપાએ આપની મોટાઇ છે. પણ હજુ તો આ છોકરાની ઉંમર ક્યાં છે? સૈન્યની ખિદમતને એ શું ન્યાય આપી શકશે. આ તો એનો તાલીમના દિવસો છે.

યજદાની ઈન્કાર કરતો હતો તો તૈમુર આગ્રહ કર્યે જતો હતો. તેમ છતાં યજદાનીની છાતી ગજગજ ફલતી હતી. મૂસા ગયા હતા તો આગ લેવા, પણ મળી ગઇ પયગંબરી! મોતના મુખમાં જઇ રહ્યા હતા પણ મંત્રીપદ મળ્યું! છતાં મનમાં શંકા થતી હતી કે આવા અસ્થિર મગજના માણસનો શો ભરોસો? આજે મંત્રી પદ આપવા તૈયાર છે, પણ કાલે નારાજ થાય તો માથુંય ઉતારી લે. છતાં એને પોતાના પુત્ર હબીબ ની પાત્રતા ઉપર પૂર્ણ વિશ્વાસ હતો, છતાંય મન વ્યગ્ર થતું હતું. આ તો પરદેશ હતો. અને રાજદરબારમાં ષડ્યંત્રોનો ડગલે પગલે થતાં હોય છે. હબીબ પ્રામાણિક છે. સમજદાર છે. સમય પારખું છે, પણ અનુભવ ક્યાંથી લાવે? એ તો ઉંમરે જ આવે છે.

એ પ્રશ્ન ઉપર વિચાર કરવા એણે એક દિવસની મહેનત માગી.

હબીબ યજદાનીનો પુત્ર નહી, પુત્રી હતી. એનું નામ ઉમ્મ તુલ હબીબ હતું. જ્યારે યજદાની અને તેની પત્ની મુસલમાન થયાં ત્યારે તેમની દીકરીની ઉંમર બાર વર્ષની હતી. કુદરતે એને બુદ્ધિ અને પ્રતિભાની સાથે વિચારસ્વાતંત્ર્ય પણ બક્ષ્યું હતું. સાચા ખોટાની પરીક્ષા કર્યા વગર એ કોઇ વાતનો સ્વીકાર કરતી નહીં. મા બાપના ધર્મપરિવર્તનથી એને અશાંતિ થઇ હતી. પણ જ્યાં સુધી ઈસ્લામનું સારી રીતે અધ્યયન ના કરી લે ત્યાં સુધી તેણે માત્ર માબાપને રીઝવવા ઈસ્લામની દીક્ષા લેવાનું યોગ્ય માન્યું ન હતું. મા બાપ પરાણે એને દબાણ કરતાં ન હતાં. ધર્મપરિવર્તનની જેમ એને ધર્મમાં સ્થિર રહેવાનો પણ પૂરો અધિકાર હતો. છોકરીને સંતોષ થયો પણ એણે એના મૂળ ધર્મ જરથોસ્તી અને ઈસ્લામનો તુલનાત્મક અભ્યાસ શરૂ કરી દીધો. અને પૂરાં બે વર્ષના સંશોધન અને પરીક્ષણ પછી એણે પણ ઈસ્લામ ધર્મનો અંગીકાર કર્યો. માતા પિતાના આનંદનો કોઇ પાર ન હતો.

યજદાનીને કોઇ પુત્ર ન હતો. અને તલવાર જ માણસની સૌથી



મોટી અદાલત હતી. તે જમાનામાં અપુત્ર હોવું એ સૌથી મોટું દુર્ભાગ્ય ગણાતું હતું. યજદાની પુત્રનાં અરમાન પુત્રીથી સંતોષવા લાગ્યો. એને પુત્રની જેમ શિક્ષણ અપાયું. એ છોકરાનો પોશાક પહેરતી. ઘોડેસવારી કરતી. શસ્ત્રો ચલાવતી. પિતાની સાથે ખલીફા બાયજીદના મહેલમાં જતી. અને રાજકુમારીની સાથે શિકારે જતી. સાથે સાથે એ દર્શન શાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર અને અધ્યાત્મવિદ્યાનો અભ્યાસ કરતી હતી. સોળ વર્ષની વયે તો એ સૈનિકશાળામાં ભરતી થઇ હતી. પછી એ લશ્કરમાં જોડાઇ ગઇ. એના યુદ્ધકૌશલ્ય અને સેના સંચાલનથી ખલીફા બાયજીદ એટલા તો પ્રસન્ન હતા કે પહેલેથી જ એમણે એને સરદાર બનાવી દીધી હતી.

આવી યુવતીને ચાહનારની શી ખોટ હોય! એની સાથેના કેટલાય અધિકારીઓ, રાજ્યપરિવારના યુવરાજો એની ઉપર પ્રાણ ન્યોંચ્છાવર કરવા લાગ્યા, પણ એ કોઇને દાદ દેતી ન હતી, કારણ કે એની નજરમાં કોઇ સમાતો ન હતો. લગ્નનાં કહેણ તો રોજ આવતાં, પણ એ સદૈવ ઈન્કાર કરતી હતી. વિવાહિત જીવનમાં એને રુચિ ન હતી. એનો સ્વતંત્ર મિજાજ બંધન સ્વીકારવા ઇચ્છતો ન હતો.

ઊંચા કુટુંબની સ્ત્રીઓ સાથે વારંવાર એને મળવાનું થતું. લગ્નજીવનની વિષમતાઓ એમને મોંઢે સાંભળ્યા બાદ વૈવાહિક પરાધીનતા પ્રત્યે એ નફરત બતાવવા લાગી હતી. યજદાની એના સ્વાતંત્ર્યમાં કોઇ અવરોધ ઊભો કરતો ન હતો. એને એમ કે છોકરી સ્વતંત્ર છે. વિવાહ કરે કે ના કરે એ એની જેવી ઇચ્છા. એની ઉપર એનો જ અધિકાર છે! એને કહેણ આવતું તો સાફસાફ જવાબ આપતો – "એ અંગે હું કાંઇ ના જાણું. એનો ફેંસલો તો એ એની જાતે જ કરશે."

આમ છતાં, એક સ્ત્રીનું પુરષવેશે સમાજમાં હરવું ફરવું ટીકાપાત્ર બન્યું હતું. પણ યજદાની અને એની પત્ની બંન્નેને દીકરીના નિષ્કલંક ચારિત્ર્ય ઉપર સંપૂર્ણ વિશ્વાસ હતો. હબીબના આચાર વિચારમાં એવી કોઇ વાત દેખાતી નહીં કે જેથી એના પર શંકા થઇ આવે. યોવનની આંધી અને લાલસાઓના વાવઝોડામાં એ ચોવીશ વર્ષની વીરબાળા એના હૃદયની સઘળી

સંપત્તિ સાથે અટલ અને અજેય ઊભી હતી. જાણ તમામ યુવાનો એના સગા ભાઇ હતા!

કુસ્તુંતુનિયા માં ઉત્સવ ઊજવાઇ રહ્યો હતો. હબીબનું દબદબાપૂર્વક સન્માન થયું હતું. અભિનંદનની એના પર જાણે વર્ષા થઇ! શહેર નષ્ટ થઇ ગયું હતું. મહેલો અને બજારોમાંથી આજે અગ્નિની જ્વાળાઓ નીકળતી હતી. આ કલ્પનાતીત આપત્તિમાંથી બચાવનાર વ્યક્તિ કેટલાં પ્રેમ, આદર, શ્રદ્ધા અને ઉલ્લાસને પાત્ર થાય! કલ્પના કરવી પણ મુશ્કેલ છે. અગણિત ફલોની વૃષ્ટિ થઇ એના પર. નગરની સ્ત્રીઓ હૃદયના અક્ષય ભંડારોમાંથી આશીર્વાદ વહેવડાવતી હતી.

રાત્રે તૈમુરના પ્રસ્તાવ પર વિચારણા થઇ. સામે ગાદી પર યજદાની બેઠો હતો. વિશાળ, સૌમ્ય અને તેજસ્વી. એની જમણી બાજુ હતી એની પત્ની. એની આંખોમાં કરુણા અને વિશ્વાસ તરવરતાં હતાં. ડાબી બાજુ હબીબ બેઠી હતી. એના મુખમંડળ પર બ્રહ્મચર્યનું તેજ ચમકતું હતું.

યજદાનીએ પ્રસ્તાવનાનો વિરોધ કરતાં કહ્યું – ‘‘મને જો સલાહ આપવાનો અધિકાર હોય તો મારે સ્પષ્ટ કહેવું છે કે તારે આ પ્રસ્તાવનો સ્વીકાર કરવો જોઇએ નહીં. તૈમુરની આગળ તારી અસલિયતની વાત વધારે સમય છાની નહીં રહી શકે. તે વખતે કેવી પરિસ્થિતિ સર્જાશે તે હું કલ્પી શકતો નથી.’’

એની પત્નીએ કહ્યું – ‘‘મેં સાંભળ્યું છે કે તૈમુર આંખનો સારો નથી. હું તને કોઇ પણ સંજોગોમાં જવા નહીં દઉં. ના બનવાનું બની જાય તો આખી દુનિયા આપણા પર થૂંકે!’’

પતિપત્ની ઘણીવાર સુધી આમ શંકા કુશંકાઓ કરતાં રહ્યા. હબીબ મૌન ધારણ કરી બેઠી હતી. યજદાનીને થયું કે હબીબ પણ એની વાત સાથે સંમત હતી. તૈમુરના પ્રસ્તાવનો અસ્વીકાર કરવો એવો નિર્ણય લેવાનું નક્કી થતું હતું. ત્યાં જ હબીબે કહ્યું – ‘‘તૈમુરને તમે શું કહેશો?’’

‘‘જે નક્કી થયું છે તે.’’



‘‘પણ મેં ક્યાં કશું કહ્યું છે?’’

‘‘મને લાગ્યું છે કે તું સહમત છે.’’

‘‘ ના તમે જઇને એને જણાવો કે હું એના પ્રસ્તાવનો સ્વીકાર કરું છું.’’

‘‘આ તું શું કહે છે દિકરી! લોકો શું કહેશે?’’

યજદાનીનું હૃદય વીંધાઇ ગયું. તેના મોંઢામાંથી એક શબ્દ પણ નીકળ્યો નહીં.

હબીબે મક્કમતાથી કહ્યું – ‘‘અમ્માજાન, આપના હુકમનો મારાથી અનાદર થઇ શકે નહીં મને જવા દેવી કે ના જવા દેવી એ આપના અધિકારની બાબત છે. પણ દુનિયાની ખિદમતની આવી તક ફરીવાર મને જિંદગીભર નહીં મળે. આ તક ગુમાવ્યાનું દુઃખ મને જીવનભર સાલશે. મને તો વિશ્વાર છે કે અમીન તૈમુરને હું નેક ઇન્સાન બનાવી શકીશ. હું ઇચ્છું છું કે એના હાથે ફરી ખુદાના બંદાઓનું લોહી ના વહે. એ શૂરવીર છે, પણ ઘાતકી નથી. એણે આજ સુધી જે કંઇ કર્યું છે તે ધર્માંધતાને લઇને કર્યું છે. આજે ઇશ્વરે મને અવસર આપ્યો છે. અને મારે એને બતાવવું છે કે ધર્મ એ સેવા માટે છે. નહીં કે લૂંટ અને કતલ કરવા માટે. મારી જાતમાં મને પૂર્ણ વિશ્વાસ છે. મારું રક્ષણ હું મારી જાતે જ કરીશ. મને ઇતબાર છે કે હું ધર્મ અને પ્રામાણિકતાના સહારે દુશ્મનોની બોલતી બંધ કરી શકીશ. હું મારા કાર્યમાં નિષ્ફળ જઇશ તો હક્ક અને સચ્ચાઇના રાહ પર મારા પ્રાણની કુરબાની આપી દઇશ. તૈમુર મારી અસલિયત જાણી જાય તો પણ શી ફિકર? મારી તલવાર મારું રક્ષણ કરી શકે એમ છે. અને લગ્નની બાબતમાં તો મારો ખ્યાલ આપ જાણો જ છો. કદાચ મારા જીવનસત્ત્વને સ્વીકારે એવો કોઇ આદમી મળી જશે તો હું એને મારી જાત સમર્પિત કરી દઇશ.’’

યજદાનીએ ખુશ થઇને હબીબને છાતીએ વળગાડી દીધી. એની પત્ની આટલી જલ્દી સ્વસ્થ ના થઇ શકી. એ દીકરીને એકલી જવા દેવા તૈયાર ન હતી. એની સાથે પોતે પણ જવા ઇચ્છતી હતી.

કેટલાક મહિના પસાર થઈ ગયા. યુવક હબીબ તૈમુરનો પ્રધાન બની છે. વાસ્તવમાં તો એજ બાદશાહ છે એમ માને ને! તૈમુર એની આંખે જોતો અને એની બુદ્ધિથી વિચારતો. હબીબ આઠે પહોર એની સાથે જ રહે એવું એ ઈચ્છતો હતો. એના સમાપ્યથી તૈમુરને સ્વર્ગનું સુખ મળતું હતું. સમરકંદમાં કોઈને એના પ્રત્યે દ્વેષ ન હતો. એના વર્તને બધાંને મુગ્ધ કરી દીધાં હતાં. કારણ કે ન્યાયના માર્ગમાંથી એ જરાપણ વિચલિત થતી ન હતી.

સંધ્યા થઈ હતી. રાજ્યના કર્મચારીઓ નીકળી ચૂક્યા હતા. મિણબત્તીઓ પ્રકાશ પાથરતી હતી. દીવનખાનામાં ચંદનની સુગંધ પ્રસરી ચૂકી હતી. હબીબ પણ ઊઠવાની તૈયારીમાં હતી ત્યાં જ ચોપદારે કહ્યું – ''હજુર, જહાંપનાહ પધારે છે.''

હબીબ આ સમાચારથી પ્રસન્ન થઈ નહીં. અન્ય મંત્રીઓની જેમ તે તૈમુરના સહવાસની ભૂખી ન હતી. તે હંમેશાં તૈમુરથી દૂર રહેતી હતી. એણે શાહી ભોજન પણ કર્યું હોય એવું ભાગ્યે જ બન્યું હોય. એ સમય મળતાં એકાંતમાં માને મળતી હતી અને એની આગળ હૈયું ઠાલવતી.

એણે દ્વાર પર જઈ તૈમુરનું સ્વાગત કર્યું. તૈમુરે આસન ગ્રહણ કરતાં કહ્યું – ''મને આશ્ચર્ય થાય છે કે આવી જુવાનીમાં સંન્યાસીઓ જેવી જિંદગી શું કામ ગુજારે છે, હબીબ? ખુદાએ તને એવું સૌંદર્ય આપ્યું છે કે અત્યંત સુંદર હસીના તારી માશૂકા બનવા તૈયાર થઈ જાય! તને ખબર નહીં હોય કે તું જ્યારે તારા કદાવર ઘોડા પર સવાર થઈને નીકળે છે ત્યારે સમરકંદની અટારીઓ ઉપર હજારો આંખો તારી ઝલક જોવા ઈંતજાર કરી બેસી રહે છે. પણ તું તો કોઈના તરફ આંખ ઊઠાવીને જોતો પણ નથી. હું પોતે જ એનો સાક્ષી છું. હું ઘણુંય ઈચ્છું છું કે તારા પગલે પગલે ચાલું, તારી જેમ દુનિયામાં રહેવા છતાં દુનિયાથી અલિપ્ત રહું, પણ મારી પાસે નથી તારા જેવું દિલ કે નથી તારા જેવું દિમાગ, હું સદૈવ મારી જાત ઉપર, આખી દુનિયા પર દાંત પીસતો રહું છું. જાણે મને પ્રતિપળ લોહીની તરસ લાગે છે, જેને તું છીપાવા નથી દેતો. અને તું જે કંઈ કરે છે તેનાથી વધુ સારું કોઈ બીજું કરી શકે નહીં તેમ જણાવા છતાં હું મારા ક્રોધને કાબૂમાં રાખી શકતો નથી. તું જ્યાંથી પસાર થાય ત્યાં મહોબત અને રોશની ફેલાવી દે છે. તારા





દુશ્મનો પણ તારા દોસ્ત બની ગયા છે. જ્યારે તું જ્યાંથી પાસ થાઉં છું ત્યાં માત્ર નફરત અને સંદેહ ફેલાવી દઉં છું. દુનિયામાં ફક્ત આ એક જ એવી જગા છે કે જ્યાં મને આરામ મળે છે. જોતું એમ માનતો હોય કે આ તાજ અને તખ્ત મારા રસ્તામાં અવરોધરૂપ બને છે, તો ખુદાના કસમ ખાઈ રહું છું કે હું એનો ત્યાગ કરવા તૈયાર આજે તારી પાસે હું એ જ દરખાસ્ત લઈને આવ્યો છું કે તું મને સાચો રસ્તો બતાવ કે જેથી સાચો આનંદ મેળવી શકું. મારી ઈચ્છા છે કે તું આ મહેલમાં જ રહે, જેથી હું તારી પાસેથી જિંદગીનો સાચો બોધપાઠ મેળવી શકું.''

હબીબનું હૃદય હલબલી ઊઠ્યું. જો એનું નારીત્ત્વ ઊઘાડું પડી જાય તો! શો જવાબ આપવો એ એને સૂઝયું નહીં. એનું કોમળ હૈયું તૈમુરની આ કરુણ આત્મગ્લાનિ પર દ્રવિત થઈ ઊઠ્યું. જેના નામમાત્રથી દુનિયા કંપતી હતી તે તેની સામે એક દયાપાત્ર પ્રાર્થી બનીને એના પ્રકાશની ભીખ માગતો હતો! તૈમુરની એ કઠોર, વિકૃત, શુષ્ક, હિંસાત્મક મુદ્રામાં એને એક કોમળ મધુર જ્યોતિ દેખાઈ.

હબીબે મુગ્ધ અવાજે કહ્યું – ''હુજુર! આ ગુલામની આટલી કદર! મારી એ ખુશનસીબ કહેવાય. છતાં શાહી મહેલમાં વસવું મારે માટે યોગ્ય નથી.''

''કેમ?'' – તૈમુરે પૂછ્યું.

''એટલા માટે કે જ્યાં દોલત વધારે હોય છે ત્યાં ધાડ પડે છે અને જ્યાં કદર વધારે થાય છે ત્યાં દુશ્મન વધી જાય છે.''

''તારો દુશ્મન કોઈ હોઈ શકે?''

''હું જ મારો દુશ્મન થઈ જઈશ. માણસનો સૌથી મોટો દુશ્મન ઘમંડ છે.''

તૈમુરને જાણે રસ્તો મળી ગયો. એને માનસિક સંતોષનો આભાસ થયો. ''માણસનો સૌથી મોટો દુશ્મન ઘમંડ છે.'' એ વાક્ય એના મનમાં પડઘાવા લાગ્યું. તેણે કહ્યું – ''હબીબ! તું મારા કાબૂમાં ક્યારેય નહીં આવે.

તું આકાશમાં ઉડનાર પંખી છે. એને સોનાના પાંજરામાં રાખવામાં આવે તો પણ એ પાંખો ફફડાવતું રહે. ખેર, ખુદા હાફિઝ.''

તે તરત જ તેના મહેલે ચાલ્યો ગયો. હબીબના મોંઢે બોલાયેલું પેલું વાક્ય આ અગાઉ પહેલાં ઘણીવાર એણે સાંભળ્યું હતું પણ આજે એમાંથી જે જ્ઞાન, આદેશ અને સત્પ્રેરણા એને મળ્યાં હતા. તે અગાઉ ક્યારેય મળ્યાં નહીં.

ઈસ્તખર પ્રાંતમાંથી બગાવતના સમાચાર આવ્યા. હબીબને શંકા થઈ આવી કે તૈમુર ત્યાં જઈને કત્લેઆમ ના ચલાવે! એ તૈમુરને, શાંતિમય પગલાં ભરી બળવો ઠારી દઈ સાબિત કરી બતાવવા ઈચ્છતી હતી કે સદ્‌ભાવનાથી કઠિન કામ પણ પાર પાડી શકાય છે. તૈમુર હબીબને આ આક્રમણ સામે મોકલવા ઈચ્છતો ન હતો પણ એની કોઈ કારી ફાવી નહીં. હબીબે કહ્યું – ''ગુલામની હયાતીમાં હુજૂર એમનો જીવ ખતરામાં મૂકે એ કેમ બની શકે?''

તૈમુર હસ્યો – ''હબીબ! તારા જીવ આગળ મારા જીવની કોઈ હસ્તી નથી. મેં તો જાનની પરવા ક્યારેય કરી નથી. કત્લ અને લૂંટ સિવાય દુનિયામાં મેં કઈ બીજી યાદગીરી મૂકી છે? મારા મરી ગયા બાદ મારી પાછળ કોઈ એક આંસુય નહીં પાડે એની મને પૂરી ખાત્રી છે. તારી પાસેથી મેં શું અને કેટલું મેળવ્યું એ તો શી ખબર! પાંચ વર્ષ પહેલાં જો તું મને મળ્યો હોત તો તૈમુરની તવારીખમાં આટલી કાલિમા ના ભળી હોત! આજે જરૂર પડ્યે મારા જેવા સો તૈમુર તારા નામ પર હલાલ કરવા તૈયાર છું, સાચું કહું છું, તું મારો આત્મા લઈને જઈ રહ્યો છે જાણે! હબીબ! મને તારા પર ઈશ્ક છે. એવો ઈશ્ક છે કે આજ સુધી મને કોઈ હસીના પ્રત્યે થયો નથી. ઈશ્ક શું ચીજ છે એ આજે મને જાણવા મળ્યું છે. હું તારી સાથે ચાલી નીકળું એમાં શુ ખોટું છે?''

ધડકતે હૈયે હબીબે કહ્યું – ''મને જો આપની જરૂર પડશે તો સૂચના આપીશ, હુજૂર!''

દાઢી પર હાથ ફેરવતાં તૈમુરે કહ્યું – ''જેવી તારી મરજી, પણ





રોજ સમાચાર મોકલતો રહેજે. નહીં તો હું બેચેન થઈને મરી જઈશ.''

તૈમુરે પ્રેમપૂર્વક હબીબના પ્રસ્થાન માટેની તૈયારીઓ કરી. આરામ અને શિષ્ટાચાર માટેની વસ્તુઓ એને માટે એકઠી કરી. એ પહાડી પ્રદેશમાં આ બધી વસ્તુઓ ક્યાંથી મળશે? મા જેમ દિકરીને સાસરે વળાવવાની તૈયારીઓ કરે એ રીતે હબીબ માટે તૈયારીઓ કરવામાં તૈમુર વ્યસ્ત હતો.

હબીબ સેના લઈને ચાલી નીકળ્યો. ત્યારે તેની સાથે આખું સમરકંદ હતું અને તૈમુર આંખો ઉપર રૂમાલ ઢાંકી નતમસ્તકે એવી રીતે ઊભો હતો કે જાણે કોઈ ઘાયલ પક્ષી ના હોય!

ઈસ્તખર અરમની ખ્રિસ્તીઓનો પ્રાંત હતો. મુસલમાનોએ એના પર કબજો જમાવીને એવા નિયમ લાદી દીધા હતા કે ખ્રિસ્તીઓને ડગલે ને પગલે પરાધીનતાનો અનુભવ થયો હતો. ખ્રિસ્તીઓ પર એમણે જજિયાવેરો ઠોકી બેસાડ્યો હતો. મુસલમાનો આ વેરામાંથી મુક્ત હતા. ગિરજાઘરોમાં ઘંટ વગાડવા પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. દારૂબંધી પરનો પ્રવેશ ઊઠાવી લેવામાં આવ્યો હતો. ખ્રિસ્તીઓએ આ નિયમનો વિરોધ કર્યો. મુસલમાનોએ જ્યારે એની સામે હથિયારો ઊઠાવ્યાં ત્યારે ખ્રિસ્તીઓએ બગાવત કરી, મુસલમાન સૂબેદારને કેદ પકડવામાં આવ્યો.

હબીબને આવ્યો બીજો દિવસ હતો પણ સમસ્યાનો ઉકેલ કોઈ રીતે આવતો ન હતો.

એને થતું હતું કે ખ્રિસ્તીઓ પર આવાં બંધનો લાદવાં વ્યર્થ હતાં. પ્રત્યેક ધર્મ પ્રત્યે સમભાવ રાખવો જોઈએ. પણ મુસલમાનો આ નિયમો ઊઠાવી લેવા કોઈ રીતે રાજી ન હતા. અને કદાચ એઓ માની જાય, પણ તૈમુર શી રીતે માનશે? પણ ગમે તે ભોગે હબીબે સત્ય નિભાવવાનો દૃઢ નિરધાર કર્યો.

બીજે દિવસે સવારે હબીબે ઢંઢેરો પીટાવ્યો કે – ''જજિયાવેરામાંથી ખ્રિસ્તીઓને માફી આપવામાં આવે છે, તથા મદિરા અને ગિનઘરોમાં ઘંટવગાડવા પર મૂકેલો પ્રતિબંધ ઊઠાવી લેવામાં આવે છે.''

મુસલમાનોમાં હાહાકાર મચી ગયો. અમીન તૈમુરે જે ઈસ્લામને એનું લોહી રેડી પાળ્યો પોષ્યો છે એ જ ઈસ્લામની જડ એનો મંત્રી હબીબ પાશા ઉખેડી રહ્યો છે! શાહી લશ્કર મુસલમાનો સાથે મળી ગયું. હબીબે ઈસ્તખરના કિલ્લામાં આશરો મેળવ્યો. મુસલમાનોની તાકાત વધી ગઈ. એમણે કિલ્લો ઘેરી લીધો. અને તૈમુરને આ સમાચાર આપવા કાસદ મોકલ્યો.

અડધી રાત વીતી ચૂકી હતી. બે દિવસથી તૈમુરને ઈસ્તખરના કોઈ સમાચાર મળ્યા ન હતા. મનમાં જાતજાતની શંકાઓ થતી હતી. હબીબને એકલો મોકલવા બદલ એને પસ્તાવો થતો હતો. એ બુદ્ધિશાળી અને રણની નીતિમાં નિપુણ હોવા છતાં એકલો શું કરી શકે! બગાવત્ જોર પકડે તો શું થાય! ત્યાંના ખ્રિસ્તીઓ ભારે ઉદ્ધત છે. એમને એવી પ્રતિતી થઈ જાય કે તૈમુરની તલવારને કાટ લાગી ગયો છે અને હવે એને મહેલોનું જીવન પસંદ છે તો એમની હિંમત બમણી થઈ જશે. હબીબને દુશ્મનો ઘેરી લેશે તો ગજબ થઈ જશે.

કેમ કે આટલો ના હિંમત થઈ ગયો છે! એનાં બળ અને શૌર્ય વિદાય લઈ બેઠાં છે કે શું? લોકોની નજરે તૈમુર હવે રણસંગ્રામનો સિંહ નથી રહ્યો, કાળનો કોળિયો બની ગયો છે! જેનું નામ માત્ર સાંભળતાં દુશ્મનોના ગાત્રો ગળી જતાં હતાં તે આજ આમ મહેલમાં ભરાઈ રહે! હબીબ તો ઈન્સાનની બૂરાઈયોથી અજાણ્યો એવો ખુદાનો ફરિશ્તો છે. ઈન્સાન કેટલો શૈતાન હોય છે એની એને શી ખબર!

ઓચિંતા એક ચોબદારે આવીને કાસિદના આવ્યાંની ખબર આપી. જમીનને ચૂમીને કાસિદ એખ તરફ ઊભો રહ્યો. તૈમુરની પ્રતિભાથી એ એવો તો અંજાઈ ગયો હતો કે જે કહેવાનું હતું તે ભૂલી ગયો.

તૈમુરે પૂછ્યું – ‘‘શા સમાચાર છે? ત્રણ દિવસે આવ્યો અને તેય આટલી મોડી રાત્રે?’’

‘‘ખુદાવંત! વજીર સાહેબે જજિયા માફ કરી દીધો.’’

‘‘શું વાત કરે છે? જજિયાવેરો માફ કરી દીધો?’’



‘‘હા, ખુદાવંત.’’

‘‘કોણે?’’

‘‘વજિર સાહેબે.’’

‘‘કોના હુકમથી?’’

‘‘એમના પોતાના હુકમથી.’’

‘‘હં...અ...અ...’’

‘‘અને શરાબને પણ મુક્તિ આપી દીધી.’’

‘‘હં...અ...અ...’’

‘‘ગિરજાઘરોમાં ઘંટવાગાડવાનું પણ એલાન ફરમાવ્યું.’’

‘‘હં...અ...અ...’’

‘‘અને ખુદાવંત! ખ્રિસ્તીઓ સાથે ભળી જઈ મુસલમાનો પર હુમલો કરી દીધો!’’

‘‘તેમાં હું શું કરી શકું?’’

‘‘હજૂર, આપ તો અમારા માલિક છો. આપ મદદ નહીં કરો તો ત્યાં એક પણ મુસલમાન જીવતો નહીં રહે.’’

‘‘હબીબ પાશા હાલ ક્યાં છે?’’

‘‘ઈસ્તખરના કિલ્લામાં, ખુદાવંત!’’

‘‘અને મુસલમાનો શું કરે છે?’’

‘‘અમે ખ્રિસ્તીઓને કિલ્લામાં ઘેલી લીધા છે.’’

‘‘અને તેમની સાથે હબીબને પણ?’’

‘‘હા. એ હજુરની સામે બાગી થઈ ગયા છે.’’

‘‘એટલા માટે મારા વફાદાર ઈસલામી સેવકોએ એને કેદ પકડી

રાખ્યો છે? શક્ય છે કે મારા ત્યાં જતા સુધી એની કત્લ પણ કરી દેવાય! કમજાત, દૂર રહે મારી નજર સામેથી. મુસલમાનો સમજે છે કે હબીબ મારો નોકર છે અને હું એનો માલિક છું. એ સરાસર જૂઠ છે. આ સલ્તનતનો માલિક હબીબ છે, અને તૈમુર તો એનો અદનો સેવક છે. એના નિર્ણયમાં તૈમુર ડખલગીરી શી રીતે કરી શકે? બેશક, જજિયાવેરો માફ થવો જ જોઈએ. બીજા ધર્મોના ઈમાનને દંડ દેવાનો મારો શો અધિકાર? મને એવો કોઈ અધિકાર નથી. મસ્જિદમાં જો અજાન થતી હોય તો ગિરજાઘરોમાં ઘંટારવ કેમ ના થાય? બીજાના હક્ક ઉપર તરાપ મારવી એ ઉદ્ધતાઈ છે. ગરીબોને સતાવનાર, દગાબાજ અને સ્વાર્થી કાફર કહેવાય છે. મારા અને પત્થરોના ટુકડાઓમાં ખુદાનું નૂર જોનાર, નદીઓ, પર્વતો અને વૃક્ષોમાં ખુદાની રોશની જોનાર કાફર નથી કહેવાતો. એ તો આપણાથી પણ વધારે ખુદાપરસ્ત છે. આપણે બધાં જ ખુદાના બંદા છીએ. તું જા, જલ્દી જા, અને મુસલમાનેને કહી દે કે તાત્કાલિક ઘેરો ઊઠાવી લેવામાં નહીં આવે તો તૈમુર કયામતની જેમ આવી પહોચશે.''

ત્રીજે દિવસે તૈમુર ઈસ્તખર પહોંચ્યો ત્યારે ઘેરો ઊઠાવી લેવામાં આવ્યો હતો. કિલ્લા પરની તોપો બાદશાહના સ્વાગત માટે ધણધણી ઊઠી. હબીબને લાગ્યું કે તૈમુર ખ્રિસ્તીઓને કચડી નાખવા આવ્યો હતો. હબીબ સામના માટે તૈયાર થઈ ગઈ. ખ્રિસ્તીઓનું રક્ષણ કરતાં જાન આપવો પડે તો તે આપવાની પણ તેની તૈયારી હતી. તલવારનો જવાબ તલવારથી આપવાનો હબીબે દૃઢ નિશ્ચય કર્યો.

પણ શાહી સેના સફેદ ધ્વજ બતાવતી હતી. તેનો અર્થ એ થયો કે તૈમુર સંધિ ઈચ્છતો હતો. ખ્રિસ્તી સરદારો સાથે હબીબ કિલ્લાની બહાર આવી ગઈ. એકલો તૈમુર ઘોડા પર બેસી આવતો હતો. હબીબે ઘોડા પરથી ઉતરીને આદાબ કર્યા. તૈમુરે ઘોડા પરથી ઉતરતાં જ હબીબને ચૂમી લીધી. કહ્યું —''મને બધી જ ખબર છે, હબીબ. તારા સિવાય જે કામ બીજો કોઈ ના કરી શકે એવું સુયોગ્ય કામ તેં કર્યું છે. જજિયાવેરો ઉઘરાવવાનો કે ખ્રિસ્તીઓના ધાર્મિક અધિકારો છીનવી લેવાનો મને કોઈ હક્ક નથી. આજે જ દરબારમાં સભા ભરી, મારા મનમાં કેટલાય દિવસોથી ઊમટી રહેલા



વિચાર બાબતે હું તજવીજ કરવા ઈચ્છું છું. તારે મારી એ તજવીજ મંજૂર રાખવી જ પડશે. મને આશા છે કે તું એનો ઈન્કાર નહીં જ કરે!''

હબીબના ચહેરાનો રંગ ઊડી ગયો. કદાચ પોતાનો ભેદ ખુલ્લો તો નહીં પડી ગયો હોય ને! એના મનમાં ઉથલપાથલ મચી ગઈ.

''તું મારી સાથે લડવા તૈયાર હતો?'' — તૈમુરે પૂછ્યું.

''હક્ક માટે કદાચ એમ કરવું પડ્યું હોત.''

''બેશક! બેશક! તારું દિલ ફરિશ્તાનું દિલ છે. છતાં એમાં સિંહ જેવી હિંમત પણ છે. પણ અફસોસ તો એ વાતનો છે કે તને એવું અભિમાન કેમ થઈ આવ્યું કે તૈમુર તારા ફેંસલાને બદલી નાખશે? ખરેખર તેં જ મને સાચું ભાન કરાવ્યું છે કે સલ્તનત એ કોઈ વ્યક્તિની સંપત્તિ નથી, પણ એ તો એક એવું વૃક્ષ છે કે જેનાં પ્રત્યેક ડાળી અને પાન એક સરખો જ ખોરાક મેળવે છે.''

બંન્ને કિલ્લામાં દાખલ થયા. સૂરજ ડૂબી ગયો હતો. જોતજોતામાં દરબાર ભરાયો. તૈમુરે ખ્રિસ્તીઓના અધિકરોનો માન સાથે સ્વીકાર કરી લીધો.

ચારે દિશાઓ ગુંજી ઉઠી — ''ખુદા બાદશાહ સલામતની ઉંમર દરાજ કરે.''

તૈમુરે એ સંદર્ભમાં જ કહ્યું — ''દોસ્તો, તમારી દુઆ માટે હું હકદાર નથી. મેં આપની પાસેથી જબરજસ્તીથી જે લૂંટી લીધું હતું તે જ મેં પાછું આપ્યું છે. હું તો તમારા સૌનો ધિક્કારપાત્ર છું કારણ કે મેં વગર કારણે તમારા અધિકારોને બાનમાં રાખ્યા હતા.''

''બાદશાહ ઘણું જીવો...ઘણું જીવો.'' ચારેબાજુથી ઘોષ થયો.

બાદશાહે કહ્યું — ''તમારા અધિકારોની સાથે સાથે તમને તમારી સલ્તનત પણ પાછી સોંપું છું. ખુદાની નજરોમાં બધા ઈન્સાન સમાન છે અને કોઈ એક કોમના અધિકારો ઉપર તરાપ મારવાનો બીજી કોમને કશો

હક્ક નથી. આજથી તમે જ તમારા બાદશાહ છો. મને વિશ્વાસ છે કે આપ પણ મુસ્લિમોને એમના હક્કો ભોગવતાં નહીં અટકાવી શકો. કદાચ એવો મોકો મળે કે કોઈ શક્તિશાળી કોમ તમારી આઝાદી આંચકી લેવા તૈયાર કરશે તો તૈમુર મદદ કરવા ખડે પગે તૈયાર રહેશે.''

કિલ્લામાં જલસો પૂરો થયો. ઉમરાવો અને હાકેમો રૂખસત આપવામાં આવી હતી. દીવાનેખાસમાં તૈમુર અને હબીબ બેજ જણ બેઠા હતા. હબીબના મોંઢાપર હાસ્ય તરવરતું હતું.

તૈમુરે કહ્યું – ''હબીબ! મેં આજ સુધી તારી બધી જ વાતો માની છે. પણ હવે તારે મારી એક વાત માનવી પડશે.''

''ફરમાવો.''

''પહેલાં વચન આપ કે તું એનો સ્વીકાર કરીશ.''

''હું તો આપનો ગુલામ છું.''

''નહીં, તું તો મારો માલિક છે. મારી જિંદગીની ચિરાગ છે. આજ સુધી સલ્તનતને જ હું મારી જિંદગીની સૌથી પ્યારી ચીજ સમજતો હતો. એને માટે મેં શું શું નથી કર્યું? મારા હાથ લોહીથી ખરડાયેલા છે. પણ હવે, મારું કામ પૂરું થયું છે. મારા પૂરેલા પાયા ઉપર હવે તારે મહેલ બનાવવાનો છે. મારી એ ખ્વાહેશ છે કે આજથી તું જ આ સ્લતનનો આમીન થઈ જાય.''

હબીબે આકાશમાં ઊડતી હોય તેમ કહ્યું – ''આટલો બધો બોજો મારા માથા પર? મારા ખભા એ ભાર ઊઠાવે એવા મજબૂત નથી.''

''નહીં, મારા પ્યારા દોસ્ત, મારી આટલી પ્રાર્થની તો તારે સ્વીકારવી જ પડશે.''

હબીબની આંખોમાં હાસ્ય હતું. હોઠો ઉપર શરમ હતી. ધીમેથી એણે કહ્યું – ''કબૂલ છે.''

''ખુદા તને સલામત રાખે.'' પ્રફુલ્લિત વદને તૈમુર બોલ્યો.



''પણ આપને કદાચ ખબર પડે કે હબીબ તો એક કાચી બુદ્ધિની કુંવારી છોકરી છે તો?''

''તો પણ એ મારી બાદશાહતની સાથે મારા દિલની રાણી બની જાય.''

''આપને કોઈ આશ્ચર્ય થતું નથી?''

''હું જાણતો જ હતો.''

''ક્યારથી?''

''જ્યારથી પહેલીવાર તેં તારી જાલિમ આંખોથી મને જોયો હતો ત્યારથી.''

''તો આપે એ વાત છુપાવી શા માટે?''

''તેં તો મને એ શીખવાડ્યું છે. મારા સિવાય કોઈને આ વાતની ખબર નથી અહીં.''

''આપે શી રીતે જાણી લીધું?'' – હબીબે પૂછ્યું.

''એ નહીં કહું.''

એ જ હબીબ તૈમુરની બેગમ 'હમીદા'ના નામે ઈતિહાસમાં જાણીતી છે.

## એક આહુતિ – કુરિવાજની વેદી પર...

અનાથ અને વિધવા માનીને માટે જીવનમાં રડવા સિવાય કોઇ સહારો ન હતો. પિતાના મૃત્યુ સમયે એની ઉંમર પાંચ વર્ષની હતી. વિધવા માએ એને મહામુશ્કેલીએ પાળી પોષીને ઊછેરી હતી. સોળ વર્ષની ઉંમરે પડોશીઓની મદદથી એનું લગ્ન થયું હતું. પણ એક જ વર્ષમાં એનો પતિ મૃત્યું પામ્યો. મા પણ એજ અરસામાં સ્વર્ગે સીધાવી હતી. આ દારુણ આપત્તિના સમયમાં કાકા વંશીધર સિવાય કોઇનો આશરો ન હતો. એ કાકાનો અગાઉનો વ્યવહાર જાણતી હતી છતાં સાથે રહીને બધું સહી લેવા તૈયાર થવા સિવાય બીજો કોઇ ઉપાય ન હતો. કાકાની ગાળો, છાંછિયાં, મારપીટ, વગેરે સહન કરવાં સારાં, પણ સમાજની શંકા, મહેણાંટોણાં, છેડતી વગેરે સહન કરવાં અઘરાં. વંશીધરને પણ એના કુળની આબરૂની ચિંતા થઇ. એટલે એણે માનીને આશરો આપ્યો.

પણ આ ઘરમાં માનીનો નિર્વાહ લાંબો સમય ચાલવો અશક્ય હતું. ઘરનું બધું કામ તન તોડીને કરવા છતાં કાકા કાકી એના પર બળતાં હતા. એના આવવાની સાથે જ કામવાળી છૂટી કરવામાં આવી હતી. માનીના સખત વૈતરાની કાકા કાકીને મન કોઇ કિંમત ન હતી. કાકા, કાકી, અને પિતરાઇ બહેન લલિતા સૌ એને ધમકાવતાં. એમના વ્યવહારમાં પ્રેમનો તો છાંટોય ના મળે! હા, એકમાત્ર કાકાનો દીકરો ગોકુળ માની પ્રત્યે આત્મીયતા દાખવતો. તેને તેની માના સ્વભાવની ખબર હતી. પણ એને કહેવું શી રીતે? એ માનીનો પક્ષ લઇ ફરિયાદ કરે તો મા માનીને ઘરમાંથી કાઢી મૂકે એમ હતું. એ માત્ર માનીને આશ્વાસન આપ્યા સિવાય કશું કરી શકતો નહીં. તે કહેતો – ‘‘બહેન, મને કામે લાગી જવા દે પછી જોઉં છું કે





કોણ તારી સામે વાંકી નજરે જુએ છે! હું ભણું છું ત્યાં સુધી તારે આવા દિવસો ભોગવ્યા સિવાય છૂટકો જ નથી.’’ માનીને ગોકુળની વાત સાંભળી આશ્વાસન મળતું. એમનો મન એને આશીર્વાદ આપતી.

આજે લલિતાનું લગ્ન છે. મહેમાનોની અવર જવર વહેલી સવારથી ચાલુ છે. ઘરમાંથી ઘરેણાંનો ઝંકાર સંભળાય છે. પણ માનીનાં કપડાંનું ઠેકાણું નથી. પછી એના શરીર પર ઘરેણાની તો વાત જ શી કરવી? છતાં એના મોંઢા પર પ્રસન્નતા છે.

અડધી રાત વીતી. લગ્નનું મૂહુર્ત નજીક આવ્યું. જાનીવાસેથી પહેરામણીની વસ્તુઓ આવી. સ્ત્રીઓ ઉત્સુકતાથી પહેરામણી જોવા લાગી. લલિતાને શણગાર થવા લાગ્યો. માનીને કન્યા જોવાની ઇચ્છા થઇ. તે હસતી હસતી લલિતાના ઓરડામાં ગઇ. ત્યાં તેની કાકીએ ધમકાવતાં કહ્યું – ‘‘કેમ આવી અહીં? જા ચાલી જા અહીંથી.’’

અનેક વાગ્બાણો સહન કરનાર માની આજે કોણ જાણે કેમ કાકીનું આ શબ્દબાણ સહન કરી શકી નહીં. એ કાકીને ધિક્કારવા લાગી. એ ખિસિયાણી પડી ગઇ. અને ઓરડામાંથી બહાર આવી એકાન્તમાં રડવા માટે મેડે ચઢવા લાગી. દાદર પર એને ઇન્દ્રનાથ મળી ગયો. ઇન્દ્રનાથ ગોકુળનો મિત્ર અને સહાધ્યાયી હતો. એ પણ લગ્નમાં આવેલો. ગોકુળને શોધવા એ ઉપર જઇ રહ્યો હતો. માનીને એ અગાઉ એક બે વાર જોઇ ચૂકેલો હતો. અને એ એનાં દુઃખોને પણ જાણતો હતો. માનીને ઉપર જતી જોઇ એના મનોભાવ એ કળી ગયો. એને આશ્વાસન આપવા તે ઉપર ગયો. પણ બારણું અંદરથી બંધ હતું. બારણાની તરડમાંથી એણે અંદર જોયું. માની ઊભી ઊભી રડી રહી હતી.

એણે ધીમેથી કહ્યું – ‘‘બારણું ઉઘાડ, માની.’’

માની એનો અવાજ સાંભળી ખૂણામાં ભરાઇ ગઇ. ગંભીર અવાજે એણે પૂછ્યું – ‘‘શું કામ છે?’’

ઇન્દ્રનાથે ગદ્ગદિત સ્વરે કહ્યું – ‘‘માની,માની, હું તને હાથ જોડું છું. બારણું ઉઘાડ.’’

પ્રેમવિહ્વળ વિવેક માની માટે અભિતપૂર્વ હતો. આવો પ્રેમપૂર્ણ વ્યવહારની તો એણે કલ્પનાય કરી ન હતી. માનીએ બારણું ઉઘાડ્યું. ઈન્દ્રનાથ અંદર આવ્યો. જોયું તો છત ઉપરના પંખા સાથે બાંધેલી એક દોરડી લટકતી હતી. એનું હૃદય ધડકી ઉઠ્યું. એણે ગજવામાંથી ચપ્પુ કાઢી દોરડી કાપી નાખી. કહ્યું – ''શું કરતી હતી માની? આ દુષ્કૃત્યની શી સજા થાય તેની તને ખબર છે?''

માનીએ કહ્યું – ''આથી વધુ મોટી સજા કઇ હોય? જેનું મોં લોકોની નજરે અપશુકનિયાળ જણાય એવી મારા જેવીને મરવા માટે પણ જો સખત શિક્ષા આપવામાં આવે તો, હું કહીશ કે ઈશ્વરના દરબારમાં ન્યાયનું નામનિશાન નથી.''

ઈન્દ્રનાથની આંખો સજળ બની માનીની વાતમાં કેટલું કઠોર સત્ય હું. તેણે કહ્યું – ''આવા દિવસો સદાને માટે નથી ટકતા માની. સંસારમાં તારું કોઈ જ નથી એવું તને લાગતું હોય તો એ તારો ભ્રમ છે. દુનિયામાં એક તો એવો માણસ હશે કે જે તારા જીવને એના જીવથી વધારે વહાલો માનતો હશે!''

એટલામાં ગોકુળ આવતો દેખાયો. માની ઓરડામાંથી નીકળી ગઈ. ઈન્દ્રનાથના શબ્દોએ એના અંતરમાં આંધી જગાડી. આમ કહેવાનો એનો આશય એ સમજી શકી નહીં. તેમ છતાં એને એનું જીવન સાર્થક જણાયું. એના અંધકારમય જીવનમાં પ્રકાશનો પુંજ રેલાયો.

માનીને બહાર જતાં જોઈ ગોકુળ ઊભો રહી ગયો. એનો ચહેરો કરડો થયો. ઈન્દ્રનાથને ઓરડામાં બેઠેલો જોઈ કઠોરતાથી પૂછ્યું – ''તું ક્યારે અહીં આવ્યો?''

''તને શોધવા આવ્યો હતો અહીં. તું અહીં ના મળ્યો હોત તો નીચે જ આવવાનો હતો. જો ચાલ્યો ગયો હોત તો આ ઓરડો અત્યારે બંધ હોત અને તને એમાં એક લાશ આ પંખા પર લટકતી દેખાતી હોત.''

ગોકુળને લાગ્યું કે એ પોતાનો ગુનો ઢાંકવા આવી બેબુનિયાદ વાત કહે છે. તેથી તેણે આવેશમાં આવી કહ્યું – ''તું વિશ્વાસઘાત કરશે એવું મેં કલ્પ્યું ન હતું. ઈન્દ્રનાથ.''



ઈન્દ્રનાથનો ચહેરો લાલ થઈ ગયો. તેણે આંખો રાતી કરતાં કહ્યું – ''મારા પર આવું આળ ગોકુળ!? મને આટલો નીચ માનશે એવું તો સ્વપ્નેય ધાર્યું ન હતું. માની તારે માટે તિરસ્કારપાત્ર ભલે હોય, મારે માટે તો એ શ્રદ્ધાની વસ્તુ છે. મારે તારી આગળ મારો કોઈ બચાવ નથી કરવો. પણ તું માને છે એના કરતાં અનેકઘણી પવિત્ર છે માની મારે મન. મારે તને આ વાત અત્યારે કહેવી ન હતી. પણ પરિસ્થિતિવશ કહેવા માટે મજબૂર થવું પડ્યું. તમારા લોકોનો માની પ્રત્યેનો તિરસ્કાર જોયો. આજે મેં બિચારી પહેરામણીની વસ્તુઓ જોવા લલિતાના ઓરડામાં ગઈ તો તારી માએ એને ધમકાવી નાંખી. એક અનાથ સ્ત્રી ઉપર અત્યાચાર થતો હોય એ ઘરનું પાણી પણ મારે માટે હરામ છે. આજે તારે ઘેર પ્રસંગ છે એટલે હું તારી માને મળીને કહી શકતો નથી. પણ તને કહેતો જાઉં છું કે માનીને હું મારી જીવનસહચરી બનાવીને મારી જાતને સાર્થક કરી દઈશ. તમારી ચિંતા ઓછી કરવા આજે જતાં જતાં આટલું કહેતો જાઉં છું.''

ઈન્દ્રનાથ ઉપર શંકા કરવા ગોકુળ સંકોચ અનુભવવા લાગ્યો. એણે એમ પણ વિચાર્યું કે માની બીકથી જ એ માનીનો પક્ષ લઈ શક્યો ન હતો. આ એની કાયરતા જ હતી. એણે કહ્યું – ''આ બાબતે જો મા માનીને ઠપકો આપશે તો તેની મૂર્ખામી ગણાશે. તક મળતાં જ હું માને આ વાત કરીશ.''

ઈન્દ્રનાથે કહ્યું – ''હવે પૂછવા કરવાનો સમય હાથથી છટકી ગયો છે. આ બાબતાં માનીનો અભિપ્રાય મેળવી મને જણાવજે. એક ક્ષણ પણ એ આ ઘરમાં રહે તેમ હું નથી ઈચ્છતો. એના સ્વભાવ પર હું મુગ્ધ છું. એવી સ્ત્રી કોઈકાળે અત્યાચાર સહન કરી શકે નહીં.''

બીતાં બીતાં ગોકુળે કહ્યું – ''પણ એ વિધવા છે એ વાતની ખબર છે તને?''

''જાણું છું. અને એટલે જ તારા પિતાને હું આ વાત કહી શકતો નથી. પણ તેથી મારો નિશ્ચય ડગવાનો નથી. એ ગમે તેવી હોય તોય મારે મનતો એ સ્ત્રી રત્ન છે. કોઈ સ્ત્રીનું વિધવા હોવું એ મારી દ્રષ્ટિએ દોષ નથી પણ ગુણ છે.''

ગોકુળે પ્રસન્નતાથી કહ્યું – ''મારાં ઘરવાળાં આ બાબતે કોઈ વાંધો નહીં લે. અને કદાચ વાંધો લેશે તોય મારા ભાગ્યનું ઘડતર હું મારી જાતે જ કરવા ઈચ્છું છું. હું જ મારા ભાગ્યનો ખરે ખરો ઘડવૈયો છું.''

''પણ માની નહીં માને તો?''

''તારી વાત નાના છોકરા જેવી છે, ગોકુળ! માની એમ સહેલાઈથી મારી વાત નહીં માને. આપણે એને મનાવવી પડશે. એના મનમાં સંચિત થયેલા સંસ્કારોને બહાર કાઢવા પડશે. હું વિધવાઓના પુનર્લગ્નનું સમર્થન કરતો નથી. હું માનું છું કે પતિવ્રતાનો આ અલૌકિક આદર્શ સંસારનું અણમોલ રત્ન છે. અને આપણે સમજી વિચારીને તેના પર વાર કરવો જોઈએ, પણ માનીની બાબતમાં આ પ્રશ્ન જ ઊભો થતો નથી. પ્રેમ અને ભક્તિનો સંબંધ વ્યક્તિ સાથે છે. જે માણસનું મોં પણ એણે જોયું નથી તેના પર વળી પ્રેમ કેવો? એ તો માત્ર પરંપરા જ ગણાય. એવા દંભ અને પ્રદર્શનની આપણે પરવા કરવી જોઈએ નહીં. હું જાઉં છું પણ બે ત્રણ દિવસમાં પાછો આવીશ. પણ જો જે હોં, તું વાત ભૂલી જાય નહીં.''

ગોકુળે એને ગળે હાથે મૂકી કહ્યું – ''પરમ દિવસે હું જ તારી પાસે આવીશ.''

જાન વિદાય થઈ ગઈ. રાતના નવ વાગ્યા હતા. બધાં ગાઢ નિદ્રામાં હતાં. માત્ર માની ઘરની દેખભાળ કરી રહી હતી. ગોકુળ ઉપર એની રૂમમાં છાપું વાંચતો હતો.

ગોકુળે બૂમ પાડી – ''માની, પાણી લાવ તો જરા.''

માની ઉપર જઈ પાણી આપી પાછી ફરતી હતી. ત્યાં જ ગોકુળે કહ્યું – ''ઊભી રહે માની. મારે તને એક વાત કહેવી છે.''

''હમણાં નવરાશ નથી. બધાં ઊંઘે છે. ક્યાક કોઈ ઘરમાં પેસી જાય તો?''

''ભલે ઘૂસી જાય. પણ જો મારે આજે ઈન્દ્રનાથ ને મળવાનું છે. જો શરમાઈશ નહીં. જે પૂછું તેનો ઝટપટ જવાબ આપજે. ઈન્દ્રનાથને તારા પર પ્રેમ છે એ તું જાણે છે?''





''આ વાત કહેવા બોલાવી હતી મને. કશી જ ખબર નથી.''

''જવા દે આ વાત. તું જાણે અને એ જાણે. પણ એ તારી સાથે લગ્ન કરવા ઈચ્છે છે. વૈદિક વિધિ પ્રમાણે લગ્ન થશે. તને છે મંજૂર?''

માની શરમની મારી નીચે જોઈ ગઈ. કશો જવાબ આપી શકી નહીં.

ગોકુળે ફરી કહ્યું – ''મા અને પિતાને આ વાત કેમ નથી કરી એ તો તું જાણે છે. એ તને ખરું ખોટું સંભળાવીને બાળી નાખે તોય લગ્નની મંજૂરી ના આપે. એમ કરે તો એમનું નાક કપાઈ જાય! માટે નિર્ણય હવે તારા હાથમાં છે. મારું તો માનવું છે કે તારે માની જવું જોઈએ. ઈન્દ્રનાથ તને ચાહે છે. એ પણ નિષ્કલંક ચારિત્ર્યવાળો દિલેર માણસ છે. એને બીક તો જરાય નથી. તને સુખી જોવી એ જ એની એક માત્ર મહત્ત્વાકાંક્ષા છે.''

માની કશું બોલી શકી નહીં.

ગોકુળે આવેશમાં આવી પૂછ્યું – ''માની, આ ચૂપ રહેવાની વેળા નથી. શું વિચારે છે?''

માનીએ કાંપતા અવાજે કહ્યું – ''હા.''

ગોકુળનું હૈયું ફૂલ જેવું બની ગયું. માની શરમની મારી ત્યાંથી ખસી ગઈ.

સાંજે ગોકુળે માને કહ્યું – ''ઈન્દ્રનાથને ઘેર આજે કોઈક ઉત્સવ છે. એની મા એકલી છે. મેં કામ કરાવવા માનીને મોકલવા કહ્યું છે. તું કહેતી હોય તો માનીને ત્યાં મૂકી આવું. કાલે પરમ દિવસે આવશે પાછી.''

''મારે શું! આવે તો લઈ જા.''

એટલામાં માની ત્યાં આવી. ગોકુળે માનીને કહ્યું – ''તૈયાર થઈ જા, માની. ઈન્દ્રનાથને ઘેર જવાનું છે.''

''મારી તબીયત ઠીક નથી. હું નહીં જાઉં.'' – માનીએ કહ્યું.

ગોકુળની માએ કહ્યું – ''કેમ નહીં જાય? ત્યાં કઈં પહાડ તોડવાના છે?''

ઘોડા ગાડી દૂર નીકળી ગયા પછી એણે ગોકુળને કહ્યું – ''ભાઇ, મારો જીવ કોણ જાણે કેમ ગભરાય છે! ઘેર પાછા ચાલો. હું તમારે પગે પડું છું.''

''પાગલ છે તું માની. ત્યાં બધાં તારી રાહ જુએ છે ને તું પાછી જવા કહે છે?''

''મારું મન કહે છે કે કોઇ અનિષ્ટ થવાનું છે.''

''અને મારું કહે છે કે તું રાણી થવા જઇ રહી છે.''

''પાંચ દસ દિવસ થોભી જાઓ તો? કહેજો કે માની માંદી છે.''

''ગાંડા જેવી વાતો ના કરીશ.''

''લોકો શું કહેશે? કેટલા હસશે?''

''સારા કામમાં કોઇની ટીકાની દરકાર કરવી જોઇએ નહીં.''

''મા જાણશે તો તને ઘરમાંય નહીં પેસવા દે. મારે લીધે તારે ખાવી પડશે ગાળો.'' – માનીએ કહ્યું.

''એની ફિકર તું શું કરવા કરે છે? એ તો એને ટેવ પડી છે.''

ઘોડાગાડી ઈન્દ્રનાથને ઘેર પહોંચી ગઇ. ઈન્દ્રનાથની મા વિચારશીલ સ્ત્રી હતી. એણે આવી વહુનો હાથ ઝાલી ઘોડાગાડીમાંથી ઉતારી અને એને ઘરમાં લઇ ગઇ.

ગોકુળ ઘેર પાછો ફર્યો ત્યારે અગિયાર વાગી ગયા હતા. ત્યાં એક બાજુ આનંદ હતો તો બીજી બાજુ ભય હતો. કાલે માની ઘેર નહીં આવે તો? લોકોને શો જવાબ આપવો? એણે જઇને હકીકત સાફ સાફ જણાવી દેવાનો નિશ્ચય કર્યો. હવે વાત છુપાવવી વ્યર્થ છે. આજે નહીં તો કાલે સાચી વાત તો કહેવી જ પડશે ને? ને જો એમ જ હોય તો આજે જ શા માટેના કહેવું?''

આ વિચાર સાથે એણે ઘરનું બારણું ઉઘાડ્યું.

એને જોઇને માએ કહ્યું – ''આટલી વાર સુધી શું કરતો હતો ઈન્દ્રનાથને ત્યાં? અને માનીને કેમ સાથે ના લઇ આવ્યો? કાલે સવારે ઝાડુ





વાસણ કોણ કરશે?''

''કદાચ હવે એ અહીં નહીં આવે, મા. એની ત્યાં જ રહેવાની વ્યવસ્થા થઇ ગઇ છે.''

આખો ફાડી એણે કહ્યું – ''શું બકે છે? એ ત્યાં કઈ રીતે રહી શકે?''

''મા ઈન્દ્રનાથે તેની સાથે લગ્ન કરી લીધાં છે.''

જાણે આભી તૂટી પડ્યું માથે. એણે ગોકુળને ઘણી બધી ગાળો ભાંડી દીધી. ભડવા, કુલાંગાર, હારમખોર અને બીજી કેટકેટલીય...આ સાંભળીને ગોકુળ છંછેડાઇ ગયો. તેણે કહ્યું – ''બસ કર મા. હવે બહુ થયું. મેં કોઇ ખોટું કામ કર્યું હોત તો તારા હાથનાં ખાસડાંનો માર પણ ખમી ખાત. પણ મેં જે કર્યું છે તે સારું જ કર્યું છે. મારું કર્તવ્ય મેં પૂરેપૂરું નિભાવ્યું છે. તું જ મૂર્ખ છે. સમયની ચાલની તને કશી ખબર નથી એટલે જ હું તારી ગાળો સાંભળતો રહ્યો છું. તેં અને મારા પિતાએ માનીના જીવનને નરક બનાવી દીધું હતું. તેં એની સાથે પશુથીયે બદતર વ્યવહાર કર્યો હતો. હવે એ તારી ગાળો ખાવા અહીં નહીં આવે. હવે એ અનાથ નથી. નિરાધાર નથી. તારાં કઠોર વચનોને લઇને જ એ લલિતાના લગ્ન ને દિવસે આત્મહત્યા કરવા પ્રેરાઇ હતી. એ વખતે જો ઈન્દ્રનાથ મેડા ઉપર ના ગયો હોત તો આજે આપણે બધાં જેલની હવા ખાતા હોત!''

આંખો પટપટાવતાં માએ કહ્યું – ''આહો, કેટલો ડાહ્યો છે તું કે આખા ઘરને સંકટમાંથી ઊગારી લીધું તેં! આજે એની વારી છે. તો કાલે કોણ જાણે તું મનેય કોઇકને ગળે વળગાડી આવે! એથી તો માલામાલ થઇ જવાશે. સારો ધંધો છે આ! હવે ભણીગણીને શું કામ છે?''

માના મર્મવચનો ગોકુળને વીંધી નાખતાં હતા. દુઃખી સ્વરે એણે કહ્યું – ''તારા જેવી માની કુખે જન્મ લેતાં તો ભગવાન બચાવે. તારું તો મોંઢું જોવું પણ પાપ છે.''

આમ કહીને એ ઘેરથી ચાલ્યો ગયો, જાણે ઘર એને ખાવા ધાતું હતું.

એક અઠવાડિયું થઇ ગયું. ગોકુળનો ક્યાંય પત્તો લાગતો નથી. ઈન્દ્રનાથને તો મુંબઈમાં નોકરી મળી ગઇ હતી. ઘરની વ્યવસ્થા કરી માને તાર કરવા તથા માની અને માને તેડાવી લેવા વિચાર્યું. વંશીધરને શંકા હતી કે ગોકુળ ઈન્દ્રનાથને ઘેર ચાલ્યો ગયો હતો. પણ ત્યાં તપાસ કરતાં એની ભાળ મળી નહીં. આખું શહેર ખુંદી વળ્યાં. ક્યાંયથી ગોકુળનો વાવડ મળતા નથી. બધા પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા. વંશીધર હવે પત્ની ઉપર ગુસ્સો ઠાલવતો – ''છોકરાને આદુભાત ખાઇ ધમકાવો! પછી બેસી રો' લમણે હાથ દઈ! તારી બુદ્ધિ બહેર મારી ગઇ છે. ચુડેલ હતી. ગઇ તો ભલે ગઇ. બલા ટળી. એ ન હતી ત્યારે ભુખે મરતાં'તાં બધાં? અને હવે બધેય વિધવા વિવાહ થાય છે. કંઇ નવાઇ થોડી છે. તારે ગોકુળને કશું કહેતા પહેલા મને વાત તો કરવી હતી. હું કંઇ ઓફિસમાં જ મરી જવાનો ન હતો! બસ, જાણ્યા કર્યા વગર તૂટી પડી એ છોકરા ઉપર! રડો, હવે. મન મેલીને રડો.''

સંધ્યા ઢળી હતી. વંશીધર ઉદ્વિગ્ન મને ઘરની બહાર આંટા મારતો હતો. રહી રહીને માની ઉપર એને ગુસ્સો આવતો હતો. ત્યાં જ એક વૃદ્ધાએ આવી એના હાથમાં પત્ર મૂક્યો. કહ્યું – ''બાબુજી! લ્યો આ કાગળ.''

''ક્યાંથી લાવ્યાં છો?'' તેણે પૂછ્યું.

''પેલા હુસેનગંજમાં રહે છે ને? નઈ, પેલા મુંબઇ નોકરી કરે છે? એમની વહુએ મોકલાવ્યો છે.''

વંશીધરે કાગળ લઇ લીધો. ઓરડામાં જઇ બત્તી સળગાવી પત્ર વાંચવા માંડ્યો. એમાં લખ્યું હતું –

''પૂજ્ય કાકા તથા કાકી! અભાગણી માનીના પ્રણામ...

ગોકુળનો પત્તો નથી એ જાણી મને દુઃખ થયું છે. એને માટે કારણભૂત હું છું. મારા પર જે કલંક લાગવાનું હતું તે લાગી ગયું. મારે લીધે આપને દુઃખ થયું તેનો મને શોક છે. પણ મને વિશ્વાસ છે કે ભાઈ જરૂર પાછા આવશે. હું નવની ગાડીમાં મુંબઇ જાઉં છું. મારા અપરાધ બદલ ક્ષમા કરશો. કાકીને મારા ફરી પ્રણામ કહેજો. મારી ભગવાનને પ્રાર્થના છે કે ભાઇ જલ્દીથી ઘેર પાછા આવે. ઈશ્વરની ઈચ્છા હશે તો ભાઈના લગ્નમાં



આવીશ ત્યારે આપના ચરણોનાં દર્શન કરીશ.''

વંશીધરે પત્રના ટુકડે ટુકડા કરી નાખ્યા. જોયું તો ઘડિયાળમાં આઠ વાગ્યા હતા. કપડાં પહેરી તેણે એક્કો પકડી લીધો અને સ્ટેશન તરફ ચાલ્યો.

મુંબઇ મેલ પ્લેટફોર્મ પર ઊભો હતો. મુસાફરો દોડાદોડી કરતા હતા. ગાડી ઉપડવામાં થોડી વાર હતી. માની અને તેની સાસુ સ્ત્રીઓના ડબ્બામાં બેઠાં હતા. માની રડતી આંખે સામે તાકી રહી હતી. ભૂતકાળ દુઃખદ હોય તો પણ એનાં સંસ્મરણો મીઠાં હોય છે. એ વિચારતી હતી કે હવે ગોકુળને ક્યારે મળાશે! કાકા આવી જાય તો એમનાં પણ દર્શન થઇ જાય. પણ એ નહીં આવે! હવે તો ગાડી પણ ઉપડશે. શી રીતે આવે? સમાજમાં હાહકાર ના મચી જાય? જેવી ઈશ્વરની ઈચ્છા!

ત્યાં એણે કાકાને આવતા જોયા. તે ગાડીમાંથી ઉતરીને તેમની સામે દોડી. તે પ્રણામ કરવા જતી હતી. ત્યાં જ વંશીધરે પાછા હઠતાં કહ્યું – ''મને અડીશ નહીં. અભાગણી આઘી રહે. મોં કાળુ કર્યા પછી પત્ર લખે છે મને? તું મરી કેમ ના ગઇ આના કરતાં તો! તેં મારી આબરૂ પર પાણી ફેરવી દીધું. ગોકુળનો ક્યાંય પત્તો નથી. તું જ એનું કારણ છે. ગંગામાં કેમ ડૂબી ના મરી તું? મને પહેલેથી જ ખબર હોત તો તું કુલટા છે તો તારું ગળું જ દબાવી નાખ્યું હોત!''

પ્લેટફોર્મ અસંખ્ય માણસોની ભીડ હોવા છતાં વંશીધર નિર્લજ્જતાથી માનીને ભાંડતો હતો. કોઈને કશી સમજ પડતી ન હતી છતાં સૌ વંશીધરને ધિક્કારતાં હતાં.

માની સ્થિર ઊભી હતી. એનું સ્વમાન ટુકડે ટુકડા થઇ ગયું હતું. એને ધરતીમાં સમાઇ જવાનું મન થઇ આવ્યું. સેંકડો માણસો વચ્ચે એનો માનભંગ થયો હતો. એની આંખોમાંથી એક આંસુ પણ નીકળ્યું નહીં. આંસુની જગાએ તો દાવાનળ ધધકવા લાગ્યો.

ત્યાં સાસુએ બૂમ પાડી – ''વહુ, અંદર, આવી જા.''

ગાડી ચાલી. માએ કહ્યું – ''આવો બે શરમ માણસ ક્યારેય

જોવામાં આવ્યો નથી. એનો ટોટો પીસી નાખવાનું મને મન થતું હતું.''

માની નીચું માથું કરી બેઠી હતી.

માએ ફરી કહ્યું – ''શી ખબર આ ગમાર લોકોને ક્યારે બુદ્ધિ આવશે? મરવાની તો ઉંમર થઇ ગઇ છે. તારો છોકરો નાસી ગયો એમાં અમારો શો દોષ! આવાં પાપ ના કર્યાં હોત તો જોવા પડત આવા દિવસો!''

માની ચૂપ જ રહી. એને કદાચ એની હયાતીનુંયે ભાન ન હતું. એ અનિમેષ નજરે બારી બહાર જોતી હતી.

કાનપુર આવ્યું. માએ કહ્યું – ''ખાવું છે કશું, વહુ? થોડી મિઠાઇ ખાઇ લે.''

''ભૂખ નથી મા. પછી ખાઇશ.''

એની સાસુ સૂઇ ગઇ. માની પણ આડી પડી. પણ એનો આંખો સામે કાકાનો ચહેરો તરવરવા લાગ્યો. કાકાનાં વાગ્બાણો એનું કલેજું ચીરતાં હતા.

અંધારામાં ગાડી આગળ વધતી હતી. માની એ ઘરેણાં ઉતારીને પેટીમાં મૂકી દીધાં. ઈન્દ્રનાથનો ફોટો કાઢી એને ક્યાંય સુધી જોતી રહી. પછી ફોટો પાછો મૂકી બોલી – ''ના, ના, હું તમારા જીવનને કલંકિત નહીં થવા દઉં. તમે તો દેવ છો. તમે મારા પર દયા કરી છે. હું તો મારાં પૂર્વ જન્મનાં કર્મો ભોગવી રહી હતી. તમને મારા પર પ્રેમ ભલે હોય પણ હું તમને કલંકિત નહીં થવા દઉં. હું તમારા જીવનમાં ભારરૂપ બનવા નથી ઇચ્છતી.''

સાસુ સૂઇ રહી હતી. માનીએ આંખો બંધ કરી લીધી. એને અંધકારમાં એની માના ચહેરાનું સ્મરણ થઇ આવ્યું.

દરવાજો ઉઘડવાના અવાજથી સાસુ જાગી ગઇ. ગાડી ઝડપથી દોડ્યે જતી હતી. પણ વહુનો કોઇ પત્તો ન હતો. એણે વારંવાર બૂમો પાડી. – ''વહુ...વહુ...! પણ કોઇ જવાબ ના મળ્યો.



એ ગભરાઇ ગઇ! બધે જ એ જોઇ વળી. વહુ ક્યાંય ના દેખાઇ. છેવટે એ બારણા પાસે આવી ઊભી રહી ગઇ. વહુ ક્યાં ગઇ? કોણે ઉઘાડ્યું હશે આ બારણું? કોઇ ગાડીમાં આવ્યું તો નહીં હોય? એ રડવા લાગી. પૂછવું હોય તો કોને પૂછવું? કોણ જાણે ગાડી હવે ક્યારે ઊભી રહેશે? મેં પુરુષોના ડબ્બામાં બેસવા કહ્યું હતું, પણ વહુ માની જ નહીં ને!''

એને ભાન થતાં જોરથી સાંકળ ખેંચી. ગાડી ઊભી રહી. ગાર્ડ આવ્યો. આજુબાજુથી થોડાક માણસો પણ આવ્યા. લોકોએ આખ્ખો ડબ્બો જોયો. સામાન જોયો. બધું જ બરાબર હતું. કોઇ બહારથી અંદર આવ્યું હોય તો ચાલતી ગાડીએ જાય ક્યાં? બધાએ માન્યું કે વહુ પડી ગઇ હશે. ગાર્ડ સારો માણસ હતો. એણે નીચે ઊતરી એક માઇલ સુધી તપાસ કરી. માનીનો કોઇ પત્તો ના લાગ્યો. રાત્રે બીજું થઇ પણ શું શકે? છેવટે માજીને આગળના સ્ટેશને ઉતરી જવાનું જણાવવામાં આવ્યું જેથી વહુની ભાળ કાઢી શકાય.

માનીની સાસુ એક જ વાત કહેતી હતી – ''કોઇ મારી વહુને શોધી કેમ નથી લાવતું? હજુ તો એની ચુંદડી પણ મેલી થઇ નથી. બિચારી એ તો અરમાનોને લઇને પતિની પાસે જતી હતી! કોઇ એ નરાધમ વંશીધરને જઇને કહો કે તું ઇચ્છતો હતો એ કામ પૂરું થઇ ગયું છે!''

વૃદ્ધા રડતી હતી. ગાડી આગળ વધતી હતી.

રવિવારનો દિવસ હતો. સંધ્યાકાળે બે ત્રણ મિત્રોની સાથે ઈન્દ્રનાથ છજામાં બેઠો હતો. મોંહે મોંહે ઠઠ્ઠામશ્કરી ચાલતી હતી. માનીના આગમનની વાતો થતી હતી.

એક મિત્રએ કહ્યું – ''ઈન્દ્રનાથ, લગ્ન વગરનું જીવન નરક જેવું છે. તું હવે પરણીશ કે આમ જ બેસી રહીશ?''

હસીને ઈન્દ્રનાથે કહ્યું – ''એ તો તકદીરના ખેલ છે. લગ્નજીવન નરક છે, તો બીજી બાજુ સ્વર્ગ પણ છે.''

''પછી આટલી આઝાદી નહીં રહે.''

''અરે આનો સોમો ભાગ પણ નહીં. ભાઇ! લગ્ન કરવામાં સુખ

નથી. પછી સમયની પાબંદીમાં ચાલવું પડશે. પછી દર મહિને સૂટ સીવડાવવો છે તો વર્ષેય ઠેકાણું નહીં પડે.''

''શ્રીમતીજી આજ રાતની ગાડીમાં આવે છે?''

''એટલે શું?....''

''હા, લગ્ન કરી લીધાં, ઈન્દ્રનાથે.''

''અને આપણને જણાવ્યુંય નહીં?''

''ભાઈ, જણાવાનો વખત ન હતો. આજે રાતના મેલમાં શ્રીમતીજી આવે છે. મારી સાથે એને લેવા તો તમે આવશો ને?''

''એમાં પૂછવાનું હોય? પણ કાલે પાર્ટી આપવી પડશે.''

એવામાં ઈન્દ્રનાથના હાથમાં નોકરે તાર મૂક્યો. ઈન્દ્રનાથે તાર વાંચ્યો. એના શ્વાસ પછી અટકી ગયા જાણે! આંખોનું તેજ વિલીન થઈ ગયું જાણે! એ તાર નાખી દઈ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. મિત્રોએ તારનો કાગળ લઈ વાંચવા માંડ્યું. વાંચ્યા પછી તેઓ પણ હતપ્રભ થઈ ગયા. શું વિચારતા હતા'ને શું થઈ ગયું?

તારમાં લખ્યું હતું – ''માની ગાડીમાંથી કૂદી પડી. એની લાશ લાલપુરથી ત્રણ માઈલ દૂરથી મળી આવી છે. હું લાલપુર છું. તું આવી જા.''

એક મિત્રએ કહ્યું – ''કોઈ દુશ્મને ખોટો તાર તો નથી કર્યો ને?''

''હા, કોઈકવાર એવું બને પણ ખરું!''

ઈન્દ્રનાથ કશું બોલ્યો નહીં.

બધા થોડીવાર અવાક્ બેસી રહ્યા. એકદમ ઈન્દ્રનાથે કહ્યું – ''હું આ જ ગાડીમાં જઈશ.''

એક અઠવાડિયું વીતી ચૂક્યું. લાલા વંશીધર એની ઓફિસેથી આવી બેઠો હતો. ત્યાં ઈન્દ્રનાથ આવી પહોંચ્યો. વંશીધરને એણે પ્રણામ કર્યાં. વંશીધર તો તેને જોઈ ચકિત થઈ ગયો. એ સાચુ હશે કે સ્વપ્ન! પૂછ્યું –



''તું તો મુંબઈ ગયો હતો ને?''

''હા, કાલે જ આવ્યો છું.''

''અને ગોકુળ?''

''એ મારે ઘેર છે.''

વંશીધર આ સાંભળતાં જ ખુશ થઈ ગયો. કહ્યું – ''તો પછી એ અહીં કેમ ના આવ્યો? એ તને ક્યાં મળ્યો હતો?''

''કાલે સ્ટેશન ઉપર મળેલો મને.''

''સારું થયુ. જા, જઈને બોલાવી લાવ એને.'' કહેતાં એ ઘેર દોડ્યો. જઈને પત્નીને ખબર આપી. તરત જ એને ગોકુળની માએ ઘરમાં બોલાવ્યો.

''તું માંદો હતો ભાઈ? ચહેરો કેમ આટલો બધો ઉદાસ દેખાય છે?''

ઈન્દ્રનાથે કોઈ જવાબ ના આપ્યો.

ગોકુળની માએ પાણીનો લોટો આપતાં કહ્યું – ''હાથ મોં ધોઈ નાખ ભાઈ. ગોકુળ છે તો સારો ને? ક્યાં રહ્યો હતો આટલા દિવસ એ? મેં તો લાખો બાધાઓ રાખી છે. એ અહીં કેમ ના આવ્યો?''

હાથ મોં ધોતાં ઈન્દ્રનાથે કહ્યું – ''મેં તો કહ્યું હતું, પણ બીકનો માર્યો એ આવતો નથી.''

''ક્યાં હતો આટલા દહાડા એ?''

''ગામડાંમાં ફરતો હતો.''

''તો શું મુંબઈથી તું એકલો આવ્યો છે?''

''ના, મા પણ.''

''માની તો સારી છે ને?'' સંકોચ સાથે ગોકુળની માએ પૂછ્યું.

ઈન્દ્રનાથે હસીને કહ્યું – ''હા, હવે એ ખૂબ જ સુખમાં છે. સંસારના બંધનોમાંથી છુટી ગઈ બિચારી.''

ગોકળની માએ અવિશ્વાસથી કહ્યું – ''હવે એ બધાં નખરાં રહેવા દે. પણ, મુંબઈથી જલ્દી પાછો કેમ આવ્યો?''

''શું કરું? માનો તાર આવ્યો કે માની ગાડીમાંથી કુદી પડીને મરી ગઈ. તે લાલપુરમાં પડી હતી. દોડતો આવ્યો. ત્યાં એને અગ્નિસંસ્કાર કર્યા. ને આજે ઘેર ચાલ્યો આવ્યો. મારા અપરાધની હું આપની પાસે ક્ષમા યાચું છું.''

એ રડી પડ્યો. ગજવામાંથી કાગળ કાઢી સામે ધરતાં કહ્યું – ''એની પેટીમાંથી મળ્યો છે આ પત્ર.''

ગોકુળની મા શોકાતુર થઈ જમીન પર બેસી પડી. પસ્તાવો એનું કાળજું કોચી રહ્યો હતો. એ પત્ર હાથમાં લઈ વાંચવાં લાગી –

''સ્વામી,

આ પત્ર તમને મળશે ત્યારે હું આ દુનિયામાં નહીં હોઉં. હું અભાગણી છું. મારે માટે દુનિયામાં કોઈ સ્થાન નથી. મારે લીધે આપને દુઃખ અને નિંદા જ મળશે. મેં ઘણો વિચાર કર્યો. આખરે મને મરવાનું જ ઠીક લાગ્યું. મારી પર કરેલી આપની દયાનો બદલો તો હું શી રીતે વાળું? જીવનમાં મને કોઈ વસ્તુની ઈચ્છા ન હતી, પણ મને એ વાતનું દુઃખ છે કે આપના ચરણોમાં માથું ઢાળી હું મરી શકી નહીં. મારી અંતિમ યાચના છે કે મારા માટે આપ શોક કરશો નહીં. ઈશ્વર આપને સદા સુખી રાખે.

ગોકુળની માએ પત્ર ભોંય પર મૂક્યો. એની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. ઓરડામાં વંશીધર નિસ્તેજ ઊભો હતો અને જાણે લજ્જાથી નતમસ્તક વાળી માની એની સામે ઊભી હતી.



# કાયર

યુવકનું નામ હતું કેશવ. યુવતીનું નામ હતું પ્રેમાં. એક જ કોલેજમાં સાથે ભણનારાં, કેશવના વિચારો ક્રાંતિકારી. નાતજાતનાં બંધનોથી પર. જ્યારે પ્રેમા જૂનવાણી સંસ્કારોનું ફરજંદ છતાં પરસ્પર આગાધ પ્રેમ. કોલેજમાં એમનો પ્રેમ જાણીતો. બ્રાહ્મણ હોવા છતાં કેશવ વૈશ્યકન્યા પ્રેમા સાથે લગ્ન કરી દાખલો બેસાડવા માગતો હતો. માતા પિતાની એને કોઈ પરવા ન હતી. કુળની મર્યાદાના વિચારને એ પાખંડ માનતો. એને માટે સત્ય જેવી કોઈ વસ્તુ હતી તો એક માત્ર પ્રેમા. પણ પ્રેમા માટે માતા પિતા અને સમાજના આદેશ વિરુદ્ધ એક ડગલુંય આગળ ભરવું અસંભવ હતું.

સંધ્યા સમયે બંન્ને વિક્ટોરિયા પાર્કના એક નિર્જન ખૂણામાં, સામ સામે બેઠાં છે. ફરવા આવેલાં સૌ પાછાં વળી ગયાં હતાં. પણ તેઓનો વાર્તાતંતુ તો વધુને વધુ લંબાતો જતો હતો.

કેશવે ગુસ્સે થઈ કહ્યું – ''એનો અર્થ એ કે તને મારી કોઈ ચિંતા નથી!''

''તું મારી સાથે અન્યાય કરે છે, કેશવ! પણ મારે આ વાત માત બાપને શી રીતે કહેવી? એ તો જૂનવાણી માનસ ધરાવે છે. મારી વાત સાંભળ્યા પછી એમના મનમાં થનાર શંકાઓની હું કલ્પના પણ નથી કરી શકતી.''

''તો શું તું પણ એ જૂની રૂઢિઓની ગુલામ છું?''

પ્રેમાએ મૃદુતાથી કહ્યું – ''ના કેશુ! હું ગુલામ નથી. પણ માતાપિતાની ઈચ્છા મારે મન બીજી બાબતો કરતાં શ્રેષ્ઠ છે.''

“અને તારું વ્યક્તિત્ત્વ કશું નહીં?”

“એવું સમજી લે.”

“મને તો હતું કે પુરાણી પરંપરાઓ મૂર્ખાઓ માટે છે, પણ મને હવે સમજાયું કે તું પણ એમની પુજક છે. તારે માટે આખું ઘર છોડવા તૈયાર એવો હું શું તારી પાસેથી આવી આશા રાખી શકું?”

પ્રેમાએ વિચાર્યું કે મારા શરીર ઉપર મારો શો અધિકાર છે! જે શરીર મા બાપે પાળ્યું પોષ્યું હોય તે શરીરને માબાપની વિરુદ્ધ વર્તવાનો અધિકાર હોઇ શકે ખરો?

દીનતાથી એણે કેશવને કહ્યું – “શું પ્રેમ પતિ પત્નીના રૂપમાં જ રહી શકે? મૈત્રીના રૂપમાં નહીં? હું તો પ્રેમને આત્માનું બંધન સમજું છું.”

કઠોરતાથી કેશવે કહ્યું – “આવા દાર્શનિક વિચારો થી તો તું મને ગાંડો બનાવી દઇશ, પ્રેમા. બસ, એમ જાણજે કે નિરાશામાં હું જીવતો નહીં રહી શકું. હું પ્રત્યક્ષવાદી છું. કલ્પનાઓના આકાશમાં ઊડવું મારે માટે શક્ય નથી.”

એણે પ્રેમાનો હાથ ઝાલી પોતાની તરફ ખેંચવાની ચેષ્ટા કરી. પ્રેમાએ ઝાટકો મારી હાથ છોડાવતાં કહ્યું – “ના કેશવ, મેં કહ્યું ને કે હું સ્વતંત્ર નથી! જેના પર મારો અધિકાર જ નથી એ વસ્તુની તું આશા ના કરીશ.”

કેશવ મન મારીને બેસી રહ્યો. પછી ઊઠીને નિરાશ સ્વરે કહ્યું – “જેવી તારી ઇચ્છા.” ને એ ધીમે ધીમે ત્યાંથી ચાલ્યો ગયો. પ્રેમા હજુ પણ ત્યાં બેસીને આંસુ વહાવતી હતી.

જમ્યા પછી માની સાથે સૂઇ ગયેલી પ્રેમાની આંખો માં ઊંઘ ન હતી. કેશવની વાતો એના મન પર ચંચળ પાણીમાં પડતા પડછાયાની જેમ છવાઇ વળી હતી. પ્રત્યેક ક્ષણે એનું રૂપ બદલાતું હતું. તે એને સ્થિર કરી શકતી ન હતી. માને આ અંગે શી રીતે કહેવું? શરમથી એ કશું કહી શકતી ન હતી. એને થતું કે કેશવ સાથે મારું લગ્ન નહીં થાય તો મારે માટે સંસાર





શૂન્ય બની જશે પણ મારું શું ચાલે? કેશવ વિના એ કોઇની સાથે લગ્ન નહીં જ કરે એ વાત એના મનમાં દૃઢ થતી હતી.

વારંવાર પાસાં ફેરવતી જોઇ માએ પૂછ્યું – “શું તું હજુ ઊંઘી નથી? મેં કેટલીવાર કહ્યું કે વત્તુઓછું કામકાજ કર્ય જેથી રાત્રે ઊંઘ આવે, પણ ચોપડીમાંથી નવરાશ મળે તો ને? ચાર દા’ડામાં તું પારકે ઘેર જઇશ. કોણ જાણે કેવું ઘર મળશે! કામ કરવાની ટેવ નહીં પાડે તો સહન કરવાનો વારો આવશે.”

“પણ હું શું કામ પારકે ઘેર જાઉં?”

હસીને માએ કહ્યું – “છોકરીઓને એ જ તો મોટું દુઃખ છે. માબાપની ગોદમાં ઊછરીને સમજણી થાય છે કે પારકી થઇ જાય છે. સારું ઘર મળે તો તો ઠીક, નહીં તો જિંદગી આખી રડી રડીને વીતવવી પડે! બધું ભાગ્યને આધીન છે. આપણા સમાજમાં તો મારી નજરમાં એવું એકેય ઘર નજરમાં બેસતું નથી. પણ તને પરણાવવી તો સમાજમાં જ પડે ને? શી ખબર આ નાતજાતનાં બંધનોમાંથી ક્યારે છુટાશે?”

પ્રેમા ગભરાતાં ગભરાતાં બોલી – “મા પણ હવે તો જ્ઞાતિ બહાર પણ લગ્ન થવા લાગ્યાં છે.”

એનું હૃદય કંપવા લાગ્યું. કદાચ માને કોઇ અણસાર, આવી જાય તો?!

માએ આશ્ચર્યથી કહ્યું – “શું હિંદુઓમાં એવું બન્યું છે ખરું?” અને એણે જ પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું – “કદાચ એક બે પ્રસંગો એવા બની ગયા હોય તોયે શું?”

પ્રેમા નિરુત્તર રહી. મા પોતાના કહેવાનો આશય જાણી જશે એવો છૂપો ડર એને ડરાવવા લાગ્યો.

કોણ જાણ ક્યારે એને ઊંઘ આવી હશે!

સવારે ઊઠતાં જ પ્રેમાના મનમાં સાહસનો સંચાર થઇ ગયો હતો.

જાણે કોઇ દૈવી શક્તિનો એનામાં આવિર્ભાવ ના થયો હોય! સામે આવેલા પર્વતને ચગદીને પણ પ્રબળ હવા આગળ વધ્યે જાય છે તેમ પ્રેમાના વિચાર વાયુનું પણ થયું.

પ્રેમાં મનમાં વિચારતી હતી – ''આ શરીર માબાપનું છે એ માની લીધું. પણ આત્માને જે ભોગવવું પડે છે તે તો આ શરીરથી ભોગવવું પડે છે. આ વિષયમાં હવે સંકોચ રાખવું એને અયોગ્ય નહીં, ઘાતક પણ લાગતું હતું. શા માટે પોતાના જીવનનું ખોટા સમ્માનની વેદી ઉપર બલિદાન ચઢાવવું? જો લગ્નનો આધાર પ્રેમ ના હોય તો તે માત્ર દેહનો સોદો બની રહે છે. પ્રેમ વિના આત્મસમર્પણ શું શક્ય છે? કોણ જાણે ક્યા અજાણ્યા યુવાન સાથે પોતાનાં લગ્ન થશે એ કલ્પનાથી એનું હૈયું દ્રવવા લાગ્યું. એટલું જ નહીં બળવો પોકારવા લાગ્યું.''

નાસ્તો કરીને તે વાંચવા જતી હતી. ત્યાં જ એને એના પિતાએ પ્યારથી બૂમ મારી – ''પ્રેમા, હું કાલે તારા પ્રિન્સિપાલને મળ્યો હતો. તેઓ તારાં ઘણાં વખાણ કરતા હતા.''

''પિતાજી, આપતો એમ જ કહ્યા કરો છો.''

''ના, ના. ખરેખર!''

કહેતાં એમણે ટેબલના ખાનામાંથી એક ફોટો કાઢી પ્રેમાને બતાવતાં કહ્યું – ''આ છોકરો આઇ.સી.એસ.ની પરીક્ષામાં પ્રથમ આવ્યો છે એનું નામ તો સાંભળ્યું હશે તેં?''

વૃદ્ધ પિતાએ એવી ભૂમિકા બાંધી હતી કે પ્રેમા એમનો આશય સમજી શકી નહીં. પણ પ્રેમા તો વાત જાણી ગઇ. એનું મન બાણની જેમ લક્ષ્યને વીંધી ગયું. ફોટા ભણી જોયા વગર જ એણે કહ્યું – ''ના, મેં નામ નથી સાંભળ્યું.''

પિતાએ બનાવટી આશ્ચર્યથી કહ્યું – ''શું?! તેં એનું નામ નથી સાંભળ્યું?! આજના છાપામાં એનું વૃત્તાંત છપાયું છે. સાથે સાથે એની છબી પણ.''



પ્રેમાએ નિરસતાથી કહ્યું – ''હશે. પણ મારે મન એ પરીક્ષાનું કોઇ મહત્ત્વ નથી. એ પરીક્ષામાં બેસનારા તો મોટી મિલકતના લાલચી હોય છે. પોતાના ભાઇઓનું ખૂન ચૂસીને ધન એકઠું કરવાનો એમનો આશય હોય છે પ્રજાનું શોષણ કરવું એ શું કોઇ ઊંચો આદર્શ છે?''

પિતાએ જાણ્યું કે પ્રેમા વખાણ સાંભળીને ઝૂમી ઊઠશે. પણ એમ ના બન્યું. જવાબ સાંભળીને એ તીખા સ્વરે બોલ્યા – ''તું તો એવી વાતો કરે છે કે જાણે તને પૈસા અને અધિકારની કોઇ પડી જ ના હોય!''

''હું સંપત્તિ અને અધિકારનું મૂલ્ય નથી સમજતી, હું તો માણસની ત્યાગ ભાવનાની ચાહક છું. હું એવા કેટલાય યુવાનોને જાણું છું કે જેમને આવો હોદ્દો પરાણે પણ એનો સ્વીકાર ના કરે.''

પિતાએ મશ્કરી કરતાં કહ્યું – ''આ તો આજે મેં નવું જ સાંભળ્યું. મને તો દેખાય છે કે નાની નાની નોકરીઓ માટેય લોકો વલખાં મારે છે. મારે જોવો છે એવા ત્યાગભાવનાવાળા છોકરાને. હું તો એની પૂજા કરું.''

હવે પ્રેમા માટે આગળ વધવા સિવાય બીજો કોઇ રસ્તો ન હતો. એ પોતાના આવેશને સંયમપૂર્વક દબાવીને, આંખોમાં વિદ્રોહની ભાવના ભરી પોતાના ઓરડામાં ગઇ. અને કેશવના ફોટાઓમાંથી એક ફોટો પસંદ કરીને લાવી તેણે પિતાની સામે તે ધરી દીધો. ઘરડા બાપે ઉપેક્ષાભાવથી એ ફોટો જોવાનું વિચાર્યું હતું પણ પહેલી નજરે જ એ ફોટો એમને આકર્ષી ગયો. ઊંચો અને દુર્બળ દેહ એના સ્વાસ્થ્ય અને સંયમનો પરિચય આપતો હતો. મોંઢા પર પ્રતિભાની આભા ન હતી. પણ વિચારશીલતાનું એવું પ્રતિબિંબ હતું કે જે એમનામાં વિશ્વાસ જન્માવતું હતું.

''કોનું ચિત્ર છે આ?''

''મારી સાથે ભણે છે.''

''આપણી જ્ઞાતિનો છે?''

આ પ્રશ્ન પર એના નસીબનો ફેંસલો થવાનો હતો. એને એ ફોટો બતાવવા બદલ પસ્તાવો થવા લાગ્યો. તેણે કહ્યું – ''ના, બ્રાહ્મણ છે.'' કહેતાં એ વિહવળ બની બહાર ચાલી ગઇ, અને દીવાલની આડશમાં ઊભી ઊભી રડવા લાગી.

લાલાજીને પહેલાં એવો ગુસ્સો આવ્યો કે પ્રેમાને બોલાવીને સાફ સાફ કહી દે કે એ અશક્ય છે. એ ગુસ્સાના આવેશમાં બારણા સુધી આવ્યા પણ પ્રેમાને રડતી જોઇ નમ્ર બની ગયા.

પ્રેમાની એ યુવક પ્રત્યેની લાગણી એમનાથી છાની ના રહી શકી. તેઓ સ્ત્રી શિક્ષણના પૂરા હિમાયતી હતા. સાથે સાથે એ કુળની મર્યાદાનું રક્ષણ કરવાનું પણ ઇચ્છતા હતા. પોતાની જ્ઞાતિના યુવક સાથે સર્વસ્વ અર્પણ કરી શકવા વિચારતા હતા. પણ એ ક્ષેત્રની બહાર ખાનદાનમાં ખાનદાન અને યોગ્યાતીયોગ્ય વરની કલ્પના કરવી એમને માટે અસહ્ય હતી. એનાથી મોટું અપમાન તે વિચારી પણ શકતા ન હતા..

કઠોર અવાજે એમણે કહ્યું – ''આજથી કોલેજ જવાનું બંધ કરી દે. શિક્ષણ એ જો કુળની મર્યાદાને ડૂબાડવાનું શીખવતું હોય તો તે સાચુ શિક્ષણ નથી.''

''પણ પરીક્ષા નજીક છે હવે, પિતાજી.''

''ભલે રહી.''

અને એ એમના ઓરડામાં જઇ વિચારોમાં ડૂબી ગયા.

છ મહિના વીતી ગયા.

લાલાજીએ પત્નીને પાસે બોલાવીને કહ્યું – ''મને જાણવા મળેલ હકીકતો પ્રમાણે કેશવ સંસ્કારી અને પ્રતિભાવાન યુવાન છે. મને લાગે છે કે પ્રેમા તો વિરહથી પ્રાણ આપી દેશે. આપણે અને બીજાંઓએ એને ઘણી જ સમજાવી પણ એ માનતી જ નથી. એ સંજોગો માં આપણે બીજું કરી પણ શું શકીએ?''

એમની પત્નીએ ચિંતાના ભાવથી કહ્યું – ''કરી તો દઇએ, પણ પછી રહેવું ક્યાં? કોણ જાણે ક્યાંથી આ કુલાંગાર, મારી કુખમાં આવી?''

લાલાજીએ ભવાં ચઢાવીને તિરસ્કારથી કહ્યું – ''બહુવાર સાંભળી ચુક્યો છું એ હું. પણ મર્યાદાને નામે ક્યાં સુધી રડતા રહીશું? પાંખો ફુટ્યા પછી ચકલીનું બચ્ચું આંગણામાં જ રમતું રહે એવી આશા રાખવી વ્યર્થ છે. પૂરો વિચાર કર્યા બાદ હું એ નિર્ણય પર આવ્યો છું કે પ્રેમાનો નિર્ણય આપણે



સ્વીકારવો જોઇએ. કુળની મર્યાદાના નામ પર પ્રેમાનું બલિદાન ચઢાવવાની મારી ઇચ્છા નથી. દુનિયા ભલે હસે. પણ હવે જ્ઞાતિબંધનો તૂટવાનો સમય ખૂબ જ જલ્દીથી આવી રહ્યો છે. વિવાહનો હેતુ જો સ્ત્રી પુરષના સુખમય જીવનનો હોય તો પ્રેમાની અવગણના આપણે કરી શકીએ નહીં.''

વૃદ્ધાએ કહ્યું – ''તમારી ઇચ્છા જ હોય તો હવે મને શું કરવા પૂછો છો? પણ હું કહું છું કે મને એ લગ્ન પસંદ નથી. એ છોકરીનું મોંઢું ફરીથી હું નહીં જોઉં. હું માનીશ કે એ મરી ગઇ છે.''

''તો છેવટે તું શું કરવા કહે છે?''

''એ આઇ.સી.એસ. છોકરા સાથે શા માટે એનું લગ્ન કરી દેતા નથી? એમાં શું ખોટું છે? કેશવમાં શું એવું છે? બહુ બહુ તો કારકૂન થશે કોઇક ઓફિસમાં.''

''પણ જો પ્રેમા આપઘાત કરશે તો?''

''તો ભલે કરતી. તમે તો એને વધારે ચઢાવી મારો છો. જ્યારે એને આપણી નથી પડી તો આપણે એના ભોગે શા માટે આપણા નામને બટ્ટો લગાડીએ? આપઘાત કરવો એ કાંઇ રમત નથી. એ તો ધમકી છે ધમકી. મન તો ઘોડા જેવું છે. જ્યાં સુધી એને લગામ ના ચઢાવાય ત્યાં સુધી તે પીઠ પર ના બેસવા દે. એના મનની એ સ્થિતિ હોય તો ભલે કેશવ સાથે જીવન વીતાવે. જે રીતે આજે એની સાથે પ્રેમ છે તે રીતે કાલે બીજાની સાથે પણ થાય.''

લાલાજીએ પ્રશ્ન સૂચક દૃષ્ટિથી જોઇને કહ્યું – ''પણ કાલ ઊઠીને એ ભાગી જઇને લગ્ન કરી લેશે તો તું શું કરીશ? પછી કેટલી આબરૂ રહેશે તારી? એ હમણાં તો આપણા માન ખાતર મન મારીને બેસી રહે છે, પણ જ્યારે એ હઠે ચઢશે ત્યારે આપણે કશું નહીં કરી શકીએ?''

આ વાત પ્રેમાની માના ધ્યાન પર આવી જ ન હતી. આ વાત બોમ્બ બની એના માથે ઝીંકાઇ જાણે! એ અવાક્ થઇ ગઇ. પછી કહ્યું – '.'તમે તો નવી નવી વાતો કરો છો. કોઇ ખાનદાન કન્યાએ આજ સુધી તેની ઇચ્છાનુસારનાં લગ્ન કર્યાં હોય એવું સાંભળ્યું છે કોઇ દિવસ?

"તેં ના સાંભળ્યું હોય, પણ મેં તો સાંભળ્યું જ છે. જોયું છે પણ ખરું. અને હવે એ તદ્દન શક્ય છે."

"પણ જ્યારે એવું થશે તો હું જીવતી નહીં રહી શકું."

"એવું થશે જ એમ હું નથી કહેતો. પણ એમ થવું શક્ય ખરું."

"તો આપણે એની વ્યવસ્થા કરવી જ જોઇએ. જો નાક કપાવવું જ હોય તો શા માટે તીક્ષ્ણ છરી વડે ના કપાવવું? કેશવને બોલાવીને પૂછો કાલે, શું કહે છે?"

કેશવના પિતા સરકારી પેન્શનર હતા. મિજાજના ચીઢિયા અને કંજૂસ. ધર્મના આડંબરમાં માનનારા. કલ્પનાશક્તિનો એમનામાં અભાવ હતો. કોઇના મનોભાવોનો આદર એ કરી શકતા નહીં. એ હજુય જૂનવાણી સંસારમાં રહેતા. નવયુગના નવા પવનની લહેરોને તો એ વિનાશક વાવઝોડું માનતા હતા. પ્રેમાના પિતા એક દિવસ જ્યારે એમની પાસે પહોંચ્યા અને કેશવના પ્રેમા સાથેના લગ્નનો પ્રસ્તાવ મૂક્યો તો વૃદ્ધ પંડિતજીના ગુસ્સાનો પાર રહ્યો નહીં. આંખો ફાડીને એમણે કહ્યું – "આપે ભાંગ તો નથી પીધી ને? આ લગ્ન થઇ શકે જ નહીં. લાગે છે કે તમને પણ નવા જમાનાની હવા લાગી ગઇ છે."

વૃદ્ધ બાબુજીએ વિનમ્રતાથી કહ્યું – "મને જ એવો સંબંધ પસંદ નથી. મારા વિચારો પણ આપના વિચારો જેવા જ છે. પણ હવે સ્થિતિ એવી ઊભી થઇ છે કે મારે વિવશ થઇને આપની સેવામાં આવવું પડ્યું. આપ તો આજકાલનાં છોકરાંના સ્વેચ્છાચાર વિશે જાણો છો. હવે આપણા સિદ્ધાંતોનું રક્ષણ કરી શકાય તેમ નથી. મને બીક છે કે નિરાશાથી વિવશ થઇ એ કદાચ એમનાં જીવન સાથે ખેલ ખેલી ના બેસે!"

વૃદ્ધ પંડિતજી જમીન પર પગ પછાડી ગરજી ઊઠ્યા – "શું કહો છો તમે? શરમ નથી આવતી તમને? અમે બ્રાહ્મણ છીએ અને તેમાંય ખાનદાન બ્રાહ્મણ! બ્રાહ્મણોએ હજી મર્યાદાને નેવે નથી મૂકી કે વાણિયા બકાલાની છોકરી સાથે લગ્ન સંબંધ બાંધીએ! જે દિવસે ખાનદાન બ્રાહ્મણ કુટુંબોમાં છોકરીઓ નહીં હોય ત્યારે આવી સમસ્યા ઊભી થઇ શકે છે. હું કહું છું કે આ વાત મને કહેવાની તમારામાં હિંમત ક્યાંથી આવી?"



વૃદ્ધ બાબુજી જેટલા દબાતા હતા તેટલા જ પંડિતજી વધારે ગુસ્સે થતા હતા. લાલાજી પોતાનું વધું અપમાન સહન કરી શક્યા નહીં. અને પોતના ભાગ્યને ધિક્કારતા ચાલ્યા ગયા.

એ જ વખતે કેશવ કોલેજથી ઘેર આવ્યો હતો. પંડિતજીએ તરત જ એને બોલાવીને કઠોર અવાજે કહ્યું – "મેં સાંભળ્યું છે કે તેં વાણિયાની કોઇ છોકરી સાથે લગ્ન કરી લીધું છે. એ વાત કેટલે અંશે સાંચી છે?"

અજાણ્યા થઇ કેશવે પૂછ્યું – "કોણે કહ્યું આપને?"

"કોણે કહ્યું? હું પૂછું છું કે આ વાત સાચી છે કે નહીં? જો વાત સાચી હોય તો આ ઘરમાં તારે માટે કોઇ સ્થાન નથી હવે. મારી કમાઇમાંથી તને એક ફૂટી બદામ પણ નહીં મળે. મારી પાસે જે છે તે મારી કમાઇનું છે. મારી ઇચ્છા થાય તેને આપવાનો મારો અધિકાર છે. આવી અનીતિ કરનારનાં પગલાં મારા ઘરમાં ટકી જ ના શકે."

પિતાના સ્વભાવને કેશવ જાણતો હતો. પ્રેમાને એ ચાહતો હતો. એ પ્રેમા સાથે છાનુંમાનું લગ્ન કરી લેવા ઇચ્છતો હતો. બાપા કાયમ કંઇ રહેવાના નથી. માના પ્રેમ પર એને વિશ્વાસ હતો. પ્રેમના આવેશમાં તમામ સંકટો સહન કરવાની એનામાં શક્તિ હતી પણ જેમ કોઇ કાયર સૈનિક બંદૂકની સામે જતાં હિંમત ખોઇ બેસે અને પાછો હઠી જાય તેવી સ્થિતિ કેશવની થઇ. એ આદર્શોને તર્કના આધારે રજૂ કરી શકતો હતો પણ દુઃખો સહન કરવાનું સામર્થ્ય એનામાં ન હતું. જો તે હઠ કરે અને તેના પિતા તેમના નિર્ણયમાં અફર રહે તો એ એકેય બાજુનો રહે તેમ ન હતો.

એણે દબાતા અવાજે કહ્યું – "આપને કોઇકે સાવ જૂઠી વાત કરી છે."

"તો શું આ વાત બિલકુલ ખોટી છે?"

"હા, બિલકુલ ખોટી છે."

"જો એમ હોય તો તું આજે જ એ વાણિયાને પત્ર લખી નાખ કે એ હવે પછી આવી વાત કરે નહીં."

કેશવ કશું બોલી ના શક્યો. તે ત્યાંથી ચાલ્યો ગયો. પણ એના પગમાં જાણે જીવ ન હતો.

બીજે દિવસે પ્રેમાએ કેશવને પત્ર લખ્યો –

''પ્રિય કેશવ!

તારા પિતાએ લાલાજીની સાથે જે અશિષ્ટ અને અપમાનજનક વર્તન કર્યું હતું તે જાણીને મારા મનમાં મોટી શંકા ઊભી થઇ છે. કદાચ એમણે તને પણ ધમકાવ્યો હશે! આ સ્થિતિમાં તારો નિર્ણય જાણવા વ્યાકુળ થઇ રહી છું. હું તારી સાથે તમામ દુઃખો સહન કરવા તૈયાર છું. મને તારા પિતાની સંપત્તિનો મોહ નથી. હું તો માત્ર તારો પ્રેમ ઇચ્છું છું. આજે સાંજે અહીં આવી મારી સાથે જ તું ભોજન લે એવી મારી વિનંતી છે. મા અને પિતાજી બંન્ને તને મળવા ઇચ્છે છે. આપણે અતૂટ બંધનમાં બંધાઇ જઇએ એવા સ્વપ્નને જોવા હું તલસું છું.

તારી જ,

પ્રેમા...''

સંધ્યા થઇ ગઇ હતી. પત્રનો કોઇ જવાબ મળ્યો નહીં પ્રેમાની મા વારંવાર પૂછતી હતી – ''કેશવ આવ્યા કે નહીં? વૃદ્ધ લાલાજી પણ વારેવારે બારણા તરફ જોતા હતા. રાતના નવ વાગ્યા સુધી ના તો કેશવ આવ્યો કે ના તો કેશવનો પત્ર આવ્યો.''

પ્રેમાના મનમાં અનેક શંકા કુશંકાઓ થવા લાગી. કદાચ એને પત્ર લખવાની ફુરસદ નહીં મળી હોય! કદાચ આજે આવવાની અનુકુળતા નહીં હોય! કાલે આવશે. એણે કેશવે લખેલા પત્રો કાઢીને ફરી ફરી વાંચ્યા. એના પ્રત્યેક શબ્દમાંથી કેટલો પ્રેમ ટપકતો હતો? એમાં કેટલો કંપ હતો? કેટલી વિકલતા હતી? કેટલી તીવ્ર આકાંક્ષા! એને કેશવનાં બધાં વાક્યો યાદ આવતાં હતાં. કેટલીય વાર એ એની સામે રડ્યો હતો. આટલાં બધાં પ્રમાણ હોવા પછી નિરાશા માટે કોઇ કારણ ન હતું.

સવારે કેશવનો જવાબ આવ્યો. પ્રેમાએ ધ્રુજતા હાથે પત્ર વાંચવા માંડ્યો. પત્ર હાથમાંથી પડી ગયો. જાણે એના શરીરમાં વહેતું લોહી ઠરી ગયું હતું! પત્રમાં લખ્યું હતું –



''હું ભારે આપત્તિમાં છું. શો જવાબ આપું તને! મેં આપણા પ્રશ્ન પર ખૂબ ટાઢા કલેજે વિચાર કર્યો છે અને છેવટે એ નિર્ણય પર આવ્યો છું કે હાલના સંજોગોમાં મારે માટે પિતાની આજ્ઞાની અવગણના કરવી દુસહ્ય છે. મને કાયર ના સમજતી. હું સ્વાર્થી પણ નથી. પણ મારી સામે પડેલા અવરોધોની સામે ઝઝૂમવાનું બળ મારામાં નથી. જૂની વાતોને ભૂલી જા. તે વખતે મેં એ આડખીલીઓની કલ્પના પણ કરી ન હતી.''

પ્રેમાએ ઊંડો નિઃશ્વાસ નાખ્યો એણે એ પત્રને ફાડીને ફેંકી દીધો. એ રડવા લાગી. જે કેશવને એણે અંતઃકરણથી પોતાના સ્વામી તરીકે સ્વીકાર્યો હતો તે આટલો નિષ્ઠુર થઇ જશે એવું તો તેણે વિચાર્યુંય ન હતું. હવે તેના જીવનમાં અંધકાર સિવાય કશું જ બચ્યું ન હતું. એણે લાંગરેલી નાવ આજ પાણીમાં ડૂબી ગઇ હતી. હવે બીજી નાવ શી રીતે સજાવવી. એના કરતાં તો પ્રથમ નાવ સાથે જ ડૂબી જવું ઉત્તમ હતું.

માએ પૂછ્યું – ''કેશવનો પત્ર છે?''

''હા, એની તબીયત સારી નથી. એ સિવાય એ બીજું શું બહાનું કાઢે? બીજું શું કહે? કેશવની નિષ્ઠુરઅને બેવફાઇના સમાચાર સંભળાવીને લજ્જિત થવાનું સાહસ એનામાં ન હતું.''

આખો દિવસ તે ઘરના કામધંધામાં લાગી રહી. સાંજે એણે બધાંને પ્રેમથી જમાડ્યાં. પોતે પણ જમી. અને મોડી રાત સુધી હારમોનિયમ વગાડતી રહી.

પણ સવારે ઊઠીને જોયું તો એના ઓરડામાં એની લાશ પડી હતી. સવારનાં સોનેરી કિરણો એના પીળા પડી ગયેલા ચહેરાને ચમકાવી રહ્યાં હતાં.

## દીકરી કે દીકરો?

તુલસી એની દીકરી સુભાંગીને દીકરા રામૂ જેટલો જ પ્રેમ કરતો હતો. રામૂ યુવાન હોવા છતાં હરામહાડકાંનો હતો. જ્યારે સુભાંગી અગિયાર વર્ષની હોવા છતાં ઘરના કામકાજમાં નિપુણ હતી. ખેતીવાડીના કામકાજમાં પણ એટલી જ હોંશિયાર હતી. એની માને સુભાંગીની બાબતમાં એવો ડર હતો કે કદાચ દેવોની નજર ના લાગી જાય! સારાં બાળકો ને તો ઈશ્વર પણ વધારે ચાહતો હોય છે! સુભાંગીને લોકોની પ્રસંશાથી બચાવવા એ કારણ વગર પણ વાતવાતમાં એને ધમકાવતી હતી.

એ જ માતાની લાડકી અને પિતાની દુલારી સુભાંગ અગિયાર વર્ષની ઉંમરે જ વિધવા થઈ હતી!

ઘર આખામાં હાહાકાર મચી ગયો. લક્ષ્મી માથું કુટતી હતી. તુલસી પછાડો ખાતો હતો. માબાપને કરુણ કલ્પાંત કરતાં જોઈને સુભાંગી પણ રડવા લાગી. વારંવાર એ માને પૂછતી – ''મા, શું કામ રડે છે? હું તને મૂકીને ક્યાંય જવાની નથી. મા, મા, રડીશ નહીં. ભોળી સુભાંગીની વાત સાંભળીને તો એની મા વધારે લાગણીશીલ થઈ જતી અને એની આંખો ભાદરવાના જોરદાર ઝાપટાની જેમ વરસી જતી તે વિચારતી હતી – ''હે ભગવાન, તારી આવી લીલા! બીજાંનાં કાળજાં કાપીને તું આવી રમતો રમે છે? આવું કામ તો કોઈ ગાંડો માણસેય ના કરે! બીજાંને રડાવીને તું હસતો રહે એવી રમત શા ખપની! તને તો લોકો દયાનો સાગર કહે છે. તે આવી તારી દયા?''

અને સુભાંગી શું વિચારતી હતી? એની પાસે પોટલી ભરીને રૂપિયા હોત તો ક્યાંક સંતાડી રાખત. ને પછી એક દિવસ છાનીછપની





બજારમાં જઈને એ મા સારું સારાં લૂગડાં લાવત! અને બાપુજી બચેલા રૂપિયાની માગણી કરત તો એ ઝટ દોડતી પોટલી છોડીને એમના હાથમાં મેલી દેત! 'ને ત્યારે મા અને બાપુજી કેટલાં રાજીનાં રેડ થઈ જાત!

સુભાંગીનું દેહલાવણ્ય સોળે કળાએ ખીલી ઉઠ્યું ત્યારે તુલસી મહેતા ઉપર દબાણ આવવા લાગ્યું કે એ છોકરીને કંઈક વળાવી દે. જવાન છોકરી તો સાપનો ભારો કહેવાય! એને આમ ઘરમાં સંઘરી રાખવી સારું ના કહેવાય! ને આપણા સમાજમાં દીકરીને નાતરે વળાવવી એ કંઈ નિંદાપાત્ર નથી પછી વાંધો શો હોય!

તુલસી કહેતો – ''ભાઈ! હું તો તૈયાર છું, પણ દીકરી માનવી જોઈએ ને! એ તો બીજે જવા ઘસીને ના કહે છે.''

હરિહરે સુંભાંગીને સમજાવતાં કહ્યું – ''બેટા, અમે તો તારા ભલા માટે કહીએ છીએ. મા બાપતો પાકાં પાન! આજ ખરે કે કાલ્ય ખરે! એમનો શો ભરોસો? આમને આમ ક્યાં સુધી બેસી રહીશ તું?''

શરમાતાં શરમાતાં સુભાંગીએ કહ્યું – ''તમારી વાત હું સમજુ છું કાકા! પણ મારો અંતરાત્મા બીજે જવા ના કહે છે. મને આરામની ચિંતા નથી. હું ગમે તેવાં દુઃખો સહન કરીશ. કૃપા કરીને મને ઘરમાંડવાની વાત ના કરશો. મને અવળે રસ્તે જતી ભાળો તે દા'ડે મારું માથું ઉતારી લેજો. હું મારા બાપની ખરી દીકરી છું, વચનની પણ એટલી જ પાકી. પછી તો લાજ રાખવા વાળો તો ઉપર બેઠો છે.''

રામુએ કહ્યું – ''ભાઈ કમાય અને હું ખાઊં એવું જો તું વિચારતી હોય તો એ તારી ભૂલ છે. અહીં કોઈએ કંઈ જિંદગી આખીનો ઈજારો નથી લીધો.''

રામુના ઘરવાળી રામુથી ચાર ચંદરવા ચઢે એવી હતી. તેણે કહ્યું – ''આપણે કંઈ ઓછા કોઈના દેવાદાર છીએ કે એને બેઠાં બેઠાં ખવડાવીએ. ને રોજ નવું નવું ખાવાપીવાનું ને નવું નવું પે'રવા ઓઢવાનું આપણાથી ના પૂરું થાય!''

સુભાંગીએ સગર્વ કહ્યું – ''ભાભી; મેં તમારી આશા કરી નથી. ને

ભગવાનની મરજી હશે તો કદી કરીશેય નહીં, તમે તમારું સંભાળો. મારી ચિંતા રે'વાદ્યો.''

સુભાંગીનો નિર્ણય જાણ્યા પછી તો રામુની વહું એને માથે ચઢી ગઇ. કંઇકને કંઇક વાંધો વચકો કાઢતી રહેતી. એને રડાવવામાં મઝા આવતી. પરોઢિયે ઊઠીને અનાજ ખાંડતી ને દળણાં દળતી. છાણવાસીદાં ઊથામતી અને અધૂરામાં પૂરું ખેતીના કામમાં મદદ કરતી. બપોરે ખેતરમાંથી આવીને એ રાંધવા બેસતી. રાતેય મોડા સુધી સુધી એ કામ કરતી રહેતા. તુલસી ચિલમનો બંધાણી! વારંવાર ચિલમ ભરતો. મા બાપને એ કામ કરવા દેતી નહીં.

પણ રામુને એ કામ કરતાં અટકાવતી ન હતી. એ સમજતી હતી કે – ''જુવાન માણસ કામ ના કરે તો ઘરનો કારોબાર શી રીતે ચાલે!''

રામુને આ ગમતું નહીં. ''મા અને બાપાને કશુંય કામ કરવા દેતી નથી ને મને વૈતરું કરવાનું કહે છે?'' તેણે સુભાંગીની સાથે એક દિવસ ઝઘડો કર્યો. – ''તે તને મા બાપ વા'લાં લાગતાં હોય તે રહેને એમને લઇને જુદી. પછી સેવા કેમ થાય છે એની ખબર પડશે! બીજાંના જોરે શાબાશી લેવા એ તો બધાંયને સારું લાગે! તું તારા પગ ઉપર ઊભી રહે તો ખબર પડે કે કેટલા પૈસે રૂપિયો થાય છે!''

સુભાંગી કશું બોલી નહીં. વાત વધી પડવાનો એને ભય લાગતો હતો. મા બાપ આ બધું સાંભળતાં હતાં. એમને રામુની વાત ઉપર ગુસ્સો આવ્યો. તુલસી મહેતાથી હવે રહેવાયું નહીં. તેણે કહ્યું – ''રામુ, એના સાથે શું કરવા લડે છે?''

''એમાં તમને શું કરવા ચચરે છે? તમને તો નથી કહેતો ને હું?''

''હું જીવું છું ત્યાં સુધી તું એને એક શબ્દેય કહી શકીશ નહીં. મારા મરી ગયા પછી જે કરવું હોય તે કરજે. બીચારીને જરીવાર ઝંપવાય નથી દેતા.''

રામૂ ઉશ્કેરાયો – ''તે તમને બહુ બળતું હોય તો ફરોને એને ગળે





બાંધીને! મારાથી તો હવે સહન થતું નથી.''

''તે એમ થશે હવે. કાલે જ પાંચ જણને બોલાવીને વહેંચી નંખાવીશ બધું. તું ભલે જુદો થાય. પણ સુભાંગીને આ ઘરમાંથી જુદી નહીં કરાય, સમજ્યો!''

રાત્રે તુલસીને પેલી જૂની ઘટના યાદ આવી. રામુ જન્મ્યો ત્યારે પાસે પૈસા ન હોવા છતાં દેવું કરીને ઉત્સવ ઊજવ્યો હતો. પણ સુભાંગીના જન્મ વખતે પાસે પૈસા હોવા છતાં રાતીપાઇ ખર્ચી ન હતી. રામુને એ રતન સમજતો હતો. આજે એને એ પુત્રરત્નની કિંમત સમજાઇ હતી.

બીજે દિવસે પંચ બોલાવી કહ્યું – ''પંચો, હવે હું અને રામુ એક ઘરમાં સાથે રહી શકીએ એમ નથી. તમે ન્યાયની રીતે મને જે આપશો તે લઇને હું જુદો રહીશ. રાત દાહાડાનો કકળાટ હવે મારાથી નથી ખમાતો.''

ગામના મુખી સજ્જજનસિંહ સજ્જન માણસ હતા. રામુને બોલાવીને એમણે કહ્યું – ''ભાઇ, તું તારાં માબાપથી જુદો રહેવાનું શું કામ વિચારે છે? તને શરમ નથી આવતી કે બૈરીના કે'વાથી માબાપને જુદાં ધકેલી કાઢે છે?રામ! રામ!''

''ભેગું રહેવું ના પાલવે એમ હોય તો જુદા રહેવામાં શો વાંધો?''

''પણ તને ભેગા રહેવામાં શો વાંધો છે?''

''એક કારણ હોય તો કહેવાયેય ખરું.''

''પણ કંઇક તો કહે.''

''મારાથી હવે ભેગા નહીં રહેવાય. બસ, મારે બીજું કશું નથી કહેવું, સાહેબ!''

કહીને રામુ ચાલ્યો ગયો.

તુલસીએ કહ્યું – ''જોયો ને એનો મિજાજ!'' તમે ચારમાંથી ત્રણભાગ એને આપી દો. પણ એ અક્કરમીની સાથે હવે મારાથી નહીં રે'વાય. ભગવાને આ છોકરીનું દુઃખ આલ્યું છે મને નહીં તો મારે ખેતીવાડી

લઈને શું કરવી 'તી! જ્યાં રહેત ત્યાં રોટલો રળી લેત! ભગવાન આવો દીકરો તો દુશ્મનનેય ના આપે. કુળવાન હોય તો તો છોકરા કરતાં છોકરી સારી!

સુભાંગીએ ત્યાં આવીને કહ્યું – "બાપા, આ બધી આફતનું મૂળ જ હું છું. મને જ રે'વાદ્યો જુદી! મે'નત મજૂરી કરીને હું પેટનો ખાડો પૂરી લઈશ. મારાથી થશે એટલી તમારી સેવા કરીશ, પણ રહીશ તો જુદી જ ઘર ખેતીના ભાગલા મારાથી જોયા જતા નથી. હું એનું નિમિત્ત બનવાનું નથી ઈચ્છતી."

"બેટા, તને તો હું છોડી શકું જ નહીં, ભલે મારા પ્રાણ છુટી જાય. રામુની સાથે રહેવાની વાત તો એક બાજુ રહી પણ હવે તો મને એનું મોંઢું જોવુંય ગમશે નહીં."

રામુની વહુ તાડૂકી – "તે તમારે મોંઢું જોવું ના હોય તો અમેય ક્યાં તમારી પૂજા કરવા તળે ઉપર થઈ રહ્યાં છીએ?"

તુલસીનો ગુસ્સો વધી ગયો. ઊઠીને એ રામૂની વહુને મારવા જતો હતો પણ લોકો એ એને ઝાલી લીધો.

લાગભાગ જુદા થયા પછી તુલસી અને લક્ષ્મીને નિરાંત થઈ. પહેલાં તો એ બંન્ને જણાં સુભાંગીના ના કહેવા છતાં કંઈક ને કંઈક કામ કરતાં પણ હવે એમને પૂરતી રાહત હતી. સુભાંગીએ કરકસર કરીને ભેંશ લીધી. મા બાપને હવે દૂધ ઘીની ખોટ ના રહી. ઘરડાં માણસોને તો ખાવા પર જ જીવ લલચાયને!

આખા ગામમાં સુભાંગીની વાહવાહ થઈ રહી. લોકો કહેતા – "એ તો દેવી છે, દેવી. કામેય કરે છે ને માબાપની સેવાચાકરીય કરે છે."

પણ તુલસી મહેતાના નસીબમાં આ સુખ ઝાઝું ભોગવવાનું લખ્યું ન હતું.

તુલસી મહેતાને તાવ આવ્યો. લૂંગડાં લત્તાનું ભાનેય રહેતું નહીં. લક્ષ્મી એની પાસે બેસીને રડ્યા કરતી. સુભાંગીની પાસે મહેતાએ પાણી માગ્યું. સુભાંગી પાણી લઈને આવે તે પહેલાં તો એમણે ભાન ગુમાવી દીધું. હાથપગ ઠંડા પડી ગયા. શરીર જાણે લાકડા જેવું થઈ ગયું! સુભાંગી એ જોયું



ને એ ગભરાઈ ગઈ. એ રામુને ઘેર દોડી ગઈ. જઈને એણે કહ્યું – "ભાઈ, ભાઈ! બાપા બોલતા નથી. સાત દહાડાથી ભારે તાવ આવ્યો છે. જુઓને, લાકડા જેવું લાકડું થઈ ગયા છે."

ખાટલા પર સૂતાં સૂતાં જ રામુએ કહ્યું – "તે હું કંઈ ઓછો વૈદ્ય કે હકીમ છું કે તાવ ઉતારી દેવાનો છું. તું તો એમના હૈયાનો હાર હતી ને! હવે મરવા પડ્યા છે ત્યારે મને બોલાવવા આવી છે?"

રામૂની વાત સાંભળી વહુએ બહાર આવતાં કહ્યું – "શું થયું છે બાપાને?"

ત્યાં રામૂએ જ જવાબ આપતાં કહ્યું – "શું થવાનું છે! જરા બરાગર થઈ આવી હશે. તે એમાં મરી ઓછા જવાના છે?"

સુભાંગી અક્ષરેય બોલ્યા વગર પહોંચી સજ્જનસિંહ પાસે. એના ગયા પછી હસીને રામુએ એની પત્નીને કહ્યું – "સ્ત્રી ચરિત્ર આને કહેવાય, જોયુંને?"

એની પત્નીએ કહ્યું – "એમાં સ્ત્રીચરિત્ર શાનું? જાઓને, જતા કેમ નથી?"

"મરી જઈશ તોય હું એમને ઉંબરે પગ નહીં મેલું."

"'મરી જશે તો આગ મેલવા તો જશો ને?" જરાક હસતાં એણે કહ્યું.

"ના,ના,ના. આગ મેલશે એમની સુભલી."

"તમે છો ને. એ શું કરવા મેલે?"

"મારા હોવા છતાં બાપને લઈને જુદા રહેવાયું છે તે આગ નહીં મેલાય?"

"તમે એવું ના બોલો. જે થતું હોય તે થાય. ઠીક, ત્યારની વાત ત્યારે. ગમે તેમ તોય બાપ છે ને! ગામમાં મોંઢું બતાવવાનું છે આપણે તો!"

"રે'વાદ્યે તારું ડા'પણ. મને ઉપદેશ આપવા બેસી ગઈ છું તે

પાછી.''

સુભાંગીને મોંઢે તુલસી મહેતાની ખબર સાંભળતાં જ એ એની સાથે ઘેર ચાલ્યા આવ્યા. મહેતાની સ્થિતિ તો વધારે વણસી ગઈ હતી. નાડીનુંય ઠેકાણું ન હતું. હવે દિવસો પૂરા થયા હતા. અશ્રુભીની આંખો એ તુલસીના કાન પાસે મોં લાવી બે ત્રણ વાર પૂછ્યું – ''તુલસી મે'તા, કેમ છે?''

આંખ ધીમે ધીમે ઊઘાડતાં ઊઘાડતાં ગળામાં ને ગળામાં તુલસી બોલ્યો – ''સારું છે. જવાની વેળા થઈ છે. મારી દીકરીને હવે તમારા હાથમાં સોંપું છું. તમે જ એના બાપ.''

સજ્જનસિંહે રડતાં રડતાં કહ્યું – ''ચિંતા ના કરશો મહેતા. ઈશ્વરની મરજી હશે તો સૌ સારાં વાના થશે. સુભાંગીને મેં મારી દીકરી તરીકે જ ગણી છે. ને જીવીશ ત્યાં સુધી એને હું મારી દીકરી જ ગણીશ. તમે ચિંતા ના રાખશો. સુભાંગી ને લક્ષ્મીનો કોઈ વાળેય વાંકો નહીં કરી શકે. બીજું કશું કહેવાનું હોય તો એય કહી દો.''

''બીજું કશું નથી કે'વું. ભગવાન સુખી રાખે તમને.''

''રામુને બોલાવી લાવું? એણે કરેલી ભૂલોની એને માફી આપી દો.''

''ના ,ભાઈ! એ પાપીનું મોં જોઈ મારે મારું મોત નથી બગાડવું.''

ને પછી પુણ્યદાન કરવાની તૈયારીઓ થવા લાગી.

આખા ગામની સમજાવટ છતાં રામુ બાપના અગ્નિ સંસ્કાર કરવા તૈયાર ના થયો. એ તો કહેતો હતો – ''મરતી વેળાએય જે બાપે મારું મોંઢું જોવાની ના કહી એ મારો બાપ શાનો? ને હું એનો દીકરોય શાનો?''

લક્ષ્મીએ પતિની દાહક્રિયા કરી. જોતજોતામાં તેરમાનો દિવસ આવ્યો. મરણોત્તર ક્રિયા માટે એકઠી કરેલી ચીજ વસ્તુઓ જોઈ ગામવાળા મોંમાં આંગળાં નાખી ગયા. વાસણ કુસણ, કપડાં, ઘી, ખાંડ, ઘઊં વગેરે મોટા જથ્થામાં લાવવામાં આવ્યાં હતાં. રામુ તો જોઈને બળવા લાગ્યો. એને



થતું હતું કે સુભાંગી આટલા બધા પૈસા લાવી ક્યાંથી?

મા કહેતી – ''બેટી, પથારી જોઈને જ સોડ તાણજે. હવે કોઈ કમાનાર નથી. હવે તો જાતે જ ઝઝૂમવાનું છે.''

''મા, બાપુની ક્રિયા તો ધામધૂમથી થશે. ચાહે આ ઘર રહે કે જાય. બાપુ હવે પાછા થોડા આવવાના છે સુખ ભોગવવા? મારે ભાઈને બતાવી દેવું છે કે અબળા શું શું કરી શકે છે! એને એમ હશે કે બાપાને આપણે તાણી કાઢીશું. પણ હું એનું અભિમાન ઉતારી દઈશ.'' – સુભાંગીએ કહ્યું.

લક્ષ્મી કશું બોલી નહીં. તેરમાના દિવસે આઠ ગામના બ્રાહ્મણોને બ્રહ્મભોજન કરાવાયું. ચારે બાજુ વાહવાહ થઈ ગઈ.

પાછલા પહોરનો સમય હતો. લોકો જમી જમીને ચાલ્યા ગયા હતા. લક્ષ્મી તો થાકીને સૂઈ ગઈ હતી. સુંભાગી બધું ઠેકાણે પાડતી હતી. ત્યારે સજ્જનસિંહે આવીને કહ્યું – ''દીકરી! તું પોરો ખા હવે. સવારે બધું થશે.''

સુભાંગીએ કહ્યું – ''હજુ થાક નથી લાગ્યો. આપે કેટલા રૂપિયા ઉમેર્યા હતા?''

''તારે શું કામ છે, બેટી?''

''કશું નહીં. પૂછું છું હું તો.''

''ત્રણસો રૂપિયા હશે.''

''હું એ રૂપિયાની દેણદાર છું, કાકા.''

''તે હું ક્યાં તારી પાસે માંગું છું. તારો બાપ તો મારો મિત્ર અને ભાઈ હતો. એ નાતે મારોય કંઈક ધર્મ તો હોય ને?''

''આપની ઓછી દયા છે, કાકા! નહીં તો મને વળી ત્રણસો રૂપિયા કોણ આપે?''

સજ્જનસિંહ તો સુભાંગીની ધર્મ બુદ્ધિ જોઇ આફરીન થઇ ગયા.

પચાસ વર્ષના લાંબા સહજીવન પછીનો પતિનો વિયોગ લક્ષ્મી માટે દુસહ્ય થઇ રહ્યો. એ તો ચુંદડી ઓઢીને જવા ઇચ્છતી હતી. પણ ઇશ્વરને એ મંજૂર ન હતું. માણસને માગ્યું મોત થોડું મળે છે?

જે લક્ષ્મી આખા ગામમાં એની બુદ્ધિમતા માટે જાણીતી હતી. સુખ દુઃખના સમયમાં જે બીજાંને સલાહ શિખામણ આપતી હતી તે જ લક્ષ્મી હવે ગાંડા જેવી થઇ ગઇ હતી. તેની વાતમાં પણ હવે કોઇ ભલીવાર હોતો નહીં.

લક્ષ્મીએ એ દિવસથી અન્નજળનો મોહ મેલી દીધો. હવે એને ગળે ધાન ઊતરતું ન હતું. પચાસ વરસોમાં એક પણ દિવસ એવો નહીં હોય કે પતિને ખવડાવ્યા વગર એણે ખાઇ લીધું હોય. હવે એ નિયમ શી રીતે તોડવો?

એ દિવસે દિવસે દુર્બળ થતી ગઇ. હાથ પગ જાણે ભાંગી ગયા. એ ખાટલે પડી. સુભાંગી હવે શું કરે! સજ્જનસિંહ ઠાકુર સાહેબના રૂપિયા ભરપાઇ કરવા તન તોડીને કામ કરવાની જરૂર હતી. ઘેર મા માંદી હતી. માને મૂકીને ઘર બહાર જવાય એમ ન હતું. માની સ્થિતિ જોઇ સુભાંગી પામી ગઇ હતી કે એની ટિકિટ પણ ફાટી ચૂકી હતી! બરાબર મહેતાના તાવ જેવા જ તાવે એને ઝાલી લીધી હતી.

દોડધામ કરવા જેટલોય સમય ન હતો. સુભાંગી પાસે. સજ્જનસિંહ સવાર સાંજ આવીને લક્ષ્મીને દવા પીવડાવતા. સુભાંગીને આશ્વાસન આપતા. અને પછી ચાલ્યા જતા. લક્ષ્મીની સ્થિતિ સુધરતી ન હતી. બધા પ્રયત્નો નકામા ગયા, પંદર દિવસ માં જ એ પણ પતિના રસ્તે ચાલી નીકળી. અંતિમવેળએ રામુ ઘેર આવી માના ચરણ સ્પર્શ કરવા ઇચ્છતો હતો. પણ લક્ષ્મીએ એને એવો તો ઉધડો લીધો હતો કે તે તેની પાસે પણ જઇ શક્યો ન હતો. છેલ્લા શ્વાસ લેતાં લેતાં એણે કહ્યું – ''બેટા, સુભા! તારા જેવી દીકરી પામીને તો હું તરી ગઇ. મારી મરણ ક્રિયા પણ તું જ કરજે બેટા, ભગવાનને મારી એ જ અરજ છે કે આવતે જન્મે પણ તને મારી કુખે જન્મ આપે.''





માના મૃત્યુ પછી સુભાંગીની એક જ તમન્ના હતી, અને તે ઠાકુર સાહેબનું ઋણ ચૂકવવાની. રૂપિયા ત્રણસો પિતાના કામમાં જોડ્યા હતા એમણે અને રૂપિયા બસો માતાની ક્રિયામાં. રૂપિયા પાંચસોનું માથે દેવું હતું. પણ એ હિંમત હારી નહીં. ત્રણ વર્ષ પછી સુભાંગી એ રાત દિવસ એક કરીને તનતોડ વૈતરું કર્યું. એના કામ કરવાની શક્તિ અને પૌરુષતા જોઇ ભલભલાની છાતી બેસી જતી. દિવસ આખો એ ખેતીનું કામ કરતી અને સાંજે ખેતરેથી આવીને અધ અધમણ દળણું દળતી. મહીનાના છેલ્લા દિવસે એ પંદર રૂપિયા લઇને સજ્જનસિંહ પાસે પહોંચી જતી. એમાં ક્યારેય ચૂક થતી ન હતી.

હવે ચારે બાજુથી એની સગાઇ માટે માગાં થવા લાગ્યા. સૌ કહેતાં – ''સુભાંગી જેને ઘેર પગલાં પાડસે એનું નસીબ ખીલી ઊઠશે.''

જે દિવસે સુભાંગીએ છેલ્લો હપ્તો ચૂકવ્યો, તે દિવસે એના આનંદનો પાર ન હતો. એ દિવસે એના જીવનનું કઠોર વ્રત પૂરું થયું હતું.

પૈસા આપીને એ પાછી ફરતી હતી ત્યારે સજ્જનસિંહે કહ્યું – ''બેટી, મારે તને એક વિનંતી કરવી છે. તું કહેતો કરું. પણ મારી વિનંતી માનવાનું વચન આપવું પડશે.''

કૃતજ્ઞભાવે સુભાંગીએ કહ્યું – ''આપની વાત નહીં માનું તો કોની વાત માનીશ? મારું તો રૂંવેરૂંવું તમારું ગુલામ છે.''

''તારા મનમાં એવી જ લાગણી હોય તો મારે કહેવું નથી. મેં આજ સુધી તને એટલા માટે કહ્યું નથી કે તું મને તારી દેવાદાર માનતી હતી. હવે દેવું ચૂકવાઇ ગયું. મારો તારા પર કશો ઉપકાર રહ્યો નથી, બોલ, હવે કહું?''

''આપની શી આજ્ઞા છે, કાકા!''

''જો મારી વાત પાછી ના ઠેલતી! એમ કરીશ તો તને હું ફરી મોંઢું નહીં બતાવું.''

"મારું વચન છે, કાકા!"

સજ્જનસિંહે કહ્યું – "મારી ઇચ્છા છે કે તું મારી પુત્રવધૂ થઈને મારું ઘર પવિત્ર કરે. હું નાતજાતનો વિરોધી ન હતો, પણ તેં મારો ભ્રમ ભાંગી નાખ્યો છે. મારો પુત્ર તારા નામનો પૂજારી બની ગયો છે. તેં જોયો છે એને. બોલ શું વિચાર છે તારો?"

"એટલું સન્માન મેળવીને તો હું ગાંડી થઈ જઈશ."

"બેટા! તારું સન્માન તો ભગવાન કરી રહ્યો છે. તું તો સાક્ષાત્ મા જગદમ્બાનો અવતાર છે."

"હું તો આપને મારા પિતા સમજું છું. આપ જે કરશો તે મારા ભલા માટે જ કરતા હશો. આપની આજ્ઞાનો ઇન્કાર શી રીતે કરી શકું!"

સજ્જનસિંહે સુભાંગીને માથે હાથ મૂકી કહ્યું – "બેટા, તારું સૌભાગ્ય અમર રહો, તેં મારી વાત સ્વીકારી એ જ મારે માટે મોટા ભાગ્યની વાત ગણાય. આ સંસારમાં મારા જેવો ભાગ્યાશાળી બીજો કોણ હશે?"



## અનુભવ

પ્રિયતમને એક વર્ષની સજા થઈ. ત્રણ દિવસ પહેલાં જેઠ મહિનાના એક આકરા બપોરે દેશના કેટલાક સ્વયંસેવકોને એણે ઠંડો શરબત પાઈ આદર આપ્યો હતો. એ એકમાત્ર એનો ગુનો. તે વખતે હું અદાલતમાં ઊભી હતી. કોર્ટરૂમની બહાર નગરની રાજનૈતિક ચેતના કોઈક જકડાયેલા પશુની જેમ ઊભીઊભી કણસતી હતી. મારા પ્રાણ ધનને હાથકડીઓથી બાંધી હાજર કરવામાં આવ્યા. ચારે બાજુ નિર્જીવ શાંતિ છવાઈ હતી. મારી અંદર આંધી ઊઠી હતી. મારા પ્રાણ ખળભળી ઊઠ્યા હતા. અરે! મને આટલું અભિમાન ક્યારેય થયું ન હતું!

કોર્ટનો એ ઓરડો, ખુરશી ઉપર બેઠેલો એ અંગ્રેજ અધિકારી, લાલ પાઘડિયો પહેરલા પોલીસો. બધું જ મારી નજરે તુચ્છ લાગતું હતું. મારા પ્રાણ પતિના ચરણોમાં આળોટીને જીવ કુરબાન કરવાનું મને મન થઈ આવતું હતું. કેવું શાંત, અડગ અને સ્વભિમાનથી ઝળહતું એમનું વ્યક્તિત્ત્વ હતું! દુઃખ, વેદના અને ભયનું તો નામનિશાન મળે નહીં. એને બદલે એમના ચહેરા પર સ્ફુર્તિ ચમકતી હતી. હોઠો ઉપર મનોરમ હાસ્ય ફરકતું હતું. આવા મામૂલી ગુના માટે એક વર્ષનો કઠોર કારાવાસ! વાહ રે, ન્યાય! હું તો એવા એક હજાર ગુના કરવા તૈયાર હતી.

પ્રાણનાથે જતી વેળા એકવાર મારી સામું જોયું, જરાક હસ્યા પણ પછી એમનું મુખ કઠોર થઈ ગયું. અદાલતમાંથી આવ્યા બાદ મેં પાંચ રૂપિયાની મિઠાઈ મંગાવીને સ્વયંસેવકોને ખવડાવી પછી સંધ્યાકાળે પહેલી વાર હું કોંગ્રેસના જલસામાં સામેલ થઈ. એટલું જ નહીં, મંચ ઉપર જઈને મેં પ્રવચન આપ્યું અને સત્યાગ્રહની પ્રતિજ્ઞા લીધી. મારા અંતરાત્મામાં આ અદીઠ જ્યારે બધુંય લૂંટાઈ ગયું છે ત્યારે ભય શાનો? વિધાતાની સખતમાં સખત શિક્ષા પણ હવે મારું શું બગાડી શકવાની હતી?

બીજે દિવસે મેં બે તાર કર્યા. એક બાપુજીને કર્યો અને બીજો સસરાને. મારા સસરાને પેન્શન મળતું હતું. પિતાજી જંગલખાતામાં ઊંચા હોદ્દા પર હતા. આખો દિવસ પસાર થઈ ગયો. ઘણી રાહ જોઈ. પણ તારનો કશો પ્રતિભાવ સાંપડ્યો નહીં. બીજા દિવસે પણ કોઈ ખબર ના આવી. ત્રીજે દિવસે બાપુજી અને સસરાજીના પત્રો આવ્યા. બંન્ને રાતાપીળા થઈ ગયા હતા. સસરાજીએ લખ્યું હતું – ‘‘તમે ઘડપણમાં મારું ભરણપોષણ કરશો એવી મારી આશા ધૂળમાં મેળવી દીધી છે. હવે તું એવું ઇચ્છે છે કે હું ભીખ માંગુ? મને પેન્શન મળે છે. તને આશરો આપીને મારું સરકારી પેન્શન ખોઈ બેસવાનું હું પસંદ નહીં કરું. પિતાજીએ આટલું કડક તો ન હતું લખ્યું પણ એમનો કહેવાનો ભાવાર્થ પણ એનાથી કંઈ જુદો ન હતો. વળી આ વર્ષે એમને પ્રમોશન પણ મળવાનું હતું. મને જો આશરો આપે તો કદાચ બઢતી અટકી પણ જાય! મેં બંન્ને પત્રો ફાડીને ફેંકી દીધા! એ પછી મેં બેમાંથી કોઈનેય ફરી પત્ર લખ્યો નહીં. હે સ્વાર્થી! તારી માયાનો પાર ક્યાંથી પામી શકાય! પોતાના સ્વાર્થમાં અવરોધ આવવાની બીકે પિતા પોતાની ઓલાદ પ્રત્યે પણ નિર્દય બની જાય એ કેવી વિચિત્રતા! સસરાજીની વહુ પ્રત્યેની ઉદાસીનતાનો જોટો જડવોય મુશ્કેલ હતો. ભલે, મારી ઉંમરેય શી છે હજું તો! આખો મુલક પડ્યો છે હજુ!’’

મારે માટે નવી ચિંતાનું નિર્માણ થયું હતું. હવે આ નિર્જન વગડા જેવાઘરમાં નિરાધાર, નિરાશ્રય શી રીતે રહેવાશે? પણ રહું નહીં તો બીજે જાઉં પણ ક્યાં? હું સ્ત્રીને બદલે પુરુષ હોત તો કોંગ્રેસની ટોળીમાં ભળી જાત. અથવા તો મહેનત મજૂરી કરીને રોટલો રળી લેત. પણ આખરે તો હું એક અબળા, મને મારા જીવના રક્ષણની પડી ન હતી. મને જો કોઈ ચિંતા કે ભય હોય તો તે મારા નારીત્ત્વના રક્ષણનાં હતાં.

કોઈકની બૂમ સાંભળીને મેં નીચે ડોકિયું કર્યું. બે માણસો ઊભેલા દેખાયા. થયું કે લાવ પૂછી જાઉં કે તમે કોણ છો? કેમ અહીં ઊભા છો? પણ મને બીજી જ પળે વિચાર આવ્યો કે, એવું પૂછવાનો મને શો અધિકાર? આતો જાહેર રસ્તો કહેવાય. જેની મરજી પડે એ ઊભો રહે!

પણ મને મનમાં શંકા થઈ આવી. કોઈ રીતે મારું મન શંકામુક્ત થતું ન હતું.



ગરમી તો એટલી કે વાત જ ના પૂછો. આખું શરીર બળતું હતું. છતાંય મેં ઓરડાનું બારણું બંધ કરી અંદરથી સાંકળ ચઢાવી દીધી. ઘરમાં એક રામપૂરી ચપ્પું હતું. એ શોધી કાઢીને પાસે જ રાખ્યું. પેલી શંકા મારી સામે ડાકિયા કુતરાની જેમ ઘૂરકિયાં કરતી હતી જાણે!

મને કોઈકની બૂમ સંભળાઈ. મારાં રોમેરોમ ઊંચાં થઈ ગયા. મેં બારણે કાન માંડીને સાંભળવા પ્રયત્ન કર્યો. કોઈક સાંકળ ખટખટકાવતું હતું. મારા હૃદયના ધબકારા વધી ગયા. જાણે લુહારની ધમણ ના ચાલતી હોય! મને થયું કોણ હશે? શું કામ હશે મારું? હું ગભરાઈ ગઈ. મેં બારણું ઊઘાડ્યું જ નહીં. છજા ઉપર આવી જોરથી કહ્યું – ‘‘કોણ સાંકળ ખખડાવે છે?’’

જવાબ સાંભળીને મારે કાળજે ટાઢક વળી. મારો જીવ હેઠે બેઠો. એ તો બાબૂ જ્ઞાનચંદ હતા. મારા પતિના જીગરજાન દોસ્ત. એમની સજ્જનતાની તો વાત જ ના પૂછો! નીચે જઈને મેં ઘરનું બારણું ઊઘાડ્યું. જોયું તો એમની સાથે એક સ્ત્રી પણ હતી. એ હતાં એમનાં શ્રીમતીજી. મારાથી મોટાં. આજે પહેલીવાર જ મારે ઘેર આવતાં હતાં. મેં એમના ચરણ સ્પર્શ કર્યા. અમારે ત્યાં મિત્રતા પુરુષો પૂરતી જ મર્યાદિત રહેતી હતી. સ્ત્રીઓ સુધી એ પહોંચતી નહીં.

બંન્ને ઉપર ગયાં. જ્ઞાનબાબૂ એક શાળામાં શિક્ષક છે. તેઓ ઉદાર, વિદ્વાન, નિષ્કપટ હતા.પણ એમના એ સદ્‌ગુણો માટે એમની સહધર્મચારીણિ જ જવાબદાર હતાં એવું મને સ્પષ્ટ સમજાતું હતું. એમની પત્ની જરાક જાડી પણ પ્રતિભાવાન સ્ત્રી હતી. એના મુખ ઉપર જબરો મિજાજ તરવરતો હતો. શરીર ઉપર એટલાં તો ઘરેણાં પહેરેલાં કે અપાર કેરીઓથી લૂમીઝૂમી રહેલી કોઈ આંબડી ના હોય! મોંઢું એનું ભલે સુંદર ન હતું પણ આકર્ષક જરૂર હતું. ગૌરવની જીવતી જાગતી પ્રતિમા. એ બહારથી જેટલી કઠોર જણાતી હતી તેટલી એના હૃદયથી કોમળ હતી.

એમણે થોડાક સંકોચ સાથે પ્રશ્ન કર્યો – ‘‘ઘેર પત્ર લખ્યો કે?’’

‘‘હા, લખ્યો હતો.’’

‘‘કોઈ આવે છે, તેડવા?’’

“ના. પિતાજી કે સસરા બેમાંથી કોઈ મને એમની સાથે રાખવા નથી ઈચ્છતા.”

“તો પછી હવે?”

“હવે તો અહીં જ રહીશ.”

“તો પછી મારે ઘેર શા માટે નથી આવતી? તને એકલીને તો હવે હું આ ઘરમાં નહીં રહેવા દઉં.”

“જાસૂસોના બે માણસો અત્યારે પણ અહીં છે જ.”

“મને પહેલેથી જ ખ્યાલ આવી ગયો હતો એ તો.”

જ્ઞાનબાબૂએ પત્નીની સામે જોઈને જાણે એની આજ્ઞાથી કહ્યું – “તો લઈ આવું ઘોડાગાડી હું?”

એમની પત્નીએ એવી કરડી નજરથી જ્ઞાનબાબૂ સામે જોયું જાણે કે એમ કહી રહી ના હોય કે – “તમે હજુ અહીં જ ઊભા છો? ગયા નથી?”

જ્ઞાનબાબૂ છાનામાના બહાર નીકળી ગયા.

“ઊભા રહો. કેટલી ઘોડાગાડી લાવશો?”

“કેટલી લાવું?”

“એક કરતાં વધારે. એક ગાડીમાં તો ત્રણ જણથી જ બેસી શકાશે. પછી પેટી, પથારી, વાસણ કુસણ વગેરે શું માથે મૂકીને લઈ જઈશું?”

“તો બે ઘોડાગાડી લાવીશ.” ગભરાતાં ગભરાતાં જ્ઞાનબાબૂએ કહ્યું.

“તે એક ગાડીમાં કેટલો સમાન ભરાશે?”

“તો ત્રણ લઈ આવું?”

“તો જાઓને પણ. જરાક અમથી વાતમાં એક કલાક કરી નાખ્યો.”



જ્ઞાનબાબૂ ચાલી નીકળ્યા. મેં સંકોચ સાથે કહ્યું – “બહેન, મારા જવાથી તમને દુઃખ થશે, અને...”

દેવીજીએ તીક્ષ્ણ અવાજે કહ્યું – “હા, દુઃખ તો જરૂર લાગશે. તું બે ટંકે બે ત્રણ રોટલી ખાય, એક ખૂણામાં પડી રહે, માથામાં થોડું તેલ નાખે એ તે કંઈ તકલીફ કહેવાય!”

“અરે, આપ તો મને શરમાવો છો.”

દેવીજીએ આત્મીયતાથી મારી પીઠ થાબડતાં કહ્યું – “તારા બાબૂજી પાછા આવી ગયા બાદ મને પણ તારે ઘેર મહેમાન તરીકે રાખી લેજે. મારું નુકસાન ભરપાઈ થઈ જશે. બસ, હવે થઈને રાજી? ચાલો, બાંધવા માંડો ઘરવખરી. ખાટલા બાટલા કાલે મંગાવી લેવાશે.”

મેં આવી સહૃદય, ઉદાર, પ્રેમાળ અને મૃદુભાષી સ્ત્રી ક્યારેય જોઈ ન હતી. ચિંતા અને ક્રોધ ઉપર એણે સંપૂર્ણ વિજય મેળવ્યો હતો. એના ચહેરા ઉપર સદાય આનંદ તરવરતો હતો. એને પેટ કોઈ સંતાન ન હતું છતાં એનું એને દુઃખ ન હતું. ઘર બહારનાં કામ માટે એક નોકર રાખ્યો હતો. ઘરની અંદરનું કામ એ પોતે જ કરતી હતી. ખૂબ જ ઓછું ખાઈને અને ઘણું વધારે કામ કરીને એ આટલી તુંદરસ્ત શી રીતે રહી શકતી હશે એ આજેય મારે માટે એક કોયડો છે.

આરામને એ હરામ માનતી. વૈશાખ જેઠ જેવા આકરા તડકામાંયે બપોરે ઘડીભર પોરો ખાવા એ આડે પડખેય થતી ન હતી. મને તો એ તણખલું તોડીને બે કટકાય કરવા દેતી નહીં. મને એ થોડી થોડી વારે એ કશુંક ખાવા પીવા મજબૂર કરતી.

આઠેક દિવસ પસાર થયા હશે ત્યાં એકવાર મેં પેલા બે જાસૂસોને નીચે બેઠેલા જોયા. એ અભાગીયાએ શું કામ મારો પીછો છોડતા નહીં હોય! મેં તરત જ દેવીજીને કહ્યું – “પેલા બે બદમાશ અહીં પણ આંટાફેરા મારે છે.”

“કૂતરા જેવા છે. એ, ભલે આંટાફેરા મારતા એ.”

''પણ કોઇ કપટ ના કરે એ!''

''ભસ્યા સિવાય બીજું શું કરશે?''

''અરે, એ તો કરડીયે જાય.''

''પણ એમની બીકથી ઓછું કંઇ નાસી જવાય?''

પણ મારે તો જાણે દાળમાં માખ પડી. હું વારંવાર છજા ઉપર જઇ એમને આંટાફેરા મારતા જોવા લાગી. એ બધાં શું કામ મારી પાછળ પડ્યા હશે? મેં નોકરશાહીનું શું બગાડ્યું છે? મારામાં એવી હિંમતેય ક્યાંથી હોય! શું એઓ મને આમ અહીંથી નસાડી મૂકવા માગે છે? કેટલા અધમ માણસો છે એ?

આમને આમ એક અઠવાડિયું પસાર થઇ ગયું. જાસૂસો એ મારો પીછો ના છોડ્યો. મારો જીવ મુંઝાતો હતો. આવી સ્થિતિમાં અહીં રહેવું મને યોગ્ય લાગ્યું નહીં. પણ હું દેવીજીને કશું કહી શકતી ન હતી.

એક દિવસ સાંજે જ્ઞાનબાબૂ આવ્યા. તેઓ ગભરાયેલા જણાતા હતા. હું ઓરડામાં પરવળ છોલતી હતી. જ્ઞાનબાબૂએ એમની પત્નીને ઇશારો કરી પાસે બોલાવી.

દેવીજીએ બેઠાં બેઠાં જ કહ્યું – ''અરે, પહેલાં કપડાં બદલીને હાથ મોં ધોઇ લ્યો. થોડું ખાઇ પી લ્યો. પછી કહેજો જે કહેવું હોય તે.''

પણ જ્ઞાનબાબૂને ધીરજ રહી નહીં. પેટમાં હવે વાત રહે તેમ ન હતી. એમણે પત્નીને પાસે આવવાનો આગ્રહ કર્યો. કહ્યું – ''તું ઊઠતી નથી, પણ મારો તો જીવ જાય છે.''

''તે કહોને, શું વાત છે?''

''અહીં આવ.''

''અહીં ક્યાં કોઇ બીજું છે?''

હું ત્યાંથી ખસી ગઇ. શ્રીમતીજીએ મારો હાથ ઝાલી લીધો. જોર





કરવા છતાં હું મારો હાથ છોડાવી શકી નહીં. જ્ઞાનબાબૂ મારી હાજરીમાં કશું કહેવા ઇચ્છતા ન હતા પણ તેઓ ધીરજ રાખી શક્યા નહીં. કહ્યું – ''પ્રિન્સિપાલ સાથે મારે ઝઘડો થઇ ગયો.''

''ખરેખર! બહુ માર્યા તમે એમને?'' બનાવટી ગંભીરતાથી શ્રીમતીજીએ પૂછ્યું.

''તને મશ્કરી સૂઝે છે, પણ મારી તો નોકરી જવા બેઠી છે.''

''એવી બીક હતી તો લડ્યા શું કરવા?''

''હું ઓછો લડ્યો છું! એમણે બોલાવીને મને ધમકાવ્યો.''

''એમ વગર ગુનાએ?''

''શું કહું તને?''

''મારાથી વાત છુપાવવાની? મેં કહ્યું ને કે આ તો મારી બહેન છે. એનાથી વળી શું છાનું રાખવાનું!''

''પણ એના વિશે જ કોઇ વાત હોય તો?''

''સમજી ગઇ. પેલા જાસૂસોનો ઝગડો હશે. પોલીસે તમારા પ્રિન્સિપાલને કરી હશે ફરિયાદ!''

જ્ઞાનબાબૂને સમસ્યાનો આવો સરળ ઉકેલસ રુચતો ન હતો.

કહ્યું – ''પોલીસે પ્રિન્સિપાલને ફરિયાદ કરી નથી, પણ જિલ્લાના વડા અધિકારીને કરી છે. એમણે પ્રિન્સિપાલને બોલાવી મારો જવાબ લેવાનો હુકમ કર્યો હતો.''

એમની પત્નીએ ધારણા બાંધતાં કહ્યું – ''પ્રિન્સિપાલે તમને કહ્યું હશે કે, તમારા ઘરમાંથી પેલી સ્ત્રીને કાઢી મૂકો?''

''હા, એવું માન.''

''તમે શો જવાબ આપ્યો?'

"હમણાં તો કોઇ જવાબ નથી આપ્યો. ત્યાં શું કહું?"

શ્રીમતી જ્ઞાનબાબૂએ એમનો ઉધડો લેતાં કહ્યું – "જે સવાલનો જવાબ નક્કી હોય એ રજૂ કરવામાં વળી વિચાર શું કરવાનો?"

"પણ કંઇક તો વિચારવું જોઇએ ને?"

શ્રીમતી જ્ઞાનબાબૂ ગુસ્સે થઇ ગયાં. આજ પહેલીવાર મેં એને આટલી ક્રોધિત થયેલી જોઇ. તેણે કહ્યું – "તમે હમણાંને હમણાં જ તમારા એ પ્રિન્સિપાલને કહી આવો કે હું એ સ્ત્રીને મારા ઘરમાંથી કોઇ કાળે કાઢવાનો નથી. અને જો એમ કરતાંય એ ના માને તો પછી નોકરીમાંથી રાજીનામું આપી દેજો."

મેં રડતાં કહ્યું – "બહેન! મારી લીધે..."

શ્રીમતીજીએ મને ડાટી આપી. "તું છાની રહે હવે. વચમાં શું કામ કૂદી પડે છે? હવે તો જીવીશું પણ સાથે અને મરીશું પણ સાથે. આમને તો શું કહું? અડધી ઉંમર ગઇ તોય વાત કરતાં આવડ્યું નહીં." પછી પતિ તરફ નજર કરતાં કહ્યું – "શું તાકી રહ્યા છો? તમને બીક લાગતી હોય તો હુંમ જઇને કહી આવું?"

"તે કાલે કહીશ. કોણ જાણે અત્યારે તો એ ક્યાં હશે! શી ખબર!"

આખી રાત મને ઊંઘ આવી નહીં. બાપ અને સસરાએ જેનાથી મોં ફેરવી લીધું છે એનો આવો આદર! રસ્તે રઝળતી એક ભિખારણનું આવું માનપાન! દેવી, ખરેખર તું દેવી જ છે.

બીજે દિવસે જ્ઞાનબાબૂ ચાલ્યા તો શ્રીમતીજીએ ફરી ટકોર કરી – "આજે તો ફેંસલો કરીને જ આવજો. જોજો, પાછું, જવાબ આપવા વિચાર કરવો ના પડે!"

જ્ઞાનબાબૂના ગયા બાદ મેં કહ્યું – "બહેનજી, તમે મારી સાથે ભારે અન્યાય કરી રહ્યાં છો. મારે લીધે તમારે મુશ્કેલીમાં મુકાવું પડે એ સારું ના કહેવાય."

હસતાં હસતાં તેમણે કહ્યું – "હવે કહેવું છે આથી વધારે કશું?"



"કહી રહી. પણ હજુ તો ઘણું ઘણું કહેતી રહીશ."

"ભલે કહે. તારો પ્રિયતમ જેલમાં શું કરવા ગયો છે? એટલા માટે કે એણે કેટલાક સ્વયંસેવકોનો સત્કાર કર્યો હતો? કોણ છે એ સ્વયંસેવકો? એ આપણી સેનાના વીર સિપાઇઓ છે. જે દેશ માટે લડી રહ્યા છે. એમનેય માબાપ હશે. બૈરી છોકરાં હશે. છતાં એમણે એ બધાંનો ત્યાગ કર્યો છે. એવા દેશભક્તિના સત્કાર બદલ જો કોઇને જેલમાં ધકેલી દેવામાં આવે તો એની સ્ત્રીનાં દર્શન કરવાં એ એક લહાવો ગણાય. હું તારા પર અહેસાન કરી રહી નથી, ખરેખર તો તું જ મારા પર ઉપકાર કરી રહી છે."

હું જાણે દયા અને વિનમ્રતાના અગાધ સાગરમાં ડૂબકાં ખાવા લાગી. શો જવાબ આપી શકું?

સાંજે જ્ઞાનબાબૂ પાછા ફર્યા ત્યારે એમના મુખ ઉપર વિજયનો આનંદ સ્પષ્ટ વર્તાતો હતો. એમનાં શ્રીમતીજીએ પૂછ્યું – "સિંહ કે શિયાળ?"

જ્ઞાનબાબૂએ દૃઢતાથી કહ્યું – "સિંહ! મેં રાજીનામું આપી દીધું. તે જિલ્લાધિકારી પાસે ગયા. ત્યાં કોણ જાણે શી વાત થઇ હશે બંન્નેની વચ્ચે! પાછા ફરીને મને કહ્યું – "તમે રાજનૈતિક કાર્યક્રમોમાં તો નથી જતાને?"

મેં કહ્યું – "ભૂલથીયે નહીં."

"કોંગ્રેસના સભ્ય તો નથી ને?"

"મેમ્બર તો શું, મેમ્બરનો મિત્ર પણ નથી."

"કોંગ્રેસ ફંડમાં ફાળો તો નથી આપતા ને?"

"ફુટી બદામેય નથી આપતો."

"તો તમને મારે કશું કહેવાનું રહેતું નથી. હું તમારું રાજીનામું નામંજૂર કરું છું."

દેવીજીએ મને ગળે વળગાડી દીધી.

## લાંછન...

કદાચ ઈશ્વરે કોઈકને એવીં આંખો આપી હોત તે જેનાથી એ લોકોના હૃદયની અંદરની ગતિવિધિ જોઈ શકે. તો એની સામે નજર માંડીને જોઈ શકે. એવાં સ્ત્રીપુરુષો શોધવાંય મુશ્કેલ બની જાત. મહિલા આશ્રમની જુગનુબાઈ અંગે લોકોની માન્યતા કંઈક એવી જ હતી. તે ભણેલી ગણેલી, નિર્ધન વૃદ્ધ સ્ત્રી હોવા છતાં દેખાવે સુંદર હતી. સ્મિત તો સદાય એના ચહેરા પર રમતું જ રહેતું. પણ જેમ કોઈ પ્રુફરીડરની આંખ ભૂલ ઉપર પડી જ જાય તેમ તેની આંખો અન્યના દોષો ઉપર જઈ બેસતી. જેની બાબતમાં જુગનુબાઈએ સાચી ખોટી બે ચાર વાતોને બહેકાવી હોય એવી સદ્‌ભાગી સ્ત્રી શહેરમાં શોધીય જડતી નહીં. દેખાવે સરળ લાગતી એ બાઈ જ્યારે કોઈની કુથલી કરવા બેસતી ત્યારે એ કઠોર જણાતી, એની આંખો પહોળી થઈ જતી. અને અવાજ રૂક્ષ થઈ જતો. એની ચાલ બિલાડી જેવી સંયમ પૂર્ણ. છાનીછપની કોઈને કશીય ગંધ ના જાય એમ દબાતી ચંપાતી ચાલતી, પણ શિકાર હાથવગો આવતાં એ એવી તરાપ મારતી કે એના હાથમાંથી એ છટકી જ શકતો નહીં.

મહિલાશ્રમમાં કામ તો એનું સેવા કરવાનું હતું, પણ મહિલાઓ એને જોઈને જ કંપી જતી. એણે એવું ભયનું સામ્રાજ્ય ફેલાવ્યું હતું કે એની હાડરી માત્રથી હોઠો પર રમતું હાસ્ય વિલાઈ જતું. કિલકિલાટ કરતી ચકલીઓ જેવી સ્ત્રીઓનો કલરવ હવામાં ઓગળી જતો હતો. એના ચહેરા પર જોનારને પોતાના પાછલા જીવનનાં રહસ્યો દેખાતાં હતા જાણે! અતીતનાં રહસ્ય પોતાને ભૂતકાળને ભયંકર પ્રાણીની જેમ પાંજરામાં પૂરી રાખવાનું ના



ઈચ્છે એવું કોણ છે? શ્રીમંતોને ચોરી થવાની બીકે રાત્રે ઊંઘ નથી આવતી. અભિમાનીઓ એમના મિથ્યાઅભિમાનના રક્ષણની ચિંતામાં રચ્યા પચ્યા રહે છે. પણ પહેલાં સૂક્ષ્મ કીડાની જેમ રહેનાર જંતુ વખત જતાં ખૂબ મોટું અને શસક્ત થઈ જાય છે, અને આપણે એના સ્મરણ માત્રથી થરથર ધ્રુજવા માંડીએ છીએ.

આમ છતાં જુગનુબાઈને મોટે ભાગે સ્ત્રીઓ ધુત્કારતી નહીં. એનું પણ કારણ હતું. પિયર, સાસરી, મોસાળ કે ફોઈ માસીના ઘરની આબરૂ પણ બચાવવાની હતી. અને જે કિલ્લામાં ચારેબાદુ દરવાજા હોય એનું રક્ષણ શી રીતે થઈ શકે? આવી સ્થિતિમાં તો દુશ્મનની સામે નમતું જોખવામાં જ સલામતી છે. જુગનુના દિલમાં હજારો મડદાં દટાયેલાં પડ્યાં હતા. અને જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે એ એમને ખોદી કાઢતી હતી. કોઈ સ્ત્રી એની સામે થતી તો જુગનુનો ગુસ્સો સાતમા પાતાળે પહોંચી જતો. એની એક કરકાડી ભરી નજર ભલભલાને બાળી દેવા સમર્થ બનતી. પણ સ્ત્રીઓ એના પ્રત્યે તિરસ્કાર બતાવતી નહીં. સૌ પ્રેમપૂર્વક એને મળતી અને એનો આદર સત્કાર કરતી. પોતાના પાડોશીની નિંદા આદિકાળથી માણસમાત્ર માટે મનોરંજનનો વિષય બની રહી છે અને એવા મનોરંજનનો પૂરતો સામાન જુગનુ પાસે હતો.

શહેરમાં ‘‘ઈન્દુમતી સ્ત્રી પાઠશાળા’’ નામની એક કન્યાઓ માટેની હાઈસ્કૂલ હતી. હમણાં હમણાં કુ.ખુરશેદ નામની બાઈ તેની આચાર્ય તરીકે નીમાઈ હતી. એ સિવાય સ્ત્રીઓ માટેની કોઈ બીજી સંસ્થા શહેરમાં ન હતી. એક દિવસ મિસ ખુરશેદ આશ્રમમાં આવી. એનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. પહેલા દિવસથી જ ખુરશેદના આગમને આશ્રમમાં જાણે પ્રાણ પૂરી દીધા. દિલ ખોલીને બધી મહિલાઓ પરસ્પર હળીમળી. એમની વાતોથી આશ્રમની સ્ત્રીઓ પ્રભાવિત થઈ ગઈ. ગાવામાં એ ખૂબ જ હોંશિયાર હતી. એની વક્તૃત્ત્વશક્તિ એવી તો અદ્‌ભૂત હતી કે સાંભળતા સૌ દંગ થઈ જતાં. અભિનય ક્ષેત્રે એણે લંડનમાં નામના મેળવી હતી. આવી સર્વગુણ સંપન્ન

દેવીનું આશ્રમમાં આવવું એક પરમ સૌભાગ્ય હતું. ગુલાબી ગોરો વાન, મદભરી રતુમડી આંખો, ફેશનમાં કાપેવા વાળ, સુડોળ અને ઘાટીલું શરીર...! લાવણ્યની આથી બીજી સારી પ્રતિમા કઇ હોઇ શકે?

જતી વેળાએ આશ્રમની મુખ્યા શ્રીમતી ટંડનને કુ.ખુરશેદે પૂછ્યું – ‘‘પેલી વૃદ્ધા કોણ છે?’’

જુગનું કેટલીયેવાર ઓરડામાં આવીને કુ.ખુરશેદને એક અન્વેષકની દૃષ્ટિએ જોઇ ચૂકેલી. જાણે ઘોડી ને ઘોડેસવાર નવી કે કોઇ ના જોઇ રહ્યો હોય!

શ્રીમતી ટંડને કહ્યું – ‘‘નોકર છે. કામ હોય તો બોલાવું?’’

‘‘ના, કંઈ ખાસ કામ નથી. મને એ ચાલબાજ લાગે છે. મને તો એમ પણ જણાયું છે કે એ અહીંની નોકરાણી નથી. માલિકણ છે.’’

શ્રીમતી ટંડન જુગનુથી પહેલેથી જ દાઝેલી હતી. એના વૈધવ્યને લાંછન લગાડવા એ હમેશાં એને સૌભાગ્ય વતી કહેતી હતી. ખુરશેદે થઇ શકે એટલી નિંદા કરી, અને એનાથી સાવધાન રહેવાનો આદેશ આપ્યો.

કુ.ખુરશેદે ગંભીર થઇ કહ્યું – ‘‘તો તો ભયંકર બાઇ કહેવાય! એનાથી તમામ મહિલાઓ ગભરાતી હોય તો પછી એને રૂખસદ કેમ નથી આપી દેતાં? આવી ચૂડેલને તો એક દિવસ પણ રાખવી જોઇએ નહીં.’’

શ્રીમતી ટંડને મજબૂરી વ્યક્ત કરતાં કહ્યું – ‘‘એને કાઢી મૂકું તો જીવવાનું પણ મુશ્કેલ બની જાય. અમારું ભાગ્ય એના હાથમાં છે. બે ચાર દિવસમાં જ આપને એની ખૂબી જણાશે. આપ પણ એની ઝપટમાં આવી જાઓ નહીં એનું ધ્યાન રાખજો. એની હાજરીમાં કોઇ પુરુષની સાથે ભૂલથીયે વાત કરશો નહીં. એના બાતમીદારો કોણ જાણે ક્યાં ક્યાં ફેલાયેલા છે! એ નોકરો પાસેથી ભેદ મેળવે છે. ટપાલીને ફોડીને ટપાલ વાંચી લે છે. છોકરાઓને ફોસલાવી પટાવીને એમના ઘરની પરિસ્થિતિની જાણકારી



મેળવી લે છે. આ રાંડને તો છુપીપોલીસમાં ભરતી થવા જેવું હતું! મારા શા ભોગ લાગ્યા ને હું અહીં આવી!’’

ખુરશેદને ચિંતા થઇ. એક ક્ષણ પછી એણે કહ્યું – ‘‘ભલે, હું એને ઠેકાણે લાવીશ. જો એને અહીંથી કાઢીના મૂકું તો મારું નામ ખુરશેદ નહીં.’’

શ્રીમતી ટંડને કહ્યું – ‘‘કાઢી મુકવાથી શું વળશે? એની જીભે કઇં થોડું તાળું દેવાશે? પછી તો એ વધારે નીડર બની કાદવ ઊછાળશે.’’

ખુરશદે નિશ્ચિંત અવાજે કહ્યું – ‘‘બહેન હું તો એની બોલતી પણ બંધ કરી દઇશ. તમે જોજો ને! એક ટકાની બૈરી અહીં રાજ ચલાવી શકે છે. મારાથી એ સહન નહીં થાય.’’

એના ગયા પછી શ્રીમતી ટંડને જુગનુને બોલાવીને કહ્યું – ‘‘પેલાં નવાં સાહેબને જોયાં? અહીં પ્રિન્સિપાલ છે.’’

તિરસ્કારથી જુગનુએ કહ્યું – ‘‘તમે તમારે જુઓ. હું તો એવી એક નહીં, હજાર છોકરીઓ જોઇ ચૂકી છું.’’

‘‘અરે, તને કાચી ને કાચી ખાઇ જશે. એનાથી તું ચેતતી રહેજે. કહેતી હતી કે હું એની સાન ઠેકાણે લાવીને જ ઝંપીશ. મને થયું કે તને ચેતવી દઉં. જો જે, એની સામે ગમે તેવું બોલી ના બેસતી.’’

‘‘મને ચેતવવાની જરૂર નતી. ચેતવવી હોય તો એને ચેતવી દેજો. જો એનું અહીં આવવાનું બંધ ના કરી દઉં તો મારા બાપની નહીં! એણે બધે ફરીને દુનિયા જોઇ છે, તો મેં અહીં બેઠાં બેઠાં જગત આખું જોઇ નાખ્યું છે.’’

શ્રીમતી ટંડને એની પીઠ થાબડતાં કહ્યું – ‘‘મેં તો તને ચેતવી દીધી. પછી તું જાણે અને તારું કરમ જાણે.’’

‘‘હું કેવા નાચ નચાવું છું એ તમે જોયા કરજો. એ પરણી કેમ નથી હજુ સુધી? ઉંમર તો ત્રીસ વર્ષની હશે?’’

''કહે છે કે મારે લગ્ન નથી કરવું. હું શું કામ મારી આઝાદીને કોઇ પરપુરુષના હાથમાં બાન થવા દઉં?''

જુગનુએ આંખો ઊલાળતાં જણાવ્યું – ''અરે, કોઇ પૂછતું નહીં હોય એને! એવી તો ઘણીયે કુંવારી છોકરીઓ જોઇ છે મેં. સો ઉંદર મારીને બિલ્લી હજ કરવા ચાલી જાણે!''

બીજી સ્ત્રીઓ આવતાં વાત ત્યાં જ અટકી ગઇ.

બીજે દિવસે સવારે જુગનું ખુરશેદના બંગલે જઇ પહોંચી. ખુરશેદ હવા ખાવા ગઇ હતી. રસોઇઆએ કહ્યું – ''ક્યાથી આવો છો?''

''અહીં જ રહું છું, બેટા. તારાં નવાં બાઇસાહેબ ક્યાંથી આવ્યાં છે? તું તો એનો જૂનો નોકર હોઇશ.''

''નાગપુરથી આવ્યાં છે. મારું ઘર પણ ત્યાં છે. દસ વર્ષથી એમની સાથે મારે પરિચય છે.''

જુગનુબાઇ એ પૂછ્યું – ''ઊંચા ખાનદાનની હશે? એ તો એના રહેણી કરણીથી દેખાઇ આવે છે.''

''કુટુંબ તો એવું કઇં ઊંચું નથી. પણ નસીબ ઘણું ઊંચું છે. એમની મા પણ મિશનમાં મહિને રૂપિયા ત્રીસ મેળવે છે. આ ભણવામાં ખૂબ હોંશિયાર હતાં. એમાં વળી શિષ્યવૃત્તિ મળી એટલે પરદેશ ભણવા ગયાં. અને નસીબ આડેથી પાંદડું ખસી ગયું. હવે તો એમનાં માને પણ તેડાવવા વિચારે છે. પણ એ તો ભાગ્યે જ આવે! કારણ કે મેમ સાહેબ ગિરજાઘરમાં જવામાં માનતાં નથી એટલે એમની માને એમની સાથે ફાવતું નથી.''

જુગનુએ પૂછ્યું – ''સ્વભાવની કઠોર જણાય છે, નહીં?''

રસોઇઆએ પ્રત્યુતર આપ્યો – ''ના, એમ તો એ ઘણાં નેક દિલનાં છે. ભલે ગિરજાઘરમાં ના જતાં હોય! શું તમે નોકરીની શોધમાં આવ્યાં છો? નોકરી કરવી હોય તો, બાઇ સાહેબને એક આયાની જરૂર છે.''



''નારે બેટા! હવે હું તો શું નોકરી કરું! આ બંગલામાં પહેલાં જે બાઇ સાહેબ રહેતાં હતાં એ મારી ઠીક ઠીક દેખભાળ રાખતાં હતાં. થયું કે લાવ જઇને નવાં બાઇ સાહેબને આશીર્વાદ આપી આવું.''

''પણ આમને તમારા આશીર્વાદ નહીં ખપે! એ તો આવી બાબતોથી ચિઢાઇ જાય છે. એ તો કહે છે કે કામ વગરનાંને જીવવાનો કોઇ અધિકાર નથી.  જો તમે તમારું હિત ઇચ્છતાં હો તો મહેરબાની કરીને અહીંથી છાનાં માનાં ચાલ્યાં જાવ.''

''તો તો એમ કહેને કે ધરમ કરમમાં એ જરાય માનતી નથી! જો એમ હોય તો ગરીબગુરબાં ઉપર એ શું દયા કરવાની હતી?''

જુગનુંને પોતાની બાજી ગોઠવવા માટે પૂરતો સામાન મળી ગયો. કહ્યું – ''નીચ જાતની નહીં તો બીજું શું? માની સાથે તો મનમેળ નથી .અને ધર્મને ના માને એ તે કઇં સારું ગણાતું હશે?''

પહેલાં ઘામાં આટલી સફળતા ઓછી ના કહેવાય.

જતાં જતાં રસોઇઆને એટલું પૂછ્યું – ''એના સાહેબ શું કરે છે?''

રસોઇઆએ હસીને જવાબ આપ્યો – ''એમનાં તો લગ્ન પણ થયાં નથી. પછી સાહેબ ક્યાંથી હોય?''

જુગનુએ બનાવટી આશ્ચર્યથી કહ્યું – ''અરે! હજુ સુધી લગ્ન નથી થયાં? આપણે ત્યાં તો આટલી ઊંમર સુધી કોઇ કુંવારું હોય તો લોકો મશ્કરી કરે!''

''એ તો જેવા જેના રિવાજ! એમને ત્યાં તો ઘણીયે સ્ત્રીઓ મોટી ઉંમર સુધી લગ્ન નથી કરતા.''

જુગનુએ મર્મ કર્યો – ''મેંય એવી કેટલીયે કુંવારી છોકરીઓને જોઇ છે. આપણા સમાજમાં તો લોકો ઠેકડી ઊડાડે. પણ એમને ત્યાં તો જેને જેમ ફાવે તેમ કરે તોય કોઇ પૂછનાર નથી.''

આમ વાતચીત ચાલતી હતી એટલામાં ખુરશેદ આવી પહોંચી. મીઠી મીઠી ઠંડી પડતી હતી. તેમણે સાડી ઉપર ઓવરકોટ પહેર્યો હતો. એક હાથમાં છત્રી હતી. બીજા હાથમાં નાના કૂતરાની સાંકળ હતી. જુગનુએ નમીને સલામ કરી, પણ એણે તો એની સામે જોયું પણ નહીં. અંદર જતાં જ રસોઇઆને બોલાવીને પૂછ્યું – ''આ સ્ત્રી અહીં શું કામ આવી છે?''

રસોઇઆએ કહ્યું – ''ભિખારણ છે, બાઇ સાહેબ! પણ છે ઘણી સમજદાર. મેં અહીં નોકરી કરવા કહ્યું, પણ એ માનતી નથી. એ મને પૂછતી હતી કે એમના સાહેબ શું કરે છે? જ્યારે મેં સાચી વાત કરી ત્યારે એને પારાવાર નવાઇ લાગી. અને થાય જ ને! હિંદુઓમાં તો દૂધમલ બાળકોનાં લગ્ન થઇ જાય છે.''

''બીજું શું કહેતી હતી?'' – ખુરશેદે પૂછ્યું.

''બીજું તો કશું નહીં, બાઇ સાહેબ!''

''ભલે, એને મોકલ મારી પાસે.''

જુગનુબાઈએ જેવો ઓરડામાં પગ મૂક્યો કે તરત જ ખુરશેદે ઊઠીને એનું સ્વાગત કરતાં કહ્યું – ''આવો, માજી! હું જરા લટાર મારવા ગઇ હતી. આપના આશ્રમમાં બધાં સારાં છે ને?''

જુગનું ખુરશીનો હાથો ઝાલીને ઊભી રહી અને બોલી – ''બધાં સારાં છે બાઇ સાહેબ! મને થયું કે આપને આશીર્વાદ આપી આવું. હું તો આપની દાસી છું. કોઇ કામ હોય તો કહેવડાવજો મને. અહીં આપને એકલાંને ગમતું નહીં હોય!''

''મને તો મારી શાળાની છોકરીઓ સાથે ઘણી મઝા આવે છે. એ બધી મારી જ છોકરીઓ છે ને!''

જુગનુએ માતૃભાવથી માથું હલાવતાં કહ્યું – ''એ સાચું. પણ પોતાનાં તે પોતાનાં પારકાં પોતાનાં થતાં હોય તો પોતાનાંને લોકો શું કરવા રડે?''



ઓચિંતો એક યુવાન રેશમી સૂટમાં સજ્જ થઇને ત્યાં આવ્યો. ખુરશેદબાનુએ દોડતાં જઇ એનું સ્વાગત કર્યું. જુગનું એને જોઇ એક ખૂણામાં લપાઇ ગઇ.

ખુરશેદે યુવકને ગળે વળગી પ્રેમ પૂર્વક કહ્યું – ''ડીઅર, હું ક્યારની તારી રાહ જોઉં છું. માજી તમે જાઓ હવે. ફરીવાર મળીશું કોઇક દિવસ. આ મારો પરમમિત્ર વિલિયમ કિંગ છે. અમે વર્ષો સુધી સાથે ભણતાં હતાં.''

જુગનું ચૂપચાપ બહાર આવી ગઇ. રસોઇઓ ત્યાં ઊભો હતો. તેણે તેને પૂછ્યું – ''કોણ છે આ સેવક?''

''મેં આજે જ જોયો છે આને તો. કદાચ હવે કુંવારાપણાથી કંટાળી ગઇ હશે! બહુ સુંદર યુવાન છે આ.''

''બંન્ને એવાં ગળે બાઝી પડ્યાં હતાં કે હું તો જોતાં જ શરમાઇ ગઇ. આવાં લાડપ્યાર કરતાં તો પતિ પત્નીને પણ જોયાં નથી. બેય જણાં ચોંટી જ ગયાં હતાં એકબીજાને. પેલો તો મને જોઇને ગભરાઇ ગયો હતો, પણ તારી બાઇસાહેબ તો જાણે ભાનભૂલી ગઇ હતી.''

રસોઇઆએ અશુભ આભાસથી કહ્યું – ''મને તો કંઇક ગરબડ લાગે છે.''

જુગનુ સીધી જ શ્રીમતી ટંડનને ઘેર ગઇ. અહીં ખુરશેદ અને યુવાન વાતોમાં મશગૂલ બન્યાં.

ખુરશેદબાનુએ અટ્ટહાસ્ય કરતાં કહ્યું – ''લીલા તેં ખરેખરું નાટક ભજવ્યું. પેલી જુગનુ તો ખરેખર તાજ્જુબ થઇ ગઇ.''

''પણ મને તો બીક હતી કે એ બુઢ્ઢી મને ઓળખી ના જાય! હું તો ડરની મારી ધ્રુજતી હતી.''

ખુરશેદે કહ્યું – ''આજે એ આવશે એવી મને ખાતરી જ હતી. મેં એને દૂરથી આવતી જોતાં જ તને ખબર આપી હતી. આશ્રમમાં આજે મઝા આવશે. મને તો ત્યાં જઇને સ્ત્રીઓની ગપસપ સાંભળવાનું મન થાય છે.

જોજે ને, બધાંને એની વાત સાચી જ લાગશે.''

લીલા બોલી – ''પણ તમે જાણી જોઇને કાદવમાં પગ મૂકી રહ્યાં છો. કઇંક ખૂંપી જવાશે તો!?''

''મને આવું નાટક કરવાની મઝા આવે છે. એ બુઢ્ઢીએ ભારે અત્યાચાર ફેલાવ્યો છે. એને મારે પાઠ ભણાવવો છે. કાલે તું આજ વેળાએ આ જ પોશાકમાં આવજે પાછી. એ બુઢ્ઢી કાલે અહીં આવવાની જ. એમ ના કરે તો એનું પેટ ચડે. એ જ્યારે આવવાની હશે ત્યારે જણાવીશ હું તને. બસ, તું તારે લટકમટક કરતી આવી જજે.''

આશ્રમમાં જુગનુંએ શ્વાસ લેવાનીય નવરાશ ન હતી. એણે અનુભવેલી હકીકત શ્રીમતી ટંડનને કહી સંભળાવી. ટંડને આશ્રમની તમામ સ્ત્રીઓમાં વાત વહેતી કરી. એની સાક્ષીરૂપે જુગનુંને બોલાવવામાં આવી બધી સ્ત્રીઓએ જુગનુબાઇના મોંઢે વાત સાંભળી. દરેક નવી રજૂઆતમાં મીઠું મરચું ભભરાવવામાં આવતું. બપોર થતામાં તો આખા શહેરમાં એ વાત ચર્ચાનો વિષય બની ગઇ.

એક સ્ત્રીએ પૂછ્યું – ''કોણ છે એ યુવાન?''

શ્રીમતી ટંડને કહ્યું – ''ભણતો હતો એની સાથે. બંન્ને વચ્ચે પહેલેથી જ પરિચય છે. હું તો કહેતી જ હતીને કે આટલી ઉંમર સુધી એ કુંવારી શી રીતે રહી શકે? હવે ભેદ ખુલ્યો.''

''જવાન તો ભારે રંગીલો છે.'' – જુગનુએ કહ્યું.

''ભણેલી ગણેલી સ્ત્રીઓની આવી જ રીતભાત હોય છે.'' શ્રીમતી ટંડને અભિપ્રાય આપ્યો.

''હું તો એને જોતાં જ પામી ગઇ હતી. કઇં મેં મારા વાળ તડકામાં સફેદ નથી કર્યાં.''

''કાલે ફરી જજો તમે.''



''કાલે નહીં, આજે જ જવાની છું હું તો. આજે રાત્રે જ. આશ્રમ માટે એક પુસ્તક મંગાવવાનું બહાનું શોધી કાઢ્યું. રાત્રે નવ વાગે જુગનુ ખુરશેદને બંગલે જઇ પહોંચી. સંજોગવશ લીલાવતી ત્યારે ત્યાં હાજર હતી. બબડી – ''આ બુઢ્ઢી તો આદુ ને ભાત ખાઇને પાછળ પડી ગઇ છે.''

ખુરશેદે કહ્યું – ''મેં કહ્યું હતું ને કે એના પેટમાં પાણી જ નહીં ટકે! જા, જઇને તું વેશપલટો કરી આવ. ત્યાં સુધી હું એને વાતોએ વળગાડું છું. દારૂડિયાની જેમ બકવાસ કરવાનું ના ભુલતી. મને ભગાડી જવાની પણ વાત કરજે. જાણે તું ભાન ભૂલી ગઇ છે એવું નાટક કરજે.''

લીલાવતી મિશનમાં ડોક્ટર હતી. એનો બંગલો પણ પાસે જ હતો. એના ગયા પછી ખુરશેદબાનુએ જુગનુંને બોલાવી.

જુગનુબાઇએ એક ચબરખી ખુરશેદને આપતાં કહ્યું – ''શ્રીમતી ટંડને આ પુસ્તક મંગાવ્યું છે. મને આવતા વાર લાગી. અત્યારે તમને ડખલ કરવાનો વિચાર ન હતો. પણ કાલે સવારે જ એ માગશે મારી પાસે. મહિને હજારો રૂપિયાની આવક છે, છતાં ભારે કંજૂસ બાઇ છે. એને બારણેથી ભિખારીનેય નિરાશ થઇ પાછા જવું પડે છે.''

ખુરશેદબાનુએ ચિઠ્ઠી જોઇ કહ્યું – ''અત્યારે તો આ પુસ્તક નહીં મળે, સવારે લઇ જજો. આપણે વાતો કરીએ, બેસો. હમણાં આવું છું હું.''

એ પડદો ખસેડીને પાછળની રૂમમાં ગઇ. પંદર મિનિટ પછી રેશમી સાડી પહેરી, અત્તર છાંટી, બનીઠનીને બહાર આવી. જુગનું આંખો ફાડીને એને જોઇ રહી. – ''અરે! આવો શૃંગાર! આવવાનો હશે પેલો રખડેલ અત્યારે? આ બધો ઠઠારો એનો છે. નહીં તો સુવાની વેળાએ આવાં નખરાં કરવાની શી જરૂર? જુગનુંની દૃષ્ટિએ શૃંગારનો અર્થ પતિને લલચાવવા પૂરતો સિમીત હતો. એટલે પરણેલી સ્ત્રીઓ સિવાય બીજી સ્ત્રીઓ માટે એ શણગાર ત્યાજ્ય સમજતી હતી. ખુરશેદ ખુરશી ઉપર બેઠી પણ ન હતી કે ચૈડ...ચૈડ...અવાજ કરતો છેલબટાઉ વિલિયમ કિંગ આવી પહોંચ્યો. એના મોંઢામાંથી દારૂની વાસ આવતી હતી. એણે આવીને બેધડક ખુરશેદને છાતીએ વળગાડી દીધી. અને વારંવાર એ એના હોઠો અને કપાળને ચૂમવા લાગ્યો. ખુરશેદે એના બાહુપાશમાંથી પોતાને છોડાવવા પ્રયત્ન કરતાં કહ્યું –

''દૂર હઠ, શરાબ પીને આવ્યો છે?''

કિંગે એને જકડી લેતાં કહ્યું – ''તને પણ પીવડાવીશ. તારે પીવો જ પડશે. પછી આપણે એકબીજાને બાથમાં લઈને સૂઈ જઈશું. નશામાં પ્રેમ કેટલો સજીવ થઈ જાય છે. એનું પારખું કરી લે.''

મિસ ખુરશેદે આ રીતે જુગનુંની હાજરીનો સંકેત એ રીતે આપ્યો કે એના પર જુગનુંની નજર પડે. પણ કિંગ તો નશામાં ચકચૂર હતો. એણે જુગનું તરફ  જોયું પણ નહીં.

મિસ ખુરશેદે ગુસ્સામાં આવી કહ્યું – ''''તું આ વખતે ઠેકાણે નથી. આટલી ઉતાવળ શા માટે? શું હું કઈ નાસી જવાની છું?

''આટલા દિવસ તો હું છાનો છાનો આવ્યો હતો, પણ હવે તો છડેચોક આવીશ.'' – કિંગે કહ્યું.

''તું પાગલ થતો જાય છે, કિંગ. જો તો નથી અહીં કોણ બેઠું છે?''

કિંગે જુગનું તરફ જોઇ આવેશમાં કહ્યું – ''કોણ છે આ ઠરચી? ક્યાંથી આવી છે? શૈતાનની બચ્ચી! શું ભેદ પામવા આવી છે અહીં? અમારી બેઇજ્જતી કરવા માગે છે? હું તારો ટોટો પીસી નાખીશ. ઊભી રે જાય છે ક્યાં? ઊભી રહે. હું તને જીવતી નહીં રહેવા દઉં.''

જુગનું બિલાડીની જેમ ઓરડામાંથી બહાર નીકળી અને નાઠી. ઓરડામાં લીલાવતી અને ખુરશેદ જોરથી હસી રહ્યાં હતા.

જુગનું ટંડનને ઘેર પહોંચી. એની અધીરાઈનો પાર ન હતો. પણ શ્રીમતી ટંડન સૂઈ ગયાં હતાં. નિરાશ થઈને એણે બીજાં ઘરોની સાંકળ ખટખટાવી. પણ કોઈ એ બારણું ઊઘાડ્યું નહીં. આખી રાત એણે એમ જ વીતાવી અને સવારે આશ્રમમાં જઈ પહોંચી.

અડધા કલાક બાદ શ્રીમતી ટંડનનું ત્યાં આગમન થયું. એમને જોઈને એણે મોં મચકોડ્યું.

શ્રીમતી ટંડને પૂછ્યું – ''રાત્રે મારે ઘેર આવી હતી તું? મને



હમણાં જ મહારાજે કહ્યું.''

જુગનું બોલી – ''તરસ્યું તો કૂવા પાસે જ જાયને? કૂવો ઓછો કઈ તરસ્યા પાસે જાય છે! મને સળગતામાં ધકેલી મૂકી તમે તો આઘા ખસી ગયા. ભગવાને બચાવી મને, નહીં તો કાલે તો મરી જ જાત.''

''શું થયું? તેં મને જગાડી કેમ નહીં? તું મારી ટેવ તો જાણે જ છે.''

''પણ મહારાજે ઘરમાં જ ના પેસવા દીધી. પછી જગાડવાની તો વાત જ ક્યાં રહી? તમારે એટલો વિચાર તો કરવો હતો. કે હું ગઈ હતી ત્યાં! મારી રાહ જોયા પછી સૂઈ ગયાં હોત તો શું બગડી જવાનું હતું? પણ તમને મારી શી ચિંતા?''

''તે શું ખુરશેદે તારી ઉપર હાથ ઊપાડ્યો હતો?''

''એ શું મારતી હતી મને! પણ પેલો એનો ઘણી મારવા દોડ્યો હતો. આંખો લાલ કરીને મારી પાસે આવીને એણે કહ્યું હતું – ''નીકળી જા. અહીંથી. હું ત્યાંથી નીકળું તે પહેલાં તો ચાબુક તાણીને એ મારી પાછળ પડ્યો. એ તો હું મૂઠીઓ વાળીને નાઠી ના હોત તો મારી ચામડી ઉતરડી નાખત. અને પેલી રાંડ તો તમાશો જોતી બેઠી રહી હતી. એવી કુલટાઓનું તો મોંઢું જોવું એય પાપ છે. આટલી બેશરમ તો કઈ વેશ્યાય નહીં હોય!''

થોડીવારમાં અન્ય સ્ત્રીઓ ત્યાં આવી પહોંચી. બધી હકીકત જાણવા આતુર હતી. જુગનુંની જીભ ચાલતી જ રહી. સાંભળનારને અનહદ આનંદ થતો હતો. એક એકવાતને ચોળીચોળીને ચીકણી કરતી હતી. આખા આશ્રમમાં આખો વખત આજ વાતો જોરજોરથી ચર્ચાતી હતી.

છેવટે શ્રીમતી ટંડને કહ્યું – ''આશ્રમમાં આવી સ્ત્રીઓને લાવવી યોગ્ય નથી. તમે સૌ પણ આ બાબત ઉપર વિચાર કરો.''

કુ.પંડ્યાએ કહ્યું – ''આશ્રમના આદર્શોનો છડે ચોક ભંગ થાય એવું આપણે ઈચ્છવું જોઈએ નહીં. મારું તો માનવું છે કે આવી સ્ત્રી સંસ્થાની પ્રિન્સિપાલ થવાને લાયક નથી.''

કુ. બાંગડાએ તેનો અભિપ્રાય વ્યક્ત કરતાં કહ્યું – ''જુગનુબાઇની વાત સાચી છે. એવી સ્ત્રીનું મોં જોવામાં પણ પાપ છે. એને સ્પષ્ટ જણાવી દેવું જોઇએ કે હવે પછી એ આશ્રમમાં પગ ના મૂકે.''

ચર્ચા બરાબર જામી હતી કે આશ્રમના દરવાજે એક મોટર આવીને ઊભી રહી. સ્ત્રીઓએ મોં ઊંચા કરીને જોયું તો મોટરમાં ખુરશેદ અને વિલિયમ કિંગ બેઠેલાં દેખાયાં.

જુગનુએ હાથથી વિલિયમ તરફ ઇશારો કરી બધાંને ઓળખ આપી. આશ્રમની સ્ત્રીઓ એમનો જોવા અધીરી બની ગઇ.

મિસ ખુરશેદ મોટરમાંથી ઉતરી આશ્રમ તરફ ચાલી. સ્ત્રીઓ એને જોતાં જ પોતપોતાની જગાએ જઇ બેસી ગઇ.

ખુરશેદ આવી પહોંચી પણ કોઇએ એનું સ્વાગત કર્યું નહીં. તેણે જુગનુની સામે જોઇ હસીને કહ્યું – ''બાઇજી! રાત્રે તમને વાગ્યું તો નથી ને?''

ખુરશેદની મશ્કરીથી જુગનુંને નવાઇ લાગી. ચોરી અને ઉપરથી પાછી શિરજોરી!

જુગનુએ ગુસ્સે થઇ કહ્યું – ''હજી ધરાયાં ના હોય તો વધારે ખવડાવો માર. આ ઊભી રહી તમારી સામે.''

''બાઇ! રાત્રે તો એ નશામાં હતા. અત્યારે એ તમારી માફી માગવા આવ્યા છે.''

''અને તમે પણ ક્યાં નશામાં ન હતાં?'' જુગનુએ તરડી આંખે શ્રીમતી ટંડનભણી જોયું.

''મેં તો ચાખ્યોય નથી. મારા પર આળો જૂઠો આરોપ મૂકતાં શરમ નથી આવતી?''

જુગનુએ તીવ્ર વ્યંગ કરતાં કહ્યું – ''શરાબથી પણ વધુ માદક હોય છે એક બીજી ચીજ. એનો નશો હશે તમને. પણ એ મહાશયને મોટરનું હૂડ પાડીને સંતાડી કેમ દીધા? જરા આ બધી તો જુએને એમનો ચહેરો.''





''એમનો ચહેરો તો લાખોમાં એક છે.''

શ્રીમતી ટંડને કહ્યું – ''ના.ના. એમને અહીં લાવવાની કોઇ જરૂર નથી. આપણે આશ્રમને બદનામ નથી કરવો.''

ખુરશેદે આગ્રહ કર્યો – ''હકીકતની સ્પષ્ટતા માટે પણ એમનું અહીં આવવું જરૂરી છે. આપ એક બાજુ નિર્ણય કેમ કરો છો?''

''તે અહીં કઇં ઓછો કોઇ કેસ ચલાવવાનો છે?''

ખુરશેદે કહ્યું – ''વાહ રે વાહ! મારી આબરૂને બટ્ટો લાગવા આવ્યો છે ને તમે કહો છો કે કેસ ચલાવવાનો છે? મિસ્ટર વિલિયમ કિંગ અહીં આવશે જ, અને તમારે સૌએ એમનું બયાન સાંભળવું જ પડશે.''

શ્રીમતી ટંડન સિવાય આશ્રમની બાકીની તમામ સ્ત્રીઓ વિલિયમને જોવા આતુર હતી. એટલે કોઇએ ખુરશેદની વાતનો વિરોધ કર્યો નહીં.

ખુરશેદે જોરથી બૂમ પાડી. – ''એ જરા અહીં આવજો.''

મોટરનું હુડ ઊઘાડીને કુમારી લીલાવતી રેશમી સાડીમાં સજ્જ થઇ બહાર આવી.

આશ્રમમાં શાંતિ છવાઇ ગઇ. મહિલાઓ વિસ્ફારિત આંખે લીલાવતીને જોઇ રહી.

જુગનુંએ આંખો પટપટાવી પૂછ્યું – ''તમે એમને ક્યાં સંતાડી દીધા?''

''છૂમંતર કરીને ઊડી ગયા આકાશમાં. જાવ જઇને આખી મોટરમાં જોઇ લ્યો.''

જુગનુ મોટર પાસે ગઇ. ધ્યાનથી મોટરની અંદર એણે જોયું અને આખરે વીલા મોંઢે પાછી ફરી.

ખુરશેદે પૂછ્યું – ''મળ્યું કોઇ?''

''મને સ્ત્રી ચરિત્રની શી ખબર પડે! અને પુરુષોને સાડી પહેરાવી અમારી આંખોમાં ધૂળ નાખે છે? આ એજ રંગીલા સાહેબ છે.''

''બરાબર ઓળખે છે?''

''હા,હા.બરાબર. હું કંઈ આંધળી છું?''

શ્રીમતી ટંડને કહ્યું – ''જુગનું, ગાંડા માણસ જેવી વાતો શું કરે છે! આ તો ડોક્ટર લીલાવતી છે.''

''જાઓ, જાઓ હવે.'' એણે લીલાવતીને પૂછ્યું – ''તમે રાત્રે ન હતા બાઇ સાહેબને ઘેર? સાડી પહેરીને આમ અત્યારે સ્ત્રી બનતાં શરમ નથી આવતી?''

લીલાવતીએ ટીંખળ કરતાં કહ્યું – ''હું ક્યાં ના કહું છું? અત્યારે હું લીલાવતી છું. પણ રાત્રે હું વિલિયમ કિંગ બની જાઉં છું એમાં શું?''

આશ્રમની સ્ત્રીઓને હવે રહસ્ય સમજાતું હતું. ચારેબાજુ અટ્ટહાસ્ય થઇ રહ્યું. કોઇ તાળીઓ વગાડતી હતી, તો કોઇ લીલાવતીની પીઠ થાબડતું હતું. કોઇક વળી ખુરશેદને ગળે વળગી પડી હસતું હતું. જુગનુંની સ્થિતિ તો કાપીએ તોય લોહી ના નીકળે એવી થઇ હતી. એ કશું બોલી શકી નહીં. આવો પછડાટ તો એણે આ પહેલાં ક્યારેય ખાધો ન હતો.

શ્રીમતી મહેરા એ એને ધમકાવતાં કહ્યું – ''હવે બોલોને કઈંક. મોંઢા ઉપર મેશ લાગી કે નહીં?''

શ્રીમતી બાંગડાએ કહ્યું – ''એને આ જ રીતે બધાને બદનામ કરવાની કુટેવ પડી છે.''

લીલાવતીએ સ્પષ્ટતા કરી – ''એને કુટેવ પડી છે. એ વાત સાચી પણ તમે સૌ એની વાત ઉપર વિશ્વાસ કેમ કરો છો?''



આ ધમાલમાં જુગનું ત્યાંથી ક્યારે ચાલી ગઇ એ કોઇને ખબર પડી નહીં.

શ્રીમતી ખુરશેદે કહ્યું – ''એને પૂછજો જરા કે એ મારી પાછળ કેમ પડી હતી?''

ટંડને જુંગનુંને બૂમ મારી. પણ જુગનું તો ત્યાં ન હતી.

એ પછી શહેરમાં ક્યારેય કોઇએ જુગનુંબાઇને જોઇ ન હતી. આશ્રમના ઇતિહાસમાં આ ઘટના આજે પણ ઉલ્લેખનીય અને મનોરંજનનો વિષય બની રહી છે.

## મનોવૃત્તિ...

ગાંધીપાર્કના એક બાંકડા ઉપર સુંદર યુવતી ઊંઘી ગયેલી નજરે પડી. સૌને આટલી લાલિત્યમાન સુંદરીને આવી જાહેર જગાએ નિઃસંકોચ સૂતેલી જોઇ ભારે આશ્ચર્ય થયું. એને જોનાર સૌ ઘડીભર એની પાસે જઇ થંભી જતાં અને ધારીધારીને જોઇ રહેતાં.

આ પાર્કમાં વસંત અને હાશિમ પણ ચડ્ડી બંડી પહેરીને અત્યારે આવનારા ઓલિમ્પિયન રમતોત્સવ માટે દોડની પ્રેક્ટિસ કરી રહ્યા હતા. દોડતાં દોડતાં બંન્ને પેલી નિદ્રાધીન સુંદરી પાસે જઇ ઊભા રહ્યા. પછી મનમાં અનેક તર્ક વિતર્કો કરતા દોડવા લાગ્યા.

વસંતે કહ્યું – ''અલ્યા, આને બીજે સૂવાની જગા જ ના મળી!?''

હાશિમે અભિપ્રાય આપ્યો – ''વેશ્યા લાગે છે મને તો!''

''પણ વેશ્યાઓય આટલી બેશરમ નથી થતી.''

''વેશ્યા બેશરમ ના હોય તો તો એ વેશ્યા જ ના કહેવાયને?''

''ભાઇ! વેશ્યા અને કુળવાન સ્ત્રીની ઘણી રીતભાત સરખી પણ હોય છે. કોઇ વેશ્યા સામાન્ય સંજોગોમાં સડક પર સૂવાનું પસંદ કરે નહીં.''

''અરે! એ જ લોકોનું ધ્યાન ખેંચવાનો નવો તરીકો છે!''

''રૂપનું પ્રદર્શન કરવામાં નહીં, એને છુપાવવામાં જ સાચી કળા છે. અને આ વાત વેશ્યાઓ સારી રીતે જણે છે.''

''રૂપને છુપાવવા પાછળની એમની દષ્ટિ માત્ર આકર્ષણ વધારવા માટેની હોય છે.''



''શક્ય છે. પણ કોઇ સ્ત્રી અહીં આમ જાહેરમાં સૂઇ જાય એટલે એ વેશ્યા માની લેવી એ તર્ક સંગત નથી. જો, એના સેંથામાં સિંદૂર પણ છે.''

''વેશ્યાઓ કાચંડાની જેમ રંગ બદલતી રહે છે. જરૂર પડ્યે એ સૌભાગ્યવતી પણ બની જાય છે. આખી રાત નશામાં ચૂર હશે! કામ ક્રીડામાં તલ્લીન હશે! એટલે થાક અને હતાશાને કારણે અહીં ઠંડક જોઇને ઊંઘી ગઇ હશે.''

''મને તો ખાનદાન ખોરડાની લાગે છે.''

''ખાનદાન ખોરડાની સ્ત્રી આમ જાહેર બગીચામાં સૂવા આવે ખરી?''

''કદાચ ઘેરથી રીસાઇને પણ આવી હોય!''

''તો ચાલને, જઇને પૂછી લઇએ...''

''એ તો નરી મૂર્ખતા ગણાય. વગર પરિચયે કોઇ સ્ત્રીને સૂતેલી શી રીતે જગાડાય?''

''તે જઇને પરિચય કરી લઇએ. બિચારી આપણું અહેસાન માનશે.''

''અને ગુસ્સે થશે તો?''

''એવી કોઇ વાત જ નથી. આપણે એની સાથે ખૂબ સંયમથી વાત કરીશું. સીદીસાદી વિવેકપૂર્ણ વાતોથી કોઇ યુવતી ગુસ્સે થતી નથી. પૌઢાઓ પણ જો રસભરી વાતો સાંભળીને આનંદિત થતી હોય તો હજુ આ તો નવ યૌવના છે. રૂપ અને યૌવનનો આટલો સ્વાભાવિક સુમેળ તો શોધ્યોય ના જડે.''

''મારા હૈયામાં તો આ રૂપ હંમેશાં માટે અંકાઇ ગયું છે. કદાચ હું એ રૂપને ભૂલી પણ નહીં શકું!''

''અરે, મારું તો દઢપણે માનવું છે કે એ કોઇક વેશ્યા જ છે.''

''સૌંદર્યની મૂર્તિ જો વેશ્યા હોય તો પણ તે પૂજાપાત્ર ગણાય છે.''

‘‘અહીં ઊભોઊભો કવિકલ્પનાઓની પાંખે ઊડ્યા કરીશ કે ત્યાં જઇને જોઇશ? તું ત્યાં આવીને માત્ર ઊભો રહેજે. જે કરવાનું હશે એ હું કરીશ.’’

‘‘લાગે છે તો કુળ વધૂ.’’

‘‘કુળ વધૂ હોય તો પણ જાહેર સ્થળે આ નિર્લજ્જતાથી સૂઇ જવું એ એની વેશ્યા મનોવૃત્તિ છતી કરે છે.’’

‘‘આજકાલની યુવતીઓ ફોરવર્ડ થવા લાગી છે.’’

‘‘પણ તું જેને ફોરવર્ડ માને છે એવી યુવતીઓ યુવકો સાથે આંખ મિચૌલી નથી કરતી?’’

‘‘ગમે તેમ, પણ છે તો કુળવધૂ. અને કુળ વધૂની સાથે ગમે તેમ વાત કરવી મને અસભ્ય જણાય છે.’’

‘‘તો ચાલો, આપણે આપણું દોડવાનું કામ કરીએ.’’

‘‘પણ હૈયામાં તો એ જ આકૃતિ દોડવા લાગી છે.’’

‘‘તો ચાલ, બેસીએ. ઊઠીને એ જ્યારે અહીંથી જશે ત્યારે એની પાછળ પાછળ જઇશું આપણે. હું કહું છું કે એ વેશ્યા જ છે.’’

‘‘અને મારું માનવું છે કે એ કોઇ કુળ વધૂ છે.’’

‘‘તો લાગી ગઇ દસ દસની?’’

બે ઘરડા માણસો નીચે મોંઢે આવી રહ્યા હતા, જાણે ખોવાઇ ગયેલી જુવાની ના શોધતા હોય! એક કેડેથી વળી ગયેલો હતો. શરીર સ્થૂળ હતું. વાળકાળા જણાતા હતા. બીજો એકવડા બાંધાનો ટટ્ટાર જણાતો હતો પણ એના વાળ પાકી ગયા હતા. બંન્નેના મોંઢામાં દાંતની જગાએ ચાડાં હતાં. અને આંખો ઉપર ચઢાવેલાં હતાં ચશ્માં, મોટો દેખાતો વૃદ્ધ વકીલ છે. જ્યારે બીજો ડોક્ટર.

વકીલ કહેતો હતો – ‘‘જોઇ આ વીસમી સદીની કરામત?’’



ડોક્ટરે જવાબ આપ્યો – ‘‘હા. જોયું. હિન્દુસ્તાન દુનિયાથી જુદો તો નથી ને?’’

‘‘પણ આ સભ્યતા તો ના કહેવાય ને?’’

‘‘સભ્યતાની વ્યાખ્યા કરવાનો આ જમાનો નથી.’’

‘‘લાગે છે તો છોકરી સારા ઘરની.’’

‘‘વેશ્યા છે. આપ એટલુંય સમજતા નથી?’’

‘‘વેશ્યા આટલી ગમાર નથી હોતી!’’

‘‘અને સારા ઘરની છોકરીઓ ગમાર હોય છે?’’

‘‘નવી આઝાદી મળી છે, નવો પવન ફુંકાયો છે.’’

‘‘આપણી જિંદગી તો ગમે તેમ કરીને પસાર થઇ ગઇ. હવે તો જેને માથે પડશે એ ઉપાડશે.’’

‘‘જિંદગી નરકથીયે બદતર થઇ જશે.’’

‘‘અફસોસ! જવાની ચાલી ગઇ.’’

‘‘પણ આંખો તો નથી ચાલી ગઇને? અને હૈયું પણ સાબૂત છે ને?’’

‘‘તે આંખોથી જોયા કરો, ને બાળ્યા કરો હૈયું.’’

‘‘મને તો ફરી જુવાન થવાનું મન થાય છે. અમારા વખતમાં તો કોઇ સુંદર ચહેરો જોવાનોય મળતો ન હતો. આજે તો જ્યાં જુઓ ત્યાં બસ, સુંદર જ સુંદર!’’

‘‘સાંભળ્યું છે કે યુવતીઓને આ જગતમાં ઘરડા મર્દો ઉપર સૌથી વધુ નફરત હોય છે?’’

‘‘હું નથી માનતો એ વાત. પુરુષને માટે કોઇ કીમતી ચીજ હોય તો તે તેનું સામર્થ્ય છે, યુવાની નહીં. કેટલાય વૃદ્ધો યુવાનો કરતાં વધુ સશક્ત

હોય છે. મને તો આવનારા દિવસોમાં એના સંકેત મળે છે. હું મારી જાતને કોઇ યુવાનથી ઓછી યુવાન નથી સમજ્યો.''

''ઠીક છે! પણ વૃદ્ધોનું દિલ કમજોર હોય છે. એમ ના હોત તો આ રમણીને જોઇને આપણે આમ ચાલ્યા ગયા ના હોત! હું તો એને બરાબર જોઇ પણ ના શક્યો. મને ડર હતો કે કદાચ એ જાગી જાય અને મને જોઇ જાય તો એ મારા વિશે શું ધારે!''

''ઘરડા માણસ ઉપર નજર પડી જાય એથી તો રૂડું શું?''

''જવા દેને યાર!''

''તમે થોડાક દિવસ 'ઓકાસા' નું સેવન કરો.''

''ચંદ્રોદય ખાઇ જોયું. બધા લુંટાવાના ધંધા છે.''

''મંકી ગ્લૅન્ડ' લગાવડાવો ને?'

''એ યુવતી સાથે જો મારી વાત નક્કી કરાવી આપતો હો તો એમ કરવા પણ મારી તૈયારી છે.''

''એ જવાબદારી મારી. પણ મારો ભાગ રાખવો પડશે.''

''એટલે?!''

''એટલે શું! એટલે એ જ કે મને મન થાય ત્યારે હું તમારે ઘેર આવીને મારી નજરને સંતોષી શકું.''

''જો તમે એવા બદઇરાદે મારે ઘેર આવશો તો મારા જેવો તમારો કોઇ દુશ્મન નથી એમ જાણજો.''

''ઓહો! તમે તો 'મંકી ગ્લૅન્ડ'નું નામ સાંભળતાં જ જુવાન થઇ ગયા.''

''મને તો લાગે છે કે આપણ ડોક્ટરોની છેતરવાની જ એક ચાલ છે.''


''અરે, સાહેબ, આપ ક્યા ચક્કરમાં છો? આ યુવતી ના સ્પર્શમાં જ જુવાની રહેલી છે. એના એક એક અંગમાં એક એક આંખના ઉલાળમાં, એક એક સ્મિતમાં જુવાની ભરેલી છે.''

''બસ, ચાલો. ઉતાવળ કરો. અસીલો આવીને બેસી રહ્યા હશે.''

''પણ સાહેબ, આ ચહેરો તો નહીં ભુલાય કોઇ દિવસ.''

''અરે, પાછી યાદ દેવડાવી તમે?''

''એ એવી રીતે સૂતી છે કે લોકો એના રૂપને, એના ઉઘાડા શરીરને, એના અંગ મરોડને, એના વિખરાયેલા વાળને અને એની ખુલ્લી ગરદનને જુવે અને નિઃસાસા નાખે! આ રીતે ચાલ્યા જવું એ તો એની સાથેનો અન્યાય છે. તે બોલાવી રહી છે અને તમે આમ ચાલ્યા જાઓ છો!?''

''આપણે જે રીતે ખરા દિલથી પ્રેમ કરી શકીએ એ રીતે યુવાન શું પ્રેમ કરી શકે?''

''સાચી વાત. હું તો આવી સ્ત્રીઓને ઓળખી જાઉં છું, કે જે રસિક વૃદ્ધોને શોધતી ફરતી હોય છે. યુવાનો તો ઉદ્ધત, અભિમાની, અછકલા અને અસ્થિર મગજના હોય છે. તેઓ તો પ્રેમનો બદલો કરે છે. જ્યારે વૃદ્ધો તો નિઃસ્વાર્થ ભાવથી આત્મસમર્પણ કરે છે.''

''આપની રસિક વાતોથી મને દિલમાં ગલીપચી થાય છે.''

''પણ એક વાત યાદ રાખજો, ક્યાંક એનો ખરો પ્રિયતમ ભેટી ગયો તો?''

''તે ભલેને ભેટી જાય. કોણ બીવે છે એનાથી.''

''આપના લગ્નની વાત ચાલતી હતી ને?''

''હા, ચાલતી હતી. પણ મારા જ દીકરા મારા શત્રુ થઇ જાય પછી શું કરું. મારો પુત્ર યશવંત વાત જાણીને મને બંદૂક બતાવવા લાગ્યો. શો જમાનો આવ્યો છે.''

ઓક્ટોબર મહિનાનો તડકો જરા વધારે ઉગ્ર થયો હતો. બંન્ને

મિત્રો ત્યાંથી ચાલ્યા ગયા.

એક વૃદ્ધ અને બીજી નવયુવાન એવી બે સ્ત્રીઓ મોટરમાંથી ઉતરીને પાર્કમાં દાખલ થઇ. એમણે પણ પેલી સૂઇ રહેલી રૂપ યૌવનાને જોઇ.

વૃદ્ધાએ કહ્યું – ''અરેરેરે! ઘણી જ બેશરમ છે.''

નવયૌવનાએ તિરસ્કૃત ભાવે તેના સામે જોઇ કહ્યું – ''દેખાવ તો સારા ઘરની યુવતી જેવો છે.''

''બસ, તું તો એનો દેખાવ અને ભપકો જ જોજે. આને જ મર્દ કહેવાય. સ્ત્રીઓને આઝાદી ના આપવી જોઇએ.''

''મને તો વેશ્યા જેવી લાગે છે.''

''વેશ્યા હોય તોયે શું? આટલી અધમતા બતાવી સ્ત્રી જાતિને લાંછન લગાડવાનો એને શો અધિકાર છે?''

''જાણે ઘરમાં સૂતી હોય એમ સૂઇ રહી છે તે મઝાથી?''

''ધિક્કાર છે એને. હું પડદા પ્રથાની વિરોધી છું. પુરુષોની ગુલામી નથી ઇચ્છતી, પણ સ્ત્રીઓની ગરિમા, લજ્જા, અને પવિત્રતાને ભોંઠપ લાગે તેવું ચલાવી લેવામાં પણ નથી માનતી. જાહેર રસ્તા ઉપર કોઇ યુવતીને સિગરેટ પીતાં જોઇ મારા શરીરે બળતરા થાય છે. શરીર આખું ઉઘાડું દેખાય એવાં કપડાં પહેરવામાં પણ અસભ્યતા છે. શું સમાજ અને ધર્મની મર્યાદાનો ત્યાગ કરવાથી જ આપણે સભ્ય ગણાઇએ છીએ?''

''આજ બાબત પર હું તને ઠપકો આપું છું. ત્યારે તને માઠું લાગી જાય છે. પુરુષો તો સ્વાધીન છે જ. એઓ એમનાં હૃદયથી જ જાણે છે કે પોતે સ્વાધીન છે. તેઓ સ્વાધીનતા નો આડંબર નથી કરતા. સ્ત્રીઓ દિલથી એવું સમજી બેસે છે કે પોતે સ્વાધીન નથી., એટલે જ એઓ સ્વાધીનતાનો ઢોંગ કરે છે. જે શક્તિશાળી હોય છે એ અકડાઇ કરતો નથી. પણ નિર્બળ વધુ અકડાઇ કરે છે. શું એમને એમનાં આંસુ લૂછવાનો એટલો અધિકાર પણ ના આપવો જોઇએ?''



''હું માનું છું કે સ્ત્રી પોતાની અસલિયતને ઢાંકીને પુરુષને જેટલો નચાવે છે એટલો પોતાના ખરા સ્વરૂપને જાહેર કરીને નચાવી શકતી નથી.''

''માત્ર સ્ત્રીઓએ જ પુરુષોના આકર્ષણની ચિંતા શા માટે કરવી જોઇએ? પુરુષ શું સ્ત્રીની આડે પડદો નથી રાખતો?''

''મીનું! તું મને બોલાવીશ નહીં. મને વધારે બોલાવવામાં મઝા નથી. આ છોકરીને જગાડ અને એને કહે કે એ ઘેર જઇને સૂઇ જાય. આટલા બધાં લોકોની અવર જવર વચ્ચેય એ પગ પહોળા કરીને નિર્લજ્જતાથી સૂઇ રહી છે! શી ખબર અહીં એને ઊંઘ શી રીતે આવી હશે?''

''બાઇજી! રાત્રે કેટલી બધી ગરમી પડી હતી? ઠંડક મળતાં જ આંખ મળી ગઇ હશે બિચારીની.''

''લાગે છે રાતે અહીં રહી હશે!''

મીનુંએ યુવતીની પાસે જઇ એનો હાથ ઝાલી હલાવી કહ્યું – ''અહીં કેમ સૂતી છે, બહેન? દિવસ કેટલો ચઢી ગયો છે? જા, ઘેર જઇને સૂઇ જા.''

યુવતીએ આંખો ઊઘાડી. અને નવાઇ પામતાં કહ્યું – ''અરે! આટલો બધો દિવસ ચઢી ગયો? શું હું ઊંઘી ગઇ હતી? મને ચક્કર આવતાં હતાં. પવનમાં ફાયદો થશે એમ જાણીને અહીં આવી. પણ અહીં આવતાં મને એવાં તો ચક્કર આવ્યાં કે હું બેન્ચ પર બેસી ગઇ. પછી શું થયું એનું મને ભાન નથી. હજુ અત્યારે પણ મારાથી ઊભા થવાય તેમ નથી. મને લાગે છે કે મારાથી પડી જવાશે. દવા તો ઘણી કરી, પણ કોઇ ફાયદો થતો નથી. તમે ડોક્ટર શ્યામનાથને જાણતાં હશો? એ મારા સસરા થાય.''

મીનુંએ આશ્ચર્યથી કહ્યું – ''હા,હા, ઓળખું છું. એ તો હમણાં જ અહીંથી ગયા.''

''ખરેખર! પણ મને એ ક્યાંથી ઓળખે! હજુ તો મારું આણું નથી થયું.''

''તો શું તમે એમના પુત્ર વસંતલાલનાં ધર્મપત્ની છો?''

યુવતીએ નીચે માથું ઢાળી એ વાતનો સ્વીકાર કર્યો. મીનુંએ હસીને કહ્યું – ''વસંતલાલ પણ હમણાં ગયા અહીંથી. મારો એમની સાથે કોલેજકાળથી પરિચય છે.''

''પણ એમણે મને ક્યાં જોઇ છે?''

''તો હું જલદી જઇને ડોક્ટર સાહેબને જણાવું?''

''ના. મને થોડીવારમાં સારું થઇ જશે.''

''અરે, વસંતલાલ તો પેલા ઊભા. બોલાવી લાવું એમને?''

''નાજી, કોઇને ના બોલાવશો.''

''તો ચાલો. મારી મોટરમાં તમને ઘેર મૂકી જાઉં.''

''આપની ઘણી મહેરબાની.''

''કયા મહોલ્લામાં જવાનું છે?''

''બેગમગંજ, મિ.જયરામદાસને ઘેર.''

''હું આજે જ મિ. વસંતલાલને કહીશ.''

''મને શી ખબર કે તેઓ આ પાર્કમાં આવે છે.''

''પણ કોઇ માણસને તો સાથે રાખવો જોઇએ ને?''

''શા માટે? એવી શી જરૂર હતી?''



## ખરી કુરબાની...

છકૌડીલાલે દુકાન ઊઘાડી અને કાપડના તાકા કાઢીને ગોઠવતા હતા. ત્યાં જ એક સ્ત્રી બે સ્વયંસેવકોને સાથે લઇ દુકાનની જડતી લેવા આવી પહોંચી. છકૌડીલાલનો જીવ અદ્ધર થઇ ગયો.

પેસી સ્ત્રીએ તિરસ્કારથી કહ્યું – ''કેમ, લાલા? દુકાનનું શીલ તોડી નાખ્યું ને? ઠીક છે. જોઉં છું કે તમે કેવાક એક ઇંચ કાપડ વેચી શકો છો? શરમ નથી આવતી તમને? દેશમાં સ્વદેશીની ચળવળ શરૂ થઇ ચૂકી છે. અને તમે વિલાયતી કાપડ વેચો છો! આના કરતાં તો ડૂબી મરો તો સારું! સ્ત્રીઓ શુદ્ધાં ઘરમાંથી બહાર નીકળી આવી છે. અને તમને મરદને શરમ નથી આવતી? તમારા જેવા કાયર માણસો આ દેશમાં ના હોત તો આ દેશની આવી અધોગતિ થઇ ન હોત!''

છકૌડીલાલે ગઇકાલે કોંગ્રેસે લગાડેલું સીલ તોડી નાખ્યું હતું. એક મહિલા કાર્યકરને મોંઢેથી આવાં તિરસ્કારપૂર્ણ વ્યંગવચનો સાંભળી એનું માથું શરમથી ઝૂકી ગયું. એની પાસે કોઇ ખુલાસો ન હતો. દુકાન ઘણી નાની હતી. ઉધારે કાપડ લાવીને એ વેચતો. એ જ એની આજીવિકા હતી. ઘરડી મા, રોગિષ્ટ પત્ની અને પાંચ પુત્ર પુત્રીઓનો એ જ એક માત્ર સહારો હતો. સ્વરાજની લડત શરૂ થતાં બધા કાપડિયાઓ વિલાયતી કાપડ ઉપર છાપ છપાવવા લાગ્યા. ત્યારે છકૌડીએ પણ એમ કરાવ્યું. પાંચ દસ તાકા સ્વદેશી કાપડ ઉધાર લાવીને દુકાનમાં ભરી લીધું. પણ વેચાણ ખાસ થતું નહીં. કોઇ એકલ દોકલ ગ્રાહક દિવસ આખામાં આવી ચઢતો. દિવસે દુકાનમાં બેસી રહી સાંજે આઠઆના રૂપિયો લઇ ઘેર પાછા ફરવું પડતું.

આટલા અલ્પ વેચાણમાં કુટુંબનું ગુજરાન કેવી રીતે ચાલે! થોડા દિવસ દેવું કરીને ચલાવ્યું. પણ પછી ઘરેણાં વેચવાનો વારો આવ્યો. ઘરમાં હવે તો એવી એક પણ વસ્તુ રહી ન હતી કે જેને વેચીને મહિનો માસ ટૂંકો થઇ શકે. બીજી બાજુ પત્નીની માંદગી વધતી જતી હતી. સારા દાક્તરની

સલાહ વગર હવે ચાલી શકે એમ ન હતું. છકૌડીલાલ આવી ચિંતામાં ફસાયો હતો કે એને એક વિલાયતી કાપડનો ઘરાક મળી ગયો. એ એક સામટો દસ રૂપિયાનો માલ ખરીદવા માગતો હતો. છકૌડી લાલચ રોકી શક્યો નહીં.

પત્નીએ કહ્યું – ''ડૉક્ટર કંઈ અમૃત તો નથી પીવડાવવાનો દેવાના ને? તમારે શા માટે નાક કપાઈ જવા દેવું? હું જીવવાની હોઈશ તો જીવીશ ને મરવાની હોઈશ તો મરીશ. પણ ઈજ્જત તો બચી જશે ને? હું હવે જીવીનેય શા ખપમાં આવવાની હતી? ઊલટાનું તમને બધાંને નાહકનાં તંગ કરી રહી છું. દેશ આઝાદ થશે, લોકો સુખી થશે. મારે જીવીને શું કામ છે? હજારો લોકો જેલમાં જઈ રહ્યા છે, કેટલાંય ઘરો ઊજડી રહ્યાં છે. તો મારે જીવવાનો મોહ શું કામ રાખવો?''

છકૌડી એમ માને એવો ન હતો. પત્નીને એ નસીબના આશરે છોડી દેવા તૈયાર ન હતો. એણે ચૂપચાપ સીલ તોડી નાખ્યું અને પડતર ભાવે દસ રૂપિયાનું કાપડ વેચી માર્યું.

પણ ડોક્ટરને શી રીતે ઘેર લઈ જવા! સ્ત્રીથી શી વાત છુપાવવી? તેણે જઈને બધી હકીકત સાફ સાફ શબ્દોમાં કહી સંભળાવી અને ડોક્ટરને બોલાવવા ચાલી નીકળ્યો.

પત્નીએ એનો હાથ ઝાલી કહ્યું – ''મને હવે ડોક્ટરની કોઈ જરૂર નથી. જો તમે આગ્રહ કરશો તો દવાનું ટીપુંય મોંઢામાં નહીં મૂકું.''

છકૌડીલાલ અને એની માએ રોગિષ્ટ વહુને ઘણીયે સમજાવી. પણ ડોક્ટરને બોલાવવા તેણે હા ભણી જ નહીં. છકૌડીલાલે દસ રૂપિયા ઘરના કૂવામાં નાખી દીધા અને ખાધા પીધા વગર પોતાના નસીબને રડતો એ દુકાન ઉપર ચાલ્યો ગયો. એ સમયે ત્યાં પિકેટીંગ કરનારાઓનું ટોળું આવી પહોંચ્યું. ટોળાએ એના પર હુમલો કર્યો. પાડોશના દુકાનદારે દ્વેષથી કોંગ્રેસ કમિટી આગળ જઈ ચાડી ખાધી હતી.

સ્વયંસેવકે પૂરા રોફથી કહ્યું– ''તમારો આ ગુનો માફ નહીં થાય. તમારે તમારા ગુના બદલ દંડની રકમ ચૂકવી દેવી પડશે. આજે જ બહિષ્કાર કમિટિ પાસે તમારો મામલો રજૂ કરવામાં આવશે.''

છકૌડીલાલ નમ્ર હતો. સહનશીલ હતો. પણ ચિંતાગ્નિમાં તપી તપીને એ એવો તો લાલ ચોળ થઈ ગયો હતો કે એના હૃદય પર કરવામાં આવનારો એક વધુ ઘા તણખા પેદા કરે એમ હતું. એણે કહ્યું – ''દંડની કરમ તો મારાથી નહીં ચૂકવી શકાય. અને હું ચૂકવીશ પણ નહી. ભલે દુકાન બંધ



કરવી પડે! અને દુકાન પણ શું કામ બંધ કરું? મારો માલ છે તે મારી મરજી પડે એને વેચું. જઈને પોલીસથાણે ફરિયાદ આપીશ તો આ તમારી બહિષ્કાર સમિતિને નાસતાંય નહીં આવડે! હું જેટલો તમારાથી દબાઉં છું એટલો વધારે તમે મને દબાવો છો.''

મહિલા કાર્યકરે સત્યાગ્રહની શક્તિના પ્રદર્શનની તક જોઈ કહ્યું – ''હા, હા, જાઓ. જઈને કરી આવો ફરિયાદ પોલીસમાં. જે તમારે માટે પોતાના પ્રાણનું બલિદાન આપવા તૈયાર થયાં છે એમની સામે તમે ફરિયાદ કરશો? તમારા સ્વાર્થને પોષવા જતાં દેશનું અહિર કરતાં તમને શરમ નથી આવતી? ઉપરથી પાછા અમને પોલીસની બીક બતાવો છો? બહિષ્કાર સમિતિ રહે કે ના રહે, પણ તમારે તમારા ગુનાનો દંડ તો ચૂકવવો જ પડશે. નહીં તો દુકાન બંધ કરવી પડશે.''

મહિલા કાર્યકરનો ચહેરો ગર્વથી લાલઘૂમ થઈ ગયો. લોકોનું મોટું ટોળું જામી ગયું. છકૌડીલાલને ઠપકો આપવા લાગ્યાં. છકૌડીને લાગ્યું કે ધમકી આપીને એણે ઘણો મોટો અવિવેક કર્યો છે. અપમાન અને શરમથી એનું મસ્તક ઝૂકી ગયું.

આખો દિવસ પસાર થઈ ગયો. પણ એક અડધાનોય વેપાર થયો નહીં. છેવટે થાકીને તેણે દુકાન બંધ કરી અને તે ઘેર ચાલ્યો ગયો.

બીજે દિવસે સવારે બહિષ્કાર કમિટિએ એક સ્વયંસેવક દ્વારા એને જાણ કરી કે સમિતિએ એને રૂ.૧૦૧/૦૦નો દંડ કર્યો છે.

છકૌડીલાલને એટલી ખબર હતી કે કોંગ્રેસ સામે ટકી શકવું કપરું છે. કમિટિને પોતે બતાવેલી ધમકી બદલ એને પસ્તાવો થતો હતો. હવે દુકાન તો ઊઘાડી શકાય એમ જ ન હતું વગર ધંધે દંડની રકમ રૂ. ૧૦૧ ચૂકવવી એના ગજા બહારની વાત હતી. બે ચાર દિવસ તો એ ચૂપચાપ બેસી રહ્યો. એક દિવસ રાત્રે દુકાન ઊઘાડી બધી ગાંસડીઓ ઘેર લઈ આવ્યો અને છાનોમાનો કાપડ વેચવા લાગ્યો. પૈસાની વસ્તુ દોકડામાં વેચવા માંડી હતી અને તે પણ પાછા ઉધાર. જીવવા માટે કશોક તો આધાર જોઈએ ને!

પણ એની આ ચાલ ઝાઝો વખત ચાલી નહીં. એના કારસ્તાનની ગંધ કોંગ્રેસને આવી ગઈ. ચોથે દિવસે બાતમીદારોએ છકૌડીલાલને ઘેર પિકેટિંગ થયું. માત્ર પિકેટિંગ જ નહીં, ઘરને આંગણે રાજિયા ગવાતા હતા. કેટલીક સ્વયંસેવિકાઓ અને એટલા જ સ્વયંસેવકો છકૌડીલાલના વિરોધમાં શોક પ્રદર્શિત કરી રહ્યાં હતાં.

છકૌડી ચોકમાં માથું નીચું કરી ઊભો હતો. મગજ ચાલતું ન હતું. શું કરવું, એ સમજાતું ન હતું. આ આફતમાંથી બચવું શી રીતે? રોગગ્રસ્ત પત્ની છજા હેઠળ સૂઈ રહી હતી. વૃદ્ધ માતા એના ઓશિકે બેસી પંખો હલાવતી હતી. છોકરાં બહાર છાજિયાનો આનંદ માણતાં હતા.

પત્નીએ કહ્યું – ''એમને પૂછતા કેમ નથી કે અમારે ખાવું શું?''

''કોઈ સાંભળવા જ તૈયાર નથી. પછી મારે પૂછવું કોને?''

''જાવ, જઈને કોંગ્રેસવાળાને કહો કે વધારે નહીં તો મહિને પચીસ રૂપિયાની આપણે માટે વ્યવસ્થા કરી આપે. પછી આપણે જ આપણું કાપડ લાવી નાખીશું.''

''ત્યાંય કો ઈ સાંભળતું નથી.'' – છકૌડીએ કહ્યું.

''તમે જશો કે અહીં જ બધા કાયદા બતાવશો?''

''શું કરું જઈને? લોકો વધારે મશ્કરી કરશે. અહીં તો દુકાન ઉઘાડનારને લોકો લાખોપતિ સમજી બેઠા છે.''

''તો પછી ઊભા ઊભા સાંભળ્યા કરો આ ગાળો, બીજું શું!''

''તારે જે કહેવું હોય તે કહે. હું ત્યાં જઈશ તોય મારી મશ્કરી સિવાય બીજું કોઈ પરિણામ આવવાનું નથી.''

''હા, હું કહું છું કે જાઓ. કોઈ નહીં સાંભળે તો પછી બીજો રસ્તો કાઢીશું.''

મોંઢું ચડાવીને છકૌડીલાલે કુરતો પહેર્યો. કોંગ્રેસની ઓફિસ તરફ એણે પગ ઉપાડ્યા.

કોંગ્રેસ કમિટિના પ્રમુખે પરિચય બાદ પૂછ્યું – ''તમારી ઉપર જ કમિટિએ રૂ. ૧૦૧/૦૦ નો દંડ ફરમાવ્યો છે?''

''હા. જી.''

''દંડ ક્યારે ભરશો?''

''મારામાં દંડ ભરવાની શક્તિ નથી. સાચું કહું છું. બે દિવસથી ઘરમાં ચૂલો સળગ્યો નથી. છોકરાં અન્ન વગર ટળવળે છે. ઘરની જ કઈ જમા આવક હતી તે તો ખાવામાં ખરચાઈ ગઈ. તેમાં આપે દંડ ફરમાવ્યો. પરિણામે દુકાન બંધ કરવી પડી. ઘેર કાપડ વેચવા માંડ્યું તો ત્યાં પણ ઘરણાં



થયાં. અમે બધાં અન્ન્ વગર મરી જઈએ એવું આપ ઈચ્છતા હો તો મરવા દો અમને. બસ, મારે આ સિવાય બીજું કશું કહેવું નથી.''

છકૌડીલાલ ઘેરથી જે વાત કહેવાની નક્કી કરીને આવ્યો હતો તે કહી શક્યો નહીં. એને લાગ્યું કે અહીં એની વાત ઉપર વિચાર કરનારું કોઈ જ ન હતું.

પ્રમુખે ગંભીરતાથી કહ્યું – ''દંડ તો ભરવો જ પડશે. જો તમને એમાંથી મુક્તિ આપી દઉં. તો પછી બીજા લોકો પણ તમારા જેવું કરશે. પછી વિલાયતી કપડાંનો બહિષ્કાર શી રીતે થઈ શકશે?''

''શું આપને મારી વાત પર વિશ્વાસ નથી?''

''હું જાણું છું કે તમે પૈસાદાર છો.''

''મારા ઘરની પૂરી તપાસ કરો.''

''હું એવી માથાકુટમાં પડવા નથી માગતો.''

હવે છકૌડી અકળાયો. ઉદ્દંડતાથી એણે કહ્યું – ''તો તમે એમ કહોને કે, તમે જ કરો છો એ ગરીબો ની સેવા નથી. સેવાને બહાને તમે તો ગરીબોનું લોહી પી રહ્યા છો. પોલીસ કાયદાથી લે છે અને તમે વગર કાયદે. પરિણામમાં કશો ફેર નથી. તે પણ અપમાન કરે છે, અને આપ પણ. હું સોગંદપૂર્વક કહું છું કે મારા ઘરમાં એક દાણો અનાજ નથી અને મારી પત્ની મરણ પથારી એ પડી છે. આપને મારી વિનંતી છે કે મને કોંગ્રેસનું કામ કરવા માટે નોકરીમાં રાખી લ્યો. મહિને પચીસ રૂપિયા આપજો. આનાથી વધારે બીજું ગરીબીનું પ્રમાણ શું હોઈ શકે? મારું કામ આપને સંતોષ કારક ના જણાય તો મહિના પછી મને છૂટો કરી દેજો. મારે કોઈ આધાર નહીં હોવાથી જ હું આપની ગુલામી કરવા તૈયારી બતાવી રહ્યો છું. નહીં તો અમે વેપારીઓ બનતા સુધી કોઈકની નોકરી કરીએ જ નહીં. જમાનો સારો નથી, નહીં તો ૧૦૧/૦૦ રૂપિયા માટે આટલી આજીજી કરું જ નહીં.''

પ્રમુખશ્રીએ હસીને કહ્યું – ''આ તો તમે નવી જાળ બીછાવી.''

''જાળ નથી આ, આ તો છે મારાં દુ:ખોની કથા.''

''કોંગ્રેસ પાસે મોટા માણસોને ખવડાવવા જેટલા પૈસા નથી.''

''હજુ આજે પણ આપ મને મોટો કહો છો?''

''તમે મોટા છો જ.''

"મારા પર થોડીક પણ દયા નહીં કરો?"

"છકૌડીલાલજી, મને વિશ્વાસ જ નથી આવતો કે તમારી સ્થિતિ આટલી હદે વણસેલી હોય! અને કદાચ જો તમારી વાત સાચી હોય તો પણ હું કશું જ કરી શકું તેમ નથી. આ મહાન આંદોલનમાં ઘણાં કુટુંબો નાશ પામ્યાં છે. અને હજુ બીજાં ઘણાં પામશે. અમારા પર કેટલી ભારે જવાબદારી છે. અમે તમારો દંડ માફ કરી દઇએ તો કાલે બીજા અનેક વેપારીઓ તમારે પગલે પગલે ચાલવા લાગે અને બહિષ્કારનું આંદોલન તૂટી પડે! ઇં બધાય તો ગરીબ નથી ને? પણ પછી બધાય ગરીબીનાં રોદણાં રડવા માંડે. હું કોની કોની તપાસ કરતો ફરું? માટે જાઓ અહીંથી. અને ગમે તે રીતે, ગમે ત્યાંથી પૈસાની વ્યવસ્થા કરી દુકાન શરૂ કરો અને કુટુંબનો નિર્વાહ કરો. ઈશ્વરની ઈચ્છા હશે તો આપને થયેલું નુકસાન પણ વસૂલ થઇ જશે."

છકૌડીલાલ ઘેર પહોંચ્યો ત્યારે અંધારું થઇ ગયું હતું. એના ઘરને બારણે ઘરણાં તો ચાલું જ હતાં. ઘરમાં જઇને પત્નીને કહ્યું – "છેવટે હું કહેતો હતો એવું જ થયું. કોંગ્રેસપ્રમુખને મારી વાત સાચી જ ના લાગી."

પત્નીનું મોં ઉત્તેજિત થઇ ગયું. ઊભાં થતાં તેણે કહ્યું – "ઠીક છે. આપણે એને બતાવી દઇશું. હું હવે કોંગ્રેસની ઓફિસ સામે જ સત્યાગ્રહ કરીશ. મારા પ્રાણની આહુતિ આપીશ. આપણાં બાળકોય ત્યાં જ ભૂખે તડપી તડપીને મરશે. હું આવી દુર્દશામાં પણ કોંગ્રેસને તોડી ફોડી નાખીશ. જે કોંગ્રેસ અત્યારથી જ આટલી ઘાતકી અને નિર્દય છે એના હાથમાં સત્તા આવશે ત્યારે તો કોણ જાણે શું નું શુંય કરશે! એક ગાડું લઇ આવો. ખાટલાની જરૂર નથી. ત્યાં સડક ઉપર જ મારો જીવ નીકળશે. પ્રજાની તાકાત ઉપર જ કોંગ્રેસ કૂદી રહી છે. હું એને હવે બતાવી દઇશ કે પ્રજા કોની સાથે છે!"

છકૌડી ગભરાઇ ગયો. કોંગ્રેસ સામે પ્રતિસત્યાગ્રહની કલ્પના માત્ર થી જ ધ્રુજી ગયો. આખા શહેરમાં હોહા મચી જશે. લોકોનાં ધાડાં જોવા જાણવા ઉમટી પડશે. કદાચ ધાંધલ ધમાલ પણ થઇ જશે. આ બધી બાબતોની ભયંકરતાઓથી છકૌડીલાલ ગભરાઇ ગયો. એણે પત્નીને શાંત પાડતાં કહ્યું – "આવું ઊતાવળું પગલું ભરવું ઠીક નથી. ફરી એકવાર હું કોંગ્રેસ પ્રમુખને મળીશ. આજે તો રાત થઇ છે. કાલની વાત હવે કાલે. તેં આજે તો દવા પણ પીધી નથી. પ્રમુખ સાહેબ પણ બિચારા મુંઝવણમાં છે. કહે છે કે આપણને માફી આપવામાં આવે તો બીજા મોટા મોટા વેપારીઓ પણ બહિષ્કારનો વિરોધ કરતા થઇ જાય અને અંગ્રેજ સરકાર સામેનું આખું આંદોલન જ કચડાઇ જાય."



છકૌડીલાલની પત્ની ઘેરા વિચાર સાગરમાં ડૂબવા લાગી. એનો આવેશ શમી ગયો. એ ખાટલા પર બેસી પડી અને કોંગ્રેસનો અને પોતાની કોંગ્રેસ પ્રત્યેની જવાબદારીનો ખ્યાલ આવ્યો. સાચી પરિસ્થિતિ નું ભાન થઇ આવ્યું. પ્રમુખશ્રીના શબ્દોમાં છુપાઇ રહેલું સત્ય સમજતાં એને વાર ના લાગી.

એણે પતિને કહ્યું – "પણ પાછા આવીને તો તમે આ વાત જણાવી નહીં."

"મને યાદ ના આવ્યું, ત્યારે."

"ખરેખર, તમે કહોછો એ પ્રમુખશ્રીની કહેલી વાત છે કે તમારી ઉપજાવેલી કાઢેલી વાત છે?"

"ના, ના. ઉપજાવી કાઢેલી વાત નથી. ખરેખર પ્રમુખશ્રીના અંતરમાંથી આવેલી આ હકીકત છે."

"જો એમ હોય તો તો એમની વાત સાચી છે."

"પણ આપણે તો મરી જઇશું!" છકૌડીએ કહ્યું.

"આપણે તો હવે મરેલાં જ છીએ ને!"

"પણ રૂપિયા લાવીશું ક્યાંથી? ખાવાનો તો એક દાણો ઘરમાં નથી. પછી કોંગ્રેસનો દંડ શી રીતે ભરીશું?"

"બીજું ભલેના ના હોય કશું આપણી પાસે દંડ ભરવા, પણ આ ઘર તો છે ને? એને ગીરવે મૂકી દો અને એ પૈસામાંથી દંડ ચૂકવી દો. અને જોજો, આજ પછી ભવિષ્યમાં ક્યારેય પાછા પરદેશી કાપડ વેચતા નહીં. તમે સીલ તોડીને આ આફત વહોરી લીધી છે. મારી દવાની કોઇ ચિંતા કરશો નહીં. ઉપરવાળાની ઈચ્છા હશે એમ જ થશે. છોકરાં ભૂખે મરતાં હોય તો ભલે મરે. આ દેશમાં કરોડો લોક એવાં છે કે જેમની દશા આપણા કરતાં પણ વધારે ખરાબ છે. આપણે ભલે નહીં જીવી શકીએ, પણ દેશ તો સુખી અને સ્વતંત્ર થશે ને!"

છકૌડી લાલને પત્નીના સ્વભાવની બરાબર ખબર હતી. એ જે કહેતી એ જ કરતી. બીજા કોઇનું કશું જ સાંભળતી નહીં. એ અક્ષરેય બોલ્યા વિના ઘેરથી નીકળી શાહુકારના ઘર તરફ ચાલ્યો ગયો.